પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક


કુમાર

સંસ્થાપક • રવિશંકર મ. રાવળ

મે, ૧૯૯૭ • વર્ષ ૭૦ • સળંગ અંક ૮૩૨

તંત્રી • ધીરુ પરીખ





તૈલચિત્ર] વિષાદ [અપૂર્વ દેસાઈ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૦મું — અંક ૫

સ્થાપના : ૧૯૨૪

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

મે ૧૯૯૭

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૩૨

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

વાચકો લખે છે

માર્ચ ૧૯૯૭ના 'કુમાર'માં ડૉ. નરોત્તમ વાળંદના 'બબલભાઈ મહેતા' લેખમાં થોડો દોષ છે જે આપના ધ્યાન પર લાવું છું. પાન ૧૧૮ ઉપર લખ્યું છે : 'આ બધું થઈને એકઠી થયેલી રૂ. ૪૯૫૦૦/-ની રકમ વ્યાજે મૂકવામાં આવી. એ વ્યાજમાંથી અર્ધી રકમ બબલભાઈના નિભાવ માટે અને બાકીની અર્ધી રકમ નિરાધાર લોકોની સહાય અર્થે વપરાય અને પોતાના મૃત્યુ બાદ તમામ રકમનું વ્યાજ વિદ્યોત્તેજક પ્રવૃત્તિ માટે વપરાય તેવું વસિયતનામું બબલભાઈએ તા. ૫-૧-૮૧ના રોજ તૈયાર કર્યું હતું.'

ખરેખર હકીકત નીચે પ્રમાણે છે.

'છેલ્લાં ચુમાળીસ વર્ષથી હું આપણા ગામમાં આવીને રહ્યો છું. આપણા ગામના સજ્જનોએ આજ સુધી મારો નિભાવ કર્યો છે. એમણે મને રોટલો ખવડાવ્યો છે. અને પ્રેમ આપ્યો છે, અને મને શ્રદ્ધા છે કે જીવીશ ત્યાં સુધી એ પ્રમાણે એ કરતા રહેશે.' - ઉમેદભાઈ ડાહ્યાભાઈ પટેલ (થામણા)

★

૧૯૯૬ના ડિસેમ્બરના અંકમાં 'હાઈડ પાર્ક' લેખમાં લેખિકાએ એમના મનમાં ઊભરતા વિચારોનું વિરેચન (કથાર્સિસ) કર્યું હોય એમ દેખાય છે. બાગમાં ટહેલતા હોય એમ લખાણની ભૂમિકા પર આમતેમ ફર્યા છે. સરવાળે હાઈડ પાર્ક તો Hide હીડન જ રહ્યો! निरंकुशाः कवयः હશે, વાચકો નિરંકુશ નથી. એક જગ્યાએ તો અદાલતની પ્રવૃત્તિ પર આંગળી ચીંધી અપરાધીઓને શંકાનો લાભ આપ્યા કરવાની હિમાયત કરી છે. ન્યાયાધીશો અને વકીલો આ વાંચી દ્વિધામાં જ પડી જશે! એકંદર પાનાના મોટા ભાગમાં મથાળાની જગ્યા વાંચીને વાચક ઠર્યો નહિ! સરખામણીએ 'કૉવન્ટ્રિ કથીડ્રલ' લેખ માહિતી સભર રહ્યો. 'કુમાર'કક્ષાનો લેખ છે.

એકંદર 'કુમાર' એનું demarkation બરાબર ઉપસાવે છે એનો અમને આનંદ છે. - રમેશ શાહ (સુરત)

★

માર્ચ-૯૭ના 'કુમાર'ના અંકમાં ડૉ. નરોત્તમ વાળંદે 'બબલભાઈ મહેતા'નો સુંદર પરિચય આપ્યો છે. લેખકને મારા હાર્દિક અભિનંદન.

કિન્તુ બબલભાઈના જીવનકાર્ય અંગે ખેડા જિલ્લાનું લેખમાં દર્શાવેલ માસરા ગામ નહિ પરંતુ ઠાસરા ગામ પસંદ કરેલું તેની પાછળની વિગત પણ રસપ્રદ છે. તેઓ ગામેગામ ફરીને સ્વકાર્ય કરવા માટે ધૂણી ધખાવીને બેસવાનું વિચારતા હતા. એક વાર અચાનક ઠાસરા ગામે તેઓ જઈ પહોંચ્યા. ગરમીને લીધે પાણી માગ્યું. ગામલોકોએ કહ્યું કે તળાવ છે ગામમાં, ત્યાંથી પાણી પી લો. પશુઓ તેમાં પાણી પીતાં હતાં. તેથી તેઓ ખૂબ જ ક્ષુબ્ધ બન્યા. ગામને સંસ્કારવાળું બનાવવા ત્યાં જ રહ્યા.

તેમણે ત્રણ માટલી રાખેલી તેમાં એકમાં અનાજ, બીજામાં પાણી વગેરે ગામ લોકો આપે તે લેતા. દરમ્યાનમાં અલૂણો ખોરાક તેમણે મીઠાની માટલી નહિ હોવાને લીધે ખાધેલો.

- પ્રા. મધુસૂદન મ. વ્યાસ (મોડાસા)

★

અમારા પિતાશ્રી ઝવેરચંદ મેઘાણી ૧૯૧૯માં ત્રણ માસ લંડનમાં હતા. એ સફર દરમિયાન અથવા આવ્યા પછી એમણે 'આપ્તજનોના નાના મંડળમાં અહેવાલ આપવા સિલસિલાબંધ વર્ણન કરી રાખ્યું હશે.' એમ શ્રી કપિલ ઠક્કર લિખિત જીવનકથામાં છે. એ સફરનું વર્ણન કાંઈક વિસ્તારથી લખીને લેખમાળા સ્વરૂપે વઢવાણના ફૂલચંદ કસ્તુરચંદ શાહના તંત્રીપદે રાણપુરથી પ્રસિદ્ધ થયેલ ૧૯૨૩ના 'પુરુષાર્થ' સામયિકમાં આપેલું. એનો એક ટુકડો 'કુમાર' (મે ૧૯૭૩ પૃ. ૧૫૫)માં શ્રી ત્રિભુવન વીરજી હેમાણીએ લખેલો પ્રગટ થયેલો. શ્રી હેમાણી એ સમયનાં વર્તમાનપત્રો અને સામયિકોમાં જાણીતા પત્રલેખક હતા. આપ્તજનો માટેનો આ સફરનો સિલસિલાબંધ અહેવાલ, 'પુરુષાર્થ'માંની લેખમાળા કે એ સમયે મિત્ર શ્રી ગુલાબચંદ વખારિયા પર લખેલ પત્રોની ભાળ કોઈ વાચક મને આપી શકશે તો ખૂબ આભારી થઈશ. વિનોદ મેઘાણી 'સખ્ય' ૧૮ મણિબાગ, અબ્રામા - વલસાડ ૩૯૬૦૦૭

★

'કુમાર'ના જૂના અંકો સાથે જૂનાં-નવાં વિવિધ ગુજરાતી સામયિકોનો અદ્વિતીય સંગ્રહ તદન પડતર મૂલ્યે આપી દેવાનો છે, જેમાં દેશ-વિદેશમાંથી પ્રકાશિત થયેલાં-થતાં જુદી જુદી સામયિકતા, કદ, સ્વરૂપ અને શીર્ષક ધરાવતાં નોખાં-અનોખાં અઢી હજાર જેટલાં સામયિકોનો સંચય છે. ઇચ્છુકો સંપર્ક કરે : **ભરતકુમાર પ્રા. ઠાકર** ૪૦/બી, વૃંદાવન નગર, વૈશાલી સિનેમા માર્ગ, અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

★

એપ્રિલ-'૯૭ અંકની મુખપૃષ્ઠ-છબી - તેની છાયા-પ્રકાશની માંડણી, દૃષ્ટિ-ભાવના, કાક માતા કે પિતા દ્વારા પોતાના અપત્યના મોંઢામાં સીધો જ મુકાતો કોળિયો અને તેની પ્રક્રિયા વગેરે સુંદર રીતે અભિવ્યક્ત કરે છે. ભાઈશ્રી હેમેન્દ્ર શાહને અભિનંદન. પરંતુ આ છબીનું નામકરણ 'કાકા-મિથુન'માં કંઈક અડવું અડવું લાગ્યું. કાકવાત્સલ્ય કે શિશુગ્રાસ એવું અન્ય નામ વધારે સૂચક બની શકે.

- મોહનભાઈ મ. જાની (અમદાવાદ)

મંજુલ સૂરધૂનિ / રાજેન્દ્ર શાહ

(વસંતતિલકા • સૉનેટ)

કોનું અહીં અરવ માધવના નિશીથે
સંગીત આ લલિત લોકમહીં અનન્ય !
મ્હારી ગભીરતમ સુપ્તિ પ્રસાદ-જન્ય,
એની લયાંગુલિથી જાગ્રતિ થાય પ્રીતે.
ચૉમેર આ જનપદે નહિ કોઈ ક્યાંય
જેની કનેથી અભિલાષ કદી કરાય.

ને આ રસાનુભવ-વિસ્મિત અન્તરે હું
હેતાળ - ભાલ પર - ચુમ્બનથી સખીને
'તું જાગ, ગાન સુણ આ' કહું બોલ ઝીણે.
ને એ પ્રજાગ્રત છતાં મન મુગ્ધ એનું :
મૂંઝાઈ કૈંક, વદતી 'નહિ નાદ કર્ણે,
માણું હું કેવળ સુધા-સ્રવ કૌમુદીને.'

આ સૂરધૂનિ નભકુંજ મહીંથી આવે;
ઝીલું હું મંજુલ લહે પ્રિય મુગ્ધ ભાવે.

* માધવ = વૈશાખ માસ

તારો ચ્હેરો / મૌન બલોલી

(ગઝલ)

ઝળઝળિયાની એ જ ધરોહર લાગે છે,
તારો ચ્હેરો ભીનાશનું ઘર લાગે છે.

રણના કોઠે આજ સરોવર ફૂટ્યું છે,
કોક શારડે છેદ્યો પથ્થર લાગે છે.

વાદળવેળા તેજ ઢાંકતો લાગે એ,
પણ વરસે તો આભ અગોચર લાગે છે.

જવું-આવવું એનું એ છે ચારે પા,
કોક આંખનું જંતરમંતર લાગે છે.

હવા વગર પણ આંખ લેરખું લ્હેરે છે,
પાનેતરની તાજી હરફર લાગે છે.

હરેક પગલે આંખ ઝૂકીને ચાલે છે,
પગની આગળ જાણે ઉંબર લાગે છે.

બ્હાર બધું 'ખામોશ' બરાબર લાગે છે,
ઘણી સાચવણ ઘરની અંદર લાગે છે.

ખારવણનાં બે ગીત / કિરીટ ગોસ્વામી

૧

આજ સખી વગડાવો ઢોલ
દૂરથી સુણાય મને ખારવાના બોલ !
દરિયો ડોલે ને મારું હૈયું હરખાય જો
લીલ્લેરું ફારિયું આભે લ્હેરાય જો
યાદ કરું સાજનના દીધેલા કૉલ ! આજ૦
આષાઢી બીજ તણી રાત વઈ જાય નહીં
ઝાંઝરિયાં મારાં આ મૂગાં રહી જાય નહીં,
જાય નહીં જીવતરની ઘડીઓ અણમોલ ! આજ૦

૨

એય સખી જોયું !
તડ્તડાક, તડ્તડાક હરખે મારા હાથનું બલોયું !
આખ્ખોયે દરિયો લઈ, આવે મારો ઘેલો
બીજું[૧] ગણવાનું હવે કોરાણે મેલો
ચૂલા ચેતાવો ઝટ, રાંધી મનગમતી રસોયું !
મારા સમ, ધનકી ! મને ખાવું નો ભાવે,
ભણકારા વાગે કે સાચ્ચે ઘેલો[૧] આવે ?
અડધું જીવતરિયું મેં ભ્રમણામાં આમનામ ખોયું !

૧ બીજું = બીજનું બહુવચન.
૨ ઘેલો = ખારવણે લાડમાં ખારવાને કરેલું સંબોધન.

વિચારણામાં / નીતિન વડગામા

(ગઝલ)

કોઈ આવીને ઊભું છે આંગણામાં,
થાય છે મારું રૂપાન્તર બારણામાં.

સ્હેજ પણ એના સગડ ક્યાં સાંપડે છે ?
શ્વાસ પણ ખર્ચાય કેવળ ધારણામાં.

એટલે અંદર અજંપો ઊછરે છે,
કૈંક ખૂટે છે હજી પણ આપણામાં.

વય વધે છે, સૂર્ય પણ માથે ચડે છે,
ને બધાં પોઢી રહ્યાં છે પારણામાં.

એક ક્ષણ બાળી અને ધરબી દીધી છે,
તોય એ ઊગ્યા કરે સંભારણામાં.

સાંજ સઘળી ડૂબતી જાયે છતાંયે,
મન હજી પણ વ્યસ્ત છે વિચારણામાં.

ભારતની ભૂમિ પર કેટકેટલાં ફૂલ મહેક્યાં અને મહેકી રહ્યાં છે! ઋષિમુનિઓથી મહેકતી આ ભૂમિ પર બુદ્ધ, મહાવીર, રામાનુજ, સુરદાસ, નાનક, કબીર, તુલસીદાસ, મીરાં, રામકૃષ્ણ, રામતીર્થ, વિવેકાનંદ, રમણ મહર્ષિ, જ્ઞાનેશ્વર, બાળગંગાધર ટિળક, ગાંધીજી, વિનોબાજી, રવિશંકર મહારાજ, શ્રી અરવિંદ, ટાગોર વગેરે પોતાનાં કાર્યોથી અને વિચારધારાઓથી પોતાની આગવી રીતે ફોરમ ફેલાવીને ભૂમિ પાવન કરતા ગયા છે. પણ મારે તો આજે એક આધુનિક ઋષિસમ વ્યક્તિની વાત કરવી છે અને તે છે પાંડુરંગ આઠવલે, જેઓ 'દાદા'ના હુલામણા નામથી ઓળખાય છે.

તેમનો જન્મ આસો સુદ સાતમ અને વિક્રમ સંવત ૧૯૭૬માં એટલે કે અંગ્રેજી કૅલેન્ડર પ્રમાણે ૧૯૨૦ના ઑક્ટોબરની ૧૯મી તારીખે મહારાષ્ટ્રના રોહા ગામે થયો. માતા પાર્વતી અને પિતા વૈજનાથનાં પાંચ સંતાનોમાંના પાંડુરંગ એક. તેમના દાદા લક્ષ્મણ આઠવલેની રાહબરી નીચે તેમના જીવનનું ઘડતર થયું. દાદા લક્ષ્મણ વૈદિક શાસ્ત્રોના પંડિત હતા અને શાળાના આચાર્ય હતા. તેઓ ગામલોકોને જ્ઞાનેશ્વરી ગીતા પર પ્રવચન આપતા, જેનો પ્રભાવ આ નાનકડા પૌત્ર પર ગજબનો પડ્યો. રાત્રે ફાનસના પ્રકાશમાં દાદા પાસે બેસી એકાગ્ર ચિત્તે દાદાની વાતો પૌત્ર સાંભળતો. દાદાના સુધારક અને નીડર વિચારોની અસર પૌત્ર પર પડી. લોકમાન્ય ટિળક અને ગાંધીજીના વિચારોને તેમણે પૌત્રના મનમાં રોપ્યા. કોઈ પણ વહેમ કે ડરથી હંમેશાં દૂર રાખીને નીડર બનાવ્યો. શાળામાં જવા આનાકાની કરતા પાંડુરંગને કડક બની શાળાએ મોકલનાર દાદાના પ્રેમભર્યા પ્રયત્નોથી ભવિષ્યના પાંડુરંગ શાસ્ત્રીનો જન્મ થયો. દાદાની શાળામાં તેઓ પ્રશિષ્ટ સાહિત્ય, પૂર્વ અને પશ્ચિમનું તત્ત્વજ્ઞાન, તુલનાત્મક ધર્મ, તર્કશાસ્ત્ર, ઇતિહાસ, અંગ્રેજી, સંસ્કૃત, હિંદી આદિ ભાષાઓ, વ્યાકરણ, વિવિધ સમાજવિદ્યાઓ અને વેદો ભણ્યા.

આમ, પાંડુરંગના જીવનઘડતરમાં તેમના દાદા લક્ષ્મણરાવનો અમૂલ્ય ફાળો છે. દાદીનો પણ એ લાડકવાયો પુત્ર. રાત્રે દાદી પાસે વાતો સાંભળતો અને અન્યમાં નારાયણ સ્વરૂપ જોવાનો પાઠ શીખ્યો.

તેમના પિતા વૈજનાથ પણ લક્ષ્મણરાવના હાથે ઘડાયા હતા. તેમના પિતાએ તેમના ગામ રોહામાં 'સરસ્વતી સંસ્કૃત પાઠશાળા'ની સ્થાપના કરી, જેમાં પાંડુરંગે શિક્ષણ લીધું. પાઠશાળાના નિયમો બીજા વિદ્યાર્થીઓની જેમ પાંડુરંગને પાળવા પડતા. પિતા સંચાલક હોવા છતાં કોઈ વિશેષ સગવડો પાંડુરંગને મળતી નહોતી સાદું જીવન અને ઉચ્ચ વિચારોનાં બીજ તેમનામાં અહીં રોપાયાં. આ શાળામાં અંગ્રેજી વિષયમાં ફક્ત એક જ વિદ્યાર્થી અને તે પાંડુરંગ હતો : ત્રણ વર્ષ સુધી એકલા જ તેણે અંગ્રેજીનો અભ્યાસ કર્યો. પાંડુરંગની વિષયગ્રહણની અસાધારણ શક્તિને લીધે ગુરુજીનો પણ વિશેષ પ્રેમ પ્રાપ્ત થતો. આમ, દાદા અને પિતા બન્નેની ધ્યેયનિષ્ઠા, પ્રભુનિષ્ઠા અને તત્ત્વનિષ્ઠા પાંડુરંગમાં સાંગોપાંગ ઊતર્યાં. પાંડુરંગના સુંદર વિચારોના શિલ્પકાર તેમના પિતાજી હતા. તેજસ્વી પિતાનો આ પુત્ર બાળપણથી જ ચાર જીવનમંત્રો શીખ્યો હતો : (૧) ઉધાર લેવું નહીં (૨) વસ્તુ વગર ચલાવવું પણ ઉછીનું લેવું નહીં. (૩) ખુશામત કરવી પડે માટે કર્મકાંડી થવું નહીં (૪) વિદ્વાન તેજસ્વી જીવનપ્રણાલી ઊભી કરવા માટે તત્ત્વજ્ઞાન ભણવું, પુરાણોમાં જવું નહીં. વિનય, નમ્રતા, શિસ્ત, આજ્ઞાપાલન, સહકાર, સમભાવના, સ્વાશ્રય, સ્વાવલંબન, ચોકસાઈ, વ્રતનિષ્ઠા, અયાચકતા - આ પાઠ પાંડુરંગ પાઠશાળામાંથી શીખ્યા, જેનો પરિપાક આજે આપણે જોઈ રહ્યા છીએ. તપોવને (પાઠશાળાએ) તેમને તરણકુશળતા, સાહસવૃત્તિ, અને રસોઈની આવડત પણ શીખવી. એક પ્રસંગ ખૂબ મહત્ત્વનો છે. તેમના ગામમાં તળાવમાં બહુ કાદવ હતો. મ્યુનિસિપાલિટીના અમલદારોએ બમણી મજૂરી આપવાનું કહેવા છતાં મજૂરો કામ કરવા તૈયાર ન થયા ત્યારે દાદા લક્ષ્મણરાવે જાતે કોદાળી પાવડો ઉપાડ્યો અને કાદવ સાફ કરવા લાગ્યા. તેમના આ કાર્યમાં ગામની શાળાના વિદ્યાર્થીઓ અને ગામલોકો સહુ જોડાયા. આ બનાવે પાંડુરંગના જીવનમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો. આ બનાવની મોટી અસર થઈ, જેનું પરિણામ શ્રમયજ્ઞમાં આવ્યું. 'નિર્મળનીર', 'વૃક્ષમંદિરો', 'મત્સ્યગંધા' વગેરે સ્વૈચ્છિક શ્રમકાર્યોમાં આ ઉત્તમ રીતે અભિવ્યક્ત થતું જોઈ શકીએ છીએ.

તેમના પિતાએ મુંબઈમાં માધવબાગમાં 'શ્રીમદ્ ભગવદ્ ગીતા પાઠશાળા'ની સ્થાપના કરી. તેમાં તેઓ સંસ્કૃત અને ગીતાના વર્ગો લેતા. ત્યાં ગુજરાતી ભાષા પણ તેઓ શીખ્યા. પાંડુરંગની કાર્યભૂમિકાના ગણેશ અહીંથી બેઠા. મુંબઈની 'રોયલ એશિયાટિક લાઈબ્રેરી'ના તેઓ આજીવન સભ્ય બન્યા અને નવલકથા સિવાયનાં ત્યાંનાં લગભગ બધાં જ પુસ્તકોનો અભ્યાસ કર્યો. પિતાશ્રી વૈજનાથને ગળામાં તકલીફ થતાં તેમનું કાર્ય પુત્ર પાંડુરંગે ઉપાડી લીધું. વિદ્વત્તાથી સભર તેમના પ્રથમ પ્રવચને શ્રોતાઓને પ્રભાવિત કરી દીધા. તેમણે પાઠશાળાને તપોભૂમિ માનીને કર્મભૂમિ બનાવી દીધી. અધિક માસમાં એક વાર જમવાનું બંધ કરવાના વિચારને તિલાંજલિ આપીને પાંડુરંગે દરરોજ સ્વાધ્યાયનો એક વધારાનો વર્ગ લેવાનો રાખ્યો. કેટલી ઉત્તમ નિષ્ઠા ! બીમાર પિતાની સેવા તથા તેમણે શરૂ કરેલું કાર્ય નિષ્ઠાથી કરવાની બેવડી જવાબદારી તન-મનથી ઉપાડી લીધી.

કપરી આર્થિક પરિસ્થિતિમાં પણ તેમણે જે અયાચકવૃત્તિ

જાળવેલી તેનો એક ઉત્તમ દાખલો આ છે. મુંબઈમાં એક સ્વાધ્યાયી મરણપથારીએ હતા ત્યારે પાંડુરંગને બોલાવીને એ કરોડાધિપતિએ પોતાના પુત્રોને કહેલા શબ્દોમાં પાંડુરંગનું સમગ્ર ચરિત્ર ઊપસી આવે છે. તેમણે કહ્યું કે, 'મારી જિંદગીમાં આ એક જ માણસ મને મળ્યો છે કે જેણે ક્યારેય મારા ગજવા પર પ્રેમ કર્યો નથી પણ નિઃસ્વાર્થભાવે મને પ્રેમ કર્યો છે.' આ જમાનામાં આવી કેટલી વ્યક્તિઓ મળી આવે ? પાંડુરંગજી તેમના આવા ગુણોને લીધે સહુના પ્રિય અને વંદનીય બની રહ્યા છે. સત્યનારાયણની કથા કરવા કરતાં વિદ્વાન બ્રાહ્મણોને ગામડેગામડે મોકલી સંસ્કૃતિનો પ્રચાર કરવા માટે ખર્ચ કરવો જોઈએ, તેવી તેમની મનોભાવના છે. વ્રત, ઉપવાસ, તપ દ્વારા પ્રભુપ્રાપ્તિમાં તેઓ નથી માનતા. સત્તર વર્ષની વયે આ વિચારશીલ અને નીડર માનવીએ શંકરાચાર્યને કહેલું કે, કરોડો રૂપિયાનો ખર્ચ કરી યજ્ઞો કરાવવાને બદલે સંસ્કૃતિનું કામ કરવા ઉત્કૃષ્ટ બ્રાહ્મણોને જીવનનિર્વાહની ચિંતામાંથી મુક્ત કરી ગામડે-ગામડે મોકલી શકાય તો ગામડાં ઊભાં થાય. આ જ વિચારને તેમણે વિભિન્નરૂપે કાર્યાન્વિત કરી બતાવ્યો.

૧૯૫૪માં નોબેલ પારિતોષિક વિજેતા ડૉક્ટર આર્થર હૉલી કૉમ્પટનના આમંત્રણને સ્વીકારી પાંડુરંગ જાપાનમાં વિશ્વધર્મપરિષદમાં ભાગ લેવા ગયા. ત્યાં જવા માટેના ચેકનો અસ્વીકાર કર્યો. આ ધર્મપરિષદમાં તેમણે ભારતીય સંસ્કૃતિ અને ભગવદ્‌ગીતાના પ્રેરક વિચારોને વ્યક્ત કરી સહુને પ્રભાવિત કર્યા. પરિણામે તેમને અમેરિકાની 'હ્યુમન અપલિફ્ટમેન્ટ' માટેની સંસ્થાએ પાંચ વર્ષના કરાર પર અમેરિકા આવી તેમના અસ્મિતાપૂર્ણ, પ્રભાવી વિચારો દ્વારા માનવસમાજનું ઘડતર કરવા માટે નિમંત્રણ આપ્યું. તેમને માસિક પગાર, બધો જ ખર્ચ ભોગવવાની તૈયારી, રહેવાજમવાની સગવડ, કાર્ય માટે મોટર અને અન્ય બધો ખર્ચ બાદ કરતાં વર્ષે લગભગ એક લાખ રૂપિયા



ધર્મને ગ્રંથજડતામાંથી મુક્ત કરી માનવ-માનવ વચ્ચે હૃદય ગ્રથિત કરનાર તત્ત્વ તરીકે સ્થાપી, શાન્ત સામાજિક ક્રાન્તિ સર્જનાર, ગીતાપ્રબોધ્યાં જ્ઞાનભક્તિને જીવનાભિમુખ બનાવનાર વિરલ આધુનિક કર્મયોગી

પાંડુરંગ આઠવલે

— કમલા પરીખ —

ટેક્સ ફ્રી – આ બધી જ વ્યવસ્થાની તૈયારી બતાવી.

આટલી બધી સગવડો મળતી હોય તો કાચોપાચો માનવી ડગી જાય. પરંતુ પાંડુરંગ નોખી માટીના માનવી હતા. તેઓ આવા લોભી આકર્ષણોથી ખેંચાય ખરા ? હરગિજ નહીં. તેમનો જવાબ કેટલો ભવ્ય અને સુંદર હતો કે તેમને તો પોતાના દેશમાં હજુ ઘણું કામ કરવાનું બાકી છે.

મુંબઈમાં ૧૯૫૬માં તેમણે 'તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ'ની સ્થાપના કરી. તેના ઉદ્‌ઘાટન સમારંભમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન આવ્યા અને પાંડુરંગના કુટુંબ સાથે ભોજન પણ લીધું. તેમણે પાંડુરંગને જાપાનની ધર્મપરિષદમાં અમેરિકા તરફથી મળેલા નિમંત્રણને સ્વીકારવા સમજાવ્યા અને તેમના કાર્યમાં આ

માતાપિતા





રીતે પૈસાની સગવડ પણ મળી રહેશે તેવું સૂચવ્યું; પણ પાંડુરંગ તેમના નિર્ણયમાં અફર રહ્યા અને જણાવ્યું કે તેમનું કાર્ય પૈસાથી સફળતા નહીં મેળવી શકે કારણ ઈશ્વરની ઇચ્છાથી જ આ કાર્ય થાય છે અને થશે. રાધાકૃષ્ણને સંસ્થાની મુલાકાત પોથીમાં નોંધ લખવા રિમાર્ક બુક માગી; પણ આવી રિમાર્ક બુક રાખે તો દાદા શાના ? તેઓના મતે તેમની સંસ્થામાં કોઈના અભિપ્રાયની જરૂર નથી. કારણ તેમનો મંત્ર હતો કે કોઈ પણ સંસ્થા કાર્યથી જ મહાન બને છે. તેમણે કદી સંસ્થાઓ સ્થાપી તેમાં સંપત્તિ માટે યાચકવૃત્તિ દાખવી નથી. સ્વાધ્યાયી ભાઈબહેનો સ્નેહ અને સ્વેચ્છાથી જે કંઈ આપે તેનો સ્વીકાર થાય છે, તેમાં કશું પ્રાપ્ત કરવાનો કે નામના મેળવવાનો ઇરાદો નથી હોતો તેમણે ખુદ ઈશ્વર પાસે પણ કદાપિ યાચના કરી નથી. તેઓ સમજે છે કે સંસ્થાઓ ઈશ્વરની છે, કાર્ય પણ ઈશ્વરનું છે અને વિચારો પણ ઈશ્વરના છે તેથી ઈશ્વરને ગમશે ત્યાં સુધી સંસ્થા ચલાવશે અને તેને જ્યારે લાગશે કે આ કાર્ય અને વિચારની સમાજમાં જરૂર નથી ત્યારે તે બંધ થશે. કેવી અપાર શ્રદ્ધા આ માનવીને ઈશ્વર પર છે !

તેમની પ્રભુનિષ્ઠા અને કાર્યનિષ્ઠા અજોડ છે. નિષ્ઠાનું નિર્માણ તેઓ તેમના સંપર્કમાં આવતા હજારો લોકોમાં કરી શકે છે. કોઈ પણ સંસ્થાના પદ કે હોદ્દામાં તેમણે વ્યક્તિત્વને બાંધ્યું નથી અર્થાત્ સત્તાનો દોર પોતાના હાથમાં રાખ્યો નથી. નથી તે કોઈ સંસ્થાના ચેરમૅન કે મૅનેજિંગ ટ્રસ્ટી, સંસ્થાઓમાં એ ક્યાંય નથી છતાં બધે જ તેમની સુગંધ છે. સહુ સ્વાધ્યાયીઓ માટે તેમનો એક જ અભિપ્રાય છે કે તે અમારામાંનો એક છે. જોકે તેમની ઉદારવૃત્તિનો ગેરલાભ લેનારા પણ કોઈક મળી જાય છે અને તેઓ તે જાણે છે છતાં બોલતા નથી. સહુના અવગુણો સાથે સહુને સાંભળે છે.


તેમની કાર્યપદ્ધતિ પણ અનોખી છે. જુદી જુદી સંસ્થાઓમાં તેમણે જે વ્યક્તિને જવાબદારી સોંપેલી હોય તેના દ્વારા જ વ્યવસ્થાપદ્ધતિમાં ફેરફાર કરવાનાં સૂચનો કરાવે છે. પોતે ક્યારેય સીધા ફેરફાર સૂચવતા નથી. છાત્રોની સંસ્થાઓની ભોજનવ્યવસ્થાની અંગત કાળજી રાખે છે. સંસ્થાઓના કાર્યકર્તાઓના સારા-માઠા પ્રસંગે, માંદગી કે નિવૃત્તિના સમયે પોતે જાતે આર્થિક સહાય કરે છે. તેમાં ક્યાંય અરજી કે અપીલને સ્થાન નથી અપાતું. આ જ કારણથી દાદા પ્રત્યે તેઓનો આત્મીય ભાવ બની રહે છે. તેમની સંસ્થાઓમાં નોકરીની શરતો અને રજાના નિયમો નથી, કારણ કામ કરનારા પર તેમને વિશ્વાસ છે. પરિણામે તેમના તેજસ્વી વિચારોના સતત સંપર્કમાં રહેતી વ્યક્તિઓ સંનિષ્ઠ રહે છે. સંસ્થાની શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન આપવાનું નહીં, પણ જે વિષયમાં વિદ્યાર્થી નબળો હોય તેને તે શિક્ષક શીખવે. દાદાની સંમતિ વગર કોઈ પણ સંસ્થામાં કોઈ ફાળો લેવામાં નથી આવતો. સંસ્થામાં કોઈ ફેરફાર કરવાના હોય તો અનુભવી નિષ્ણાતોના અભિપ્રાય લેવામાં આવે છે. આવી સિંહવૃત્તિ ધરાવનાર માનવીની સંસ્થાઓનો હિસાબ કેટલો ચોખ્ખો હશે તે સમજી શકાય છે. દાદાની આવી સંચાલન-પદ્ધતિ જો બીજી સંસ્થાઓ અપનાવે તો નોકર-માલિકનો સંઘર્ષ થાય નહીં. તેમણે માનવ-માનવ વચ્ચે કેટલા સુંદર આત્મીય સેતુનું નિર્માણ કર્યું છે!

આટલા વ્યસ્ત હોવા છતાં ગાંધીબાપુની જેમ તેમની પ્રભુપ્રાર્થનામાં ક્યારેય વિક્ષેપ પડતો નથી. માંદગી, પ્રવાસ કે કોઈ પણ અવસ્થામાં, કોઈ પણ વાતાવરણ હોય છતાં ધ્યાનના સમયમાં ભૂલ ના થાય. કામ કરે પણ કર્મની ધૂળનો સ્પર્શ ના થવા દે, વિષયો વચ્ચે રહીને જલકમલવત્ નિર્લેપ રહે. ઈશ્વરના સહારે અને વિશ્વાસે જીવન વહેતું રહે છે. પછી તો ગીતામાં શ્રીકૃષ્ણએ ઉચ્ચારેલા 'યોગક્ષેમં વહામ્યહમ્' એ સૂત્રને પાળવું પડે. ટૂંકમાં તેમનામાં ફરજ, શિસ્ત, નિર્ધાર, સમર્પણ અને દિવ્યતા એ પાંચ ઉદાત્ત લક્ષણોનો સુગમ સંગમ છે.

તેમના ગૃહસ્થાશ્રમ પર નજર માંડીએ તો તરત જ જણાય કે તે આદર્શ ગૃહસ્થાશ્રમ છે. પાંડુરંગ નિર્મળાતાઈ સાથે ૧૯૪૪માં લગ્નગ્રંથિથી જોડાયા. સમર્પણ, શાલીનતા, સંસ્કારિતા, ઋજુતા, એકનિષ્ઠા, જિજ્ઞાસા, કુટુંબગૌરવ, પ્રભુશ્રદ્ધા, આત્મશ્રદ્ધા, અધધધ કેટલા બધા ગુણોનો સમન્વય આ નારીમાં થયો છે! ફાઈનલ સુધી ભણેલાં તાઈને દાદાએ કાવ્યવિનોદ, કંઠાભરણમ્, મહિમ્નસ્તોત્ર વગેરે શીખવીને અલંકૃત કર્યાં. કુટુંબપ્રેમ જાળવવામાં પણ તેઓએ પાછી પાની નથી કરી. 'ગૃહિણી ગૃહમુચ્યતે' એ સૂત્રને તેમણે સાકાર કરી બતાવ્યું છે. તેમનાં પુત્રી જયશ્રીનાં તો તાઈ ફ્રેન્ડ, ફિલૉસૉફર અને ગાઈડ બની રહ્યાં હતાં. દીદીને તરણવિદ્યા, સંગીત, લશ્કરી તાલીમ, નાટ્યાભિનય, ઘોડેસવારી, વાદ્યવાદન આમ કેટલાંય ક્ષેત્રોમાં પારંગત કર્યાં છે. તેમનામાં સ્ત્રીત્વના ગુણો - જેવા કે અસ્મિતા, તેજસ્વિતા, કોમળતા, માધુર્ય, પરહિતાર્થે સ્વાર્થત્યાગ વગેરે ગુણોને ખીલવ્યા છે. દીદી પોતે કહે છે કે દાદામાં હૃદય માતાનું અને બુદ્ધિ પિતાની છે.

દાદાએ આદરેલાં કાર્યો પર એક નજર કરી લઈએ. ૧૯૫૪માં ૨૦ સ્વાધ્યાયીઓ સાથે તેમણે ભક્તિફેરીનો પ્રારંભ કર્યો અને મુંબઈની આસપાસનાં ગામડાંમાં પ્રભુ માટે પ્રેમ અને માનવ માટે પ્રેમ આ બે સૂત્રો સાથે ભ્રમણ શરૂ કર્યું. દરેક વ્યક્તિ પ્રભુનું સંતાન છે એ વિચારનો એમણે પ્રચાર કર્યો. તેમણે સ્વાધ્યાયનો અર્થ સમજાવ્યો. સ્વાધ્યાય એટલે સેલ્ફ-સ્ટડી, જેનાથી દરેક વ્યક્તિ પોતાનામાં રહેલા પ્રભુને પિછાની અનૈતિક

વર્તણૂકનો ત્યાગ કરે. સ્વાધ્યાય એટલે માનવીએ એકલાએ આત્મવિકાસ નહીં કરવાનો પણ સહુની સાથે વિચારોની આપ-લે કરી, અરસપરસ પ્રેમ આપવો અને પ્રેમ પામવો એ એનું એક મહત્ત્વનું પાસું છે. સ્વાધ્યાયમાં કર્મ, જ્ઞાન અને ભક્તિ ત્રણેનો યોગ છે. સામાજિક ક્રાંતિ લાવવાનું, આમ, તેમણે કાર્ય આદર્યું છે. આ પ્રવૃત્તિને નામ આપ્યું છે ભક્તિફેરી અને આ ભક્તિફેરી માટે ગામડાં પસંદ કરવામાં આવ્યાં છે. એનો ઉદ્દેશ છે કે ગામેગામ યુવાનો ફરી ત્યાંનાં લોકોને ગીતા વાંચતા કરે, સમજાવે અને તે પ્રમાણે શિક્ષણ આપે. આ રીતે લોકોના જીવનનું માંગલ્યમય પરિવર્તન કરે. દાદાએ કોઈને સાધુ થવાની કે ગૃહત્યાગની વાત કરી નથી. તેઓ ગૃહસ્થાશ્રમ પર ભાર મૂકે છે. એમના મતે પ્રભુ પાસે એકાગ્ર ચિત્તથી બેસવું તે ભાવભક્તિ છે અને પ્રભુના વિચારો અર્થાત્ ગીતાના વિચારો, વેદો અને ઋષિઓએ કહેલા વિચારો ભક્તિફેરી કરીને ઘેરઘેર પહોંચાડવા અને એ દ્વારા પ્રભુનું કાર્ય કરવું એ કૃતિભક્તિ છે. આ કૃતિભક્તિ એટલે માનવીને માનવને શોભે તેવું જીવન જીવતો કરવો. સુંદરમ્‌ના શબ્દોમાં કહીએ તો 'હું માનવી માનવ થાઉં તો ઘણું' એ ચરિતાર્થ કરી બતાવવું. આ ભક્તિફેરીના નિયમો પણ કેવા ? પગપાળા ગામડામાં ફરવું, સામાન જાતે ઉપાડવો, પોતાનું કામ જાતે કરવું, રસોઈનો સામાન જાતે ઉપાડીને લઈ જવો, રસોઈ જાતે બનાવવી. સ્વાધ્યાયીઓ આ નિયમો હોંશથી પાળે છે અને કાર્ય કરી રહ્યા છે. દાદાએ ભક્તિફેરીમાં જનારા સહુને સમજાવ્યું છે કે આ તમારું તપ છે અને કેટલાંય લોકો હોંશભેર આ કામ કરી રહ્યાં છે. જેમ ગાંધીજીની એક હાકલથી સમગ્ર માનવસમાજ દોડતો હતો તેમ આ અલગારી માણસની હાકલથી સમાજના ઉત્થાન માટે કેટલાંય લોકો દોડી રહ્યાં છે. ગામડાંમાં જવું છે એ શબ્દોને એમણે તિલાંજલિ આપી છે અને શબ્દપ્રયોગ કર્યો



મત્સ્યગંધા

છે 'ભક્તિફેરી'. જુદા જુદા ગામડે ભક્તિફેરીના વિચારો પ્રસારી રહ્યા બાદ તે વિસ્તારના ભાઈઓ એક સ્થળે શિબિર યોજી, પંદર દિવસ સાથે રહી જીવનવિચારણા કરે છે તેને 'ધર્મયાત્રા' નામ અપાયું છે. આ ધર્મયાત્રા દરમિયાન સ્વાધ્યાયના પ્રેરણાદાયી વિચારોથી ગામેગામ સ્વાધ્યાયકેન્દ્રો ઊભાં થયાં છે. પરિણામે રાજુલામાં 'તત્ત્વજ્યોતિ', ભચઉ (કચ્છ)માં 'તત્ત્વમંદિર', અમદાવાદમાં જોધપુર ટેકરા પર 'ભાવનિર્ઝર' અસ્તિત્વમાં આવ્યાં છે. આમ, સ્વાધ્યાય-પ્રવૃત્તિ એટલે પરમાર્થ અને પરોપકારની પ્રવૃત્તિ, જેમાં વિશ્વકલ્યાણ અને વિશ્વશાંતિનાં બીજ રહેલાં છે. આ પ્રવૃત્તિએ નથી જોયું કુટુંબ, નાતજાત, શહેરી કે ગ્રામજીવન, - તેણે તો એક જ જોયું છે કે માનવ મારો સ્વાધ્યાય-બંધુ છે. આ પ્રવૃત્તિમાં ક્યાંય અહમ્ કે અભિમાનને સ્થાન નથી. રવિશંકર મહારાજે તો દાદાને અનાસક્ત યોગીનું બિરુદ આપેલું છે. તેમના શબ્દો ટાંકીએ: 'શ્રી પાંડુરંગજી પવિત્ર, પ્રેમાળ અને આનંદમૂર્તિ સમા છે જેઓ હૃદયની વાણીથી સહુને હલાવે છે. પોતાના કાર્ય માટે પૈસા ઉઘરાવતા નથી, પરંતુ ઈશ્વર તેમના સત્કાર્યને બધું પહોંચાડે છે. દેશના યુવાનોમાં તેમણે ગીતાના સંદેશની અજબ ચેતના પ્રગટાવી છે. આ

દ્વિતીય વિશ્વધર્મ પરિષદ - જાપાનમાં →

↓ પાંડુરંગ, પત્ની નિર્મલા અને પુત્રી જયશ્રી·





અનાસક્ત યોગી દ્વારા ભગવાન અનેકનાં જીવનઘડતર કરશે એની મને શ્રદ્ધા છે.' વિવેકાનંદનું અધૂરું રહેલું કાર્ય જાણે પૂરું કરવા દાદાનો અવતાર થયો હોય તેમ લાગે છે. ભારતમાં અને વિશ્વના અન્ય દેશોમાં તેમણે એક જ સંદેશો ફેલાવ્યો છે કે દરેક માનવી ઈશ્વરના કુટુંબનો સભ્ય છે. એમણે આ એક એવી ધાર્મિક ક્રાંતિ શરૂ કરી છે જે કોઈ ધર્મના વાડામાં બંધાયેલી નથી. પોતાનામાં રહેલા ઈશ્વરને પહેચાનવો અને અન્યમાં પણ એ જ ઈશ્વરનાં દર્શન કરી ચંદનની જેમ અન્ય માટે ઘસાવું તથા વિશ્વકલ્યાણની ભાવનાને શુભ કાર્યોથી બલવત્તર કરવી. તેમણે તો નીચેની પંક્તિઓમાં રહેલ સંદેશ સમગ્ર વિશ્વમાં વહેતો મૂક્યો છે :

'કહતે હૈં સબ ગ્રંથ વો ચાહે ગીતા યા રામાયણ
શુભ કર્મો સે ધીરે ધીરે નર બનતા નારાયણ.'

તેમણે આદરેલો બીજો પ્રશંસનીય પ્રયોગ 'નિર્મળ નીર'નો છે. જુદા જુદા તાલુકાઓમાં કેટલાંયે તળાવો પુનર્જીવિત થયાં છે આ પ્રયોગથી. આ કાર્યમાં કોઈ ઊંચો નથી તો કોઈ નીચો નથી. બંધુત્વની ભાવનાથી તેમાં સ્વાધ્યાયીઓ જોડાય છે. આબાલવૃદ્ધ, સ્ત્રીપુરુષો, ધનિકગરીબ સહુ આ કાર્ય હોંશથી કરે છે. આ શ્રમભક્તિમાં હોય છે પાવડા-તબડકાના અવાજો, હૈયાનો ઉમંગ, ઊડતી ધૂળની રજકણો, ગીતોનું ગુંજન, અન્ય માટે કામ કરવાની ભાવના અને સહુથી ઉચ્ચ સ્થાન પર છે ગીતાનો સંદેશ - 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન.' જુદા જુદા તાલુકાઓમાં આ પ્રયોગથી પાણીનો પ્રશ્ન હળવો બન્યો છે. આ કાર્યની એક ઝલક જોઈએ તો સમજાશે કે દાદાની પ્રેરણાથી આવાં લોકોપયોગી કાર્ય કેટલા શ્રમથી અને હોંશથી થાય છે! ૧૯૯૬માં ધંધુકામાં એપ્રિલ-મેની કાળઝાળ ગરમીમાં સ્વાધ્યાય પરિવારે સાંજના છ વાગ્યાથી રાત્રે સાડા અગિયાર સુધી આ શ્રમભક્તિ કરેલી જેમાં ગામનાં લોકો, ખેડૂતો, મુસ્લિમ ભાઈઓ પોતપોતાનાં ટિફિન સાથે આવતાં, સાંજની નમાઝ તળાવમાં થાય. આમ, ૧૧ દિવસો દરમિયાન ૮૦ ગામના ૧૬૦૦ કૃતિશીલો આવ્યા. આ શ્રમભક્તિના પરિણામે તળાવની સંગ્રહશક્તિ લગભગ ૯૦૦૦ ઘનમીટર થઈ. સરકાર પણ જે કામ લાખો રૂપિયાના ખર્ચે ના કરી શકે તેવું આ કામ સાહજિક રીતે થયું. આમ ધોળકા, દહેગામ, વિરમગામ, સાણંદ, ગોંડલ, શ્રીનાથગઢ, માંગરોળ, લીંબડી, અમરેલી વગેરે તાલુકાઓમાં આ પ્રયોગો થયા છે.

બીજું ધ્યાન ખેંચે તેવું કાર્ય છે 'વૃક્ષમંદિર.' સરકાર પર્યાવરણ વિષે વિચારે તે પહેલાં જ દાદાએ એ કામ આરંભી દીધું છે. પરિણામે રાજકોટમાં કાલાવડ રોડ પર ૩૦ જુલાઈ ૧૯૭૯માં 'યાજ્ઞવલ્ક્ય ઉપવન' અસ્તિત્વમાં આવ્યું. બીજા વર્ષે વેરાવળ નજીક માલજીંજવા ગામે 'વાલ્મીકિ ઉપવન'નું નિર્માણ થયું. સ્વાધ્યાયી ખેડૂતો દ્વારા આ વૃક્ષમંદિરો પ્રગટ્યાં. આમાંથી થતી આવક જરૂરિયાતવાળાઓને ગ્રામજનો આપે છે.






વિવિધ પ્રસંગોમાં દાદા

વિશ્વબંધુત્વનો ઉચ્ચ આદર્શ અહીં સાકાર થતો દેખાય છે.

એક બીજો આદર્શમય પ્રયોગ તેમણે આદર્યો. સમાજના પછાત વર્ગના ગણાતા માછીમારોમાં ગીતાના વિચારોને જીવનમાં ઉતારવાનો આ પ્રામાણિક પ્રયત્ન છે. દારૂડિયા, જુગારિયા, દાણચોરીમાં અને ઇતર ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા માછીમારોને સુધારવાનો પ્રયોગ ૧૯૬૦માં શરૂ કર્યો. સ્વાધ્યાયીઓ બંધુત્વની ભાવનાનો સંદેશો લઈને માછીમારોના સમાજમાં પહોંચી ગયા. તેમના પ્રયત્નોથી માછીમારો બૂરી લતમાંથી છૂટ્યા અને પોતાની કમાણીમાંથી થોડો ભાગ બચાવવા લાગ્યા. આ બચતમાંથી 'મત્સ્યગંધા'ઓનું નિર્માણ થયું. દાદાની પ્રેરણાથી અઢાર માછીમારોએ એક યાંત્રિક વહાણ તૈયાર કર્યું અને ૧૯૮૦ના ડિસેમ્બરમાં ઘૂઘવતા દરિયામાં તરતું મૂક્યું. આ વહાણનું નામાભિધાન થયું 'મત્સ્યગંધા.' આમાં માછીમારો, ખેડૂતો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ સહુનો ફાળો હતો. આ વહાણની માલિકી કોઈની નહિ. આમાં કોઈ નોકર નથી, કોઈ માલિક નથી. માલિક કેવળ ઈશ્વર છે. દરેક માછીમાર વર્ષમાં એક વખત સફર કરી શકે છે. આમાંથી થતી આવકને ઈશ્વરનો પ્રસાદ ગણીને તેમના સમાજમાં જરૂરતમંદ કુટુંબોને આપવામાં આવે છે. આ સાગરપુત્રોએ ૧૯૯૬ સુધીમાં ૭૧ મત્સ્યગંધાઓ તૈયાર કરી છે. જે દરિયાને પખાળતી સાગરમાં ફરતી થઈ છે. પોરબંદરના દરિયાકાંઠે 'જયશ્રીસાગર' નામે વિરાટ જહાજ તૈયાર થયું. જેનું જલાવતરણ ૧૯-૧૦-૧૯૯૬ના રોજ થયું હતું.

આ ઉપરાંત તેમણે સંયુક્ત પ્રયત્નોથી 'અમૃતાલયમ્'નું નિર્માણ કર્યું. દરેક વર્ગના લોક અહીં નાત, જાત, રંગ, મોભો બધાનો ત્યાગ કરી એકસાથે પ્રાર્થના કરવા ભેગા મળે છે, અને સાથેસાથે ગ્રામજીવનમાં કેવા કેવા સુધારા કરવા તેની ચર્ચા કરે છે. બીજો અનોખો પ્રયોગ છે 'યોગેશ્વર કૃષિ'નો. આમાં ગ્રામજનો વર્ષમાં થોડા દિવસ જમીન ઉપર કામ કરીને ઈશ્વર પ્રત્યે અહોભાવ પ્રગટ કરે છે. આમ, અનેક ક્ષેત્રોમાં તેમની પ્રેરણાથી લોકોએ જુદાં જુદાં કાર્યોમાં ઈશ્વરનિમિત્તે ફાળો આપ્યો છે. ૧૯૬૦થી તેમણે કેટલીક અન્ય પ્રવૃત્તિઓ પણ આદરી છે:

૧. જીવનસંપદા નામક પ્રવૃત્તિમાં પ્રાચીન નૃત્યો, નાટકો, રેતીનાં ચિત્રો, વણાટકામ, જુદા જુદા પ્રકારની કલાકારીગરીનો સમાવેશ થાય છે.
૨. ધનંજય ક્રીડાસમૂહમાં સ્વાધ્યાયીઓનાં બાળકો માટે અનેક જાતની રમતગમત.
૩. ગોરસ - ડેરી ઉત્પાદનનાં કેન્દ્રો.
૪. બાલસંસ્કાર કેન્દ્ર જેમાં સ્વાધ્યાયી ગામડાંઓમાં બાળકો માટે અભ્યાસ તથા ઇતર પ્રવૃત્તિનો સમાવેશ થાય છે.
૫. બહેનોનું કેન્દ્ર જ્યાં સ્ત્રીઓ બપોરે એકઠી થઈ એક-બીજાંની સમસ્યાઓ સુલઝાવવામાં મદદગાર થાય છે.
૬. D.B.T. એટલે કે 'ડિવાઈન બ્રેઈન ટ્રસ્ટ', જ્યાં યુવાનોના વિચારોને યોગ્ય માર્ગદર્શન મળી રહે છે. તેમાં જોડાયેલા યુવાનોએ અભ્યાસમંડળોની શરૂઆત કરી. ભારતનાં મોટાં શહેરોમાં ડિવાઈન બ્રેઈન ટ્રસ્ટની શાખા ઉપશાખાઓ વિસ્તરી છે.

આમ, દાદાએ આપણા સમાજને કેટકેટલું આપ્યું છે! દારૂડિયાઓને વ્યસનમુક્ત કર્યા. કેટલાક ચોરી કરનારાઓએ સામે ચાલીને ચોરી કબૂલ કરી પશ્ચાત્તાપ કર્યો. નવચંડી યજ્ઞમાં બકરાનો બલિ ચઢાવતા ભૂવા અને વાઘરીસમાજને યોગ્ય માર્ગે દોર્યા, અંધશ્રદ્ધા અને વહેમને આ સમાજમાંથી દૂર કરવાનું અશક્ય કામ તેમના પ્રયત્નોથી શક્ય બન્યું છે. પાંડુરંગ દાદાનાં આવાં કેટકેટલાં કાર્યોને બિરદાવીએ ? આવી વ્યક્તિઓ આપણા ભારતમાં છે તેનો ગર્વ અને ગૌરવ આપણે લઈ શકીએ તેમ છીએ. તેમની ભક્તિફેરી ભારત ઉપરાંત અમેરિકા, કેનેડા, જર્મની, સ્વીડન, પોર્ટુગલ, કેન્યા, સાઉથ આફ્રિકા, બહેરીન, યુનાઈટેડ આરબ અમિરાત, ફીજી, વેસ્ટ ઇંડીઝ, સુરીનામ વગેરે સુધી વિસ્તરી છે. ભારતમાં ગુજરાત ઉપરાંત નેપાળ, દિલ્હી, કુરુક્ષેત્ર, ગઢવાલ, હિમાચલપ્રદેશ, અલ્હાબાદ, કલકત્તા, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, મદ્રાસ, મધ્યપ્રદેશ, ખંડવા વગેરે વિસ્તારોની સ્વાધ્યાયી ભાઈબહેનોને પ્રવૃત્તિઓ પહોંચી છે.

દાદાના માર્ગદર્શન હેઠળ કેટલાક અગ્રણી ડૉક્ટરો તેમના જિલ્લા પ્રમાણે ઝોન પાડી દરેક મહિને એક દિવસ નજીકના ગામડામાં ગરીબોની પ્રાથમિક સારવાર માટે સ્વેચ્છાથી જાય છે. હિંમતનગર અને ઇડર સહિત સાબરકાંઠામાં આવા ઘણા ડૉક્ટરો આ કામમાં જોડાયા છે. જ્યાં આરોગ્યખાતું પહોંચ્યું નથી ત્યાં એમણે પ્રારંભેલ 'પતંજલિ ચિકિત્સાલય' નામે દવાખાનાં શરૂ થઈ ચૂક્યાં છે.

દેશ-વિદેશમાં સ્વાધ્યાયી ભાઈબહેનો તેમનાં કાર્યોને ઉત્સાહથી વેગ આપી રહ્યાં છે. ૧૯૯૬માં આવા અમૂલ્ય રત્નનું મૂલ્ય અંકાયું. દાદાને મેગસેસે ઍવોર્ડથી ગૌરવાન્વિત કરવામાં આવ્યા છે. આ પહેલાં પણ ઘણા ઍવોર્ડથી તેમને સનમાન્યા છે. ૧૯૮૭માં તેઓને ભારતીય 'પ્રિયદર્શિની વૃક્ષમિત્ર પુરસ્કાર' જમીનની સાચવણી અને વિકાસ તથા વૃક્ષારોપણ પ્રવૃત્તિ માટે મળ્યો છે. ૧૯૮૮માં જાન્યુઆરીની ૧૦મી તારીખે પ્રતિષ્ઠાપાત્ર 'મહાત્મા ગાંધી' પુરસ્કાર દાદાને રોકડ પારિતોષિકના રૂપે મળ્યો અને દાદાએ એટલી જ રોકડ રકમ ઉમેરી તે પુરસ્કાર દાતાઓને યોગ્ય રીતે વાપરવા પાછો વાળ્યો. ૧૯૯૨માં પહેલી ઓગસ્ટે માનવજાતના ભલા માટે નિઃસ્વાર્થ ભાવે કાર્યો કરવાની તેમની પ્રવૃત્તિઓની કદરરૂપે તેમને 'લોકમાન્ય તિલક સન્માન ઍવોર્ડ'

મળ્યો. એ જ વર્ષે પ્રજામાં ધર્મનિષ્ઠા દઢ કરવા માટેનો 'દીવાળીબહેન મોહનલાલ મહેતા ટ્રસ્ટ ઍવૉર્ડ' ભારતના ઉપરાષ્ટ્રપતિ કે. નારાયણના હસ્તે દાદાને એનાયત કરવામાં આવ્યો. ૧૯૯૬માં મેગસેસે ઍવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. અને હવે ૧૯૯૭માં ધર્મવિકાસનાં કાર્યો માટે તેમને ટેમ્પલટન ઍવૉર્ડ એનાયત કરવાની જાહેરાત થઈ. આ ઍવૉર્ડ ૭૫,૦૦૦ પાઉન્ડ સ્ટર્લિંગ એટલે કે ૧.૨ મિલ્યન ડોલરનો છે અને વિશ્વમાં આ સૌથી મોટું નાણાકીય પારિતોષિક છે. આ પારિતોષિક માત્ર સારા કામ માટે નહીં, પણ એ ક્ષેત્રમાં પોતાનું મૌલિક પ્રદાન તથા ધર્મના વિકાસ માટેનું છે. જ્યાં ધર્મની વ્યાખ્યા સંકુચિત અર્થમાં નથી પણ માનવમાત્રનો વિકાસ તે અર્થમાં છે. માનવ-માનવ વચ્ચે બંધુત્વની ભાવના ખીલે અને એ ભાવના સત્કાર્યોથી માનવીને ભર્યો ભર્યો કરે એ હેતુ છે. દાદાના જણાવ્યા પ્રમાણે આ નાણાંનો ઉપયોગ તેઓ સ્વાધ્યાય પરિવારના જુદા જુદા પ્રકલ્પો અને પ્રવૃત્તિઓમાં કરશે. તા. ૮મી માર્ચ ૧૯૯૭ના રોજ ન્યૂયોર્કમાં મેડિસન સ્ક્વેર ગાર્ડન હિલમાં વિશાળ માણસોની હાજરીમાં દાદાએ કહ્યું કે 'મારું કાર્ય પૂરું થાય છે અને આ કામનો ભાર હવે તમારા ખભા પર મૂકું છું. તેને આગળ લઈ જજો. આ બધા ઍવૉર્ડ્ઝ તો ભગવાને પાઠવેલા પ્રેમપત્રો છે.' આ શબ્દો બોલતાં દાદા ગળગળા થઈ ગયા હતા. આમ, દાદાએ ભગવાન અને ધર્મનો સાધન તરીકે ઉપયોગ નથી કર્યો, પણ સ્વયં ભગવાન અને ધર્મનું સાધન બન્યા છે. તેમણે સ્વાધ્યાય શરૂ કરીને ભલભલા અહંકારી માણસોને સ્વાધ્યાયમાં જોડ્યા છે, જેનો અનુભવ ત્યારે થાય છે કે જ્યારે શહેરનાં લોકો ગામડાંઓમાં ભક્તિફેરીમાં જાય છે ત્યારે મંદિરના ઓટલે સૂઈ રહે છે અને પછાત ગણાતી કોમનાં લોકો સાથે બેસીને સ્વાધ્યાયનો સંદેશ ફેલાવે છે. દાદાએ માનવીમાં રહેલા ચૈતન્યને જાગૃત કર્યું છે. માનવીમાં રહેલી સર્જનશીલતાને ભગવાનના કામમાં તેમણે વાળી છે.

એટલે જ આજે ટેમ્પલટન ઍવૉર્ડ દ્વારા દાદાની સાચી કદર થઈ છે. આ પહેલાં ભારતમાં ૧૯૭૩માં મધર ટેરેસાને આ ઍવૉર્ડ મળ્યો હતો અને ૧૯૭૫માં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન આ ઍવૉર્ડના અધિકારી બન્યા હતા. આપણે સહુ દાદાને મળેલા આ ઍવૉર્ડથી આનંદિત અને ગૌરવાન્વિત થયાં છીએ. આ ઍવૉર્ડ તેમને લંડનમાં વેસ્ટ મિન્સ્ટર ઍબિમાં પ્રિન્સ ચાર્લ્સ ફિલિપના હસ્તે આ મે મહિનાની છઠ્ઠી તારીખે એનાયત થયો.

આમ, વીસ સાથીદારોથી શરૂ કરેલી ભક્તિફેરી ભારતનાં લાખો ગામડાંઓમાં કરોડો લોકો સુધી પહોંચી ચૂકી છે. સહુ માનવો એક જ ઈશ્વરનાં સંતાનો છે તે દાદાના સંદેશાનું હાર્દ છે. તેમની આ શાંત ક્રાંતિએ કેટકેટલા માનવીઓના જીવનમાં ગજબનું પરિવર્તન આણ્યું છે! માનવી - માત્રમાં પ્રભુનું દર્શન અને કામ એ જ પ્રાર્થના - 'work is worship' અને 'worship to mankind is worship to God' આ તેમનો સંદેશ છે. શોરબકોર વગર કે પ્રચારના ઢોલ પીટ્યા વિના માનવધર્મનો ફેલાવો કરી રહેલા ૭૬ વર્ષીય દાદા વેદ, ઉપનિષદ અને ગીતાના તત્ત્વજ્ઞાનના આધારે એક અનોખી ચેતના પ્રગટાવી લાખો લોકોના જીવનમાં આમૂલ અને અમૂલ્ય પરિવર્તન લાવ્યા છે તે કાંઈ નાનીસૂની વાત નથી. તેમનાં પ્રેરિત કાર્યોને 'આંતરનાદ' ફિલ્મમાં જોવાનું સૌભાગ્ય મળ્યું છે પણ આ વિભૂતિનું પ્રત્યક્ષ દર્શન કરવાનો લહાવો હજુ પ્રાપ્ત થયો નથી. છતાં આ ચરિત્ર લખતાં જાણે તેઓ સન્મુખ રહ્યા હોય અને તેમનો સતત સંપર્ક થતો રહ્યો હોય તેવો અનુભવ જરૂર થયો છે. તેમનાં કાર્યોની સુગંધ ઉત્તરોત્તર પ્રસરતી રહે તથા તેમની પ્રેરણાથી લાખો સ્વાધ્યાયીઓ તેમના કાર્યને વેગ આપતા રહે એ પ્રાર્થના સાથે વંદન. □

સંગીતશાસ્ત્ર-૫

હસુ યાજ્ઞિક

સપ્તકની શોધનો ઇતિહાસ

પાયથાગોરસના પ્રયત્ને પશ્ચિમમાં શુદ્ધ સપ્તકની શોધનો ઇતિહાસ આરંભાયો. ભારતીય સંગીતશાસ્ત્રીઓએ ગ્રામની વિભાવના આપી હતી. ષડ્જગ્રામ એટલે શુદ્ધ સપ્તક. ગંધારગ્રામ એટલે 'ગ'ને 'સા' તરીકે સ્થાપીને રચાતું સ્વરસપ્તક. મધ્યમગ્રામ એટલે 'મ'ને 'સા' માનીને લેવાતું સપ્તક. પશ્ચિમના વિદ્વાનોએ પણ આ ગ્રામની પદ્ધતિનો જ સપ્તકની શોધ માટે ઉપયોગ કર્યો અને નિશ્ચિત શ્રુતિને નિશ્ચિત સ્વર તરીકે ઓળખવાની શોધ માટેની યાત્રાનો આરંભ થયો.

મધ્યમ અને પંચમ જેવા સ્વરને ષડ્જ માનીને સપ્તકના સ્વર મેળવવાના પ્રયત્નો થયા, જેથી પૂર્વાર્ધના ચાર મુજબ બાકીના ઉત્તરાર્ધના સ્વરો મળી શકે. મૂળ પ્રશ્ન તો કોઈ એક સ્થિર નિશ્ચિત આંદોલનસંખ્યા ધરાવતો ધ્વનિ ઊંચે જાય અને બમણો બને તેના અંતરાલ ગાળામાં અવાજ ક્યાં બદલાય છે, જે આગળના ધ્વનિ કરતાં જુદો પડે, તેની શોધ કરવાનો હતો. જો ભૌતિક પદાર્થ હોય તો તો તમે એના ધારો એટલા પ્રમાણસરના ટુકડા પાડી શકો. ધ્વનિ કંઈ એવો પદાર્થ ન હતો કે એના એવા ધોરણસરના પાંચ, સાત, આઠ કે દસ ટુકડા પાડી શકાય. બમણો બનતો અવાજ ૨૨ જગ્યાએ ક્રમશઃ ઊંચો જતો પારખી શકાતો હતો, પરંતુ એકદમ નજીક હોય એવી શ્રુતિઓને જુદી પારખવાનું કાન માટે શક્ય ન હતું. અહીં તો Toneનાં સ્થિત્યંતરો શોધવાના હતા. પાયથાગોરસની પદ્ધતિએ એક સાચી દિશામાં પગલું તો મંડાયું, પરંતુ એથી બમણા બનતા ધ્વનિનાં વ્યાવર્તક એવાં પગલાં ન મળ્યાં. ષડ્જ, મધ્યમ અને પંચમ અલગ પકડાયાં અને 'સા' સાથે 'મ' અને 'સા' સાથે 'પ'નો અવાજ ભળતાં ધ્વનિ કર્ણમધુર લાગતો હતો. આ પરથી એક બીજી દિશા એ મળી કે આ રીતે બીજા કયા કયા 'ટોન' છે, જે સાથે સાથે વાગતાં એનો સંયુક્ત ધ્વનિ કર્ણમધુર લાગે છે ? આ તપાસમાં સ્પષ્ટ થયું કે 'સા' સાથે 'મ'થી નીચેનો ટોન, અર્થાત્ 'ગા' પણ મધુર લાગે છે. આમ સા-ગ-૫ એ ત્રણ ટોનના સંયુક્ત ધ્વનિનું માધુર્ય ધ્યાનમાં આવ્યું અને એ જ માધુર્ય 'મ'ને 'સા' ધારીને શોધવા જતાં ધ્યાનમાં આવ્યું કે સા-ગ-૫ જેવો જ મધુર સંવાદ આગળના મ-ધ-સાં માંથી પ્રાપ્ત થાય છે. આમ પૂર્વાર્ધમાં સા-ગ-મ અને ઉત્તરાર્ધમાં પ-ધ-સાં નિશ્ચિત થયા. સા-મ-પ તો પરિચિત હતા જ એમાં હવે ગ-ધ પણ જુદા વ્યાવર્તક 'ટોન'રૂપે જાણમાં આવ્યા. હવે સૂત્ર હાથમાં આવ્યું કે ૪-૫-૬ના અનુપાતમાં સંવાદી ધ્વનિ મળે છે. એ રીતે સા-ગ-પ, મ-ધ-સાં મળ્યા. 'પ'ને સા માનતાં પ-નિ-રેં પ્રાપ્ત થયા. જે ઉપરનો 'રેં' અવાજ બમણો બન્યા પછી મળ્યો તેને પૂર્વાર્ધના 'સા' અને 'ગ'ની વચ્ચે મૂકતાં 'રે' મળ્યો. આથી પૂર્વાર્ધમાં સા, રે, ગ, મ અને બરાબર દોઢ ગણી ઊંચાઈએ પ, ધ, નિ, સાં મળ્યા, આમ સપ્તક પૂર્ણ થયું. આ રીતે જે સાત સ્વરોનું એકમ મળ્યું તેને 'નેચરલ સ્કેલ' અર્થાત્ સાહજિક-સપ્તક તરીકે સ્વીકારવામાં આવ્યું, કેમ કે તેમાં બમણા બનતાં અવાજનાં - ધ્વનિનાં - સાત બદલાતાં પગથિયાં હતાં. આ સપ્તકમાં ત્રણ ગાળા કે અંતરાલ મળ્યા, જે ક્રમશઃ ૯/૮, ૧૦/૯ અને ૧૬/૧૫ હતા. આમાં ૯/૮ અને ૧૦/૯ ના ગાળાનું અંતર એને 'ટોન' સંજ્ઞા આપી, ૧૬/૧૫ ના ગાળાને 'સેમિટોન' સંજ્ઞા આપી. આ સપ્તકમાં સ્થૂલ રીતે 'ટોન' અને 'સેમિટોન' એવા બે જ ગાળા કે અંતરાલ હોવાને કારણે ડાય-ટોનિક-સ્કેલ કહેવામાં આવ્યો. ડાય એટલે 'દ્વિ' બે. બે ટોન ડિફરન્સ જેના સ્વરો વચ્ચે છે એવો સાહજિક સ્કેલ, એટલે કે સપ્તક, એવો ડાય-ટોનિક-સ્કેલનો, કે નેચરલ-સ્કેલનો અર્થ થાય છે. સ્વરમાં મુખ્ય શુદ્ધ સ્વરો સાત હોવાને કારણે ભારતીય પરંપરા પ્રમાણે એક નિશ્ચિત સ્થિર અવાજના બમણી ઊંચાઈ વચ્ચેના ધ્વનિ-ભેદને **સ્વર-સપ્તક** કહીએ છીએ. હકીકતે શુદ્ધ ૭, કોમળ ૪ અને તીવ્ર ૧ મળીને કુલ ૧૨ સ્વરો છે. આથી આખા સ્વરજૂથને **સપ્તક** કહેવું તે ભાષાકીય દૃષ્ટિએ બરાબર નથી. આ દૃષ્ટિએ પશ્ચિમમાં 'સ્કેલ' સંજ્ઞા છે તે વિશેષ ઉપયુક્ત છે. પરંતુ **સપ્તક** એટલે સાત સ્વરનું જૂથ એવા નિશ્ચિત અર્થનો વિસ્તાર કરીને **સપ્તક** એટલે એક મૂળ કે મુખ્ય ધ્વનિની બે ગણી વૃદ્ધિ કે ઊંચાઈ વચ્ચેના ધ્વનિભેદનું સ્થિત્યંતર અર્થાત્ સ્વરજૂથ, એમ સમજીને જ 'સ્કેલ'ના બદલે સપ્તક એવું શબ્દરૂપ સંગીતના પર્યાયમાં સ્વીકારીએ. વાર સાત છે, છતાં કહીએ છીએ અઠવાડિયું – પરંપરા હોઈ 'અઠ' આઠ ભૂલીને અઠવાડિયું એટલે સાત વારનો ગાળો કે સમૂહ એવો અર્થ હવે ગ્રાહ્ય રાખવો પડે. એ રીતે સ્વરજૂથ માટે પણ સપ્તક એટલે સાતનું જૂથ એવો અર્થ વિસ્તારીને સપ્તક એટલે બમણા બનતા અવાજનું વ્યાવર્તક એવા સ્વરોનું જૂથ એમ ગ્રાહ્ય રાખવો રહે.

આમ, ડાયટોનિક–સ્કેલથી સ્વરોનો પરિચય થયો, એના

વિભાગો બરાબર પકડાયા, પરંતુ આ સ્કેલમાં વ્યાવહારિક મુશ્કેલી ઊભી થઈ. જો કોઈ સાહજિક 'સા'થી જ ગાય કે વગાડે તો તેને આ નેચરલ-સ્કેલ કામ લાગે. પરંતુ જો કોઈ ગાયક કે વાદક 'સા'ને બદલે આગળના બીજા કોઈ સ્વરને 'સા' કરીને ગાય કે વગાડે તો ડાયટોનિક-સ્કેલના આગળના સ્વરો બદલાય છે, ને કામ આપતા નથી. બધા જ કંઈ સાહજિક (નેચરલ) 'સા'થી ગાયન-વાદન કરી ન શકે. કોઈનો અવાજ ઊંચો હોય તો કોઈનો નીચો. આથી કોઈને મંદ્રના 'નિ'થી તો કોઈને મધ્યના 'રે'થી પોતાનો 'સા' હોય. આથી નેચરલ-સ્કેલ ડાયટોનિક-સ્કેલ વ્યવહારમાં કામ ન લાગ્યો.

આથી આ સ્કેલને બદલવાની દિશામાં પ્રયાસ હાથ ધરાયા. એ તો ધ્યાનમાં હતું જ કે ૯/૮ અને ૧૦/૯ વચ્ચે ગાળો ખૂબ ઓછો છે. આથી આ સ્વરાંતરને : ૯/૮ અને ૧૦/૯નો મીન કાઢવામાં આવ્યો અને એને પરિણામે Mean Tone Temperament Scale એવું નામ આપવામાં આવ્યું. નેચરલ-સ્કેલ શોધાયો ત્યારે પણ સંગીતશાસ્ત્રીઓના ધ્યાનમાં આવ્યું હતું કે 'મા'ને 'સા' માનતાં ઊંચું જાય છે. આથી જો ૧૨ સ્વરમાં વિભાગીકરણ થાય તો જેટલો 'સા'થી 'પ' બસૂરો થશે એટલો જ 'રે' થી 'ધ' બસૂરો બને છે. અર્થાત્ 'સા' અને 'રે' કોમળ વચ્ચે જેટલો ગાળો રહેશે તેટલો જ ગાળો જો 'રે' (કોમળ) અને 'રે' (શુદ્ધ) વચ્ચે પણ કરવામાં આવે તો મેળ બેસે છે. આથી તો નેચરલ-સ્કેલના સ્વરોના આગળના અને પાછળના સ્વરો વચ્ચેનો ગાળો સરખો કરવામાં આવે તો સ્કેલ બરાબર રહે છે અને ૧૨ સ્વરો મળે છે. આ રીતે ૧૨ સ્વરનો જે સ્કેલ બન્યો તેને Equally Tempered Scale - **સમાનાંતરાલીય સ્વરસપ્તક** તરીકે ઓળખવામાં આવ્યો. આ સ્કેલ નેચરલ-સ્કેલમાં પણ બંધબેસતો હતો. આથી પશ્ચિમનાં પિયાનો, ગિટાર, મેન્ડોલીન વગેરે આ ટેમ્પર્ડ સ્કેલમાં બનાવવામાં આવ્યાં. આ કારણે ગાનારનો 'સા' ઊંચો હોય કે નીચો વગાડનાર ગાનારના સ્વરમાં જ વગાડે. ગાનારનો સ્વર નીચો હોય તો વગાડનારનો 'નિ' 'સા' બને, ઊંચો હોય તો 'રે' કે 'રે' 'સા' બને અને એ સ્કેલ વગાડનારનો સંવાદ ગાનાર સાથે કરી આપે. આ રીતે વિવિધ વાદ્યો પણ એક જ રૂપના સ્કેલમાં વાગીને સંવાદી બની શકે. હાર્મોનિયમ આ રીતે Tempered Scaleમાં હોય છે. એથી ધોળી કે સફેદ કોઈ પણ પટ્ટીને 'સા' બનાવતાં ૧૨ સ્વરોનો સ્કેલ મળે છે.

સ્વરોની ક્રમશઃ ગોઠવણી એટલે scale - સ્કેલ. આ સ્કેલ બે પ્રકારના હોય છે : (૧) ડાયટોનિક, (૨) Chromatic. આ બન્ને સ્કેલ સેમિટોનને આધારે બનાવેલા છે. ડાયટોનિકમાં ટોન અને સેમિટોન બન્ને હોય છે, જ્યારે ક્રોમેટિકમાં માત્ર સેમિટોન હોય છે. ડાયટોનિક સ્કેલમાં બે ભાગ હોય છે, જેને એકને મેજર અને બીજાને માઈનર સ્કેલ કહે છે. દરેક સ્કેલમાં ૭ સ્વર હોય છે. આમાં દરેક આઠમો સ્વર પ્રથમ સ્વર કરતાં બમણો ઊંચો હોય છે. આ રીતે ૧૦મો સ્વર એટલે પ્રથમ સપ્તકના ૧૦-૭=૩ ત્રીજો બમણો ઊંચો સ્વર. આથી આઠમા સ્વરથી બીજું સપ્તક શરૂ થાય છે. એનો પ્રત્યેક સ્વર આગલા સપ્તકના પ્રત્યેક સ્વરથી બમણો ઊંચો હોય છે.

Major Scale - મેજર સ્કેલમાં વિશિષ્ટ પ્રકારે સેમીટોન ગોઠવવામાં આવે છે. ત્રીજા અને ચોથા તથા સાતમા અને આઠમા સ્વરની વચ્ચે સેમિટોન હોય છે. તમે હાર્મોનિયમ જોશો તો પ્રથમ ત્રણ સફેદ પટ્ટી પછી કાળી ચાવી આવે છે. તે ત્રીજા સ્વરનો સેમિટોન છે. એ રીતે સાતમી સફેદ પટ્ટી પછી જે પટ્ટીમાં, સફેદ તથા કાળીમાં, બન્નેમાં, પહેલી પટ્ટી કે ચાવી પછીની ચાવી મેજર ટોનની છે. સા થી રે મેજર, રે થી ગ મેજર, પરંતુ ગ થી મ માઈનર; મ થી પ મેજર, પ થી ધ મેજર, ધ થી નિ મેજર પરંતુ 'નિ' થી 'સાં' માઈનર.

આમ આખું ૧૨ સ્વરનું સપ્તક આ પ્રમાણે છે :

આરોહ : સા રે રે ગ ગ મ મા પ ધ ધ નિ નિ સાં

અવરોહ : સાં નિ નિ ધ ધ પ મા મ ગ ગ રે રે સા

શુદ્ધ સ્વરનું સપ્તક આ પ્રમાણે છે :

આમાં સા, રે, ગ, મ – પૂર્વાર્ધ છે જેને Lover Tetra Chord અને પ, ધ, નિ, સાં – ઉત્તરાર્ધ છે જેને Upper Tetra Chord કહે છે.

પિયાનો, હાર્મોનિયમ વગેરેમાં પ્રથમ સફેદ ધ઼, બીજી નિ઼ અને ત્રીજી સા઼ હોય છે. ત્યાંથી ઉપર કાળી બે જોડ આવે છે. અને પછી કાળીની ત્રણ જોડ આવે છે. આમ, ૭ સફેદ તે શુદ્ધ સ્વર, ૫ કાળી તે કોમળ સ્વર. (પરંતુ 'સા' બદલાય તો તે ક્રમ પણ બદલાય) ત્રીજી સફેદ પટ્ટી છે તે 'સા'. અંગ્રેજી સંજ્ઞા છે સી-C (=સા) આથી સી-Cનો મેજર કોર્ડ તે શુદ્ધ સપ્તક છે.

સી-મેજરનું બંધારણ :

ટોન-ટોન-સેમિટોન	ટોન	ટોન-ટોન-સેમિટોન
લોઅર ટેટ્રા કોર્ડ		અપર ટેટ્રા કોર્ડ

'સા' (C) પછી ટોન એટલે રે (શુદ્ધ), એ પછી ટોન એટલે ગ (શુદ્ધ), પછી સેમિટોન એટલે મ (શુદ્ધ ન) મધ્યમાં ટોન એટલે પછી પ. હવે 'પ' પછી ટોન એટલે 'ધ' (શુદ્ધ), એ પછી ટોન એટલે 'નિ' (શુદ્ધ) પછી સેમિટોન એટલે સાં (તાર સપ્તકનો પહેલો સ્વર).

ટોન : સા થી રે, રે થી ગ, રે થી ગ, ગ થી મ, ગ થી મા, મ થી પ

સેમિ : સા થે રે, રે થી રે, રે થી ગ, ગ થી ગ, ગ થી મ, મ થી મા, મા થી પ, પ થી ધ, ધ થી ધ, ધ થી નિ, નિ થી નિ, નિ થી સા.

આમ શુદ્ધમાં સા-રે-ગ વચ્ચે ટોન
પ-ધ-નિ વચ્ચે ટોન
ગ-મ વચ્ચે સેમિટોન
નિ-સાં વચ્ચે સેમિટોન

આથી કોઈ પણ સ્વરનો મેજર સ્કેલ બનાવતાં ટોન-ટોન-સેમિ વચ્ચે દોઢ ગણું એટલે ટોન અને પછી ટોન-ટોન સેમિ. આથી

(૧) સી - મેજર સ્કેલ : 'સા' થી ટોન-ટોન-સેમિ ટોન ટોન-ટોન-સેમિ
(૨) ડી મેજર સ્કેલ 'રે' થી અર્થાત્ 'રે' ને 'સા' ગણીને
(૩) ઈ મેજર સ્કેલ 'ગ' થી અર્થાત્ 'ગ' ને 'સા' ગણીને
(૪) એફ મેજર સ્કેલ 'મ' થી અર્થાત્ 'મ' ને 'સા' ગણીને
(૫) જી મેજર સ્કેલ 'પ' થી અર્થાત્ 'પ' ને 'સા' ગણીને
(૬) એ મેજર સ્કેલ 'ધ' થી અર્થાત્ 'ધ' ને 'સા' ગણીને
(૭) બી મેજર સ્કેલ 'નિ' થી અર્થાત્ 'નિ' ને 'સા' ગણીને

આમ 'સા' જેમ બદલાશે તેમ આગળના સ્વરો બદલાશે. આગળનો 'રે' 'સા' બનતાં આગળનો 'ગ' હવે 'રે' બને છે. નીચેની તાલિકા જુઓ :

મેજર સ્કેલ

સી-સા :	સા	રે	ગ	મ	પ	ધ	નિ	સાં	રેં	ગં	મં	પં	ધં	નિં	સાં
ડી-રે :		સા	રે	ગ	મ	પ	ધ	નિ	સાં						
ઈ-ગ :			સા	રે	ગ	મ	પ	ધ	નિ	સાં					
એફ-મ :				સા	રે	ગ	મ	પ	ધ	નિ	સાં				
જી-પ :					સા	રે	ગ	મ	પ	ધ	નિ	સાં			
એ-ધ :						સા	રે	ગ	મ	પ	ધ	નિ	સાં		
બી-નિ :							સા	રે	ગ	મ	પ	ધ	નિ	સાં	

આ થયા શુદ્ધ સપ્તકના મેજર સ્કેલ. એ રીત રે કોમળ, ગ કોમળ, મા તીવ્ર, ધ કોમળ અને નિ કોમળનાં મેજર સ્કેલ બને છે. સીના સ્કેલમાં બાર સ્વર મૂકીને ઉપર મુજબની તાલિકા બનાવતાં કયો સ્વર ષડ્જ બદલાતાં બદલાય છે તે ધ્યાનમાં આવશે : અંગ્રેજીમાં શુદ્ધને શાર્પ અને કોમળને ફ્લેટ કહે છે : સી-મેજરના

૧૨ સ્વર : સા રે રે ગ ગ મ મા પ ધ ધ નિ નિ સાં રેં

કોમળ-રે

ડી ફ્લેટ : સા રે ગ મ પ ધ નિ સાં

આ રીતે બીજા કોમળ (ફ્લેટ) સ્વરના સ્કેલ બને છે.

(સા) સી - શાર્પના રે, ગ, મ, મે, ધ, નિ, સાં, રેં
(રે) ડી ફ્લેટના સા, રે, ગ, મ, પ, ધ, નિ, સાં
(સા) સી - શાર્પના મ, પ, ધ, નિ, સાં, રેં, ગં, મં
(મ) એફ ફ્લેટના સા, રે, ગ, મ, પ, ધ નિ, સાં

હવે સમજાયું હશે કે સી (સા) સાપેક્ષ છે. કોઈ એકનો 'રે' બીજી વ્યક્તિ માટે 'સા' હોઈ શકે અને એનો 'ગ' કોઈ ત્રીજીનો 'સા' હોઈ શકે. પરંતુ ૧૨ સ્વરમાંથી કોઈ પણ સ્વરને સી (સા) બનાવાય છે ત્યારે તે સા બદલાતાં જ અનુગામી બીજા સ્વર બદલાઈને ટોન-ટોન-સેમિ મધ્ય ટોન પછી આવું ટોન-ટોન-સેમિ લેતાં ગાનારના ગળાનું સપ્તક આવે છે. તમે ક્યારેક સાંભળ્યું હશે, ગાનાર કહેશે : પાંચમી સફેદ, અથવા તો બીજી, ત્રીજી કે ચોથી કાળી. અને તે સાથે જ તબલાં વગાડનાર, સાથે વાયોલિન વગાડનાર, સિતાર વગાડનાર પોતાનાં વાદ્યોને તે સ્વરમાં મેળવશે. પરંતુ હાર્મોનિયમ-પિયાનોને કંઈ બદલવું નહીં પડે. એ તો ગાનારનો 'સા' પાંચમી સફેદનો હોય તો પાંચમી સફેદને 'સા' મળી વગાડશે. ગાનાર પહેલી, બીજી, ત્રીજી કે પાંચમી કાળીની ઊંચાઈથી જ 'સા' બનાવી ગાતો હશે તો ત્યાંથી જ 'સા' માનીને બધા જરૂરી સ્વરો વગાડશે. કેમ કે હાર્મોનિયમ, પિયાનો ટેમ્પર્ડ સ્કેલમાં છે.

માઈનર સ્કેલ

મેજર સ્કેલ એટલે શુદ્ધ સપ્તક. સ્વરની ભાષામાં
ટોન-ટોન સેમિટોન
ટોન
ટોન-ટોન-સેમિટોન.

તો માઈનર-સ્કેલ એટલે શું ? એ જાણીએ.

કોઈ પણ મેજર સ્વરાંતરને એક સેમિટોન કમ કરો એટલે માઈનર સ્કેલ બને. દર ત્રીજા સ્વરે જે સ્વરાંતર છે તે માઈનર છે. પરંતુ તેને બદલે જો ટોન-ટોન-સેમિટોન ને બદલે ટોન-સેમિટોન-ટોન કરીએ. વચ્ચેનો ટોન યથાવત્ રાખીએ અને ટોન-ટોન-સેમિટોનને બદલે સેમિટોન-ટોન-ટોન કરીએ તો માઈનર સ્કેલ થાય.

આથી માઈનર સ્કેલનું બંધારણ –

ટોન-સેમિટોન-ટોન (વચ્ચે ટોન) સેમિટોન) સેમિટોન-ટોન-ટોન

'સી' એટલે 'સા'ના માઈનર સ્કેલ બનાવીએ. સા
'સા' પછી 'રે' ટોન છે રે
'રે' પછી સેમિટોન ગ છે. ગ
'ગ' પછી ટોન મ છે. મ
વચ્ચે ટોન એટલે મ પછી પ પ
'પ' પછી સેમિટોન ધ છે ધ
'ધ' પછી ટોન 'નિ' છે નિ
'નિ' પછી ટોન 'સાં' છે સાં

આથી સી (સા)નો માઈનર સ્કેલ આ પ્રમાણે બન્યો : સા,

રે ગ (કોમળ) મ પ ધ (કોમળ) નિ (કોમળ) સાં.

ભારતીય શાસ્ત્રીય સંગીતના રાગની દૃષ્ટિએ કહીએ તો આપણો ગ, ધ, નિ ત્રણે કોમળવાળો થાટ તે સી-માઈનર સ્કેલ. આમ માઈનર સ્કેલ - બંધારણ : ટોન-સેમિટોન-ટોન વચ્ચે ટોન સેમિટોન-ટોન-ટોન.

સી-માઈનર ડી થી જી આ પ્રમાણે : સા રે ગ મ પ ધ નિ સાં.

પશ્ચિમી સંગીતમાં મેજર સ્કેલ તો છેલ્લાં બસો-અઢીસો વર્ષથી ચાલ્યો આવે છે, એમાં પરિવર્તન થયું નથી. પરંતુ માઈનર સ્કેલમાં પરિવર્તન આવ્યાં છે. ટોન-સેમિ-ટોન મધ્યમાં ટોન સેમિ-ટોન-ટોન એ બંધારણ પ્રાચીન છે, એને મર્મ-સ્કેલ અથવા તો Modes - મોડ્સ પણ કહેવામાં આવે છે. આ આપણો આશાવરી રાગ છે. હાર્મોનિયમના પહેલા સફેદ પટ્ટીના સ્વરમાં 'ધ઼' હોય છે. તેને 'સા' ગણતાં સફેદ આઠેય પટ્ટી કે ચાવી વગાડતાં/દબાવતાં આ મર્મ-સ્કેલ, મોડ્સ કે પ્રાચીન માઈનર સ્કેલ વાગે છે. અહીં સાત અને આઠ વચ્ચેનું અંતર ટોન છે. જ્યારે બીજા સ્કેલમાં સેમિટોન હતું અને આધુનિક મેળ પ્રમાણે છેલ્લા બે સ્વર વચ્ચેનું અંતર સેમિટોન હોય. 'નિ' પછી 'સાં' તરત જ આવે, વચ્ચે અંતર ઓછું જ છે, જેમ 'ગ' અને 'મ' વચ્ચે છે તેમ. જો તેમ ન કરીએ તો 'નિ' પછી 'રેં' આવે. આથી જૂના મર્મ સ્કેલમાં સાતમા અને આઠમા વચ્ચેનું સ્વરાંતર લઘુ કરીને એમાંથી Harmonic Minor બનાવ્યો. આ માટે કાં તો સાતમા સ્વરને એક સેમિટોન ઊંચો લાવવો પડે. પરંતુ આમ કરવાથી છઠ્ઠા અને સાતમા સ્વર વચ્ચેનું અંતર વધી જાય, ટોનનો તફાવત દોઢ ગણો થઈ જાય. આ રીતે દોઢ ગણો ઊંચો સ્વર ગાવાની મુશ્કેલીને કારણે પ્રાચીન કાળે તે છોડી દેવો પડ્યો હતો. પરંતુ વાદકને તો આ સ્વર વાદ્યની સહાયથી નિષ્પન્ન કરવાનો હોય છે, તેથી તેવો દોઢ ગણો ઊંચો સ્વર લેવામાં મુશ્કેલી ન પડી. આથી હાર્મોનિક સ્કેલ પ્રચારમાં રહ્યો અને આજે પણ તે પ્રચલિત રહ્યો છે. છઠ્ઠા અને સાતમા સ્વર વચ્ચેની દોઢ ટોનની ઊંચાઈ દૂર કરવા માટે Melodic Minor Scale - મેલોડિક માઈનર સ્કેલ બનાવવામાં આવ્યો. મેલડી બનાવવા માટે સ્વર લેવાની જે પદ્ધતિ હતી તેનો આ સ્કેલમાં વિનિયોગ કરવામાં આવ્યો.

મેલોડિક હાર્મની સ્કેલમાં સાતમા અને આઠમા સ્વરમાં, અર્થાત્ 'નિ' અને 'સાં'ની મધ્યમાં આરોહ કરતી વખતે છઠ્ઠા અને સાતમા અર્થાત્ 'ધ' અને 'નિ' ને એક એક સેમિટોન જેટલા ઉપર નિશ્ચિત કરવામાં આવ્યા અને અવરોહમાં તેનાં મૂળ સ્થાન કાયમ રખાયાં. આથી મેલોડિક હાર્મની સ્કેલ જ એવો સ્કેલ છે, જેના આરોહ અને અવરોહના સ્વર જુદા છે.

એ-માઈનર અર્થાત્ 'ધ'નો માઈનર મેલોડિક સ્કેલ જુઓ :

	૧	૨	૩	૪	૫	૬	૭	૮
આરોહ :	ધ	નિ	સાં	રેં	ગં	માં	ધાં	ધં
અવરોહ :	ધ	પ	મ	ગ	રે	સા	નિ઼	ધ઼

અહીં આરોહમાં ૨ (નિ) અને ૩ (સાં) અને ૭ (ધાં) અને ૮ (ધ) વચ્ચે સેમિટોન છે.

અવરોહમાં ૨ (પ) અને ૩ (મ) અને ૫ (૨) અને ૬ (સા) વચ્ચે સેમિટોન છે.

જો 'ધ' ને 'સા' માનીએ તો આ સ્કેલ નીચે પ્રમાણે થશે :

	૧	૨	૩	૪	૫	૬	૭	૮
આરોહ :	સા	રે	ગ	મા	પ	ધ	નિ	સાં
અવરોહ :	સાં	નિ	ધ	પ	મ	ગ	રે	સા

અહીં જોઈ શકાંય છે કે માઈનર મેલોડિક સ્કેલનો અવરોહ પ્રાચીન માઈનર સ્કેલ જેવો છે.

અને (ધ) માઈનર સ્કેલ પ્રાચીન કાલના સપ્તકમાં જેને શુદ્ધ સ્વરો માનવામાં આવ્યા છે, તે છે. એમાં પ્રાચીન સપ્તકની દૃષ્ટિએ કોમળ નથી. હાર્મોનિક અને મેલોડિક સ્કેલ પ્રાચીન શુદ્ધ સપ્તકને આધારે જ બનેલા છે તેથી હાર્મોનિક સ્કેલના ૭મા (નિ) સ્વર પર અને મેલોડિક સ્કેલના ૬ (ધ) અને ૭ (નિ) સ્વર પર આરોહમાં તેને શુદ્ધ સ્વર (શાર્પ) બતાવાય છે તેને Accidentally Sharpened - આકસ્મિક રીતે શુદ્ધ કરેલા કહેવાય છે. આવા સ્વરોને માટે Key signature દર્શાવવામાં આવતી નથી.

એ(ધ) માઈનર સ્કેલ અને સી(સા) મેજર સ્કેલની રચના જ એવી રીતે કરવામાં આવી છે કે કી-સિગ્નેચરમાં શુદ્ધ કે કોમળ સ્વરની કોઈ નિશાની કરવી ન પડે. આથી એ (ધ) માઈનર અને સી(સા) મેજર સ્કેલને Relative Minor of C Major તથા Relative Minor of A Major કહે છે.

'સી'(સા) મેજરનો છઠ્ઠો સ્વર (ધ) એ માઈનરનો Key Note અર્થાત્ પ્રારંભિક સ્વર છે. આ રીતે કોઈ પણ મેજર સ્કેલનો છઠ્ઠો સ્વર રિલેટિવ માઈનરનો પ્રારંભિક Key Note સ્વર બને છે. એ જ રીતે કોઈ પણ રિલેટિવ - માઈનરનો ત્રીજો સ્વર એના રિલેટિવ - મેજરનો પ્રારંભિક સ્વર Key Note બને છે. આથી બધા જ મેજર અને માઈનર સ્કેલની Key signature સરખી જ રહે છે. રિલેટિવ મેજર અથવા માઈનર સ્કેલનો અર્થ બન્ને વચ્ચેની સંબંધની સાપેક્ષતા દર્શાવે છે.

સી(સા) શાર્પ(શુદ્ધ) મેજર સ્કેલમાં ૭ સ્વરો શુદ્ધ રહે છે. તેથી સી(સા) શાર્પ(શુદ્ધ) માઈનરમાં સાતના બદલે ૭-૩=૪ સ્વર શુદ્ધ રહે છે. એ રીતે ઈ(ગ) ફ્લેટ (કોમળ) મેજરમાં ૩ શુદ્ધ તો ઈ(ગ) ફ્લેટ (કોમળ) માઈનરમાં ૩+૩=૬ કોમળ.

(અનુસંધાન પૃ. ૨૮૬ ઉપર)

મીઠા વગરનો રોટલો

— ભગીરથ બ્રહ્મભટ્ટ —

આકાશમાં વાદળાં ઘેરાયેલાં હોય ત્યારે ઊજમબાને કમર દુઃખે જ. આજનો દિવસ ઊજમબાને કેડે હાથ રાખવાનો હતો. એ પરણીને આ ઘરમાં આવ્યાં ત્યારથી આ દુઃખ તેમને વળગેલું. ઘણીય દવાઓ ખાધી પણ ફેર ના પડ્યો. એમના પતિ નાનજીને રોટલો ઘડી આપી ખેતરે વિદાય કર્યા પછી એ ખાટલો ઢાળી પડ્યાં રહ્યાં. પડ્યાં પડ્યાં પોતાના જીવતરનો બળાપો કરવા માંડ્યાં : 'બળી આ જન્દગી, છતે ધણિએ રંડાપો. વાંઝિયાપણું તો ભગવાન દુશ્મનને ના આલજે... કોઈ શુકન લ્યે નહીં... બળ્યો આ અવતાર!'

એટલામાં 'ઊજમબા ઊજમબા' કરતો એક છોકરો આવ્યો.

'શું છે, પેમલા?' ઊજમબાએ પૂછ્યું.

'આ જુઓ, તમારા ભઈનો દીકરો પરણે છે.'

'હેં!' કરતાં એ ખાટલામાંથી બેઠાં થઈ ગયાં.

'જુઓ, અમારા ઘેર કંકોતરી આઈ છે. મારા મોટાભાઈ કાલે જવાના છે.' પ્રેમલે નિર્દોષતાથી કહ્યું.

ઊજમબાને થયું કે પાડોશીના ઘેર કંકોતરી અને મને ભૂલી જ્યા? 'લાય જોઉં' કહીને એમણે પ્રેમલના હાથમાંથી કંકોતરી લઈ લીધી. પછી જાણે ભણેલાં હોય એમ એના અક્ષરો ઉપર નજર ફેરવવા માંડ્યાં. પણ... એ ક્યાં ભણેલાં હતાં?

'આરનાં લગન છે, ભૈ? ચિયા ગોંમ ?' વગેરે વિશે ઊજમબાને જાણવું હતું, પણ પ્રેમલો તો કંકોતરી મેલીને રમવા જતો રહ્યો. ઊજમબા ઇસને ટેકે ઊભાં થયાં, બહાર આવ્યાં, બે-ત્રણ બૂમો પાડી : 'પેમલા... અલ્યા પેમલા !!' પણ પેમલો એટલામાં હોય તો સાંભળેને ?

પ્રેમલ, પાડોશી રમાવહુનો નાનો દીકરો, મોટે ભાગે ઊજમબાને ઘેર જ રમતો હોય, ખાતો હોય, પીતો હોય. ઊજમબા એને દીકરાની જેમ રાખતાં. ઊજમબા તો હાથમાં એ કંકોતરી લઈને, ટેકે ટેકે આવ્યાં પ્રેમલાની બા પાસે.

'ઓં જ્યાં રમાવહુ ? ઓં જ્યો પ્રેમલો ?'

'ઇને તમારા ઘેર મોકલ્યોતોને કંકોતરી લઈને !'

'એ તો મારો વાલો કંકોતરી આલીને જતો ર્યો રમ્બા - મારો વાલો, મારા ભત્રીજા જેવો જ રમતિયાળ !! બુન કૌ સું, લે જો જો આરનાં લગન સે?' ઊજમબાએ જિજ્ઞાસાથી પૂછ્યું.

રમાવહુએ પ્રેમલાનું પહેરણ સાંધતાં સાંધતાં કંકોતરીમાં જોઈને કહ્યું : 'અગિયારમી તારીખનાં.'

'એ ચાણે આવે?' ઊજમબાએ પૂછ્યું.

'આજ દસમી થઈ, કાલે.' રમાવહુ બોલ્યાં.

'તે ઊજમબા, તમારે કંકોતરી ચ્યમ ના આઈ?' ઝીણી આંખે રમાવહુએ પૂછ્યું.

'શી ખબર ભૈ? ઓંક ટપાલમાં અટવાઈ ના જૈ હોય!' એમ કહેવા ખાતર તો કહી દીધું, પણ ઊજમબાથી ના રહેવાયું, બેસી પડ્યાં. એમની આંખો ભીની થઈ.

'ઊજમબા, ભત્રીજાના લગનમાં હરખવાનું હોય કે રોવાનું?'

'રમા વૌ ! હાચ્ચું કૌ ! આ કળજગમાં જે છોરીનો બાપ મરી જાય એટલે એનો બધો વટ ને વેવાર પૂરો. ભૈ હારો હોય તો લોકલાજે બોલાવે. પણ ભૈના જ્યા ચેડી મન વારી લેવાનું, મૈયરનો મોહ મેલી દેવાનો. આશા જ નૈ રાખવાની. મારા ભૈના મરી જ્યા કેડે કાગરપત્તર કશુંય નૈ... ભગલાની હગઈ થૈ, આરે થૈ કંઈ કેતાં કંઈ નૈ... દિવાળીમાંય જો કંકુતરી...!! છેડો જ ફાટી જ્યો.'

'તે તમારે કંઈ વાંકું પડેલું?' રમાવહુએ પૂછ્યું.

'વાંકામાં તો શું ધૂળ ને ઢેફાં! આ તારા કાકાનો સભાવ બર્યો બહુ આકરો. કોક દાડો બે વેંણ કીધાં હશે. ઇનાથી ઓંમ છેડો જ ફાડી નોંખવાનો ?'

'અલી બુન, જો તો ખરી ચિયા ગોંમ જોન જવાની છે?'

'મહેસાણા' રમાવહુએ કહ્યું.

'કૂના ત્યાં ?'

'અમરતલાલ છોટાભાઈને ત્યાં... દીકરીનું નામ છે હંસા.'

'અમરતની છોરી? છોટા અમથાનો અમરત? ઇના ઘેર જવાય? મારો ભૈ હોત તો ના કરવા દેત? મને તો કૂણ પૂછ છ? ભૂત ભૈ! છોટા અમથાનું ઘર તો નેંચા ગોળનું કે'વાય બુન ! પણ મૂઆ... બે માસ્તર ભેગા થ્યા એટલે મેળ પાડ્યો હશે.

રમાવૌ. મારો ભૈ જીવતો હોત ને તો આ ન બનત. નેવનાં પોંણી મોભે ચઢાવોય ? આ તો કળજગ આયો ભા.

મારો ભૈ બેચર બહુ હારો. વેવાર - તેવારની ખબર પડે. વરહમાં એકબે વાર મારી ખબરઅંતર લઈ જાય. બુન બુન કરતાં ઇની જીભ હુકાય. મને હેંમત આલે. કશુંય કોમ મને પૂછ્યા વના ના કરે. ને આજની પરજા...

મારો ભૈ બેચર જીવતો હોત તો... પણ બળ્યું એના ગયા ચેડી બધું અંધારું ધફફ.'

બહાર વાદળાંને કારણે અંધારું દેખાતું હતું. પહેરણ સાંધવાનું અધૂરું મેલી રમાવહુ ચા કરવા ઊઠી.

'તે તમારાં ભાભી છોકરાંને કશું ના કહે ?' ચાનો કપ આપતાં વળી પાછું રમાવહુએ પૂછ્યું.

'બુન મેલ્ય ને વાત, ભૈ જ્યા ચેડે વળી ભોજઈ તો હગી

થતી હશે? એ તો ભૈ હતા ત્યારેય ચેણબેણ ચેણબેણ કરતી'તી. એ તો ભૈની બીકે દબઈ-ચંપઈ ના મનનુંય કરતી. પણ હવે તો એને રાજપાટ મળી જ્યું !! હવે તો કેનાર કુણ રયું ? મું કોણ તું કોણ નો વેવાર !! ગોળમાંથી ગળપણ અને હગામાંથી હવાદ જ્યો !

હાચેહાચ કૌ રમાવૌ, આ પૈણવા જનારો ભગલો જ બહુ જબરો. ઝેંણો હતો ત્યારે આંય લાયેલી. એક દાડો તારો કાકો બાઝ્યા - મને કહે : 'મોંથું ફોડી નાખોને !' અતો વેંત જેવડો ને ચેવું બોલતો તો ? મૂઓ રમત્યારો બૌ. પણ જબરોય એટલો. જુઓને ફૈની હગી હગઈ વાઢી નોંસી ! બે ચોપરી ભણ્યો ઇંમાં આ સીસ્યો?'

'પણ એ તો માસ્તર છે ને!' રમાવહુએ પૂછ્યું.

'તે હુ થૈં જ્યું? માસ્તર થ્યા એટલે વેવાર મેલી દેવાનો ?' એ ઝેંણો હતો ત્યારે મને ઘણી વાર કેતો : 'ફૈ, તમે તમારે ઘેર રહો, આંય શું દાટ્યું છે ?' ત્યારે તો હું અહવામાં કાઢતી.

અને વધારામાં તારો કાકો આગનો ભડકો. એક દાડો ઇંની ધૂળ કાઢી નોંખેલી. એ દાડાનો લમણો જ વારતો નથ્થ. બળ્યું મારું નસિબ !! જેવો રણાનુબંધ, બીજું હું? આ તારા કાકાને ખબર પડશે એટલે પોટલો ભરીને ગાળો મનેય ભાંડશે અને એ ભૈ-ભત્રીજાનેય.'

'તમે વાત જ ના કરશોને !' રમવહુએ ફોડ પાડ્યો.

ઊજમબા ઊઠ્યાં. બપોરના ચારેક થયા હશે. પણ સાંજ જેવું લાગતું હતું. ઘેર જઈ વળી પાછાં એ ખાટલામાં પડ્યાં. સાંજે નાનજીકાકા આવ્યા ત્યારે 'કેડ્યો દુઃખે છે' - કહી પડ્યાં રહ્યાં. સવારનો રોટલો ખઈ નાનજીકાકા સૂઈ ગયા ને ઊજમબા પિયરના વિચારોમાં જાગતાં રહ્યાં. 'બધાં કટમીને બોલાયાં હશે ? ચેટલું દહેજ લેવાનું હશે ? દાગીનામાં હું હું હશે ? બળ્યું, ઇંને તો ઇંના મુઢા જેવું કર્યું. પણ મારે તો હાથગૈણું મોકલવું પડે કે નૈ ?'

બીજે દિવસે સવારે ઊજમબા ઊઠ્યાં. અને દાતણ કરી નાનજીકાકાને ચાનો કપ આપતાં ગાવા માંડ્યાં:

'શકન જોઈને હંચરજો રે'

'ચમ આજ કોય રુમલાણો સો !'

ઊજમબાએ કશો જવાબ ના આપ્યો. નાનજીકાકાએ કહ્યું : 'કાભઈના કૂવા ઉપર મશિનની સાપ્ટીન તૂટી ગૈ છ એ લઈને મારે અંદાદ જવાનું છે. હાંજે આયે.'

નાનજીકાકા જેવા ઘરની બહાર નીકળ્યા, એવાં એ ઓરડામાં ગ્યાં. 'પટારો ખોલ્યો. સાડીઓ ઉઘાડી ઉઘાડીને જોવા માંડ્યાં... 'આ મારા ભૈએ લીધેલી. આ મારા બાપા જીવતા હતા ત્યારની... આ લાલ ભરતવાળી દહેજની... છેલ્લી ફરા ભૈ લાયો' તો એ જ હાલ્લો મને તો બૌ ગમે. એ પહેરીને આજે જૌ ભત્રીજાના લગનમાં. પેમલાના મોટાભાઈ ભરતના હંગાથી. પછી થયું 'ના... ના... કંકોતરી જ નથી પછી હું જવાનું ?' એમ ને એમ બપોર થયા. ન ખાધું ન પીધું. ન કશું ચેન પડે. ભૈએ આપેલા સાલ્લાનું પોત જોતાં હતાં. પોત જોતાંજોતાં છેડો ફાટ્યો. ઊભાં થયાં. સોય-દોરાનો ડબ્બો લાવ્યાં. દોરો ગૂંચાઈ ગયેલો. પટારો વાસી, સાલ્લો ને સોયદોરો લઈ સીધાં પહોંચ્યાં રમાવહુ પાસે.

'લે ન બુન, આટલો હાલ્લો હોંધી આલ !'

રમાવહુએ સાલ્લો સાંધવા માંડ્યો એટલામાં ઊજમબાએ વળી પૂછ્યું, 'જ્યો ભરત્યો ?' 'એ તો સીધો જૉનમાં મેહોણા જ્યો ન ?'

રમાવહુએ 'હા' કહ્યું.

'બુન' કંકુતરીમાં ચિયા ચિયા કટમીનાં નૉમ લસ્યાં તાં?'

કંકોતરી જોઈને રમાવહુએ કહ્યું, 'ડાહ્યાજી દામોદરજી, મગનજી ઘેલાજી અને ચંદુજી છોટાજી.'

આ નામો સાંભળીને ઊજમબાને આનંદ થયો. કટમીને તો બરાબર હાચવ્યા પણ. પછી મગન ઘેલાનું નામ સાંભળી એમને થયું - કેટકેટલું સાથે રમેલાં ? એ ભોળિયો છોકરો ગણાતો પણ ચંદુ છોટા તો કાટમાંનો કાટ. ઇંનુ નોંમ જ ચંદુકાટ છપઈ ગયેલું. પણ ઇંમને તો ક્યાંય એનામાં કાટ દેખાયો જ નથી. ઊલટું એના નૉમમાંથી તો એમને ઉજાસ દેખાતો'તો.

'અતારે તો જૉન પોંચી ગઈ હશે નૈ !' ઊજમબાએ પૂછ્યું.

'વરઘોડિયાં પૈણી ગ્યાં હસે અને જાન જમતી હશે.' રમાવહુએ કહ્યું.

વળી પાછાં ઊજમબા બોલ્યાં : 'શો કળજગ આયો સ ? મને ભૂલી જ્યા? ભૈબંધ દોસ્તાર કરતાંય ફૈ જ્યાં? ફૈ ભારે પડ્યાં !!! ભૈ તારું હો ભવ હારું થજો.' કહેતાં રડવા માંડ્યાં. ચોધાર રડવા માંડ્યાં.

રમાવહુએ બદલાતા જતા સમય વિશે વાત કરતાં કહ્યું : 'એવું તો હોય ? ઇંમ તો એ મારો ભૈ પ્રેમલગ્ન કરી આવ્યો. તે હું થઈ જ્યું ? મારા બાપા ના પાડતા'તા, હવે તો એય બોલાવે છે.'

રમાવહુએ ડોસીને સમજાવ્યાં. ચાપાણી કરાવ્યાં. એટલામાં તો સાંજ થવા આવી ગઈ.

ઘેર જતાં જતાં ઊજમબાને ચંદુકાટ યાદ આવ્યો... એ ખેતરમાં ચાર લેવા જતાં ત્યારે પાછળ પાછળ આવતો, ચાર લેવડાવતો. મોટો પોટલો કરી એ ઘેર આવતાં. એ મૂઓ બધાને રોવડાવે-બીવડાવે, મારું કહેવું માને. એક વાર નિશાળમાં હું લેસન નોતી લઈ ગઈ. બળ્યું એકડામાં કશું આવડે નૈ. ચૌદ દાડા નિશાળ ગઈ'તી. બારમે દાડે રોતી'તી. લેસન નૈ કરેલું. ચંદુએ

ઇની સલેટ મારા દફતરમાં મેલી દીધી હતી. હું બચી ગઈ હતી પણ ઇને માર પડ્યો હતો. પછી બે દાડા નિશાળ ગૈ અને ઊઠી ગઈ. ચંદુનેં આખું ગામ કાટ કેતું પણ મને એનામાં ક્યાંય કાટ દેખાયો જ નથી. હું ના ભણી, એ ભણ્યો. નેહારમાંથી મને ભેગો થવા સેતરમાં આવતો. બૌ વાતો કરતો. એક વાર મારા ભાએ મને ઝાલેલી : 'આ ચંદુકાટ નફફટ જોડે ચ્યમ વાતો !!' અને હું કશું નૈ બોલેલી. મને જોડે જોડે ટીપી નાખેલી. ચામડુંય ઉતારી નાખેલું. આખા ગોમમાં હોબારો થઈ ગ્યો'તો. ચંદુ ગામ મેલીને મામાને ત્યાં નાહી ગ્યો'તો. ઈનેય બચારાને...!! બળ્યું આ બધું મું ચ્યોં અતારે હંભારું છું !! એટલામાં.

'આ ઘર ઉઘાડુફક્ક મેલીને ચ્યોં જૈંતી' ભૂખ્યા નાનજીકાકા તાડૂક્યા.

'એ તો આ રમાવહુ જોડે હાલ્લો હંધાબ્બા.' ઊજમબાએ બીતાં બીતાં કહ્યું.

'બળ્યો ફાટી જ્યો, પેંરવો મટ્યો. ઘરમાં કૂતરું-બૂતરું પેહી જાય તો ?'

ઘરમાં જઈ દાળચોખા કાઢવા જતાં ઊજમબાથી પવાલી પછડાઈ. બહાર ખાટલામાં બેઠા બેઠા ડોસાએ બૂમ પાડી : 'પાછું હું પાડ્યું ? ચ્યમ આજ ઠેકાણે નહિ કે શું ?'

ઊજમબાએ ઝટ ઝટ ચોખા-દાળ ભેગાં કરવા માંડ્યાં. ડોસા ઊભા થઈ અંદર આવે ને જોઈ જાય તો ? ઊજમબાએ ફક કરતી ફૂંક મારી દીવો ઓલવી નાખ્યો. અંધારે જ ચોખાદાળ ભેગાં કર્યાં.

'ચ્યમ પાછું અંધારધબ્બ થૈ જ્યું ?' ડોસાએ પૂછ્યું.

'એ તો આ હાવૈણીની ઝાપટ અડી એટલે... લ્યો દીવો કરું છું.' પોતાનો બચાવ કરતાં ઊજમબા બોલ્યાં.

ખીચડી ખાતાં ખાતાં નાનજીકાકાએ 'હવારનો ભૂસ્યો છું ને આ ખીચડીમાં તો કરકર આવે છે !'

'તમારે બધું આવશે !'

'તું ખૈ જો. ભાળતી ના હોય તો કોકની પાહે વેંણાવતી હોય તો ?' ડોસાએ ભારે અવાજે કહ્યું.

નાનજીકાકા કોળિયો ખાઈને ઊભા થઈ ગયા. ઊજમબાએ કોળિયો મોંઢામાં મેલ્યો. એમને પણ એવો જ અનુભવ થયો. એટલે નાનજીકાકાને કહેવા લાગ્યાં : 'હું તમને રોટલો હાલ ઘડી આલું છું.'

'નહિ ખાવો' - ડોસાએ મિજાજભેર કહ્યું.

'હમણાં અબ્બીમાં થૈ જશે.' કહીને ઊજમબાએ ચૂલે તાવડી મેલી. તાવડીમાં રોટલો નાખ્યો. ચૂલો સળગાવ્યો. સળગતું સળગતું લાકડું બહાર આવ્યું.

'આ તારી તાવડીને તાપ તો અડતો નથી.' ડોસાએ ધ્યાન દોર્યું. ઊજમબા તો પિયરમાં પહોંચી ગયેલાં જાણે...!! 'ભત્રીજો પરણી ઊતર્યો હશે. ભોજાઈ પોંખતી હશે. કટમી ગોણાં ગાતાં હશે. હોટીએ રમ્બા જ્યોં હશે...'

ઊજમબાએ રોટલો ઘડી નાનજીકાકાને ખાવા આપ્યો અને એ જોતાં રહ્યાં. હજુય એમને થતું હતું કે મારો ભૈ જીવતો હોત તો હું અત્યારે લાપસી ચોળતી ના હોત !!

'વળી આ રોટલામાં મેંઠુય ભૂલી જૈ?' નાનજીકાકાએ કહ્યું.

'ના હોય ! તમને તો બધામાં ખોડ્યો કાઢતાં જ...'

'તું ચાખી જો !' નાનજીકાકો કરાંજીને બોલ્યા.

નહોતો ખાવો તોય એ રોટલાનો ટુકડો કરી મોંઢામાં જેવો ઊજમબાએ મેલ્યો કે તરત એમનાથી બોલાઈ ગયું : 'હાવ હાચી વાત છે, રોટલામાં મેંઠું જ નથી.' □

લઘુકથા

મને ના ઓળખ્યો ?

પ્રકાશ બી. દવે

રસ્તા પર જોતજોતામાં લોકોનું મોટું ટોળું એકઠું થઈ ગયું. વાહનવ્યવહાર પણ અટકી પડ્યો.

અવરજવરથી ભરચક રહેતા એ રોડ પર એક પાગલ જેવો લાગતો માણસ હાથમાં મોટો પથ્થર લઈને ઊભો હતો. થોડી થોડી વારે કોઈકની સામે પથ્થર ઉગામી મારવાની ધમકી આપતો હતો. તેનાં ફાટેલાંતૂટેલાં કપડાં, અસ્તવ્યસ્ત વાળ, મેલુંદાટ શરીર, લાંબાં દાઢી-મૂછ, વિકરાળ ચહેરો અને ભયંકર દેખાતી આંખોથી લોકોમાં એ ગભરાટનું કારણ બન્યો હતો.

હમણાં તેના હાથમાંથી પથ્થર છૂટશે અને કોઈકનું માથું ફૂટી જશે-ની બીકમાં થરથરતું ટોળું પાગલને કેમ કરી રોકવો એની વિમાસણમાં ઊભું હતું. પાગલને હાથોહાથ પકડવા જવામાં પૂરું જોખમ હતું. પોલીસના માણસો પણ જુદી જુદી યુક્તિ કરતા હતા, પણ સફળતા મળતી નહોતી.

ટોળામાંથી એક જણે પાગલને ઉદ્દેશીને હાથમાંનો પથ્થર ફેંકી દેવા કહ્યું, જેના જવાબમાં પાગલે એ માણસ તરફ જોશથી ચીસ નાખી પથ્થરવાળો હાથ ફંગોળ્યો. ગભરાટથી પેલી વ્યક્તિ હાથ વડે માથું પકડી ઊંધી ફરી ગઈ. સદ્ભાગ્યે પાગલે હાથમાંથી પથ્થર છોડ્યો નહોતો.

એવામાં એક હિંમતવાળા પોલીસે સમયસૂચકતા વાપરીને પાછળથી દોડીને પાગલને પકડી લીધો. થોડી ઝપાઝપી પછી પાગળ ધીમેથી બોલ્યો :

'મને ન ઓળખ્યો સાહેબ ? બહુરૂપી છું.' □

બોધગયા



બૌદ્ધોનાં અત્યંત પવિત્ર તીર્થક્ષેત્રો પૈકીનું એક સ્થાન તે બોધગયા. ગયાની દક્ષિણે ૬/૭ માઈલ દૂર નિરંજના (નીલાંજના) નદીના કાંઠા પર તે વસેલું છે. બુદ્ધચરિત્રમાં કહ્યું છે કે અહીં કુમાર સિદ્ધાર્થે ૬ વર્ષ સુધી તપશ્ચર્યા કર્યા પછી તેને દિવ્યજ્ઞાન લાધ્યું હતું.

આ સ્થાન પૂર્વે ઉસબિલ્વ વન કહેવાતું. કારણ કે ત્યાં બિલ્વ વૃક્ષોનું વન હતું. નિરંજના નદીના તટ પર રેતી (વેળુ) હતી તેથી ઉસ = વેળુ અને વેલા = તટ, અને આમ આ સ્થાનને ઉરુવેલા કહેતા.

છ વર્ષ ઉપાસના - તપ અને કષ્ટપ્રદ તપ - કરવાથી સિદ્ધાર્થનો દેહ અસ્થિપિંજર થઈ ગયો; પણ તે છતાં તેમને દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થયું નહીં. પછી તેમણે સુજાતા નામક સ્ત્રીએ અર્પણ કરેલ પાયસ લઈને ઉપવાસ છોડ્યા. તે પછી તેઓ નિરંજના નદીના તટ પર એક અશ્વત્થ વૃક્ષ તળે આસનસ્થ થયા. સોત્થિવ નામના એક માણસે એમને થોડુંશું ઘાસ આપ્યું હતું તેનું તેમણે આસન બનાવ્યું. પછી તેઓ ધ્યાનસ્થ થયા. એવામાં ધરતીકંપ થઈ એક પથ્થર ઉપર આવ્યો. પછી ગૌતમ જ્ઞાનપ્રાપ્તિ થઈ ત્યાં સુધી તે પથ્થર પર એક વૃક્ષ નીચે બેઠા રહ્યા. આ પરથી આ પથ્થરને બોધિપર્યંક તથા આ વૃક્ષને બોધિવૃક્ષ એવું નામ મળ્યું અને તે સ્થાન મહાબોધિમંડપ કહેવાયું. તે સ્થાન સર્વાંશ મનાય છે. આજ સુધી જેટલા બુદ્ધ ઉત્પન્ન થયા તે બધાએ આ જગ્યાએ બેસીને સંબોધિ પ્રાપ્ત કરી અને ભવિષ્યમાં પણ જે બુદ્ધ જન્મશે તેમને પણ આ જગ્યાએ જ જ્ઞાન પ્રાપ્ત થશે એવું બૌદ્ધ ગ્રંથોમાં કહ્યું છે. આ આસન અત્યંત સ્થિર અને અવિનાશી હોઈ એને વજ્રાસન પણ કહે છે. જ્ઞાનપ્રાપ્તિ પછી ગૌતમ બુદ્ધે ઉસ-બિલ્વનમાં જ સાત સપ્તાહ વ્યતિત કર્યા.

બોધગયામાં ભવ્ય શિખરયુક્ત મંદિર છે તે મહાબોધિ નામે વિશ્વવિખ્યાત છે. ઈ.સ.ના સાતમા શતકમાં ચીની પ્રવાસી યુહાન ચ્યાંગ ભારત આવેલો. તેના પ્રવાસવર્ણનમાં આ મંદિર વિષે પુષ્કળ વિશ્વસનીય માહિતી મળે છે. તેણે આ મંદિરને મહાબોધિ વિહાર કહ્યો છે. સમ્રાટ અશોકે અહીં સ્મારક શિલ્પ નિર્માણ કર્યું છે એવું તેણે કહ્યું છે. તેના અવશેષો મૂળમાં જ મળતા નથી. કેટલાક પંડિતોના મતે, ભારહૂતમાં એકાદ શિલ્પમાં મહાબોધિ સ્મારકનું જે ચિત્ર કોરેલું જોવા મળે છે તે અશોકે નિર્માણ કરેલા શિલ્પનું જ છે.

યુહાન ચ્યાંગે મહાબોધિ મંદિરનું જે વર્ણન કર્યું છે તે આ મંદિરને જ મળતું લાગે છે. એક શિવભક્ત બ્રાહ્મણે આ મહાબોધિ વિહાર બાંધ્યો એવું તેણે લખ્યું છે. ફાહિન ઈ.સ. ૪૦૦ના સુમારે ભારતમાં આવ્યો હતો. તેણે આ વિહારનું વર્ણન કર્યું છે, પણ આ મંદિરનું વર્ણન કર્યું નથી. આથી આ મંદિર ગુપ્તકાળમાં ઈ.સ.ના પાંચમા શતકમાં નિર્માયું હશે એવું અનુમાન થઈ શકે છે. તેની ઊંચાઈ સુમારે ૧૭૦ ફૂટ છે. તે બે મજલાનું છે. પહેલો માળ ચોરસ હોઈ ઉપરનું વિમાન નષ્ટ થતું ગયેલું છે. (શુણ્ડાકૃતિ) તેની મધ્યમાં એક આમલકાકાર શિખર હોઈ ત્યાં એક સ્તૂપ છે. વિમાનની ચારે બાજુ પર અસંખ્ય ગોખમાં અનેક મૂર્તિ બેસાડેલી દેખાય છે. ગર્ભગૃહની ચારે બાજુ પર વિમાનની પ્રતિકૃતિ સમાંનનાં મંદિરો બાંધેલાં છે. તેથી વિમાનની શોભા અત્યંત વધી ગએલી છે. આ મંદિર સામે અશ્વત્થ (પીપળ) રૂપે એક સુંદર વૃક્ષરાશિ નિર્માણ થયેલી છે અને તે વૃક્ષસમૂહ નાનામોટા અનેક સ્તૂપો છે. આ પ્રાંગણની પૂર્વે એક ભવ્ય પથ્થરનું તોરણદ્વાર છે. તેના પર હરણ, મૃગ, સિંહ ઇત્યાદિ આકૃતિ કરેલી છે.

મંદિરમાં ગભારામાં પશ્ચિમ બાજુએ એક ચબૂતરા-ઓટલા પર બુદ્ધની ભવ્ય મૂર્તિ ભૂમિસ્પર્શમુદ્રામાં બેસેલી છે. આ મૂર્તિને સોનેરી મુલામા દીધેલ છે. આની અતિરિક્ત અહીં માયાદેવીની એક મૂર્તિ અને ચારપાંચ બોધિસત્ત્વની મૂર્તિઓ છે.

બોધિવૃક્ષ : મહાબોધિ મંદિરની પશ્ચિમે એક બોધિવૃક્ષ

(પીપળ) છે. આ વૃક્ષની પાસે જ જે સ્થાને સિદ્ધાર્થને જ્ઞાન પ્રાપ્ત થએલું તે જગ્યાએ વજ્રાસનનું પ્રતીક એટલે કે એક વિસ્તીર્ણ લાલ શિલાખંડ એક ચબૂતરા પર બેસાડેલો છે. અશોક બુદ્ધનો અનુયાયી થયો અને નિત્યનિયમથી બોધિવૃક્ષનું દર્શન કરવા લાગ્યો, તેથી તેની રાણી તિષ્યરક્ષિતા એને મત્સરરક્ષક થવાથી તે વૃક્ષ જડમૂળથી ઊખડી ગયું. પણ અશોકે તે પુનઃ ઉગાડ્યું. અશોકની કન્યા સંઘમિત્રા તેની એક શાખા લંકા લઈ ગઈ અને વિધિસરનું તેનું આરોપણ કર્યું. ઈ.સ. ૬૦૦ આશરે ગૌડાધિપતિ શશાંકે પુનઃ બોધિવૃક્ષનું મૂલોચ્છેદન કર્યું, પણ મગધરાજ પૂર્ણવર્માએ એ વૃક્ષનાં કેટલાક મૂળિયાં બચેલાં તે ફરી ત્યાં રોપ્યાં. આવું યુહાન ચ્યાંગના પ્રવાસવર્ણનમાં કહ્યું છે. તે પછી આ વૃક્ષ અનેક વેળા પડી ગયું ને ફરી રોપવામાં આવ્યું એમ કહેવાય છે.

બૌદ્ધ લોકો આ વૃક્ષને અતિશય પવિત્ર માની તેની પૂજા કરે છે. ભરહૂત અને બોધગયામાં શિલ્પોમાં નાગરાજ અને ગજરાજને બોધિવૃક્ષની પૂજા કરતાં દર્શાવેલાં છે. તે પરથી આ પૂજા-પરંપરા પ્રાચીન કાળથી ચાલી આવેલી છે એવું લાગે છે.

બૌદ્ધો પ્રમાણે હિંદુઓ પણ બોધિવૃક્ષને પવિત્ર માની તેને વંદન કરે છે. ગયામાહાત્મ્ય, અગ્નિપુરાણ, વાયુપુરાણ ઇત્યાદિ ગ્રંથોમાં બુદ્ધગયા અને બોધિવૃક્ષોનો પુષ્કળ મહિમા ગાએલો છે. આ વૃક્ષની પશ્ચિમે જેના પર બે બુદ્ધપદચિહ્નો અંકિત છે એવી શિલા પડેલી છે.

મહાબોધિ મંદિરની સામે એક ઊંચી પથ્થરની ભીંત છે, પણ તે હાલમાં ઢળી પડેલી છે. મંદિરના પ્રાંગણમાં અસંખ્ય ભગ્નાવશેષ વિખરાયેલા મળી આવે છે. તેમાં પથ્થરના કઠેડા અને સ્તંભ વિશેષ ઉલ્લેખનીય છે. ત્યાં એક શિલાલેખ પરથી જણાય છે કે આ કઠેડાનો કેટલોક ભાગ શુંગકાલમાં બનેલો અને કેટલોક ભાગ ગુપ્તકાલીન છે. આ કઠેડાના સ્તંભ પર જાતકકથા અને બુદ્ધજીવનના કેટલાક પ્રસંગોનાં સુરેખ શિલ્પો છે. એ જ રીતે વિવિધ પશુપક્ષી, ફૂલો ઇત્યાદિની આકૃતિનું સુંદર નકશીકામ કરેલું છે. આ સર્વ શિલ્પકામમાં કમળને વિશેષ સ્થાન મળેલું દેખાય છે.

આ મંદિરમાં અનેક નાનાંમોટાં મંદિરો, સ્તૂપ અને સ્મૃતિસ્તંભના અવશેષો પણ મળે છે. તેના પર અગણિત બુદ્ધમૂર્તિ કોરેલી હોઈ અત્યંત કલાત્મક લાગે છે. મંદિરની દક્ષિણે એક વિશાળ તળાવ પણ છે તેને બુદ્ધકુંડ કહે છે.

પ્રાગ્બોધિઃ બોધગયાની ઉત્તરે ત્રણ માઈલ પર ફલ્ગુ નદીના પૂર્વકાંઠે ડુંગરમાં એક ગુફા છે. તે ગુફામાં રહી શાક્યમુનિએ છ વર્ષ કઠોર તપ કર્યું હતું, એથી તેને પ્રાગ્બોધિ ગુફા કહે છે. યુહાન ચ્યાંગના પ્રવાસવર્ણનમાં આ જ નામથી તે સ્થાનનો ઉલ્લેખ છે. સ્થાનિક લોક માત્ર એ ગુફાને ડુંગરની દેવીની ગુફા કહે છે.

મહાબોધિ મંદિરનો જીર્ણોદ્ધારઃ બંગાળના પાલવંશના રાજવહીવટ દરમિયાન બોધગયામાં પુષ્કળ બૌદ્ધો યાત્રા અર્થે આવતા હોઈ મંદિરની વ્યવસ્થા સારી હતી. ઈ.સ.ના ૧૧-૧૨ શતકમાં બ્રહ્મદેશના રાજાએ પોતાનો દૂત મોકલી મંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલો. ઈ.સ.ના ૧૨મા શતકની આખરમાં કનોજના રાજા જયચંદે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલો, એવો એક શિલાલેખ મળ્યો છે. ઈ.સ.ના ૧૪મા શતકના આખરમાં બ્રહ્મદેશ અને લંકાના રાજાએ બૌદ્ધ લોકોને માટે સારી સગવડો કરી હતી. મુસલમાનોની સત્તા આવી તે પછી આ મંદિર તરફ દુર્લક્ષ રખાયું હતું.

ઈ.સ. ૧૫૧૭ સુમારે ગોંસાઈ ઘમંડીગિરિએ આ મહાબોધિ મંદિરથી એક કોસ દૂર પોતાનો અખાડો શરૂ કર્યો. તેણે ત્યાં એક શૈવ મઠ પણ સ્થાપેલો. ત્યારે અહીં સર્વત્ર જંગલ હતું અને બૌદ્ધ લોકોની વસ્તી તો હતી જ નહીં. ક્વચિત્ કોઈ બૌદ્ધ યાત્રિક બુદ્ધના દર્શનાર્થે અહીં આવતો.


ઈ.સ ૧૭૨૭ની સાલમાં શૈવ મઠના મહંત લાલગિરિએ મોગલ બાદશાહ પાસેથી મુસ્તિપુર અને તરહિંદ ગામની જમીનદારીની સનદ મેળવેલી. મહાબોધિ મંદિર તરહિંદ ગામમાં આવતું હોઈ તે મહંતના તાબામાં આવ્યું.

ગઈ સદીના પૂર્વાર્ધમાં બ્રહ્મદેશના રાજાએ પોતાનો દૂત મોકલી બોધગયામાં મંદિરની શોધ કરી. તે સમયે સ્થાનિક લોકો આ સ્થાનને ભૂતગયા નામથી ઓળખતા. ત્યાં દિવસે પણ કોઈ જવાની હિંમત કરતું નહિ. બ્રહ્મી દૂતે મહાબોધિ મંદિર જોયું ત્યારે એની નીચેનો ભાગ ખલાસ થઈ ગયો હતો અને ઉપરનો ભાગ ઠીક ઠીક પડી ગયો હતો. પછી તેણે મંદિરની થોડી સાફસૂફી કરાવી અને રાજાએ મોકલાવેલા બહુમૂલ્ય પૂજા-સાહિત્ય અને વિપુલ ધન મહંત શિવગિરીને સોંપી પાછો ગએલો.

તે પછી ૧૮૭૪ની મધ્યમાં બ્રહ્મદેશના રાજા મિંદોમિને બ્રિટિશ સરકારની અનુજ્ઞા લઈ કામ શરૂ કરેલું, પણ આગળ જતાં તે કામ ભારત સરકારે પોતાને માથે લઈ પૂર્ણ કર્યું. ત્યાં કરેલા ઉત્ખનનમાં મહાબોધિ મંદિરનો ૨૫ ફૂટ ઊંચો ગભારો માટીથી મુક્ત કર્યો. મંદિરની આસપાસથી અસંખ્ય મૂર્તિ અને સ્તૂપ મળ્યા હતા.

મંદિરના દ્વાર સામે ત્રણ મોટા ઓરડા છે. તેમાં મધ્યના ખંડમાં શિવલિંગ છે, બાજુના બે ખંડમાં બોધિસત્ત્વની અને બુદ્ધની મૂર્તિઓ છે. આ ખંડોને હાલમાં પંચપાંડવ મંદિરના નામે ઓળખાય છે. ત્યાં એક શિવલિંગ છે, તે ગૌડાધિપતિ શશાંકની

(અનુસંધાન પૃ. ૨૮૬ ઉપર)



ભરતકુમાર પ્રા. ઠાકર
સંજય પી. ઠાકર

ભગવાન બુદ્ધ

બૌદ્ધ સાહિત્ય અને સંસ્કૃતિમાં તથા ભગવાન બુદ્ધના અનુયાયીઓમાં 'વૈશાખી પૂર્ણિમા'નું અનેરું અને ત્રેવડું મહત્ત્વ છે, કેમકે ભગવાન બુદ્ધની ત્રિવિધ જયંતીનો આ પવિત્ર દિવસ છે : જન્મ, બોધિત્વ અને પરિનિર્વાણ.

કોઈ મહાન વિભૂતિના જીવનમાં મહત્ત્વના ત્રણ-ત્રણ પ્રસંગો એક જ તિથિ કે તારીખે સંયોજાય એ વિરલ યોગાનુયોગ ગણાવી શકાય! બુદ્ધના જીવનમાં ઉક્ત ત્રણ ઘટનાઓ વૈશાખી પૂનમના દિવસે ઘટી હતી તેથી આ તિથિ 'બુદ્ધ પૂર્ણિમા' તરીકે પણ ઓળખાય છે. આજે પણ દુનિયાભરમાં વૈશાખી પૂર્મિમાના દિવસે બૌદ્ધ મઠો શણગારવામાં આવે છે અને ભિક્ષુઓને દાન આપવામાં આવે છે.

'મહાભિનિષ્ક્રમણ'ના પંથે

ગંગાના ઉત્તરી પ્રદેશમાં હિમાલયની દક્ષિણ તળેટીમાં કપિલવસ્તુ નગરીના રાજા શુદ્ધોધનને લાંબો સમય સુધી સંતાન થયું ન હતું. મધ્યાવસ્થાએ મહારાણી માયાદેવીને ગર્ભ રહેતાં તે પોતાના પિયર દેવદહનગર જવા રાજરસાલા સાથે રવાના થયાં. રસ્તામાં નેપાળની તળેટી આગળ આવેલા લુમ્બિનીવનમાં સાલવૃક્ષોની ગીચ ઘટામાં પ્રસૂતિ થઈ અને માયાદેવીએ આજથી ૨,૫૬૦ વર્ષો ઉપર ઈ.સ. પૂર્વે ૫૬૩માં રાજકુમાર સિદ્ધાર્થને જન્મ આપ્યો. આ શુભ દિવસ 'વૈશાખી પૂર્ણિમા'નો હતો!

પછીની વિગતો ઘણી જાણીતી છે. અનેક લાડકોડમાં ઊછરવા છતાં ગૌતમનું ચિત્ત વૈરાગ્ય તરફ જ ઢળેલું હતું. દુન્યવી વાતાવરણમાં તેમણે અશક્ત અને બીમારીથી કણસતા વૃદ્ધને તથા મૃત માણસને જોતાં તેમને જીવનમાં દુઃખ, પાપ અને શોક વ્યાપેલાં દેખાયાં. તેમને સંસારમાં રહીને સંસારનાં દુઃખોનું નિવારણ અશક્ય લાગ્યું. આમાંથી મુક્તિ મેળવવા માત્ર ત્રીસ વર્ષની ઉંમરે પિતા શુદ્ધોધન, પત્ની યશોધરા અને નવજાત બાળક રાહુલનો ત્યાગ કરી ઉગ્ર તપશ્ચર્યાના માર્ગે ચાલી નીકળ્યા. બૌદ્ધ સાહિત્યમાં આ પ્રસંગ 'મહાભિનિષ્ક્રમણ' તરીકે ઓળખાય છે. કવિઓ, ચિત્રકારો અને શિલ્પીઓએ પણ પોતાની કલા અને કલ્પના વડે ગૌતમના આ જીવન-પ્રસંગને સચોટ વાચા આપી છે.

ગૃહત્યાગ પછી ફરતા ફરતા તેઓ રાજગૃહ નજીક ઉરુવેલા નામક અત્યંત રમણીય અને પ્રાકૃતિક સ્થળે આવ્યા અને અહીં એ સમયની પરંપરા મુજબ સાત વર્ષ સુધી આકરું તપ અને કઠોર દેહદમન કર્યું. એક દિવસ પાસેના નગરમાં ઉત્સવમાં ભાગ લેવા જતી ગણિકાઓની ટોળી આ વનમાંથી પસાર થઈ રહી હતી. તેઓ સંગીતની ચર્ચા કરતી હતી, જેનો સાર આવો હતો : 'તારી વીણાના તાર તું એટલા તાણીશ નહિ કે તે તૂટી જાય અને એટલા બધા ઢીલા પણ ન રાખીશ કે તેમાંથી બેસૂરા સ્વર નીકળે.' ગૌતમને આમાંથી પોતાનો જીવન-પંથ જડી ગયો. કઠોર દેહદમન છોડીને 'મધ્યમ માર્ગ' સ્વીકાર્યો.

'બોધિત્વ'ની પ્રાપ્તિ

પ્રચલિત બૌદ્ધકથા પ્રમાણે જે દિવસે ગૌતમને બોધિ (જ્ઞાન) પ્રાપ્ત થવાનું હતું તે દિવસે તેમણે સુજાતાની ખીરની ભિક્ષા સ્વીકારી હતી. જેમ ભગવાન શ્રીકૃષ્ણે પોતાના બાલસખા સુદામાને ઘેર ભોજન લીધું હતું અને શ્રીરામે શબરીનાં પીરસેલાં બોર પણ પ્રેમથી આરોગ્યાં હતાં તેમ સુજાતાની ખીરનો પ્રસંગ બૌદ્ધ સાહિત્યમાં બહુ રસિક રીતે વર્ણવાયો છે.

સુજાતાની ભિક્ષા સ્વીકાર્યા બાદ એ રાત્રિએ પીપળાના વૃક્ષ નીચે તેમણે સમાધિ લગાવી અને ધ્યાનની અનેક કક્ષાઓ વટાવી 'બોધિ' (જ્ઞાન) પ્રાપ્ત કર્યું. આ જ્ઞાન તેમને જે ઝાડ નીચે મળ્યું તે 'બોધિવૃક્ષ' કહેવાય છે. તેઓ જ્ઞાની, જાગૃત કે બોધયુક્ત બન્યા તેથી તેઓ ગૌતમ મટી 'બુદ્ધ' તરીકે ઓળખાયા. ગણધર ગૌતમ પોતે જાગ્યા અને જગતને જગાડ્યું. આ શુભ દિવસ પણ 'વૈશાખી પૂર્ણિમા'નો હતો!

સાત વર્ષની ઉગ્ર તપશ્ચર્યા બાદ 'બુદ્ધ' બનીને તેઓ વસતિમાં પાછા ફર્યા અને લગભગ ૪૫ વર્ષો લગી ભારતભરમાં તીર્થાટન કરી કરુણ, ઉદાર અને પ્રસન્ન ચિત્તથી લોકોને શુદ્ધ ધર્મ સમજાવતા રહ્યા. એમણે જે ધર્મ ફેલાવ્યો તે 'બૌદ્ધધર્મ' કહેવાયો. ૮૦ વર્ષની ઉંમરે તેઓ કુશીનારામાં ઈ.સ. પૂર્વે ૪૮૩માં પરિનિર્વાણ પામ્યા ત્યારે પણ આ શુભ દિવસ 'વૈશાખી પૂર્ણિમા'નો હતો!

ભગવાન બુદ્ધ ભગવાન વિષ્ણુના નવમા અવતાર પણ મનાય છે. તેમના નવા અવતાર અંગે એવી માન્યતા પ્રવર્તે છે કે બુદ્ધની જીવનલીલાનાં પાંચ હજાર વર્ષ વીત્યા પછી મૈત્રેય સ્વરૂપે તેમનો નવો અવતાર થશે.

'મધ્યમ માર્ગ'ના પ્રવર્તક

ભગવાન બુદ્ધે સંસારનાં દુઃખોના નિવારણ માટે જે માર્ગ પ્રશસ્ત કર્યો તેમાં અતિ દેહદમન કે અતિ સુખાચારને સ્થાન નથી. અત્યંત ભોગવિલાસ અને તીવ્ર તપસ્યા એવા બે અંતિમો પર રહેલા સમાજને તેમણે જીવનનો 'મધ્યમ માર્ગ' બતાવ્યો.

'બુદ્ધમ્ શરણમ્ ગચ્છામિ - સંઘમ્ શરણમ્ ગચ્છામિ -

ધમ્મમ્ શરણમ્ ગચ્છામિ' (હું બુદ્ધ, સંઘ અને ધર્મના શરણે જાઉં છું) એ તેમનો જીવનમંત્ર હતો. તેમણે લોકોને અષ્ટમાર્ગ પ્રબોધ્યો; જેમાં સમ્યક્ વાણી, સમ્યક્ વર્તન, સમ્યક્ વિચાર, સમ્યક્ દૃષ્ટિ વગેરે ઉપર ભાર મૂક્યો.

બૌદ્ધધર્મના 'પંચશીલ'ના સિદ્ધાંતોમાં અહિંસા, અચૌર્ય, સત્ય, દારૂનિષેધ અને બ્રહ્મચર્યનો સમાવેશ થાય છે. તથાગત બુદ્ધે ભારતની વિલુપ્ત થઈ ગયેલી પ્રાચીન 'વિપશ્યના' સાધના-પદ્ધતિ પણ પુનઃ શોધી કાઢીને જનજીવનમાં સંચારિત કરી.

સમાનતા અને સરળતા

બૌદ્ધધર્મમાં ઊંચનીચના ભેદ નહોતા. સ્ત્રીઓને પણ સંઘમાં ભળી ભિક્ષુણી થવાની છૂટ હતી. તેમના સંઘમાં કોઈ જાતિભેદ પણ ન હતો. બ્રાહ્મણ, ચાંડાળ, શૂદ્ર, હજામ, ઝાડુ વાળનાર કે ગણિકા એમ સર્વેને એકસરખું સ્થાન હતું.

બૌદ્ધધર્મમાં કોઈ પણ જાતની અટપટી વિધિઓ કે ક્રિયાઓ નહોતી. સામાન્ય લોકો પણ તેના નિયમો પાળી શકતા. પોતાને જે જ્ઞાન-પ્રાપ્તિ થઈ તેનો બુદ્ધ અને તેમના શિષ્યો લોકોની ભાષામાં ઉપદેશ આપતા તથા દાખલા-દૃષ્ટાંતો આપીને પોતાની વાત સમજાવતા.

આ બધાં કારણોને લીધે બૌદ્ધધર્મનો ઝડપથી ફેલાવો થયો. બુદ્ધના જીવન દરમિયાન લાખો લોકોએ બૌદ્ધધર્મ અપનાવ્યો. લગભગ છસો વર્ષ સુધી હિન્દુસ્તાનનો એ મુખ્ય ધર્મ બની રહ્યો હતો. ભારત ઉપરાંત સિલોન, બર્મા, નેપાળ, તિબેટ, ચીન, સિયામ, જાપાન, જાવા, સુમાત્રા વગેરે દેશોમાં તેનો ખૂબ પ્રચાર થયો.

ભારત અને બૌદ્ધધર્મ

ગૌતમ બુદ્ધ જેવી વિભૂતિ ભારતમાં જન્મી અને એ ધર્મની જન્મભૂમિ ભારત હોવા છતાં બૌદ્ધધર્મ ભારતમાં વ્યાપક પાયા પર પ્રસરી ન શક્યો. તેના બદલે તે ભારત બહાર (વિશેષતઃ અગ્નિ એશિયાઈ દેશોમાં) વધુ ફેલાયો છે. (૧૯૮૧ની વસતિ ગણતરીના આંકડા અનુસાર ભારતમાં બૌદ્ધોની વસતિ માત્ર ૪૭ લાખની જ છે, જે કુલ વસતિના ૦.૭ ટકા જેટલી થાય).

આપણા દેશમાં બહુમતિ પ્રજા બૌદ્ધધર્મી હોય એવો એકમાત્ર જિલ્લો 'લડાખ' છે. અઢી હજાર વર્ષ પહેલાં ગૌતમ બુદ્ધે પ્રબોધેલા ધર્મના સિદ્ધાંતોનું પાલન એના એ જ પ્રાચીન સ્વરૂપે અહીં ચુસ્તપણે થાય છે. તિબેટથી પણ પહેલાં લડાખે બૌદ્ધધર્મનો સ્વીકાર કરી લીધો હતો.

૧૯૭૪માં પહેલી વાર ભારતે લડાખને ર્યટકો માટે ખુલ્લું મૂક્યું ત્યારથી દુનિયાભરના બૌદ્ધો અહીંનાં પ્રાચીન મઠો, સ્તૂપો, ચૈત્યો, બૌદ્ધ ચિત્રકારી અને ખાસ તો લડાખી પ્રજાની રહેણીકરણી તેમજ સંસ્કૃતિને નજરે નીરખવા આવે છે.

તિબેટ અને દલાઈલામા

તિબેટમાં વસતા ૬૦ લાખ અને ભારતમાં દેશનિકાલ એક લાખ તિબેટીઓના બૌદ્ધ ધર્મગુરુ દલાઈલામાને દુનિયાભરમાં બૌદ્ધો પોતાના આધ્યાત્મિક દિવ્યાત્મા (દેવ) માને છે. બૌદ્ધધર્મના 'યલો હેટ' નામક સંપ્રદાયના વડા તરીકે દલાઈલામાને 'બોધિસત્ત્વ અવલોકિતેશ્વર' અથવા 'પદ્મપાણિ' રૂપે ભગવાન બુદ્ધના અવતાર ગણવામાં આવે છે.

બૌદ્ધ ધર્મગુરુને બૌદ્ધધર્મના ઉદ્ગમસ્થાન એવા ભારતમાં જ રાજકીય આશ્રય લેવો પડે એ પણ વિધિની વિરોધાભાસી વક્રતા કે વિડંબના જ લેખાય! ૧૯૬૦થી ભારતમાં વસેલા દલાઈલામા જ્યાં રહે છે એ હિમાચલ પ્રદેશ રાજ્યનું 'ધર્મશાલા' નામનું શહેર ભારતમાં બૌદ્ધધર્મનું મુખ્ય પ્રવૃત્તિકેન્દ્ર છે.

'એશિયાનું નૂર'

આપણી તેમજ વિદેશની અનેક વિચારવંત વ્યક્તિઓ પર ગૌતમ બુદ્ધનો જાદુઈ પ્રભાવ પડ્યો છે. ૧૯૫૬માં ભારતના દલિત મસીહા ડૉ. બાબાસાહેબ આંબેડકરે પણ પોતાના લાખો અનુયાયીઓ સાથે સહપરિવાર બૌદ્ધધર્મ અંગીકાર કર્યો હતો. આર્નોલ્ડ ટૉયમ્બી કહે છે તેમ તથાગત બુદ્ધ કેવળ ભારતનું જ નહીં, પણ 'એશિયાનું નૂર' (લાઈટ ઑફ એશિયા) છે.

આપણી અને તેમની વચ્ચે અઢી હજાર વર્ષો જેટલો કાળનો મોટો પ્રવાહ વહી ગયો હોવા છતાં તેમની વાણી આજે પણ આપણને ખીલેલા ગુલાબની સુવાસ જેવી તાજગીસભર લાગે છે. પંચતંત્ર અને ઈસપકથાઓની જેમ ભગવાન બુદ્ધનો ઉપદેશ પણ સુંદર દૃષ્ટાંતોમાં 'જાતક કથાઓ' સ્વરૂપે પ્રબોધાયેલો છે.

સ્મૃતિ સાચવતાં સ્મારકો

આજે પણ ભારતમાં તથાગતની પાવન સ્મૃતિને જાળવતાં કેટલાંક ઐતિહાસિક સ્મારકો દર્શકો અને પર્યટકોને ભૂતકાળની ઝાંખી કરાવે છે. બુદ્ધદશા પછી ભગવાને પોતાના પાંચ શિષ્યો સમક્ષ જ્યાં સૌપ્રથમ વખત 'ધર્મચક્ર પ્રવર્તન'ના નામે પ્રખ્યાત દીર્ઘ ઉપદેશ કર્યો હતો એ સારનાથ-કાશી નજીક તેમનો ભવ્ય સ્તૂપ ઊભો કરવામાં આવ્યો છે, જેમાં બુદ્ધના દાંત, વાળ વગેરે જેવા અવશેષો સાચવી રાખવામાં આવ્યા છે.

મૌર્ય સમ્રાટ અશોક ભગવાન બુદ્ધના પરમ ભક્ત હતા. બુદ્ધના જન્મસ્થળ લુમ્બિનીવન ખાતે તેમણે 'કીર્તિસ્તંભ' ઊભો કરાવ્યો છે. તો, સારનાથ ખાતે ધર્મચક્ર સાથેનો પ્રખ્યાત 'સિંહ-સ્તંભ' ઊભો કરાવ્યો હતો, જેના પરથી આપણા રાષ્ટ્રધ્વજ માટેનો 'અશોક ચક્ર' અને ભારતના સત્તાવાર રાજ્યચિહ્ન તરીકે 'ત્રિમૂર્તિ સિંહાકૃતિ' પસંદ કરવામાં આવેલ છે.

ભગવાન ગૌતમ બુદ્ધ અને ભગવાન મહાવીર સ્વામી તથા આધુનિક યુગમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ફક્ત ભારત જ નહિ, અપિતુ સમગ્ર વિશ્વમાનવસમાજને સત્ય, અહિંસા અને કરુણાનો મહાન સંદેશ આપ્યો છે. □



ફિલ્મનું અનુભાવન [૧૯]

હસમુખ બારાડી

દૃશ્ય કલ્પન-૨
(IMAGE)

એણે એના શોષકને ઝેર આપ્યું જ, પણ એ પહેલાં એ વિશે એના મનમાં ભારે મથામણ થઈ હતી.

લેખકે આ વાક્યથી એ પાત્રનો ઉદ્દેશ (શોષક પ્રત્યે ધિક્કાર), ક્રિયા (ઝેર આપવાની), પ્રક્રિયા (મથામણ) અને એની તીવ્રતા (ભારે) વ્યક્ત કર્યાં છે. મુદ્રિત કે કથિત માધ્યમ માટે આટલું પૂરતું કહેવાય. વાચક કે શ્રોતા પોતાના પૂર્વ-અનુભવને આધારે બાકીનું કલ્પી શકે. આ દૃશ્ય જોઈને પ્રેક્ષકને પણ એના પાત્રત્વ વિશે મોટે ભાગે 'એણે ઝેર આપ્યું' એટલું જ યાદ રહે. જેટલી હકીકત છે એટલી એ વાક્યમાં કહેવાઈ છે; સમગ્ર કથાની પરાકાષ્ઠાએ એ પાત્ર વિશેની આટલી માહિતી બરાબર છે.

હવે દિગ્દર્શક તરીકે લેખક, અને લેખક તરીકે દિગ્દર્શક, ઉપરના **કથનનું એક્શન** કેવી રીતે વિચારશે ? એ માટેનું સૂચન એને શેમાંથી મળી શકે ? શોષક સાથેના એના સંબંધોમાંથી ? કયું ઝેર, કેવી રીતે પીવડાવવા તૈયાર કરવું એમાં ? કે પછી ભારે લાગે તેવી 'મથામણ'માં ?

શોષકને ખબર પડી જાય કે એને માટે ઝેર તૈયાર કરવામાં આવી રહ્યું છે તો એ પીએ નહીં, એનો વિરોધ કરે, ફેંકી દે, એથી આ દૃશ્યમાં શોષક હાજર ન હોય એ જરૂરી છે. અલબત્ત, ઝેરની પસંદગી એને ભરવા/તૈયાર કરવાનું પાત્ર, એની તૈયારી (રેડવું, હલાવવું, શોષક સુધી લઈ જવું વગેરે) નાનાં નાનાં એક્શનમાં પણ શોષક પ્રત્યેનો ધિક્કાર, આ પાત્રનો ઉદ્દેશ એના મનમાં ચાલતો સંઘર્ષ અને પેલી 'ભારે લાગે તેવી મથામણ' વ્યક્ત થઈ શકે. ટૂંકમાં, આ પાત્રના મનનો તીવ્ર સંઘર્ષ, જે હકીકતે તો 'પ્રક્રિયા' છે, એ જ 'ક્રિયા' બની શકે.

આમ હવે આપણે ઝેરની પસંદગી, શીશીમાંથી કપમાં રેડાતું ઝેર, ચમચીથી હલાવાતું અને લઈ જવાતું ઝેર અને એ દરમ્યાન એ પાત્રના મુખભાવો (ધિક્કાર, ડર, નિશ્ચય, ચોકસાઈ વગેરે) સુધી પહોંચ્યા. મુદ્રિત કે કથિત પહેલા વાક્યથી આટલી પાત્રગતિ, એક્શન, ચિત્રો ઊભાં થયાં. 'એની સાથે ઝેરના રેડવાનો, ચમચી હલાવવાનો, તંગદિલીનું સંગીત વગેરે ધ્વનિ પણ (તખ્તા કે ફિલ્મનો) દિગ્દર્શક ઉમેરે.

પાત્રના નિશ્ચયની મક્કમતા વ્યક્ત કરવા વચ્ચે કોઈ **અંતરાય** પણ ઉમેરી શકાય : દા.ત. કોઈ આવી ચડે, બોલાવે, કોઈ કારણથી (બિલ્લીના કૂદકાથી કે પાત્રના વિચારોની તીવ્રતા કે ડરને લીધે) ઝેર ઢોળાઈ જાય વગેરે કોઈ પણ અંતરાય શોષક અને આ પાત્ર વચ્ચેના સંબંધો કે એમની જીવનશૈલીમાંથી મૂક્યો હોય તો ઝેર આપવાના નિશ્ચયની મક્કમતા ઉપરાંત, આ બંને પાત્રોના સંબંધોનું વધારાનું પરિમાણ પણ એ દર્શાવી થઈ શકે; જે પ્રારંભે લખેલા વાક્યના 'આપ્યું જ'માંથી પેલા 'જ'ને વ્યક્ત કરી દે, અને 'ભારે' શબ્દને વધુ તીવ્ર બનાવી દે.

નાટકનો દિગ્દર્શક પ્રોસેનિયમ આર્કના લોંગ શોટ્માં, મંચની ત્રિપરિમાણી જગ્યામાં, આ પાત્રના ઘર કે રસોડામાં, મંચની ભૂગોળનાં સ્થાનોને લીધે નીકળતા અર્થ મુજબ, જમણેથી ડાબે, ક્યારેક અચકાતી કે ક્યારેક મક્કમ નિશ્ચિત પાત્રગતિ કરાવે; કટઆઉટ લાઈટથી (એટલે કે મંચના એટલા ભાગમાં આછું અજવાળું રાખી આ પાત્ર ઉપર કોઈ પણ એક જ દિશામાંથી આવતો તીવ્ર પ્રકાશ પાત્રગતિને અનુસરે એ રીતે) પાત્રની ક્રિયા દ્વારા વ્યક્ત થતી એની માનસિક પ્રક્રિયા એ રીતે પ્રેક્ષકને દિગ્દર્શક દર્શાવે કે અનેક જગ્યા અને સ્થિતિમાં ઝેર તૈયાર કરતા પાત્ર કે એની ક્રિયાનો ક્લોઝઅપ (રંગભાષામાં કહીએ તો એનું મહત્ત્વ) પણ પ્રેક્ષક અનુભવે. અહીં પણ અન્ય ધ્વનિઓ, સંગીત, મુખભાવ, ક્રિયાનો ક્રમ, એનો લય વગેરે મહત્ત્વનાં બને; અને એ પણ, ઝેર આપવા જેવી ક્રિયા હોવા છતાં, **નયનરમ્ય ચિત્ર** બને. આ બધું **દિગ્દર્શકનું પ્રદાન** હોય. દિગ્દર્શક આ રીતે જે **કલ્પનો** (Images) ઊભાં કરે તે, પેલા મુદ્રિત કે કથિત વાક્યના પોતે કરેલા **અર્થઘટનમાંથી** ઉદ્ભવે.

ઝેર આપવાની ક્રિયા વાસ્તવવાદી કે શૈલીપરક - Stylized - રીતે કરવી કે કેમ, એ તો આખા નાટકની **અભિવ્યક્તિશૈલીમાંથી** દિગ્દર્શક નક્કી કરશે. પરંતુ આટલી ક્રિયા કરવા એ જે રીતે નાટ્ય - સ્થળ અને સમયનો ઉપયોગ કરશે, એ માટે પાત્રોનાં વેશ અને રંગભૂષા, પાત્ર અને એની આજુબાજુની વસ્તુઓ, આકારો, રંગ, પ્રકાશ વગેરેનું આયોજન કરશે, મુદ્રા-સ્થિતિ આપશે, એ એનું **નાટ્યદિગ્દર્શનકર્મ** છે. પેલા મુદ્રિત અને કથિત શબ્દો અહીં આ રીતે નાટ્યસ્થળ-સમયમાં વ્યક્ત થશે.

મોટે ભાગે તો મંચ માટે વિચારેલા આવા એક્શનને

કૅમેરાના વિવિધ **દૃષ્ટિકોણો** (Angle) અને **દૃશ્યાંશ-કદ** (Shotsize)ને સરળતાથી સમજાય એ રીતે **સંકલિત** (Edit) કરીને કોઈ પણ દિગ્દર્શક પ્રેક્ષકોને બતાવે તો પણ ઝેર આપતાં પહેલાંની મથામણ અને એનો મક્કમ નિશ્ચય ફિલ્મને પડદે વ્યક્ત થઈ શકે. ઉપરનું દૃશ્ય બિમલ રૉય દિગ્દર્શિત **'બંદિની'** ફિલ્મમાંથી લીધું છે. એમાં નટી તરીકે નૂતને મુખભાવોથી શૂન્યતા, નિર્ધાર, મક્કમતા વગેરે વ્યક્ત કર્યાં છે, પરંતુ બિમલ રૉયે આ દૃશ્યનો ક્રિયાક્રમ આવો રાખ્યો છે : ઘરની બારીએ બહાર જોતી નટી ઊભી છે, બહાર રસ્તાની બીજી બાજુએ વેલ્ડિંગનો અવાજ અને એના પ્રકાશના તણખા ઝરી રહ્યા છે, નર્સ પાછળથી આવીને માહિતી આપે છે કે 'પેલો' ચાની રાહ જુએ છે, ફ્રેમની ડાબી બાજુએ નીચે સફેદ વસ્ત્રધારી નર્સ સીડીની નીચે ઊભી છે, પગથિયાં અને કઠેડાની ઉપર જતી પંક્તિઓ પછી બારી પાસે દૂર ઊભેલી નટી આ સાંભળીને પાછી ફરે છે, સંવાદ પૂરો થતાં વેલ્ડિંગનો અવાજ અને પ્રકાશ સાથે રેલગાડીની તીવ્ર તીણી સિસોટી મિશ્રિત (ક્રૉશ ફ્રેઈડ) થાય છે, નટી ક્લોઝઅપમાં અને પછી મિડશૉટમાં જમણી બાજુ ગતિ કરે છે, એ નીચી મનીને પ્રાયમસમાં હવા પંપ કરે છે, એનો ઠકઠક અવાજ સંભળાય છે, અને પ્રાયમસ ચાલુ થતાં સળગતા કેરોસીનની જ્વાળાઓ અને એનો ઘરઘરાટ અવાજ વધે છે. નટી ચા લઈને એ જ જમણી દિશામાં મક્કમ નિશ્ચિત પગલાં ભરતી આગળ વધે છે. આ શ્વેત-શ્યામ ફિલ્મના આછા પ્રકાશમાં સફેદ કપ-રકાબી અને એને પકડતો જમણો હાથ વગેરે અભિવ્યક્તિશીલ **વિરોધાભાસ** (contrast) ઊભો કરે છે, એક શીશા ઉપર ઝેર (Poison) લખેલું વંચાય છે, પાત્રનો હાથ એ શીશો ઉપાડી કપમાં ઝેર રેડે છે, ફરી વૅલ્ડિંગનો અવાજ તીવ્રતાથી સંભળાય છે, એમાં વચ્ચે કપમાં ઝેર હલાવતી ચમચીનો અવાજ ભળે છે; શૂન્ય, સ્થિર, મક્કમ, મુખભાવો સાથે પહોળી આંખે નટી એ જ જમણી દિશામાં આગળ વધે છે, અને પછી એ **ઉપરથી નીચે** પગથિયાં ઊતરે છે અને ફરી મક્કમપણે એ દિશામાં ચાલી જાય છે....

દિગ્દર્શક બિમલ રૉયે અહીં ફિલ્મના માધ્યમનો કેટકેટલી રીતે ઉપયોગ કર્યો છે : વેલ્ડિંગના તણખા અને એનો પ્રકાશ, પ્રાયમસની ઝાળનો પ્રકાશ, વેલ્ડિંગનો બે-ત્રણ પ્રકારનો ધ્વનિ, રેલગાડીની સીટિ, પ્રાયમસમાં હવા પંપ કરવાનો ઠકઠક અવાજ, પ્રાયમસની ઝાળ વધવાનો અવાજ, ઝેર રેડવા અને હલાવવાનો અવાજ વગેરે. અનેક પ્રકારનાં દૃશ્યાંશ - કદ, ફ્રેમના પૂર્વભાગમાં નર્સ અને સીડીનાં પગથિયાં પર ઊંચે દૂર નાની દેખાતી નટી, બારીના સળિયા પાછળ નટીનો ક્લોઝઅપ (જેથી એ પોતાના **વિચારોમાં પુરાયેલી - બંધાયેલી** લાગે), સતત જમણી બાજુ થતી નટીની ગતિ અને અંતે ઝેર ભેળવેલા કપ સાથે નીચે ઊતરતી નટી - એ દર્શાવવા કે શોષકને ઝેર આપવું એ જરૂરી હોય તો પણ એ માટે આ પાત્ર 'ઉપરથી નીચે' ઊતરે છે - (આ ઉદ્દેશ પ્રારંભના વાક્યના પ્રત્યાયનમાં નથી પણ પાત્રત્વ પ્રમાણે બંધ બેસે છે) - જ્યાં અગાઉ નર્સે જ્યારે એને સંદેશો આપ્યો ત્યારે એ ઊભી હતી. બારીએથી વેલ્ડિંગ નિહાળતી અને બારીના સળિયા પાછળ દેખાતી એ બે જુદા જુદા દૃશ્યાંશ (શૉટ) છે.

નટી નર્સના સંદેશા પછી જે રીતે ચોક્કસ દિશામાં આગળ વધે છે એ, પોતાની બદ્ધ સ્થિતિમાંથી (ઝેર પીવડાવી દેવાની તક જોતાં અત્યારે જ એ આપવાના નિર્ણય સાથે) મુક્ત થઈ હોવાનું પછીનાં બધાં દૃશ્યાંશોમાં વ્યક્ત થાય છે. કેરોસીનથી સળગતી ઝાળ સાથે વેલ્ડિંગના તણખાનો અવાજ, પાત્રના મનોગત ભાવો અને મક્કમ નિર્ધારને વ્યક્ત કરે છે. ક્યાંક ક્યાંકથી જ આવતા પ્રકાશથી સરજાયેલા તિમિર - ઘેર્યા વાતાવરણમાંનાં પાત્રનાં અંગો અને વસ્તુઓને આકારો અને એની ગતિ પણ બિમલ રૉયના **અર્થગંભીર દિગ્દર્શન**ની ત્રેવડ દર્શાવે છે.

આમાંય વ્યકત તો ઝેર આપવાનો નિર્ધાર અને એ માટેની મથામણ જ થાય છે, પરંતુ એને એમણે જે રીતે **સિનેમાઈ ભાષામાં** વ્યક્ત કરી છે એ આ માધ્યમ એકસાથે **કેટલું તાકી શકે**, અને વ્યક્ત કરી શકે, એ દર્શાવે છે. અલબત્ત, પ્રેક્ષકોને તો આમાંથી પણ એટલું જ યાદ રહેશે કે ભારે મથામણ પછી આ પાત્રે એના શોષકને ઝેર આપ્યું. પરંતુ એટલું કથન **નાટ્ય ભાષામાં** અને **ફિલ્મની ભાષામાં** વ્યક્ત થતાં આવાં **કલ્પનો** ઊભાં કરી શકાય. એટલે કે આમ તો પ્રેક્ષકોને પાત્રની મથામણની તીવ્રતા રેલગાડીની ચીસ (પાત્રનું આક્રંદ)થી યાદ રહેશે, પરંતુ **માધ્યમ-સાક્ષર** પ્રેક્ષક પાત્રને સીડીએથી નીચે ઊતરતું જોઈને આ દિગ્દર્શનકલા માટે 'વાહ' બોલી જશે.

આ દૃશ્યની સંકલનકલામાં **જોડ** (cut) અને **મિશ્રણ** (Mix) બંનેનો ઉપયોગ થયો છે. અગાઉ આપણે દૃશ્યાંશોનો (આ લખતાં મને જે રીતે યાદ હતો તે) ક્રમ જોયો છે, એક રીતે તો પાત્રના મનમાં ચાલતું એ ઘમસાણ અભિવ્યક્તિવાદ (એક્સ્પ્રેશનિઝમ) મુજબનું છે. વાસ્તવિક સ્થળમાં એની ગતિ કે નર્સના સંદેશા પછી ચા બનાવી, ઝેર રેડી, એને આપવા જવા સુધીની ક્રિયાના અભિવ્યક્તિશીલ અંગો જ પ્રેક્ષકો વાસ્તવિક કદ અને લયમાં જુએ છે તો પણ, ચા બનાવવાની આખી ક્રિયામાંથી દિગ્દર્શકે પ્રાયમસ પેટાવવા માટે પમ્પ અને એના સળગ્યા પછીની વધતી જાળ એ બે ક્રિયાઓને જ લીધાં છે; પછી એ પાત્ર કપ-રકાબી લઈને સીધું આગળ વધે છે, પણ ઝેર લખેલી બૉટલ ઉપાડે એ પછી પ્રવાહી રેડવાનો અવાજ માત્ર સંભળાય

(અનુસંધાન પૃ. ૨૫૨ ઉપર)



એલન હેલ



ટૉમસ બૉપ્પ

હેલ-બૉપ્પ ધૂમકેતુ

★ ડૉ. સુશ્રુત પટેલ ★

[૨૭ ફેબ્રુઆરી ૧૯૯૭ના રોજ મારા પરમ મિત્ર શ્રી બિહારીભાઈ ટાંકનું અમદાવાદ ખાતે અને ૧૨મી એપ્રિલ ૧૯૯૭ના રોજ **શ્રી સુરેન્દ્રકુમાર ઝાનું** મુંબઈ ખાતે અવસાન થયું. સ્વ. ઝા 'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા'ના 'ScienceToday' અને પાછળથી નેહરુ સેન્ટર (મુંબઈ)ના "Science Age" જેવા વિજ્ઞાનના પ્રથમ કક્ષાના લોકભોગ્ય સામયિકના પ્રથમ તંત્રી જ નહીં, એના જન્મદાતા પણ હતા અને અનેક વિજ્ઞાનીઓને એમણે લોકભોગ્ય શૈલીમાં લખતા કર્યા હતા. સ્વ. બિહારીભાઈ છેલ્લાં ૪૮ વર્ષથી 'કુમાર' સાથે સંકળાયેલા હતા અને એને કારણે છેલ્લાં ૩૭ વર્ષથી અમે એકમેકના પરિચયમાં રહ્યા હતા. પ્રભુ આ બંનેના આત્માને ચિર શાંતિ અર્પે એ પ્રાર્થના સાથે એ બંનેને જે અત્યંત પ્રિય હતો તે ખગોળશાસ્ત્ર ઉપરનો આ લેખ એમને શ્રદ્ધાંજલિ રૂપે]

ધૂમકેતુ સામાન્ય જન માટે જ નહીં, દરેક પ્રકારના પ્રચાર માધ્યમો અને ખગોળશાસ્ત્રીઓ માટે પણ હંમેશાં રસનો વિષય રહ્યો છે. આકાશના ગમે તે ભાગમાં અચાનક ફૂટી નીકળતા અને અડખેપડખેના તથા પૂંઠ પાછળના તારાઓના સંદર્ભે રોજેરોજ સ્થાન બદલતા, અનિયમિત ચાલ દાખવતા અને ક્યારેક તો પાછોતરા પણ ચાલતા અને બહુધા સવારે કે સાંજે દેખાતા ધૂમકેતુ આકાશી સૃષ્ટિનું નિરાળું સ્વરૂપ છે. ગયા વર્ષે આવો એક આગંતુક નામે હયાકુતાકે (Hyakutake) બહુ સરસ રીતે નરી આંખે દેખાતો હતો. આ વર્ષના આરંભથી, એટલે કે જાન્યુઆરી ૧૯૯૭ થી માર્ચની પંદરમી-વીસમી સુધી એ સવારે સૂર્યોદય પહેલાં એકાદ કલાક સુધી પૂર્વાકાશમાં, સહેજ ઉત્તર તરફ ઈશાન તરફ દેખાતો હતો અને એ પછી સાંજે સૂર્યાસ્ત પછી પશ્ચિમાકાશમાં લગભગ એકાદ કલાકથી વધુ સમય સુધી વાયવ્ય તરફ દેખાઈ રહ્યો છે. સાંજનું એનું દર્શન મે મહિનાના પ્રથમ બે અઠવાડિયા સુધી માણવા મળશે. એ પછી એ ઉત્તરગોળાર્ધમાંથી દેખાતો ઝાંખો થઈ જશે અને મૃગ તારામંડળ (Orion) તથા એકશૃંગ - તારામંડળ (Monoceros) તરફ ગતિ કરતો ઑગસ્ટમાં શ્વાન-તારામંડળ (Canis Major) કે જેમાં આકાશનો સહુથી વધુ તેજસ્વી એવો વ્યાધ (Sirins) નામનો આવેલો છે એનાથી થોડું અંતર રાખીને આગળ વધી જશે. આ ગાળા દરમિયાન તે વિષુવવૃત્તની આસપાસના પ્રદેશમાં વસતાં લોકો અને દક્ષિણ ગોળાર્ધમાં વસતાં લોકો માટે સવારે સૂર્યોદય પહેલાં દેખાતો પિંડ બની રહેશે. જો તમે પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં વિષુવવૃત્તથી ઉત્તરે સારા એવા અંતરે એટલે કે પચાસ અંશ ઉત્તર અક્ષાંશની આસપાસના વિસ્તારમાં રહેતા હશો તો તમે એક સરસ તક ગુમાવી દીધી એમ કહી શકાય, કારણ કે જાન્યુઆરીથી માર્ચ અને માર્ચથી છઠ્ઠી એપ્રિલ ૧૯૯૭ સુધીના સમયગાળા માટે આ ધૂમકેતુ સંદોદિત-પિંડ એટલે કે કદી અસ્ત ન પામનારો એવો અનસ્ત-પિંડ (Circumpolar object) બની ગયો હતો. આનો અર્થ એ થયો કે આ ધૂમકેતુ ક્ષિતિજની ઉપર નહીં, પણ ધ્રુવના તારાની આસપાસ ફરનારો પિંડ બની જઈને આખી રાત દેખાતો રહેવાનો હતો! આવી જ એક બીજી સરસ તક ૧૯ અને ૨૦મી એપ્રિલે ગઈ. આ દિવસોમાં આપણે ત્યાંથી સંધ્યાકાળે ડૂબતા સૂરજની દિશામાં વૃષભ રાશિના પેલા પ્રખ્યાત - લીલી દ્રાક્ષના લૂમખા જેવા જણાતા કૃત્તિકા નક્ષત્ર (Pleiades)ની નજદીક તે દેખાતો હતો. ખગોળરસિયાઓ આવી ઘટનાને ફોટામાં મઢવા હંમેશાં ઉત્સુક હોય છે.


ધૂમકેતુનું નામકરણ કરવામાં કેટલીક પદ્ધતિઓ સ્વીકારવામાં આવી છે. આવી એક પદ્ધતિમાં એને શોધનાર પહેલી વ્યક્તિ પરથી અથવા તો જો શોધક એકથી વધુ હોય તો પહેલી ત્રણ વ્યક્તિઓ પરથી એનું નામકરણ કરવામાં આવે છે. આવી પ્રણાલિકાને કારણે નવા ધૂમકેતુઓને શોધવા માટે ખગોળશોખીનોનો ઉત્સાહ જળવાઈ રહે છે. સફળ થનાર વ્યક્તિનાં નામ ધૂમકેતુના ઇતિહાસમાં આ રીતે ચિરંજીવી બની

જાય છે. હાલમાં દેખાઈ રહેલા આ ધૂમકેતુનું નામકરણ એને શોધનાર ૩૯ વર્ષના એલન હેલ (Alan Hale) અને ૪૭ વર્ષના ટૉમસ બૉપ્પ (Thomas Bopp)ના નામ પરથી 'હેલ-બૉપ્પ' પાડવામાં આવ્યું છે. આ બંને સંશોધકો એરિઝોના અમેરિકાના છે અને આ ધૂમકેતુની શોધ એમણે એકમેકથી સ્વતંત્રપણે ૨૨મી જુલાઈ, ૧૯૯૫ના રોજ કરી હતી. જે વ્યવસાયે ખગોળશાસ્ત્રી નથી પણ માત્ર શોખ ખાતર આકાશમાં અવલોકનો કરતા રહે છે. એવા લોકોને ઍમેચ્યોર (amateur) ખગોળશાસ્ત્રીઓ કહેવાય છે. ખગોળવિદ્યાની ઉપાસના કરનાર આવા ખગોળશોખીનો ઉપરાંત કેટલાક વ્યાવસાયિક ખગોળશાસ્ત્રીઓ પણ ધૂમકેતુઓની ખોજ કરતા રહે છે. આ બંને સંશોધકો પૈકી ટૉમસ બૉપ્પ ઍમેચ્યોર ખગોળશાસ્ત્રી છે, જ્યારે એલન હેલ વ્યવસાયી ખગોળશાસ્ત્રી છે. જોકે એણે ખગોળમાં ડૉક્ટરેટ કર્યું છે, પરંતુ એ કોઈ ખગોળીય વેધશાળા સાથે સંકળાયેલો નથી, બલકે પોતાની જ સંશોધન અને શૈક્ષણિક સંસ્થા ચલાવીને જીવનનિર્વાહ કરે છે. ન્યૂ મૅક્સિકોના ક્લાઉડક્રોફ્ટ (cloudcroft)માં આવેલા એના ઘેરથી એ રોજ રાત્રે ટેલિસ્કોપથી આકાશ-અવલોકન કરે છે. હેલ આકાશમાં દેખાતા નવા પિંડ અંગે ઘણો સજાગ છે અને એની પાછળ બચપણની એક ઘટના છે. બન્યું એવું કે ૧૯૭૦માં એણે આકાશ-નિરીક્ષણ કરતાં હંસ તારામંડળમાં આવેલા હંસપુચ્છ (Deneb) નામના તારાની પાસે એક પ્રકાશિત પુંજ જોયો. એને નવાઈ એ વાતની થઈ કે આગલા દિવસે એ સ્થાને આ પ્રકાશિત પુંજ એના જોવામાં કેમ ન આવ્યો? આખી રાત એ બસ વિચારતો જ રહ્યો અને બીજે દિવસે ઘટસ્ફોટ થયો. વર્તમાનપત્રો દ્વારા એની જાણમાં આવ્યું કે પોતે નિહાળેલો એ પ્રકાશપુંજ એક 'નોવા' (Nova) હતો. ક્યારેક એવું થાય છે કે આકાશના અમુક વિસ્તારમાં કશું ન હોય, પરંતુ થોડા જ કલાકની અવધિમાં સામાન્ય રૂપમાં દેખાતો કોઈ તારો પોતાનું વિકિરણ ઓચિંતું વધારી દે અને સ્ફોટક રૂપ ધારણ કરે છે. આ રીતે તેજનો સ્ફોટ કરતો તારો એના મૂળ રૂપ કરતાં અનેકગણો તેજસ્વી થઈ જતો હોય છે. આમ થાય ત્યારે સુપરનોવાની ઘટનાની જેમ તારો કાંઈ આખેઆખો ફાટી જતો નથી, પરંતુ એની બહારના આવરણમાંનો સારો એવો દ્રવ્યરાશિ ગુમાવીને અંતરિક્ષમાં ફંગોળે છે. આવો વિશિષ્ટ રૂપવિકાર દાખવતો તારો, કાંઈ નવો નથી હોતો, તેમ છતાંય એને 'નોવા' એટલે કે નવ્ય તારક અથવા તો સ્ફોટક-તારક કહેવાય છે. ખગોળશાસ્ત્રમાં નોવાની શોધ અને એના શોધકનું પણ આગવું મહત્ત્વ હોય છે. આ 'નોવા'ના શોધક તરીકેની તક ગુમાવી દેવા બદલ હેલને પસ્તાવો તો ભારોભાર થયો, પણ એણે એ દિવસથી ગાંઠ મારી કે આકાશમાં કોઈ પણ નવું કે અજુગતું દેખાવાની શંકા પણ જાગે ત્યારે એને ચકાસીને એની જાણ લાગતાવળગતાને તાત્કાલિક કરી દેવી. આવો નિર્ણય લીધો ત્યારે હેલ હજુ તો શાળામાં ભણતો હતો. જોકે આવો મોકો એને છેક ૨૨ જુલાઈ, ૧૯૯૫ના રોજ મળ્યો. એ દિવસે પોતાના નવા રહેઠાણેથી એણે તાજેતરમાં દેખાતા કેટલાક ધૂમકેતુઓને ચકાસવાનું નક્કી કરીને આકાશનો એક પછી એક વિસ્તાર ફંફોસવા માંડ્યો. ત્યાં એની નજર ધનુ તારામંડળ-(Sagittarius)માં આવેલા મેસિએ (કે મેશિયર) અર્થાત્, 'M-70' તરીકે ઓળખાતા એક સઘન તારાગુચ્છ (globular cluster) પર પડી. આ તારા-ગુચ્છની નજદીક એણે એક પ્રકાશપુંજ જોયો, જે ધૂમકેતુનું બાયનોક્યુલર્સ કે ટેલિસ્કોપ વડે થતું પ્રથમ દર્શન ભાગ્યે જ દમામદાર હોય છે. એનું કારણ



← હેલ-બૉપ્પ ધૂમકેતુ પૂંછડી ફૂટ્યા પછીનો

હેલ-બૉપ્પ • સૂરજથી અત્યંત દૂર હોવાને કારણે પૂંછડી ફૂટી નથી.



એ છે કે ત્યારે એને પૂંછડી ફૂટેલી હોતી નથી. પૂંછડી તો સૂર્યની નજદીક આવતા ફૂટવા માંડે છે. સૂરજથી દૂર હોય ત્યારે તો દેખાય છે એકલું માથું અને તે પણ વાયુના ગોટા જેવું. પણ ત્યારે આ વાયુવાદળ કે વાયુગોટો કોઈ નિહારિકા કે તારાગુચ્છ કે પછી કોઈ એવો જ ભળતો અવકાશી પિંડ તો નથી એની પણ ખાતરી કરી લેવી પડે છે.

આજની જેમ જ, સત્તરમી અને અઢારમી સદીમાં પણ ધૂમકેતુના શોધકને વ્યાપક પ્રસિદ્ધિ મળતી. પરંતુ એ કાળે આવાં અવલોકનોમાં ઘણી બધી ભૂલ જોવામાં આવતી. કારણ કે આકાશમાં નજરે ચઢતાં ઘણાં બધાં પ્રકાશિત સફેદ ધાબાંઓને ધૂમકેતુ માની લેવાતા. હકીકતે એ બધાં ધાબાંઓ નિહારિકાઓ (Nebulae) હતી. આવા સંશોધકોને ચેતવવા માટે આકાશમાં કાયમી ધોરણે દેખા દેતાં આ બધાં ધાબાંઓની એક વ્યવસ્થિત નોંધ ચાર્લ્સ મેસિયર (Charies Messier : 1730-1817) નામના ફ્રાન્સના એક ખગોળશાસ્ત્રીએ તૈયાર કરી અને એની પહેલીયાદી ઈ.સ. ૧૭૭૪માં પ્રસિદ્ધ કરી, જેમાં આવા ૪૫ પિંડો આવરી લેવાયા હતા. પાછળથી એના જ એક સહકાર્યકરે એમાં બીજાં 'ધાબાંઓ' ઉમેરીને એ યાદી પૂર્ણ કરી. એના આ પત્રક-(કેટલૉગ)ને એના માનમાં 'મેસિયર કેટલૉગ' અને ટૂંકામાં, 'M' કહેવાય છે. ગુજરાતીમાં એને મેસિયરના પ્રથમાક્ષર પરથી 'મે' કહેવાય છે. મેસિયરના નામે ચઢેલા મૂળપત્રકમાં આવા કુલ ૧૦૩ પદાર્થો હતા, જેમાં પાછળથી વીસમી સદીમાં બીજા સાતેક ઉમેરાયા છે. મેસિયરે પોતે પણ આશરે ૧૩ ધૂમકેતુઓ શોધ્યા હતા.

આમ 'મે-૭૦' એટલે મેસિયરના પત્રકમાં સિત્તેરમો ક્રમાંક ધરાવતો આકાશી પિંડ, અથવા સિત્તેર ક્રમાંક ધરાવતો ધૂમકેતુનો આભાસ જગાવતો કોઈ એક જાણીતો પિંડ. આવા જાણીતા પિંડ પાસે અજાણ્યો વાયુગોટો જોઈને એલને ઝડપ મારી. દૂધનો દાઝ્યો છાશ ફૂંકીને પીએ એ ન્યાયે હાવર્ડ - સ્મિથસોનિયન વેધશાળામાં આવેલી નવા ધૂમકેતુ નોંધતી મુખ્ય કચેરી (સેન્ટ્રલ બ્યૂરો) કે જે 'સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઍસ્ટ્રોનૉમિકલ ટેલિગ્રામ' (ટૂંકામાં, CBAT) તરીકે ઓળખાય છે તેની સાથે સંકળાયેલા એના કોમ્પ્યૂટર ઉપર પ્રથમ તો એણે 'મે-૭૦'ની આસપાસના 'કૉમેટ આઈડેન્ટિફિકેશન પ્રોગ્રામ' એટલે કે ધૂમકેતુ ઓળખી બતાવતો કાર્યક્રમ મૂકીને ખાતરી કરી લીધી કે 'મે-૭૦'ની આસપાસના આકાશી વિસ્તારમાં આવો કોઈ પદાર્થ તો આવેલો નથી ને? એ પછી ડેનિયલ ગ્રીન (Daniel Green) અને બ્રાયન માર્સડન (Brian Marsden) દ્વારા ચલાવાતા 'ઇન્ટરનેશનલ ઍસ્ટ્રોનૉમિક્લ યૂનિયન' (IAU)ના કાર્યાલય તરફથી પાઠવવામાં આવેલા તાજેતરના સઘળા પરિપત્રો ઉપર પણ ઝડપથી નજર દોડાવી લીધી. જો આવો કોઈ નવો પદાર્થ દેખાય તો પરિપત્રમાં એની નોંધ પ્રગટ થાય. આટલી ચકાસણી પછી હાથવગી હતી તે સઘળી આકાશી નકશાપોથીઓ પણ એણે ઉથલાવી નાખી. આટલું કર્યા પછી પોતે એક નવો ધૂમકેતુ શોધવામાં છે એવા સમાચાર તરત જ એણે સેન્ટ્રલ બ્યૂરોને રવાના કર્યા. એ પછી બહાર આવી, ટેલિસ્કોપમાંથી જોઈને ખાતરી કરી કે આ પ્રકાશપુંજ આસપાસના સ્થિર તારાઓની અપેક્ષાએ ખસતો જણાતો હતો. આકાશમાં એકાએક પ્રગટેલો અને વળી ખસતો પ્રકાશપુંજ! એના આનંદનો પાર ન રહ્યો. નક્કી એ નવો જ ધૂમકેતુ! પત્યું. એ તરત જ અંદર ગયો અને પોતાના કૉમ્પ્યૂટર ઉપરથી સેન્ટ્રલ બ્યૂરોને પોતાના અગાઉ મોકલેલા નિરીક્ષણના હેવાલને સમર્થન આપતો બીજો સંદેશો રવાના કર્યો. હસવા જેવી વાત હવે પછી આવે છે : પોતે નવો ધૂમકેતુ શોધ્યો છે એવું કહીને ભરઊંઘમાં પડેલી પત્નીને એ જોવા માટે એણે જગાડીને બહાર બોલાવી. પત્ની ઊંઘમાં જ ઊભી થઈને આવી, ટેલિસ્કોપમાંથી પ્રકાશપુંજ જોઈને પાછી આવી હતી તેમ જ અંદર જઈ પથારી ભેગી થઈ ગઈ! નો કૉમેટ્સ પ્લીઝ! પત્ની પછી ઊઠેલા દીકરાએ તો એથી પણ ઓછો પ્રતિભાવ દાખવ્યો. પિતાની આકાશદર્શનની આવી રોજિંદી મગજમારીથી વાજ આવી ગયેલા પુત્રે તો 'ડેડ અને એમનો રોજેરોજનો એ જ વાહિયાત બકવાટ' એવું કાંઈક બબડીને પથારી ભેગો જ થઈ ગયો!

પરંતુ, બીજે દિવસે પત્ની અને પુત્રની ઊંઘ ઉડાડી દેતી ખબર આવી પહોંચી. સવારના પહોરમાં જ ઍલનના 'ઇ-મેઈલ' ઉપર સેન્ટ્રલ બ્યૂરોના નિયામક બ્રાયાન માર્સડનનો નવા ધૂમકેતુની શોધ માટે અભિનંદન આપતો સંદેશો ઊપસી આવ્યો અને એ જ દિવસે બપોરના તો 'IAU'ના નવા પરિપત્રમાં નવા ધૂમકેતુની શોધના સમાચાર પ્રસિદ્ધ પણ થઈ ગયા!

આ ધૂમકેતુને પહેલપ્રથમ જોનાર બીજા સંશોધક ટૉમસ બૉપ્પની વાત પણ રસપ્રદ છે. જે સમયે એલન આ બધી ગડભાંજમાં હતો ત્યારે એનાથી આશરે ૫૦૦ કિલોમીટર દૂર આવેલા સ્ટેનફિલ્ડ (Stanfield)માં ટૉમસ બૉપ્પ પણ આવી જ મૂંઝવણમાં મુકાયો હતો. એ પોતે ખગોળશોખીન હોઈ, એક ખગોળમંડળમાં જોડાયો હતો, અને શહેરીથી દૂર એના એક મિત્ર જિમ સ્ટીવન્સ (Jim Stevens) સાથે ખુલ્લા આકાશતળે નિરીક્ષણ કરી રહ્યો હતો. એની પાસે પોતાનું ટેલિસ્કોપ ન હતું. અને મિત્રના ટેલિસ્કોપમાંથી એણે ધૂમકેતુને પહેલવહેલો જોયો. આની ખબર પોતાના સેલ્યુલર ફોનથી એણે ઇન્ફર્મેશન ઑપરેટરને આપવા પ્રયત્ન કર્યો, પણ એમાં સફળતા ન મળતાં એણે ગાડી ઘર તરફ દોડાવી. રસ્તામાં ટેલિગ્રામ કરવાનો પ્રયત્ન પણ એણે કર્યો, પણ એમાં પણ સફળતા ન મળી. ઘેર જઈ એણે

CBATને પોતાની શોધના સમાચાર આપતો તાર કર્યો. આ દોડાદોડી એને ફળી હતી, કારણ કે પેલા 'IAU'ના બપોરે નીકળેલા પરિપત્રમાં ઍલનની સાથે એનું નામ પણ જોડાયું હતું!

ટોમસ બૉપ્પ એક કન્સ્ટ્રકશન-મટીરિયલ કંપનીમાં સુપરવાઈઝર તરીકે કામગીરી બજાવે છે, અને ખગોળનો શોખ એને પિતા મારફતે મળ્યો છે. બાકીનો જશ એ અમેરિકાના પિટ્સબર્ગમાં આવેલા પ્લેનિટેરિઅમને આપે છે. સામાન્ય માનવીને પ્લેનિટેરિઅમ કેટલી હદે ખગોળમાં રસ લેતો કરી શકે છે એનું થોમસ બૉપ્પ જીવંત ઉદાહરણ છે. ભારતનાં ઘણાં પ્લેનિટેરિઅમના ખગોળવિદો આવી સુંદર કામગીરી બજાવે છે, જેમાં મુંબઈના નેહરું પ્લેનિટેરિઅમના ડૉ. જે.જે. રાવલ અગ્રસ્થાને છે. એમણે પોતાનાં લખાણો દ્વારા કંઈ કેટલાયને ખગોળમાં રસ લેતા કર્યા છે. એવું કહેવાય કે ડૉ. રાવલના પગલે ઍલન હેલે પોતાની આ શોધકથા કહેતું એક પુસ્તક પણ લખ્યું છે, જેમાં આ ધૂમકેતુનું દર્શન ક્યારે, ક્યાં અને કેવી રીતે કરવું એ અંગે પણ વિગતો આપી છે. આ પુસ્તક છે : 'Everybody's Comet : A Layman's Guide to Comet Hale Bopp'

હેલ-બૉપ્પ ધૂમકેતુ શોધાયા પછી, થોડા દિવસ બાદ, ગ્રીન અને માર્સડને ગણતરી કરીને શોધી કાઢ્યું કે હેલ-બૉપ્પ ધૂમકેતુ ઘણો દૂર - ગુરુની પણ પેલે પાર હતો અને તે છતાંય ખગોળશોખીનોના સાધારણ કે મધ્યમ કદના ટેલિસ્કોપની મદદથી પણ તે દેખી શકાતો હતો, એનો મતલબ એ થયો કે તે અત્યંત સક્રિય અને પ્રકાશિત હોવો જોઈએ. અને જો કશું અજુગતું ન બને તો, આ જ દરે, એ જ્યારે ૧૯૯૭ના માર્ચમાં સૂર્યની વધુ નજદીક આવે ત્યારે તો અત્યંત પ્રકાશિત થવો જોઈએ. તાજેતરના હેલ-બૉપ્પના નરી આંખે થતા દર્શને ખગોળશાસ્ત્રીઓને સાચા ઠેરવ્યા છે. આ ઉપરાંત, ખગોળશાસ્ત્રીઓ કોઈ પણ ધૂમકેતુના પાંચેક કક્ષામૂલાંકો (orbital elements) ઉપરથી તથા અન્ય કેટલીક બાબતો અને ગણતરીઓને લક્ષમાં લઈને અથવા સરળ ભાષામાં કહીએ તો એનાં રોજબરોજનાં આકાશી સ્થાન નોંધી એની કક્ષા નક્કી કરે છે. કક્ષાના હિસાબે નવો નોંધાયેલો ધૂમકેતુ જૂનો જોગી છે કે નવો આગંતુક તે નક્કી કરવામાં આવે છે. આ રીતે જ્યારે હિસાબ મંડાયો ત્યારે ખબર પડી કે હેલ-બૉપ્પ ધૂમકેતુ તો છૂપો રુસ્તમ નીકળ્યો કારણ કે આજથી એટલે કે ૧૯૯૭ થી બરાબર ૪,૨૧૦ વર્ષ અગાઉ તે પૃથ્વીની મુલાકાતે આવી ચૂક્યો છે! સમયની - ઈસવીસનની માપપટ્ટીને ધ્યાનમાં રાખીને કહીએ તો આ ધૂમકેતુ જ્યારે છેલ્લે દેખાયો ત્યારે ઈસુના જન્મને હજુ ૨,૨૧૩ વર્ષોની વાર હતી, અથવા જરા બીજી રીતે કહીએ તો આ ધૂમકેતુ જ્યારે દેખાયો ત્યારે ઈ.સ. પૂર્વે ૨૨૧૩નું વર્ષ ચાલતું હતું. જરા ગમ્મત ખાતર કલ્પના કરીએ અથવા તો એચ.જી. વેલ્સના પેલા પ્રખ્યાત 'ટાઈમ્સ-મશીન'માં બેસીને જોઈએ તો એ કાળે અક્કડ, ચીન, ઇજિપ્ત અને સિંધુ સંસ્કૃતિઓનો ઉદ્ભવ થઈ ચૂક્યો હતો. ઇજિપ્તમાં લોકો નાઈલ નદીમાં આવતા પૂરને આધારે વર્ષગણના કરતા થયા હતા. તો બીજી બાજુ ચીનમાં ચંદ્ર આધારિત પંચાંગો બનવા માંડ્યાં હતાં અને મોહેં-જો-દડોથી કચ્છના ધોળાવીરા સુધી સિંધુ ઘાટી સંસ્કૃતિ અને હરપ્પીય સંસ્કૃતિ એની સોળે કળાએ વિકસી ચૂકી હતી. ડ્રેનેજની વ્યવસ્થાવાળાં, બહુમાળી મકાનો અને વ્યવસ્થિત નગરરચના વિકસી ચૂક્યાં હતાં. અહીંથી સમુદ્રી સફરો શરૂ થઈ ચૂકી હતી. પેલી બાજુ, મધ્ય અમેરિકામાં માયા, ઇન્કા અને આઝ્તેક જેવી સંસ્કૃતિઓના ઉદયને હજુ વાર હતી, તો રોમ અને ઍથેન્સ જેવી પ્રભાવશાળી સંસ્કૃતિઓનું અભ્યુત્થાન તો હજી ઘણી સદીઓ પછીની ઘટના બનવાની હતી.

આ ધૂમકેતુ હેલી-બૉપ્પ હવે પછી પૃથ્વીની મુલાકાતે ઈ.સ. ૬૦૦૦ની આસપાસ આવવાનો છે. તે અંગે પણ મનોહારી કલ્પના કરી શકાય. પરંતુ એ કામ આર્થર સી. ક્લાર્ક જેવા ભવિષ્ય ભાખતા વિજ્ઞાનલેખક પર છોડી દઈએ.

ખગોળશાસ્ત્રીઓના મતે ધૂમકેતુઓની કુલ સંખ્યા સો અબજ જેટલી છે, અને એમાંથી અત્યાર સુધી અનેક ધૂમકેતુઓ સૂર્યની અથવા કહો કે પૃથ્વીની મુલાકાતે આવી ચૂક્યા છે અને આવતા રહેવાના છે. હેલ-બૉપ્પ પણ આવો જ એક સામાન્ય ધૂમકેતુ છે. તો પછી આવા એક ધૂમકેતુને આટલું બધું મહત્ત્વ શા કારણે આપવામાં આવે છે તે પણ સમજવું જોઈએ.

એનું પહેલું કારણ તો એ છે કે હેલ-બૉપ્પે ખગોળશાસ્ત્રીઓને પોતાનો અભ્યાસ કરવા માટે પૂરતો સમય આપ્યો છે. આજ સુધી કોઈ પણ ધૂમકેતુએ ગુરુની પણ પેલી પાર પૃથ્વીથી લગભગ સત્તાવન કરોડ સિત્તેર લાખ માઈલ જેટલા અંતરે હોય ત્યારે દેખા દીધી નથી. ગુરુથી સૂર્ય સુધી આવતા, અને સૂર્યથી પાછા ગુરુ તરફ જતા હેલ-બૉપ્પે વિજ્ઞાનીઓને એના અભ્યાસની તૈયારી માટે પૂરતો સમય ફાળવ્યો છે. અને ખગોળશાસ્ત્રીઓએ આ તકનો લાભ પણ લીધો છે. ઉદાહરણ તરીકે અંતરિક્ષમાં રહેલા હબલ-ટેલિસ્કોપ વડે એનો અભ્યાસ થયો ત્યાં સુધી કર્યો. જો આ અભ્યાસ ચાલુ રખાયો હોત તો જ્યારે ધૂમકેતુ સૂર્યસમીપ પહોંચ્યો ત્યારે સૂર્યનાં પ્રખર તેજકિરણોથી હબલ-ટેલિસ્કોપને કાયમી નુકસાન થાત. એટલે હેલ-બૉપ્પના અભ્યાસની અને એના પર ચાંપતી નજર રાખવાની જવાબદારી 'નાસા'એ ૧૯૯૦માં છોડેલા પોતાના 'યુલિસીસ' (Ulysses) નામના અન્વેષીયાનને સોંપી અને આ રીતે ધૂમકેતુ અને સૂર્યપ્રવાત (Solar Wind) વિષે અમૂલ્ય માહિતી મેળવી. આ અને આવા અન્ય સઘન અભ્યાસને

કારણે હેલ-બૉપ્પમાં કેટલાક એવા અણુઓ મળી આવ્યા છે કે જે બીજા કોઈ ધૂમકેતુમાં આજ સુધી મળ્યા નથી. પૃથ્વી પરના સમુદ્રોનું પાણી અને અન્ય કાર્બનિક સંયોજનો આવા કોઈ ધૂમકેતુઓ તૂટી પડવાથી ઉદ્‌ભવ્યા છે કે કેમ તે વિવાદનો ઉકેલ લાવવામાં આ અભ્યાસ કદાચ ઉપયોગી થઈ પડે. ધૂમકેતુઓનો અભ્યાસ સૂર્યમાળાનાં પણ અનેક રહસ્યો છતાં કરે છે. ખગોળશાસ્ત્રીઓ માને છે કે ધૂમકેતુઓનો સંબંધ સૂર્યમાળાની ઉત્પત્તિ સાથે સંકળાએલો છે. સૂર્યમાળાની ઉત્પત્તિ થયાને આશરે ચાર અબજ સાઠ કરોડ વર્ષો થયાં છે, તે છતાંય જાણે કે કોલ્ડસ્ટોરેજમાંથી હજુ તો ગઈ કાલે જ કાઢ્યા હોય તેમ ધૂમકેતુઓનું બંધારણ એવું ને એવું જ અકબંધ રહ્યું છે. એટલે એમનો અભ્યાસ ખરેખર તો સૂર્યમાળાની જન્મકુંડળી જ ઉપસાવે છે. હેલ-બૉપ્પ વિજ્ઞાનીઓએ આ તક પૂરી પાડી છે.

હેલ-બૉપ્પનું બીજું મહત્ત્વ સૂર્યગ્રહણ સાથેનું એનું સંવનન છે. ખગ્રાસ સૂર્યગ્રહણ ખુદ જ એક અદ્‌ભુત ઘટના છે અને આવું ગ્રહણ હોય ત્યારે ધૂમકેતુનું આકાશમાં હોવું એ તો અત્યંત વિરલ ઘટના જ છે. આવું છેલ્લે ૧૯૪૮માં જોવા મળ્યું હતું. નવમી માર્ચ, ૧૯૯૭ના રોજ મોંગોલિયા અને સાઈબેરિયાના પૂર્વ તરફના મુલકમાંથી એ દેખાવાનું હતું. એટલે દુનિયાભરના ખગોળશાસ્ત્રીઓ આ વિરલ ઘટનાના સાક્ષી બનવા આ અત્યંત ઠંડા મુલકમાં પૂરી તૈયારી સાથે પહોંચ્યા હતા. જોકે મળતા અહેવાલો મુજબ હવામાન પ્રતિકૂળ હોવાથી ખગ્રાસ સૂર્યગ્રહણ અડધુંપડધું, જ્યારે ધૂમકેતુ હેલ-બૉપ્પ-દર્શન તો તદ્દન થયું જ નહીં, એ જુદી વાત છે.

હેલ-બૉપ્પના મહત્ત્વનું ત્રીજું કારણ ઐતિહાસિક છે. વીસમી સદી પૂરી થવામાં છે અને છેલ્લાં ઘણાં વર્ષો દરમિયાન આવો અત્યંત તેજસ્વી અને મોટા કદનો ધૂમકેતુ કે પછી આવડો મોટો કોઈ પણ અવકાશી પિંડ માનવજાતે જોયો નથી. અને એટલે જ સામાન્ય જનની સાથે સાથે જ કૅરોલિન શૂમેકર (Carolyn Shoemaker) કે જેના નામે હાલમાં કોઈ પણ જીવંત વ્યક્તિએ ન શોધ્યા હોય એટલી સંખ્યામાં - કુલ ૩૨ જેટલા - ધૂમકેતુઓ શોધવાનો વિશ્વવિક્રમ છે, તેવાં મહિલા ખગોળશાસ્ત્રી સહિત દુનિયાભરના વિજ્ઞાનીઓ પણ હેલ-બૉપ્પને વધાવવા હર્ષઘેલા બન્યા છે. ☐

અનુસંધાન] ફિલ્મનું અનુભાવન [પૃ. ૨૪૭થી

છે, એમાં ચમચી હલાવવાનો અવાજ ભળે છે, એ પછી તુરત જ પાત્ર કપ લઈને સીડીએથી ઊતરતું દેખાય છે.

શરૂઆતમાં પણ (જેલમાં હોય તેવા) સળિયા પાછળ ઊભેલું પાત્ર, વેલ્ડિંગના તણખા કે ખુદ વેલ્ડિંગની ક્રિયા રાખવાનો વિચાર પણ પાત્રના મનોગત ભાવ વ્યક્ત કરવાનો આશય ધરાવે છે. નર્સ નીચે હતી ત્યારે પાત્ર **ઉપર** હતું, પણ કપમાં ઝેર રેડાયા પછી શોષકના ખંડ તરફ જવા એ **નીચે** ઊતરે છે. એ પણ એના 'પાત્રપણા'ને વ્યક્ત કરે છે. (કોઈ પણ જિજ્ઞાસુને આ દૃશ્ય, આમ તો **'બંદિની'** આખી ફિલ્મ અને બિમલ રૉયની 'સુજાતા' કે 'દો બીઘા જમીન' જેવી ફલ્મો વિગતે જોઈ જવા ભલામણ છે.)

આ દૃશ્યને પહેલી વખત જેવું છે તેવું આખેઆખું જોઈ, પછી એને એક વખત ધ્વનિહીન (માત્ર ચિત્ર) જોવાથી, અને બીજી વખત ચિત્રહીન (માત્ર ધ્વનિ) સાંભળવાથી ચિત્ર અને ધ્વનિ બંનેના **સ્વતંત્ર** ઉપયોગ અને **મિશ્રિત** ઉપયોગમાં પણ બિમલ રોયે જે સર્જનાત્મકતા દર્શાવી છે એનો ભાવકને એ રીતેય અનુભવ થશે, કે 'સમગ્ર'ને કાપીને એના એકેએક ભાગમાં કેટલું 'ભરી' શકાય, અને એ ભરેલા ભાગોને જોડીને એને જોડવા માત્રથી ઊભી થતી **સહોપસ્થિતિ** (Juxtaposition) દ્વારા બીજો, ત્રીજો, દસમો, પચ્ચીસમો અર્થ આ **ફિલ્મની ભાષાનાં કલ્પનો**માં વ્યક્ત થઈ શકતો હોય છે.

આ સમજણ - 'સાક્ષરતા' - ફિલ્મના અનુભાવનને સમૃદ્ધ ન કરે ? ☐



ડૉ. ડેવિડ હો અને એઈડ્ઝ

— ધનુભાઈ મહેતા —

વિ.સં. ૧૯૫૬માં આપણા દેશમાં પડેલો ભયંકર દુકાળ છપ્પનિયાને નામે ઓળખાય છે. આમ જે તે સાલ કે જમાનામાં જે તે રોગચાળો ફાટી નીકળ્યો હોય તે સાલ કે તે જમાનો તે રોગચાળાનો પર્યાય બની જાય છે. ચૌદમી સદીના અધગાળે મધ્ય એશિયા વીંધીને પસાર થતી તાર્તર વેપારી વણઝારે સિસિલીમાં બ્યુબોનિક પ્લેગ ફેલાવ્યો અને માત્ર ચાર વરસના ગાળામાં જ કરોડો લોકો આ કાળમુખા રોગમાં ભરખાઈ ગયાં. ઈ. ૧૯૧૮માં ફ્રાન્સની ખાઈઓમાંની લશ્કરી છાવણીઓમાં એક ખાસ પ્રકારનો ઝેરી ફ્લ્યૂનો વાવર થયો. એ રોગનું મોજું નાગરિકોમાં પણ ફરી વળ્યું અને તેણે લગભગ એકવીસ કરોડ પ્રજાજનોનો ધ્વંસ કરી નાખ્યો. જોકે તેના કરતાં વધારે તો પ્રથમ વિશ્વયુદ્ધનો ભોગ બન્યાં.

પણ આજે તો આપણે એઈડ્ઝના ઓથાર નીચે શ્વાસ લઈ રહ્યા છીએ. શરીરની રોગપ્રતિકારક શક્તિ સામે ઝઝૂમતો આજના જમાનાનો તે એક અતિ ભયંકર રોગ છે. ન્યૂ યોર્ક અને સાન ફ્રાંન્સિસ્કોના સ્નાનાગારોમાંથી વ્યભિચારીઓના પ્લેગની પ્રથમ અફવા ફેલાયા બાદ પંદર વરસના ગાળામાં તો કાછડીછૂટા તેમજ સંયમશીલ એવાં બન્ને મળીને ત્રીસ કરોડ લોકો મરણતોલ ગણાતા આ એચઆઈવી વાઈરસના ચેપનો ભોગ બની ચૂક્યાં હતાં.

પણ હવે કાંઈક આશા બંધાવા માંડી છે. આ ઉનાળો બેસતાં જ 'પ્રોટીએઝ ઈનહીબિટર્સ' - (Proteas inhibitiors) - એટલે કે વિવિધ ઔષધિઓનાં મિશ્રણોનો વિષાણુરોધક રોગપ્રતિકારક ઉપચાર કરતાં એઈડ્ઝનાં દર્દીઓમાં નોંધપાત્ર નરવાઈ જણાવા માંડી છે. તેઓની અંદરના વિષાણુઓની સંખ્યા ઘટી અને ટી. સેલ્સનો કાઉન્ટ વધ્યો. તેઓનું સ્વાસ્થ્ય સુધર્યું. અમેરિકાના એઈડ્ઝ ચિકિત્સાલયોમાં દર્દીઓ ઘટવા લાગ્યા.

જુલાઈમાં ડેવિડ હો નામના એક વિષાણુજ્ઞે વાનકુવરમાં ભરાયેલી આંતરરાષ્ટ્રિય એઈડ્ઝ પરિષદમાં એઈડ્ઝ પરના ખૂબ જ આશાસ્પદ પ્રયોગોનો અહેવાલ રજૂ કર્યો. એઈડ્ઝના દર્દીને એમના પ્રાથમિક તબક્કામાં 'પ્રોટીએઝ ઈનહીબિટર' આપવામાં આવે તો તે તેમના લોહીમાં અને શરીરની અન્ય માંસપેશીઓમાંના વાઈરસને બિનઅસરકારક અને નિર્મૂળ બનાવે છે. આંકડાકીય માહિતી પરથી એવું ફલિત થાય છે કે, પ્રારંભિક તબક્કાનો એઈડ્ઝનો દર્દી બે કે ત્રણ વરસમાં જ વાઈરસમુક્ત બને છે. આશાના કિરણ રૂપ આ શબ્દો એક એઈડ્ઝ નિષ્ણાતના છે. હોની ઉપચાર-પદ્ધતિ કામયાબ નીવડતી હોવા છતાં રોગ વધી ગયો હોય તે તબક્કામાં દર્દીને એચઆઈવી ચેપમુક્ત કરે એવી કોઈ ઈલમ કી લકડી કે રોગપ્રતિકારક રસી હજી સુધી હાથ લાગી નથી! વળી, વિવિધ ઔષધના મિશ્રણવાળી દવાના વરસે આશરે વીસ હજાર ડૉલર થાય અને આટલી મોંઘીદાટ દવા બધાને પોસાય પણ નહીં. તેમ છતાં એઈડ્ઝ અજેય નથી એવી અગત્યની હકીકતનું હવે આપણને ભાન થયું છે. એઈડ્ઝના ક્ષેત્રમાં આવો ઐતિહાસિક વળાંક લાવનાર હજારો વૈજ્ઞાનિકો અને ચિકિત્સકોમાં ડૉ. ડેવીડ હો નું નામ મોખરે છે. એઈડ્ઝને એક ચેપી રોગ તરીકે ઓળખનાર ગણ્યા-ગાંઠ્યા સંશોધકોમાં સંભવતઃ હો એક જ હતો. તેણે પાયાના વિષાણુશાસ્ત્ર પર કાર્ય કરીને બતાવ્યું કે એચઆઈવી સુષુપ્ત નથી પણ શરૂઆતથી જ તે મોટી સંખ્યામાં વધતા જાય છે. એઈડ્ઝની સારવાર તેની પાછલી અવસ્થાને બદલે શરૂઆતનાં અઠવાડિયાંઓ દરમિયાન જ કરવી જોઈએ એવું હોની આંતરસૂઝે તેને સુઝાડ્યું અને વાનકુવર પરિષદમાં તેણે રજૂ કરેલ આ ચીલો ચાતરતી ઉપચાર- પદ્ધતિએ એઈડ્ઝના વાઈરસને કોઈક દિવસ નાબૂદ કરી શકાશે તેવી આશા જન્માવી. મૃત્યુની સજા પામેલ એઈડ્ઝની યાતના ભોગવનાર કેટલાય દર્દીઓને ઉપચાર-પદ્ધતિની નવી કેડી ચીંધી તે રોગમાંથી તેઓને ઉગારી લેનાર હો ૧૯૯૬ની 'ટાઈમ' સામયિકની મોજણી પ્રમાણે વર્ષ-વીર બની રહેશે!

છોકરડા જેવી પાતળી દેહયષ્ટિવાળો હો દેખાવે તો જુગારી જેવો લાગતો નથી. ત્રણ સંતાનોમાંના ૪૪ વરસના આ વિશ્વવિખ્યાત મહાન વિજ્ઞાનીને કદાચ કોઈ સામાન્ય કિશોર પણ માની લે. સિત્તેરના ગાળામાં કેલિફોર્નિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજિમાં હજી તો તે સ્નાતક પણ થયો ન હતો ત્યારે તે લાસ-વેગાસના ટેબલો પર જુગારનાં પત્તાં ટીચતો. ખેલના પ્રત્યેક પત્તાને યાદ રાખીને એકી સંખ્યા પર તે દાવ જીતી જતો. પત્તાંની ગણતરી કરવાના તેના આ કૌશલ્યને કારણે કેટલાંય જુગારખાનાંઓએ તેને તગડી મૂક્યો. પણ આજે તો તે એક વિશિષ્ટ પ્રકારનો જુગાર ખેલી રહ્યો છે! ન્યૂ યોર્કના આરોન ડાયમન્ડ એઈડ્ઝ રિસર્ચ સેન્ટરનો નિયામક હો આજે તો એઈડ્ઝના વાઈરસને ધરમૂળથી

સાફ કરનારી પડકારાત્મક વ્યૂહરચનાને લઈને પ્રકાશમાં આવ્યો છે. ગયા ઉનાળામાં કેનેડાના વાનકુવરમાં ભરાયેલી એઈડ્ઝ પરની ૧૧મી આંતરરાષ્ટ્રિય પરિષદમાં તેણે દાવો કરતાં કહ્યું તેમ વિવિધ ઔષધોના મિશ્રણવાળી ભરોસાપાત્ર વિષાણુઘ્ન 'પ્રોટીએઝ' નામે ઓળખાતી ભારે ઔષધિનો ઉપયોગ કરી રહ્યો છે. પણ બીજા દાક્તરો કરતાં વિશિષ્ટપણે તે આ ઔષધિ તેના દર્દીને ચેપના પહેલાં થોડાંક અઠવાડિયાં દરમિયાન જ આપે છે. તેના દર્દીઓના લોહીમાં એચઆઈવીની માત્રા માપી પણ ન શકાય એટલી હદે ઘટી ગઈ છે. વાઈરસ સંપૂર્ણપણે દરદીના શરીરમાં વિકસે તેની પ્રતીક્ષા કરવાને બદલે તેને શરૂઆતથી જ ડામવામાં આવે તો તેને ફક્ત બે કે ત્રણ વરસમાં જ સંપૂર્ણપણે નાથી શકાય એમ તેણે પરિષદમાં કહ્યું. એઈડ્ઝ મંડળીમાંના કોઈ પ્રતિષ્ઠિત દાક્તરે થોડાક જ મહિના પહેલાં આવું વિચાર્યું કે કલ્પ્યું પણ નહીં હોય. પત્રકારો અને સંશોધકોએ હો પર પ્રશ્નોની ઝડી વરસાવી - 'શું તેણે ઉગાર શોધી કાઢ્યો હતો ? શું હવે લોકોએ એઈડ્ઝની ચિંતાને ફગાવી દેવી ? શું હવે તેમણે તેમનાં સંતતિનિયમનનાં સાધનો ફેંકી દેવાં ?' હોનો પ્રતિભાવ તદ્દન નકારાત્મક હતો. તેણે તો હજી માત્ર પ્રયોગાત્મક શ્રી ગણેશાય જ કર્યા હતા અને સંજોગો સાનુકૂળ હોય તો ચેપ લાગ્યાને માત્ર ત્રણ મહિનાઓ જ થયા હોય એવા ગણ્યાગાંઠ્યા દર્દીઓના વાઈરસનું જ તે ઉન્મૂલન કરી શકે. રોગ ખૂબ જ આગેકૂચ કરી ગયો હોય તેવા લાખ્ખો દર્દીઓને તે રાહત આપી શકે નહીં. એચઆઈવીના આશાસ્પદ એવા ઘણા ઉપચારોની માફક તેનો આ વ્યૂહ નિષ્ફળ પણ નીવડે. આ 'પ્રોટીએઝ ઇનહીબિટર્સ'નો સમાગમ પછીની સવારના અનુપાનનો ગેરમાર્ગે દોરનાર પ્રચાર કરી કામીજનોને નિશ્ચિંતપણે ખતરનાક જાતીય વ્યવહાર કરવાની છૂટ આપવામાં આવે તો રોગ બહેકે કે વકરે પણ ખરો ! ઔષધિનો મારો વાઈરસની ગ્રાહ્ય શક્તિને ક્ષીણ બનાવે અને દર્દીની ભાવિ સારવારને સફળ બનાવવામાં ખતરારૂપ પણ બને. વધારે ખતરનાક વાત તો એ છે કે હાલમાં ઉપલબ્ધ સુપર એચઆઈવી જેવી ઔષધિઓ વાઈરસનો સામનો કરવાની ક્ષમતાનો હ્રાસ કરીને એઈડ્ઝના રોગચાળા દરમિયાન સર્વનાશ નોતરે છે. વળી, આ ઉપચાર અસરકારક હોવા છતાં વ્યવહારુ નથી. જે દર્દીઓમાં એચઆઈવી હોય તેઓને પોતે બીમાર છે એવું ભાન થાય તે પહેલાં જ ચેપ લાગે કે તરત જ ઔષધ લેવાનું શરૂ કરવું જોઈએ. તદુપરાંત એમના ખૂબ આગળ વધી ગયેલા તબક્કામાં 'પ્રોટીએઝ ઇનહીબિટર્સ' કામ કરતાં હોવા છતાં તે એટલાં બધાં તો મોંઘાં છે કે આગળ ધપતી દુનિયામાં એચઆઈવીના ૨૦ કરોડ જેટલા ચેપગ્રસ્તોને નીરોગી બનાવવામાં ઉપકારક બની શકે નહીં. આ વિશ્વવ્યાપી રોગચાળાને લાંબે ગાળે તો એઈડ્ઝની રસી જ માત્ર અટકાવી શકે એમ વૈજ્ઞાનિકો માને છે. તેમ છતાં વાનકુવર પરિષદ પછીના મહિનાઓમાં જે કામચલાઉ આશા અને ઉત્તેજના ફેલાયાં છે તે સમજવાં સહેલાં છે. હોના ભાષણનાં બધાં જ સૂચનો એચઆઈવી અજેય નથી એવો નક્કર પુરાવો પૂરો પાડે છે. હવે પંદર વર્ષ બાદ ભય અને નિરાશાનો વાયરો એઈડ્ઝની પ્રતિકૂળ દિશાએ ફૂંકાવા માંડ્યો છે. આનો યશ હો માત્ર પોતાના ખાતે જ જમે કરવાનો દાવો કરતો નથી. 'ર્ગ ન્યૂમોનિયા' તરીકે ઓળખાતો પ્રથમ કેઈસ લૉસ એન્જેલસના માઈકલ ગોલ્ટીએબ નામના 'ઇમ્યુનોલૉજિસ્ટે' રજૂ કર્યો. યુનાઈટેડ સ્ટેઇટ્સનાં રોગનિયંત્રક કેન્દ્રોએ દાક્તરોને આ જોસ પકડતા રોગ પ્રત્યે સાવધાન કર્યા અને તારણ કાઢ્યું કે આ ચેપ 'બ્લડ ટ્રાન્સફ્યુઝન', ચેપી સોય અને સ્વચ્છંદી જાતીય વ્યવહાર દ્વારા ફેલાતો હતો. ૧૯૮૩માં પૅરિસની પાશ્ચર ઇન્સ્ટિટ્યૂટના ડૉ. લ્યૂક મૉન્તા-નીઅર (Dr. LUC Montagnier)ની પ્રયોગશાળાએ આ ઘાતક વાઈરસને જુદા તારવ્યા. મૅરિ લૅન્ડના બેથેસ્ડામાં નેશનલ કેન્સર ઇન્સ્ટિટ્યૂટના દાક્તર રોબર્ટ ગાલ્લો અને તેના સહકાર્યકરોએ પ્રયોગશાળામાં તે વાઈરસને 'એન્ટિબોડી' પરીક્ષણ માટે વિકસાવવા ઉછેર્યા. એચઆઈવી અને એઈડ્ઝ પરનું પાયાનું સંશોધન કાર્ય નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થે કર્યું. બરોઝ વેલકમ ઍન્ડ મર્ક જેવી દવાની માતબર પેઢીઓએ એચઆઈવી પ્રતિકારક દવાઓ બજારમાં મૂકી. એઈડ્ઝના વાઈરસ વિષેના વિજ્ઞાનીઓનાં મંતવ્યોમાં હો આમૂલ પરિવર્તન લાવ્યો. એચઆઈવી તેનો હુમલો કેવી રીતે કરે છે તે રહસ્યને હોએ જીવાણુશાસ્ત્રના અભ્યાસ દ્વારા ખુલ્લું કર્યું. ચેપનાં પ્રારંભિક સપ્તાહો દરમિયાન વાઈરસ પર કાબૂ મેળવવા શરીર પોતે જ શી પ્રક્રિયા કરે છે તે પણ તેને બતાવ્યું. શરીરના રોગપ્રતિકારક તંત્રને આખરે વાઈરસ કેવી રીતે મહાત કરે છે તે તેણે 'પ્રોટીએઝ ઇનહીબિટર્સ' પરના તેના પ્રયોગો દ્વારા સ્પષ્ટ કર્યું. તેનાં કાર્ય અને આંતરસૂઝે માંદગીના આખરી તબક્કાથી ચેપના કટોકટીભર્યા પ્રારંભિક દિવસો દરમિયાનની સારવારની પદ્ધતિમાં પલટો લાવી એક નવી જ ભૂમિકા ઊભી કરી. સંશોધકોનું માનવું હતું કે એચઆઈવી શરીરમાં એક વાર પેઠા પછી કોઈ ઇલાજ જ નથી. ત્રણથી દસ વરસના ગાળા દરમિયાનમાં વાઈરસ ગમે ત્યારે શરીરની અંદરના ટી-સેલ્સ અને રોગપ્રતિકારક તંત્રને ખોરવી નાખે છે અને પછી તો કોણ જાણે એવું કોઈ તત્ત્વ આક્રમક કીટાણુદળને સક્રિય બનવા એડી મારે છે અને આ સ્થિતિમાં એઈડ્ઝના વાઈરસ છેલ્લો ઘાતક ફટકો મારવાનું શરૂ કરતાં પહેલાં સુસ્તપણે પડ્યા રહે છે. છેલ્લાં બે વરસમાં હો અને તેના સાથીદારોએ પ્રદર્શિત કરી બતાવ્યું કે, વાઈરસનું આ ચિત્ર ભ્રામક છે. ચેપનો કોઈ પ્રારંભિક તબક્કો સુષુપ્ત નથી. હોએ દર્શાવ્યું કે શરીર અને વાઈરસે પ્રારંભથી જ એકબીજા સામે પેંતરો બાંધીને અડ્ડો જમાવ્યો છે. પહેલાં તો

સંશોધકોને આ વાત સ્વીકારવી કઠી. એ તો તેમણે ઘડેલા અનુમાર્ગોને પડકારરૂપ હતી. હોની વાત ખરી હોય તો દાક્તરોએ એઈડ્ઝની સારવારની તેમની અસલી પદ્ધતિ ધરમૂળથી જ બદલવી પડે. કોઈકોઈએ તો હો પર એવો આક્ષેપ પણ કર્યો કે તે એઈડ્ઝના દર્દીઓને ખોટી આશા આપીને સસ્તી લોકપ્રિયતા હાંસલ કરવા માગતો હતો. પણ આ આક્ષેપો તો પાછળથી ધંધાકીય ઈર્ષારૂપ પુરવાર થયા. યોગ્ય સમયે, યોગ્ય સ્થળે હોવાની હોમાં અસાધારણ હથોટી છે. બે વરસ બાદ હો હાવર્ડ મેડિકલ સ્કૂલમાંથી એમ.ડી. થયો. એઈડ્ઝના રોગચાળાને તેણે પાંગરતો જોયો. આ રોગચાળો કેટલો મૂંઝવતો જણાતો હતો તે તેને યાદ છે. તે ૧૯૮૧ની સાલ હતી. હો લોસ એન્જેલીસની સેડાર્સ સિનાઈ હોસ્પિટલનો ચીફ મેડિકલ રેસિડન્ટ હતો. ઉકલા શહેરમાં ગોટ્ટીબીએ બે વ્યભિચારીઓને નિશાન બનાવતો એક નવો જ સિન્ડ્રોમ (Syndrome - એક નવા જ પ્રકારનો જીવાણુ) ઓળખી કાઢ્યો હતો. પ્રત્યેક કેસ ભિન્ન હતો, પણ દરેકમાં ટી-સેલનો વિનાશ એ એક લક્ષણ સર્વસામાન્ય હતું. દેખીતી રીતે જ શરીરમાંના રક્ષણાત્મક બળની ઝડીઓ પણ અત્યંત નિરુપદ્રવી કીટાણુઓને પણ હટાવી શકે નહીં. દાક્તરો જેને તકવાદી ચેપ તરીકે ઓળખાવતા તેવા રોગથી દર્દીઓ મરી રહ્યા હતા. આ ચેપમાં ન્યૂમોનોસાઈટિસ્ટ ન્યૂમોનિયા જેવા રોગનો સમાવેશ થતો. અને તે ફેફસાં, ટોક્સોપ્લાઝમોસીસ (Toxoplasmosis) અને મગજ પર હુમલો કરી તેને ઇજા પહોંચાડતા હતા. સિડાર્સ સિનાઈના ઇન્સેન્ટિવ યુનિટમાં તેણે દર્દીઓને તપાસવાનું શરૂ કર્યું. દાક્તરો માનતા કે કેફી અને બીજાં રાહત આપનારાં ઔષધો રોગપ્રતિકારક શક્તિને ક્ષીણ કરી નાખે છે. બીજાઓનું માનવું હતું કે તે તો અનેક સાથે સહશયન કરવાથી પરિણમતી એક વિલક્ષણ પ્રકારની 'એલર્જી' હતી. પણ હોને તો આનું કારણ વાયરસ હોય એવી શંકા હતી. તેણે એઈડ્ઝના રોગના નિષ્ણાત બનવાનો સંકલ્પ કર્યો. બુદ્ધિમત્તાવાળા જુવાન સંશોધકોને તૈયાર કરવા માટે ખ્યાતનામ એવા માર્ટિન હર્શની બોસ્ટનમાંની મેસેચ્યુએટ્સની વિષાણુશાસ્ત્રની પ્રયોગશાળામાં તેણે ઝુકાવ્યું. એઈડ્ઝના કારણભૂત વાઈરસને અલગ તારવનાર હો પ્રથમ જ હતો. હર્શની પ્રયોગશાળામાં કામ કરતાં કરતાં હો એચઆઈવીની પરખમાં પાવરધો બની ગયો. એચઆઈવી મેક્રોફેજ (Macrophage) તરીકે ઓળખાતા દીર્ઘજીવી રોગપ્રતિકારક કોષોમાં ઊછરે છે એવું બતાવનાર તથા મજ્જાતંતુ અને વીર્યમાંથી તેને જુદા તારવનાર પણ તે જ હતો. લાળમાંના વાઈરસ ચેપ પરિવહન કરવા માટે પૂરતા સક્ષમ નથી એવું પ્રતિપાદન કરનાર પણ તે જ. હર્શને યાદ છે કે, હોમાં ચમત્કારિક શક્તિ હતી અને તે જે તે કામ હાથ ધરતો તેને સાંગોપાંગ પાર પાડતો. કમનસીબે હર્શને તેના તાલીમાર્થીઓને વાર્ષિક ૧૮૦૦૦ ડોલર કરતાં વધારે મહેનતાણું આપવાનું પોસાય તેમ ન હતું. તેથી હોએ આમજનતા માટેનાં ચિકિત્સાલયોમાં પણ સેવા આપવાનું શરૂ કર્યું. સમય અને સ્થળ બંને તેને માટે ઉપકારક નીવડ્યાં. હો કહે છે તેમ, ચિકિત્સાલયો એટલે ટાઢે થથરતાં અને સામાન્ય માંદગી ભોગવતાં દર્દીઓથી ઉભરાઈ જતાં દવાખાનાં. નવમા દાયકાના મધ્યમાં તેણે કામભોગીઓને તપાસવાનું શરૂ કર્યું. તેને લાગ્યું કે તેઓ અસામાન્ય એવા ઉગ્ર પ્રકારના ફ્લ્યુથી પિડાતા હતા. એઈડ્ઝના રોગની કોઈ પણ દવા લીધા વિના તેઓ સાજાનરવા થઈ જતા. તેમ છતાં તે માંદગી રખેને એચઆઈવીનું પ્રારંભિક પ્રકટીકરણ હોય એવી આશંકા હો ને થઈ. લોહીના પરીક્ષણે બતાવ્યું કે આ 'ફ્લ્યુ' એકાએક દર્શન દેતાં એચઆઈવી સમાન હતો અને તેમાં ઇન્ફ્લ્યુએન્ઝાના વાઈરસનો તો સદંતર અભાવ હતો. થોડાંક અઠવાડિયાં બાદ રોગપ્રતિકારક તંત્રમાં 'એન્ટિબોડીઝ' - પ્રતિકારક જંતુઓ ઉગ્ર રીતે ઊછળી આવતાં અને લોહીના પરિભ્રમણમાંથી એચઆઈવી અદૃશ્ય થઈ જતાં. એના ભારે ચેપનો એ પ્રથમ પુરાવો હતો. પણ એક વરસ સુધી તો હો પણ તેને પારખી શક્યો નહીં. એ ગાળામાં તો વૉશિંગ્ટને એઈડ્ઝના સંશોધન માટે નાણાંની કોથળી ખુલ્લી મૂકી. ૧૯૮૭માં તો રોનાલ્ડ રેગનને પણ ભાન થયું કે એઈડ્ઝ એ એક ભયંકર રોગ છે. આફ્રિકાથી એશિયા સુધી પ્લેગે દુનિયાને ઝપટમાં લીધી હતી. 'એન્ટિબોડી પરીક્ષણે જાહેર કર્યું કે અમેરિકા, ફ્રાન્સ અને જપાનના લોહી પુરવઠામાં એચઆઈવી હતાં.

અમેરિકાભરના વિજ્ઞાનીઓ CD_4ના દ્રાવણની સારવાર માટે ઉત્તેજિત હતા. તેઓ જાણતા હતા કે એચઆઈવી આડેધડ 'ટી-સેલ્સ'ને ચેપ લગાડતા નથી. 'ટી-સેલ્સ'ની સપાટી પરના CD_4 નામે ઓળખાતા એક ચોક્કસ પ્રકારને પહેલાં તો પ્રોટીનને જાતે વળગવું પડે. CD_4ના અણુઓને લોહીના પ્રવાહમાં જોશભેર ધકેલીને મુક્તપણે તરવા દેવામાં આવે તો આ અણુઓ જાળ તરીકેનું કામ કરીને એચઆઈવીને 'ટી-સેલ્સ'ને ચેપ લગાડતાં અવરોધે એવો તર્ક સંશોધકોએ કર્યો. પ્રયોગશાળાના પર્યાવરણમાં ઉછેરવામાં આવેલા વિષાણુઓના નમૂના પરના પ્રાથમિક પરીક્ષણે બતાવ્યું કે, CD_4નું દ્રાવણ સુંદર રીતે કામયાબ નીવડ્યું હતું. હોએ ઉકલામાં એક જૂનિઅર વિદ્યાશાખામાં નિમણૂક લીધી અને પોતાના કુટુંબ સાથે તે પાછો કેલિફોર્નિયા ગયો. ત્યાં તેણે 'ડેનવર'માં કૅલોરેની યુનિવર્સિટીના મેડિકલ સેન્ટરના ડૉ. રોબર્ટ સ્કૂલનો સંપર્ક સાધ્યો. તે બંનેએ સાથે મળીને જેમને એઈડ્ઝનો રોગ ખૂબ આગળ વધી ગયો હતો તેવા બે ડઝન દર્દીઓ પર CD_4ના દ્રાવણની પ્રયોગાત્મક ચિકિત્સા કરવાની એક નવા જ પ્રકારની અજમાયશ કરી. કમનસીબે CD_4 દ્રાવણ કામ કરતું નથી એવું સાબિત કરીને હો અને સ્કૂલેએ સારવારનો આ પ્રકાર

અભરાઈએ ચઢાવી દીધો. પણ આ પ્રકારની સારવાર દરમિયાન એક રસપ્રદ વસ્તુ શોધી કાઢી કે કોઈએ ધાર્યું પણ ન હોય તેટલા મોટા પ્રમાણમાં હજારોની સંખ્યામાં ચેપના વિષાણુઓ તેમના દર્દીના શરીરમાં હતા. દ્રાવણ CD_4 કામ કેમ નથી કરતું તેની ગણતરી કરવામાં હોને ફક્ત થોડાંક જ અઠવાડિયાં લાગ્યાં. આ સારવારનાં પ્રારંભિક પરીક્ષણો પ્રયોગશાળામાં ઉછેરવામાં આવેલા નબળા કૃત્રિમ વિષાણુઓ પર કરવામાં આવ્યા હતા. ગમે તેમ હોય પણ માત્ર કુદરતી વિષાણુઓ જ કહી શકે કે કયા CD_4 અણુઓ જાળરૂપ બની શકે. હો અને બાકીના બીજા સંશોધકો એક મહત્ત્વનો પાઠ શીખ્યા. જે વાઈરસે ખરા દર્દીઓને ચેપ લગાડ્યો હોય તેઓના પર તેઓને તેમની બધી જ ઉપલબ્ધ સારવારનું પરીક્ષણ કરવું રહ્યું. દ્રાવણ CD_4ના અનુભવે હોને શીખવ્યું કે એચઆઈવીના જીવનવર્તુળને સમજવાના વિજ્ઞાનમાં કોઈ સૂચક કડીઓ ખૂટતી હતી. ચેપના પ્રથમ તબક્કા પરત્વે બોસ્ટનમાં તેણે જે કાંઈ કામ કર્યું હતું તેના પર પુનર્વિચારણા કરવાનું નક્કી કર્યું. ઇસ્પિતાલના કટોકટીવાળા દર્દીઓના વિભાગમાં ચક્કર લગાવતાં અને સહકાર્યકરો સાથે મસલત કરતાં તેણે અને તેની ટુકડીએ 'ઉકલા'માં ફ્લ્યુ જેવાં લક્ષણોવાળા એચઆઈવીના પ્રારંભિક ચેપથી રિબાતા ચાર સજાતીય વ્યવહાર કરનાર જુવાનોને પારખી કાઢ્યા. લોહીમાં વિષાણુઓનું પ્રમાણ માપવાના તાજેતરમાં જ પ્રાપ્ય એવા પ્રજનનશાસ્ત્રના સાધનનો તેણે ઉપયોગ કર્યો. આ PCR પરીક્ષણ ઓ. જે. સિમ્પસન અખતરા માટે ખૂબ પ્રચલિત હતું. વળી ફરી એક વાર તે અચંબો પામ્યો. આ સમય દરમિયાન મોટા ભાગના સંશોધકો એ વાત પર સંમત થયા કે એઈડ્ઝની ઉત્તરાવસ્થામાં લોકોના લોહીમાં એચઆઈવીનું પ્રમાણ ઘણા મોટા પ્રમાણમાં હતું. આ પીસીઆર પરીક્ષણે બતાવ્યું કે પ્રારંભિક અઠવાડિયાના હોના ચેપગ્રસ્ત દર્દીઓના લોહીમાં કરોડો વિષાણુઓ ભ્રમણ કરી રહ્યા હતા – બ્હેકી ગયેલા એઈડ્ઝના કેસમાં હોય તેટલા જ ! થોડા સમયમાં જ વિષાણુઓની સંખ્યા એટલી બધી તો ઘટી ગઈ કે તેઓને જોઈ પણ ન શકાય. દર્દીઓ સાજાસારા થઈ ગયા. આવું નિરીક્ષણ કરનાર હો માત્ર એક જ વિજ્ઞાની હતો. બીજી ટુકડી જ્યૉર્જ શૉની રાહબરી નીચે કામ કરી રહી હતી. તેનું નિરીક્ષણ પણ હોના જેવું જ હતું. હોની કારકિર્દીના એક નવા જ તબક્કાનો પ્રારંભ થયો. આઈરેને ડાયમન્ડ નામના એક ભલા માણસે ન્યૂ યોર્કમાં એઈડ્ઝનું સંશોધન કેન્દ્ર સ્થાપવાનું નક્કી કર્યું અને હોને તેના નિયામક તરીકે પસંદ કર્યો. હો અને શૉ બંનેએ એમ સાબિત કર્યું હતું કે ચેપની શરૂઆતનાં થોડાં અઠવાડિયાં દરમિયાન વાઈરસનું સ્તર ઊંચું રહેતું હતું. એ બંનેએ એમ પણ બતાવ્યું કે એઈડ્ઝની પાછળની અવસ્થામાં માની ન શકાય એટલા બધા વાઈરસ હતા. તો પછી સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થાય કે વચ્ચેનાં વરસો દરમિયાન દર્દી સાજોનરવો દેખાતો હોય ત્યારે શી પ્રક્રિયા ચાલી રહી હોઈ શકે ? હોને શંકા પડી કે આ પ્રશ્નનો જવાબ એચઆઈવી પૉઝિટિવ હોય તેવા દર્દીઓની દાક્તરો જે રીતે સારવાર કરતા હતા તેમાં વળાંક પણ લાવી શકે. લોહી-પરીક્ષણ દર્શાવતાં હતાં કે વચગાળાનાં વરસો દરમિયાન વાઈરસની સંખ્યા શૂન્ય રહેતી હતી. પણ સમય જતાં તે ક્રમશઃ વધતી જતી હતી. હો અને શૉ બંને સમજતા હતા કે એચઆઈવીની દુનિયામાં શૂન્ય એટલે શૂન્ય જ નહીં.

વાઈરસ કદાચ લિમ્ફ નોડ્ઝ (Lymph Nodes)-શરીરમાંના પ્રવાહીમાંની ગાંઠ – પાછળ સંતાઈ રહેતા હોય અને તે દરરોજ હજારોની સંખ્યામાં વધતા જતા હોય. જ્યાં સુધી રોગપ્રતિકારક તંત્ર તે ચેપી કણો જે ઝડપે વધે તે ઝડપે તેને સાફ કરી નાખતા હોય ત્યાં સુધી લોહીપરીક્ષણ વાઈરસની સંખ્યામાં વધારો દર્શાવે નહીં. પણ આમ કરતાં રોગપ્રતિકારક શક્તિ થાકી જાય. હો અને શૉ બંને આમ વિચારતા. એચઆઈવીની ઝડપી વૃદ્ધિને રોકતી રોગપ્રતિકારક શક્તિ સચેત બનતી રહે. તો પછી એચઆઈવીની આ વધતી જતી સંખ્યાને કેમ રોકવી ? AZT એમ કરવા માટે પૂરતું સક્ષમ ન હતું. દવા બનાવતી કંપનીઓનું લક્ષ્ય હવે પ્રોટીએઝ નામના નવા જ પ્રકારના પદાર્થ તરફ દોરાયું હતું. 'પ્રોટીએઝ' દવાનું સૂત્ર બનાવવામાં કેટલાંક વર્ષો નીકળી ગયાં. આખરે ૧૯૪૪ની સાલમાં કસનળીમાં સારાં પરિણામો આવવા માંડ્યાં. તેઓ વિષાણુઓ સામે કામયાબ નીવડતા હતા. જ્યાં એઝેડટી વિષાણુના ઉત્પાદનની ગતિને ધીમી પાડતું હતું ત્યાં આ 'પ્રોટીએઝ' તેના ઉત્પાદનને લગભગ સંભાળી લેતું હતું. પણ આ 'લગભગ' એ કાંઈ બસ ન હતું. નવી દવાઓ નિષ્ફળ થવા માંડી હતી. પણ હવે હો અને શૉએ પ્રયોગોમાં 'પુનશ્ચ હરિઃ ૐ' કરવાનું હતું. બંને પ્રયોગશાળાઓએ આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે હોડ બકી. હોએ વીસ સ્વયંસેવકો પસંદ કર્યા કે જેમના 'ટી-સેલ્સ'માં ૧ C.C. લોહીમાં સામાન્ય ૧૦૦૦ સેલથી ઘટીને ફક્ત ૫૦૦ સેલ સુધી ઘટ્યા હતા. અદ્યતન PCR પરીક્ષણે બતાવ્યું કે ૧ C.C. લોહીમાં આશરે એક લાખની સંખ્યાએ તે સ્થિર થઈ જતા હતા. એબટ લેબોરેટરીઝે વિકસાવેલી એક નવી જ 'પ્રોટીએઝ' વડે શૉએ તેના દર્દીઓની સારવાર કરવાનું શરૂ કર્યું. આશા રાખવામાં આવી હતી તે પ્રમાણે જ દર્દીના લોહીમાંથી વાઈરસ અદૃશ્ય થઈ ગયા. પણ પછી તો જે કાંઈ બન્યું તેને માટે કોઈ તૈયાર ન હતા. પ્રાથમિક ગણતરીએ દર્શાવ્યું કે રોગપ્રતિકારક શક્તિ એકદમ પાછી પડવા માંડી હતી અને રોજબરોજ અબજોના પ્રમાણમાં વાઈરસની સંખ્યા વધ્યે જતી હતી. આશ્ચર્ય તો એ બન્યું કે તે શક્તિ પડી ભાંગી. મરણનું પ્રમાણ વધવા માંડ્યું અને તે લાંબો વખત ચાલ્યું. હો અને શૉએ આનો જવાબ આપવા ૧૯૯૫ના

'નેચર'ના દરેક અંકમાં લેખો આપવા માંડ્યા. એઈડ્ઝનું ચિત્ર એકાએક પલટાઈ ગયું. ડૉક્ટરોએ વિચાર્યું કે ચેપના પ્રાથમિક તબક્કામાં વાઈરસ ખૂબ સક્રિય ન હોય તેથી તેની સંખ્યાને સ્થિર રાખવા માટે સારવારમાં વિલંબ કરવો જોઈએ અને તેમને તેમના વિનાશમાંથી બચાવી લેવા જોઈએ. હવે એટલું તો સ્પષ્ટ થયું કે રોગપ્રતિકારક તંત્રને પ્રારંભથી જ સહાય મળવી જોઈએ. હર્શ અને બીજા વિષાણુજ્ઞોએ આ બાબતમાં કેન્સર પરના ચાલી રહેલા સંશોધનમાંથી પ્રેરણા મેળવવા વિચાર્યું. કેન્સરની સારવારમાં અમુક ચોક્કસ દવા આપતાં જેમ કેટલાક પ્રાથમિક સેલ બચી જઈને પ્રાણઘાતક ગાંઠ સુધી વિકસતા તે રીતે જ એઈડ્ઝમાં બનતું અને એચઆઈવીમાં ઔષધિ પ્રતિકારક શક્તિ વધતી.

'પ્રોટીએઝ' હવે તો મળતી હોવાથી દાક્તરો તેના ટેકારૂપ AZT અને 3TC નામનાં ઔષધો તેની સાથે ભેગાં કરવા આતુર બન્યા. 'લોસ અલમોસ નેશનલ લેબોરેટરી'ના એલન પેરેલસને સૂચવ્યું કે આ ત્રિવિધ દવાના ઉપચાર સામે ઝઝૂમવાનું એચઆઈવી માટે મોંઘું પડી જશે. તેણે ૧૦ કરોડે ૧નું પ્રમાણ મૂક્યું. આ અજમાયશ કરવા જેવી હતી. એચઆઈવીના ઇતિહાસમાં આ વ્યૂહ કામયાબ બને તેમ લાગ્યું. આ ઉપચાર અજમાવતાં દસે સાત પુરુષોમાં સુધારો જણાયો. લોહીપરીક્ષણે દર્શાવ્યું કે જોઈ પણ ન શકાય તેટલી હદ સુધી વિષાણુઓ ઘટી ગયા હતા. ફેફસાં, આંતરડાં અને મગજમાં ભરાઈ બેઠેલ પ્રાણઘાતક ફૂગ અને જીવાણુ સામે ઝઝૂમતા રોગપ્રતિકારક તંત્રને તેની યાતનામાંથી રાહત મળી. તાવના ઊથલા અટકી ગયા અને શક્તિ પાછી આવી. થોડાક પ્રમાણમાં પણ એઈડ્ઝના દર્દીઓમાં વાઈરસ કાબૂમાં આવતાં રોગપ્રતિકારક તંત્રનું વધારે સારી રીતે પુનર્નિમાણ કેમ કરવું તે વૈજ્ઞાનિકો વિચારવા લાગ્યા. દસકા સુધી એચઆઈવી સામે ઝઝૂમતા શરીરનું રક્ષણાત્મક અનામત દળ સંપૂર્ણપણે વપરાઈ ગયું હતું અને હવે અંદરથી તે પુનર્જીવિત કરી શકાય તેમ ન હતું. નરવા થતાં દર્દીઓના શરીરમાં આવા પ્રતિકારક કોષોના બીજારોપણ માટે સંશોધકોએ પ્રયોગશાળામાં પુનર્રોપિત કરવા માટેના કોષ-બીજોને ઉછેરવાનું આયોજન કર્યું. આ દવાનાં મિશ્રણોની સારવારના આગમન પહેલાં કોઈએ આવા ઉગાર પ્રયત્નોનો ખ્યાલ ન કર્યો હોત, કારણ કે અનિયંત્રિત વાઈરસે નવા બીજનો ઝડપથી નાશ કર્યો હોત. આમ તો બધું આશાસ્પદ ભાસતું હતું, તેમ છતાં વિજ્ઞાનીઓએ એવો દાવો કેમ ન કર્યો કે તેઓ એઈડ્ઝના નિવારણને આંબી શક્યા હતા ? એટલા માટે જ હોએ વાનકુવરમાં પણ રોગની પાછલી અવસ્થાએ પણ એઈડ્ઝને નાથી શકવાનો'દાવો કર્યો ન હતો. સંશોધકો જાણતા હતા કે વર્ષોના ચેપ બાદ શરીરની અંદરના ભાગમાં એક પણ જગ્યા એવી ન હતી કે જેને વાઈરસ ભેદી ન શક્યા હોય. વધારે સારી રીત તો લોહીના પ્રવાહમાંથી એચઆઈવીને સાફ કરવા કરતાં તેમાંથી ઉગારનો માર્ગ શોધવો.

લિમ્ફ નોડ્ઝ, મગજ, કરોડરજ્જુનું પ્રવાહી અને પુરુષના વૃષણ જેવી વાઈરસના છુપાવાના સ્થળેથી તેમને હટાવી દેવા આજની મિશ્રણ ઉપચાર પદ્ધતિ કારગત નીવડે છે પણ તે વૃષણ અને મગજ સુધી બરાબર પહોંચી શકતી નથી. તેથી દર્દીઓએ તેમનું શેષ જીવન આ પદ્ધતિ પર નિભાવવું પડે. અને તેઓએ ઝાડા, થાક, પથરી અને યકૃતની હાનિ જેવી આડઅસરોને સહન કરવાની તૈયારી રાખવી જોઈએ. તેઓ હજી રોગગ્રસ્ત જ છે અને તેમનું રોગપ્રતિકારક તંત્ર ગમે ત્યારે ભાંગી પડી શકે એ તેમણે ભૂલવું ન જોઈએ. તો પછી શું એઈડ્ઝના દર્દીએ આ ઉપચાર કરતાં કરતાં જ મૃત્યુની પ્રતીક્ષા કરવાની ? આમાંથી રસ્તો શોધવા માટે હો અને તેની ટુકડીએ ચેપની પ્રારંભિક દશાવાળા બે ડઝન દર્દીઓની ભરતી કરી અને તેમને આ મિશ્ર ઔષધ પરની સારવાર હેઠળ મૂક્યા. સારવાર પહેલાં આ ત્રણે તંદુરસ્ત લાગતા હતા અને વાઈરસ કરતાં દવાની આડઅસરની બીમારી તેઓને વર્તાતી હતી. ઊબકા અને આંચકીની આડઅસર સહન ન થતાં આમાંના ત્રણ દર્દીઓ તો પીછેહઠ કરી ગયા. કેટલાકને એક વરસ કરતાં પણ વધારે સમય માટે સારવાર નીચે રાખવામાં આવ્યા. તેઓમાંના કોઈમાં એચઆઈવીનો અંશમાત્ર દેખાતો ન હતો, પણ આ રોગમાં શૂન્ય વાસ્તવમાં શૂન્ય નહીં એ વાત હો બરોબર સમજતા હતા. તે અને માર્કોવીટ્ લિમ્ફ ટિશ્યુ, વીર્ય અને કરોડરજ્જુના પ્રવાહીમાં જથ્થાબંધ વાઈરસને શોધવા મથી રહ્યા હતા. હોએ સફળતાના ભાવિને આશાસ્પદ માન્યું, એમ ધારીને કે મિશ્રણની ઉપચારપદ્ધતિ બે કે ત્રણ વરસમાં જ ગાણિતિક આલેખ પ્રમાણે શરીરની અંદરના તમામ વાઈરસને બાળી નાખશે. સારવાર એટલી તો વહેલી શરૂ થતી કે રોગપ્રતિકારક તંત્રે ગુમાવેલ રક્ષક કોષોને સ્થાને નવા કોષોને ગોઠવી શકે. તેમ છતાં બીક તો એ હતી કે રક્તાવરણમાં ઘૂસી ગયેલા વિષાણુપક્ષી dnaના નામે ઓળખાતા વાઈરસના થોડાક કણોને ભારેમાં ભારે દવા પણ આંબી ન શકે. હોએ આ માહિતી વિષેનો અભ્યાસ કરીને વાઈરસો પુનિર્જીવિત થાય એ બીકને ખોટી માની.

આમાંથી તોડ કાઢવા માટે દવાઓ આપવાનું બંધ કરીને વાઈરસ પુનર્જીવિત થાય છે કે કેમ એ જોવું જોઈએ. હોનો કોઈ દર્દી આ દવા બંધ કરવાની વાત સાથે સંમત થયો નહીં. પણ દાક્તરોએ તેમને જણાવ્યું કે પરીક્ષણ દર્શાવે છે કે તેમના લિમ્ફ, વીર્ય, કરોડરજ્જુના પ્રવાહી કે શરીરમાં બીજી કોઈ જગ્યાએ વાઈરસનો કોઈ પુરાવો નથી ત્યારે એક દર્દી એક કે બે વર્ષ પછી દવા બંધ કરવાની વાત સાથે સંમત થયો. તે આમ કહે છે ત્યારે

(અનુસંધાન પૃ. ૨૬૦ ઉપર)


ઈન્ટરનેટ

પ્રહ્‌લાદ છ. પટેલ

આજનો સમાજ અને સમય માહિતીનો છે. વિવિધક્ષેત્રે માહિતી સ્રોત અને શક્તિ પુરવાર થતી જાય છે. એક એવો સમય હતો જ્યારે માહિતી મેળવવાનું કામ અત્યંત મુશ્કેલ હતું. આજે તો વ્યક્તિથી કમ્પ્યૂટર અને મોડેમ જેટલાં દૂર એટલી દૂર માહિતી. કોઈ ઇન્ટરનેટ સાથે સંકળાયેલા હોય તો કમ્પ્યૂટરના કીબોર્ડ (ટાઈપરાઈટના આંકડા અને અક્ષરોની ગોઠવણી જેવી વ્યવસ્થા) ઉપર આંગળી મૂકતાંની સાથે પડદા ઉપર માહિતી!

ઇન્ટરનેટ એટલે કેબલો તથા ટેલિફોન દ્વારા લોકોમાં કમ્પ્યૂટરોનું વિશ્વવ્યાપક જોડાણ. આવા જોડાણ મારફતે બધા સમજી શકે તેવી ભાષામાં સમાચારો અને માહિતીની આપ-લે કરવામાં આવે છે. કમ્પ્યૂટરધારક પાસે બધી વ્યવસ્થાઓ હોય તો ઘેર બેઠે દુનિયાના દૂરદરાજના વિસ્તારોમાંથી માહિતી મળી રહે છે. ટૂંકમાં, ઇન્ટરનેટ એટલે કમ્પ્યૂટરોનું વ્યાપક નેટવર્ક. શરૂઆતમાં આવું નેટવર્ક સ્થાનિક નાના અને મોટા વિસ્તાર પૂરતું મર્યાદિત હતું. ત્યાર બાદ આવા નાના અને મોટા વિસ્તારોના નેટવર્કનું અંદરોઅંદર દેશવ્યાપી જોડાણ કરવામાં આવે છે. આવા સંયુક્ત નેટવર્કને મોટા માહિતીસભર નેટવર્ક જેવાં કે BRPANET ASFNET NASA NITNET Decnet સાથે વૈશ્વિક ધોરણે જોડી દેવામાં આવે છે. અલબત્ત, આ બધાને ઇલેક્ટ્રોનિક પ્રયુક્તિઓ દ્વારા જોડવામાં આવે છે, જે ઉપભોક્તાની ભાષાને યંત્રની ભાષામાં અને યંત્રની ભાષાને ઉપભોક્તાની ભાષામાં રૂપાંતરિત કરે છે અને તે સાથે સંચારણને લગતી કેટલીક કાર્યવિધિઓ કરે છે. ઇન્ટરનેટ સાથે કેવી રીતે સંપર્ક કરવો તે માટેનું ચિત્રણ આકૃતિ-૧માં આપેલું છે.


[ઇન્ટરનેટ સાથે જોડાણ કરવાની રીત]



Compu Serve (CIS), MCI Mail અને America Online વ્યાપારી હેતુઓ માટેનાં ઇન્ટરનેટ છે. તે રીતે માત્ર સંશોધન કે અન્ય હેતુઓ માટે પણ તે હોઈ શકે છે. જેમ ટેલિવિઝન ઉપર રમત, સંગીત, સિનેમા માટે અલગ અલગ ચેનલ હોય છે તેમ ઇન્ટરનેટ માટે હોય છે અર્થાત્ આવા ઇન્ટરનેટ કંપનીઓ ધરાવે છે અને તેના ઉપયોગ માટે ઉપભોક્તા પાસેથી ખર્ચા માગી લે છે.

કમ્પ્યૂટર નેટવર્ક વડે માહિતીના સ્રોતમાંથી ભાગ પડાવવાનો હોય છે. માહિતીની ફાઈલ હોય છે અને કમ્પ્યૂટરની અંદર બધાં જ સોફ્ટવેર (સૂચનાઓ અને હુકમોની યાદી) સંસાધનો ફાઈલ સ્વરૂપે હોય છે. આ રીતે માહિતી એકથી બીજા કમ્પ્યૂટરમાં મોકલવાની કાર્યવાહી થતી હોય છે. આ માટે અંતિમ મુકામનું સરનામું અને માહિતીને ઇલેક્ટ્રોનિક સંકેત સ્વરૂપે મોકલવાની સલામત સુવિધા આવશ્યક છે.

માહિતીની સહીસલામત આપ-



[ઇન્ટરનેટની કામગીરી]

લે કરવા માટે ઇન્ટરનેટ ઉપર કેટલાંક નિયંત્રણો હોય છે. એક તો પ્રસારણ નિયંત્રણ શિષ્ટાચાર (Transmission Control Protocol-TCP) વિભાગ અને બીજું ઇન્ટરનેટ શિષ્ટાચાર (Internet Protocol-IP) વિભાગની જોગવાઈ કરેલી હોય છે. આ બંને નિયમોને સંયુક્ત રીતે TCP/IP કહે છે. જ્યારે જથ્થાબંધ માહિતી બીજા યંત્ર ઉપર મોકલવામાં આવે છે ત્યારે TCP સમગ્ર માહિતીનું નાના પૅકેટમાં વિભાજન કરે છે. આ સાથ TCP પૅકેટના સ્થાન, ક્ષતિસુધારો, સંકેત વગેરે જરૂરી માહિતીઓ ઉમેરે પણ છે. જેથી કરીને પૅકેટ અંતિમ મુકામ પર કોઈ પણ જાતની હાનિ વિના પહોંચે છે અને તેમાં એવું પણ નથી કે બધાં પૅકેટ એક જ માર્ગે અંતિમ મુકામ ઉપર પહોંચે છે. રાઉટર (router) નામનું યંત્ર નેટવર્ક ઉપરના જુદા જુદા માર્ગો દ્વારા માહિતી-પૅકેટ મોકલીને કાર્યભારને સમતોલે છે.

ઇન્ટરનેટ ઉપર કંઈ પણ કાર્યવાહી કરવા માટે સરનામું તો જોઈએ જ. TCP/IPનો IP (ઇન્ટરનેટ શિષ્ટાચાર) વિભાગ કમ્પ્યૂટરોને સરનામું આપવાની સંપૂર્ણ કાર્યવિધિ કરે છે. ઇન્ટરનેટ ઉપર સરનામાં માટે બે તબક્કા છે. એક તો વ્યક્તિ સમજી શકે તેવી શબ્દવાળી ભાષા અને બીજું યંત્ર સમજે તેવી સંખ્યાત્મ ભાષા.

બૅન્કમાં જેમ નાણાકીય વ્યવહાર કરવા માટે વ્યક્તિને ખાતા નંબર આપવામાં આવે છે, તેમ ઇન્ટરનેટ ઉપર ઉપભોક્તા વ્યક્તિએ પોતાના નામ સાથે અલગ અંગત નંબર મેળવવો પડે છે. વ્યક્તિના કમ્પ્યૂટરમાં લૉગિંગ કરવાથી ઇન્ટરનેટ સાથે સંબંધ જોડાય છે. એક જ કમ્પ્યૂટર ઉપર ઘણા લોકોના નંબર આપીને કમ્પ્યૂટર સાથે વ્યવહાર ચાલુ કરવાની પ્રક્રિયાને લૉગિંગ કહે છે.

ખાસ સ્થાન ઉપર રાખેલ અલગ અલગ યંત્રને યજમાન યંત્ર કહે છે. ઇન્ટરનેટનો ઉપયોગ કરનાર આવા યંત્રના સ્રોતનો ઉપયોગ કરે છે. યજમાન યંત્ર અને સ્થાનિક નેટવર્કના જોડાણથી ક્ષેત્ર અથવા વિસ્તાર (domain) તૈયાર થાય છે. આવા નાના વિસ્તારોનાં જોડાણોથી મોટો વિસ્તાર બને છે. કોઈએક મકાનમાં કમ્પ્યૂટર હોય તો તે વ્યક્તિગત ગણાય અને સમગ્ર સંકુલ ખાતે માહિતીસજ્જ કમ્પ્યૂટરને યજમાન કહે છે. વિસ્તાર તરીકે મકાનોનું સંકુલ, શહેર, રાજ્ય કે રાષ્ટ્ર હોઈ શકે છે. NASA અથવા Compu Serve જેવાં સંગઠનો પેટા-વિસ્તાર ગણાય. ભારત INના નામે ઓળખાતા મોટા વિસ્તારના તાબામાં આવે છે. Serversના નામે ઓળખાતા કમ્પ્યૂટરમાં ઇન્ટરનેટનો માહિતી-પાયો હોય છે. તે શબ્દમાં લખાયેલા સરનામાનું તુલ્ય સંખ્યામાં રૂપાંતર કરે છે.

ઇન્ટરનેટના સર્વોચ્ચ સ્થાને કોઈ વડો કે અધિકારી હોતો નથી. તેનું કેટલીય સત્તાઓ દ્વારા સંચાલન થતું હોય છે. ઇન્ટરનેટની આખરી સત્તા ઇન્ટરનેટ સોસાયટી (ISOC) પાસે હોય છે. આ સંસ્થા સ્વૈચ્છિક સભ્યોનું સંગઠન છે. આ સંસ્થાનો હેતુ વૈશ્વિક સ્તરે માહિતીની આપ-લે કરવાનો છે. બીજી સત્તા આમંત્રિત સ્વૈચ્છિક કાર્યકરોના જૂથ પાસે હોય છે. આવા જૂથને ઇન્ટરનેટ નિર્માણકલાશાસ્ત્ર સમિતિ (Internet Architecture Board-IAB) કહે છે. IABમાં વિજ્ઞાની અને ઇજનેર સલાહકારો હોય છે, જે ઇન્ટરનેટને નડતી યાંત્રિક કામગીરીને લગતી સમસ્યાઓના ઉકેલ માટે તૈયાર હોય છે. આવા જૂથને ઇન્ટરનેટ ઇજનેરી કર્તવ્ય શક્તિદળ (Internet Engineering Tast Force-IETF) કહે છે. આમ, ઇન્ટરનેટની સત્તાઓ વિકેન્દ્રિત થયેલી હોય છે. જુદાં જુદાં જૂથ જુદાં જુદાં કાર્યક્ષેત્ર સંભાળે છે.

નિયત કરેલી રકમ લવાજમ પેટે ભરીને ઇન્ટરનેટનું સભ્યપદ મેળવવાનું રહે છે. આથી ઇન્ટરનેટનો ઉપયોગ કરનાર બધા જ તેનો ખર્ચ ઉપાડે છે. આજે તો ઇન્ટરનેટનો ઉપયોગ વ્યાપારી ધોરણે શરૂ થયો છે પણ તેનો ઉપયોગ ગમે તે હેતુ માટે થઈ શકે છે. ઇન્ટરનેટનો ઉપયોગ કરવા માટે મૉડેમ અને ટેલિફોનનો ઉપયોગ કરવામાં આવે છે. મૉડેમ (Modem) એ Modulation (અધિમિશ્રણ સમાવર્તન) અને demodulation (પ્રતિસમાવર્તન)નું ટૂંકું રૂપ છે. મૉડેમ એવી પ્રયુક્તિ છે જે દ્વારા એક પ્રકારના ખાસ સાધન વડે સંકેતનું એવી રીતે રૂપાંતર કરવામાં આવે છે કે જેથી તેનો યોગ્ય રીતે બીજા સાધનમાં ઉપયોગ કરી શકાય. મૉડેમ અને ટેલિફોન દ્વારા યજમાન યંત્ર સાથે જોડાણ કરવામાં આવે છે. આ જોડાણ થયા પછી દૂરસંચાર સૉફ્ટવેર ઇન્ટરનેટ યજમાન સાથે જોડાણની પરવાનગી આપે છે. ઈ-મેલ (Electronic mail), ઇન્ટરનેટ અને ફૅક્સ માટે મૉડેમ અનિવાર્ય ઘટક છે. ટેલિફોન નંબરની જેમ આ બધાના નંબરો મેળવવા પડે છે અને તે માટે આનુષંગિક સંસ્થાઓના સભ્ય બનવું પડે છે.

ત્યાર બાદ આવે છે SLIP (Serial Line Internet Protocol) અથવા PPP (Point to Point Protocol). આ ઇન્ટરનેટનું ભૌતિક અંગ છે. આ સાથે મૉડેમ અને યજમાન યંત્રનો ઉપયોગ તો કરવાનો રહે જ છે. યજમાન યંત્ર સાથેનું જોડાણ TCP/IP પૅકેટને આપણા કમ્પ્યૂટર ઉપર મોકલી આપે છે. આપણા

કમ્પ્યૂટરનો આ બધા સાથે તાલ મળવો જોઈએ. આવા જોડાણને એવા મોડેમની જરૂર પડે છે જે દર સેકન્ડે ઓછામાં ઓછા ૯૬૦૦ બિટ્સ (BITS) મોકલી શકે છે. આલેખી કાર્યક્રમ હોય તો દર સેકન્ડે ૧૪,૪૦૦ બિટ્સવાળું મોડેમ જરૂરી છે. આપણી પાસે ગમે તે પ્રકારનું જોડાણ હોય તે છતાં ઘણા બધા ઉપભોક્તા વડે વપરાતા યજમાન યંત્ર ઉપર આપણા કમ્પ્યૂટરનો નંબર હોવો જ જોઈએ. આ નંબર જ ઈન્ટરનેટ સુધીનો માર્ગ મોકળો કરી આપે છે. ત્યાર બાદ આપણું નામ, નંબર અને સંકેત-શબ્દ (Password) આપવાનો રહે છે. આ બધી સળંગ ક્રિયાને લૉગિંગ કહે છે.

ઈન્ટરનેટ ઉપરથી સંશોધન માહિતી પ્રસિદ્ધ થતાં વિસ્તારવ્યાપી માહિતીતંત્ર ઊભું કરી શકાય છે; શિક્ષણ અને જાહેરાતો આપી શકાય છે, પ્રશિષ્ટ કૃતિઓ અને સામયિકોની ઈલેક્ટ્રૉનિક માહિતી મળી રહે છે તથા દૂર દૂર અતિ અલ્પ સમયમાં સંદેશા મોકલી શકાય છે, વગેરે વગેરે...

ઈન્ટરનેટનાં સાધનો અને સેવા મહત્ત્વની બાબત છે. ટેલનેટ (Telnet) એ એવું એક સાધન છે જે દૂરના કમ્પ્યૂટર સાથે લૉગિંગની સુવિધા પૂરી પાડે છે, અથવા તો દૂરના યંત્ર સાથે જોડાણ કરી આપે છે. તેની મારફતે જાહેર સેવાઓ ઉપલબ્ધ થાય છે. ઈન્ટરનેટ ઉપર ફાઈલ તબદીલ કરવા માટે વપરાતા સાધનને ફાઈલ-તબદિલ શિષ્ટાચાર (File Transfer Protocol) FTP કહે છે. તેના વડે ઈન્ટરનેટ ઉપરની કોઈ પણ ફાઈલની નકલ કરી શકાય છે. ધારો કે કોઈ વ્યક્તિ યુનિવર્સિટીની કોઈ વિદ્યાશાખા સાથે સંકલાયેલ છે. તેને આ વિદ્યાશાખાનો નંબર (Faculty-1) આપવામાં આવે છે. તે વ્યક્તિ ઈન્ટરનેટની યજમાન બને છે. આ વ્યક્તિને બીજા દેશની શૈક્ષણિક શિષ્યવૃત્તિ મળે છે ત્યારે તેને તે દેશનો ઉપભોક્તા નંબર પણ મળે છે. આ નંબર વડે તે અન્ય સાથીદારો સાથે સંપર્ક કરીને ઘેર બેઠાં માહિતી મેળવી શકે છે. આ રીતે ટેબનેટનો ઉપયોગ કરીને વ્યક્તિ પોતાના દેશમાં જ રહીને પરદેશમાંથી મળેલા નંબર ઉપર લૉગિંગ કરી શકે છે.

ઈન્ટરનેટ દ્વારા યુઝનેટ (usenet) સમાચાર જૂથનો ઉપયોગ કરીને માહિતી મેળવાય છે. સમાન ઈરાદા ધરાવતા લોકોનું આ જૂથ છે. જે વારસાઓની બાબતોથી માંડીને વર્તમાન બાબતો સુધી રસ ધરાવે છે. આમ તો યુઝનેટ એ લોકો અને કમ્પ્યૂટરનું વિશાળ જોડાણ છે, જેને ઈન્ટરનેટ સાથે સાંકળી લેવામાં આવે છે. યુઝનેટ વારંવાર પુછાતા સવાલો (Frequently Asked Questions) FAQ જેવો મહત્ત્વનો સ્રોત પૂરો પાડે છે. FAQ ફાઈલનો પાઠ અથવા યુઝનેટનાં અધિકરણો ધરાવે છે. FAQમાં પ્રથમ સવાલો અને પછી જવાબોની લાંબી હારમાળા હોય છે, તે જાહેર દફતર તરીકે પણ કાર્ય કરે છે.

ઈન્ટરનેટ માહિતીઓનો ધોધ છે, નેટવર્કનું નેટવર્ક છે. ઈન્ટરનેટ તેની લોકપ્રિયતાને કારણે હવે સૉફ્ટવેરના વિકાસ માટે વૈશ્વિક સ્વરૂપ ધારણ કરે છે. આથી ઈન્ટરનેટની વધુ માહિતી માટે તો ઈન્ટરનેટનો જ સંપર્ક સાધવો પડે તેમ છે.

ભારતમાં દિલ્હી, કલકત્તા, ચેન્નાઈ, મુંબઈ, હૈદરાબાદ અને અમદાવાદ ખાતે ઈન્ટરનેટની સેવાઓ ઉપલબ્ધ છે. ટેલિફોનના મધ્યસ્થ એક્ષચેન્જની જેમ, અમદાવાદમાં સી.જી. રોડ ઉપર એક સ્થળે કમ્પ્યૂટરોની ગોઠવણ કરેલી છે. આ કમ્પ્યૂટર - એક્ષચેન્જ સાથે કોઈ પણ વ્યક્તિ પોતાના અંગત કમ્પ્યૂટરનું જોડાણ, ઈન્ટરનેટની વ્યવસ્થા અને નિયમો મુજબ, કરી શકે છે. સી.જી. રોડ ઉપરનું આ કમ્પ્યૂટર એક્ષચેન્જ સંદેશો ઉપગ્રહ ઉપર મોકલી આપે છે. ધારો કે અમદાવાદવાસીને અમેરિકામાં રહેતી કોઈ વ્યક્તિનો ટેલિફોન નંબર જોઈએ છે. તો ઉપગ્રહ આ સંદેશો અમેરિકાના કમ્પ્યૂટર એક્ષચેન્જને મોકલી, માહિતી મેળવી અને તે સંદેશો સી.જી. રોડના કમ્પ્યૂટર એક્ષચેન્જને મોકલી આપે છે, જે વ્યક્તિના કમ્પ્યૂટર ઉપર મોકલી શકાય છે. આ બધી ક્રિયાવિધિ માત્ર થોડીક સેકન્ડમાં પૂરી થાય છે. અલભ્ય ને જટિલ માહિતી માટે ઈન્ટરનેટ સાચે જ ઉપકારક છે.

અનુસંધાન] ડૉ. ડેવિડ હો [પૃ. ૨૫૭થી

હવે આપણને થોડાક જ સમયમાં જાણવા મળશે કે વાઈરસનું પુનરાગમન થયું છે કે તેઓએ કાયમની વિદાય લીધી છે? કદાચ વાઈરસનું પુનરાગમન થાય તો પણ આ મિશ્રણની ઉપચારપદ્ધતિ સદંતરપણે નિષ્ફળ ગઈ છે એમ માનવું જરૂરી નથી. એમ પણ બને કે દવાના અંશો બદલવાથી વાઈરસને સંપૂર્ણપણે નાબૂદ કરી શકાય. પહેલાંની વચ્ચેની અજમાયશમાં હોએ તો ચાર ઔષધોનું મિશ્રણ આપવાનું શરૂ કર્યું હતું અને તેણે ઔષધોના પ્રયોગનો એક એવો રાહ અપનાવ્યો હતો કે જે મગજ અને વૃષણને વધારે સારી રીતે ભેદી શકે. વ્યાધિના આખરી તબક્કામાં પણ આ દવા ઉપયોગી થઈ શકે. અસરકારક સારવાર અને ચેપને ડામવાની શોધ માટે તો દિલ્હી હજી ઘણું દૂર છે. એચઆઈવીના હુમલાઓમાં રોગપ્રતિકારક તંત્રને અચળ બનાવે તેવી 'જેન' (gene) ઉપચારપદ્ધતિ માટે વિજ્ઞાનીઓ ખૂબ આશા ધરાવે છે. ભવિષ્યમાં એચઆઈવી સામે ઢાલ તરીકે વપરાય તેવા 'કેમોકિન્સ' નામે ઓળખાતા અણુદળ પરની સંશોધકોની વિચારસરણી પણ આશાસ્પદ છે. હો જેવા બીજા વિજ્ઞાનીઓ રસીના સંશોધન માટે વધારે મક્કમ છે. આ રોગને હટાવવામાં હજારો વિજ્ઞાનીઓ અને દાક્તરોનો સહિયારો પ્રયત્ન છે. બાકીની મુશ્કેલીઓને પાર કરવા માટે વધારે સહકાર અને વધારે નાણાભંડોળના સહયોગની જરૂર છે. પણ એઈડ્ઝના વાઈરસ અજેય નથી એવી એક દસકા સુધી દુનિયાને માથે ઝળૂંબતી નિરાશાનો હવે અંત આવ્યો છે. ☐

(સંકલિત)

તારીખિયાની તવારીખ [૨]

પ્રફુલ્લ એ. પરીખ

હિબ્રૂ-જ્યૂઇશ કૅલેન્ડર

ઇઝરાઈલ અસલ તો ઈસુની કર્મ અને ધર્મભૂમિ પેલેસ્ટાઈનનો જ એક ભાગ હતું અને તેથી જ તેને 'બાઈબલની ભૂમિ' (Land of the Bible) કહેવામાં આવે છે. લગભગ ૪૦૦૦ વર્ષ પહેલાં સંસ્કૃતિ અહીંથી જ પાંગરી હતી અને વિશ્વના ત્રણ મોટા ધર્મો ખ્રિસ્તી, ઇસ્લામ અને યહૂદી અહીંથી જ ઉદ્ભવ્યા હતા. આજે પણ આ પ્રદેશમાં એમનાં પવિત્ર સ્થાનો આવેલાં છે.

એશિયા, આફ્રિકા અને યુરોપ તેમજ લેબેનોન, પૂર્વ જોર્ડન અને ઇજિપ્તની મધ્યમાં અને ભૂમધ્ય સમુદ્ર પાસે આવેલું ઇઝરાઈલ રાજ્ય વિસ્તારમાં ગુજરાત રાજ્યથી અર્ધું પણ નથી અને વસ્તીમાં અમદાવાદ શહેર કરતાં ઓછું છે. એની આશરે ૫૫ લાખની વસ્તીમાં ૮૨ ટકા યહૂદીઓ અને બાકીના ૧૮ ટકામાં મુખ્યત્વે આરબ-મુસ્લિમો તથા જૂજ બીજા છે. ઇઝરાઈલનાં પડોશી આરબ-મુસ્લિમ રાજ્યો વિસ્તારમાં એનાથી અનેક ઘણાં મોટાં તેમજ લગભગ ૧૪/૧૫ કરોડની વસ્તી ધરાવતાં છે.

ઇઝરાઈલનો પોતાનો આગવો ઇતિહાસ છે. જે લગભગ ૩૦૦૦ વર્ષ ઉપરાંતની એમની પ્રજાની યાતનાઓ, કષ્ટો, દેશવટો, ખૂનામરકી, લડાઈઓ, ગુલામી અને પરદેશીઓના આધિપત્યની કરુણ કથાને આવરી લે છે. દુનિયાના ઇતિહાસમાં કોઈ પણ પ્રજાએ આટલા મોટા પ્રમાણમાં અને ઘણા લાંબા સમય સુધી દુ:ખો સહન કર્યાં હોય એવું જાણવા મળતું નથી. કુદરતે યહૂદી પ્રજાને તાવી-તાવીને અનેક અગ્નિપરીક્ષામાંથી પસાર કરી છેવટે ઇતિહાસમાં એમના દેશને ગૌરવવંતુ સ્થાન અપાવી વિશ્વનાં પ્રગતિશીલ રાજ્યોની હરોળમાં મૂકી દીધું. ઇઝરાઈલના ઇતિહાસની દેશ માટેની ફનાગીરીની એકએક ઘટના એમના ધર્મ ઉપરની અતૂટ શ્રદ્ધાની સાક્ષી પૂરે છે અને એમના કેલેન્ડર સાથે જાણે-અજાણે સંકળાયેલી છે અને તેથી જ પ્રથમ ઇઝરાઈલનો ટૂંકો ઇતિહાસ જાણવો જરૂરી છે.

ઇઝરાઈલ (પૅલેસ્ટાઈન)ની યહૂદી પ્રજાએ ઈ.સ. પૂર્વે ૧૪મી સદીમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. જે ઈ.સ. પૂર્વે ૧૦૨૧ સુધી એમની હકૂમત હેઠળ હતું. ઇઝરાઈલના રાજા ડૅવિડે જેરુસલેમને પોતાની રાજધાની બનાવી. ત્યાર પછી એના અનુગામી રાજા સૉલોમને સુવર્ણ મંદિર બનાવ્યું અને રાજ્યને મજબૂત કરી પ્રગતિશીલ બનાવ્યું. ઈ.સ. ૧૦મી સદીમાં ઇઝરાઈલનું રાજ્ય ઉત્તરમાં ઇઝરાઈલ અને દક્ષિણમાં જુડાહ એવા બે ભાગમાં વિભાજિત થયું. છેવટે આ બંને રાજ્યો ઉપર એસીરિયનોએ સત્તા જમાવી. ઈ.સ. પૂર્વે ૫૮૭માં જેરુસલેમનો વિનાશ કરવામાં આવ્યો. મંદિર તોડી નાખવામાં આવ્યું અને મોટા ભાગની યહૂદી પ્રજાને લંબોનિયનોએ બંદીવાન બનાવી હતી. ત્યાર પછી ૫૦ વર્ષે પર્શિયન રાજાઓએ યહૂદી પ્રજાને પોતાના માદરેવતન જવાની છૂટ આપી હતી.

આ અરસામાં પૅલેસ્ટાઈન ઉપર એલેક્ઝાન્ડરની સત્તા ઉપર ઇજિપ્ત અને સેલ્યુસિડ સામ્રાજ્યની સત્તા સ્થપાઈ ચૂકી હતી. જુડાસ મેક્કાબીઝોએ ત્યાર બાદ ઈ.સ. પૂર્વે ૧૪૧૫માં સેલ્યુસિડ સિરીયા સામે બળવો પોકાર્યો અને ઇઝરાયેલનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું, જે ઈ.સ. પૂર્વે ૬૫માં રોમનોએ જીતી લીધું. ફરીથી દેવળનો વિનાશ થયો. ઈ.સ. પૂર્વે ૧૩૫માં રોમન સત્તા સામે પ્રજાએ બળવો પોકાર્યો પછી યહૂદી પ્રજા દુનિયાનાં ઘણાં બધાં રાજ્યોમાં વેરવિખેર થઈ ગઈ. યહૂદીઓ ભારતમાં પણ ૨૦૦૦ વર્ષ પહેલાં કોચીનની આસપાસ સ્થાયી થયા. આજે એમની જૂજ વસ્તી ભારતમાં રહી છે.

પૅલેસ્ટાઈન ત્યાર બાદ બાયઝાન્ટાઈન સામ્રાજ્યનું ભાગ બન્યું અને ઈ.સ.ની ૭મી સદીમાં આરબ - મુસ્લિમોએ એ પ્રદેશ ઇસ્લામિક હકૂમત હેઠળ આણ્યો. ઈ.સ. ૧૨મી અને ૧૩મી સદીમાં ખ્રિસ્તી ધર્મયોદ્ધાઓએ (Crusaders) સત્તા જમાવી. ખ્રિસ્તી રાજ્યનો ઈ.સ. ૧૨૯૧માં અંત આવ્યો. ત્યાર બાદ પૅલેસ્ટાઈન મામલુકો (Mamelukes)ના તાબા નીચે દમાસ્કસના રાજ્યનો એક ભાગ બન્યું. આખરે ઈ.સ. ૧૫૬૪માં ઑટોમન તુર્કોએ ચારે બાજુ વિનાશ વેરી પૅલેસ્ટાઈનનો કબજો લીધો ત્યાંથી છેક ઈ.સ. ૧૯૧૭માં અંગ્રેજોએ પૅલેસ્ટાઈન લઈ લીધુ ત્યાં સુધી તેમનો રહ્યો.

હિબ્રૂ પ્રજાના મનોબળની ખરી કસોટી તો હવે થાય છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન નાઝી જર્મનીએ ૬૦ લાખ ઉપરાંત નિર્દોષ યહૂદી પ્રજાના મોટા વર્ગને 'કોન્સેન્ટ્રેશન કૅમ્પ્સ' - અગર ગૅસ ચૅમ્બરોમાં અનેક યાતનાઓ આપી રિબાવી રિબાવી મોતને ઘાટ ઉતારી દીધા. આધુનિક ઇતિહાસનું એ એક સૌથી કલંકિત અને અમાનુષી અત્યાચારનું કાળું પ્રકરણ છે.

દરમિયાન વિશ્વ ઝીઓનિષ્ટ સંઘ(Zionist)ની માતૃભૂમિની મુક્તિ કાજેની યહૂદી પ્રજાની ચળવળ જોર પકડતી ગઈ અને દેશવિદેશમાં વેરવિખેર પડેલા યહૂદીઓ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં માદરે વતન પાછા ફરવા લાગ્યા. યહૂદી પ્રજાએ એમની ઈશ્વર પરની અતૂટ શ્રદ્ધા, મજબૂત મનોબળ, પુરુષાર્થની અને વતનપરસ્તીની ઉત્કટ ભાવનાને લઈને ૧૪મી મે ૧૯૪૮ના રોજ

અંતે પોતાનું સ્વતંત્ર રાજ્ય અસ્તિત્વમાં આણ્યું.

હજી માંડ ઠરીને ઠામ બેસવાનો વારો આવ્યો ત્યાં તો નવજાત ઇઝરાયેલ રાજ્ય ઉપર પડોશી રાજ્યો તરફથી એના અસ્તિત્વને ભૂંસી નાખવા માટે હુમલા શરૂ થઈ ગયા. છેવટે ઈ.સ. ૧૯૬૭ના નિર્ણાયક અને ઐતિહાસિક યુદ્ધમાં ઇઝરાયેલ વિજયી નીવડ્યું અને એની પોતાની ભૂમિ કરતાં ત્રણ ગણી ભૂમિ જીતી લઈ પોતાની તાકાતનો પરચો બતાવ્યો. અને આ યશોગાથા ઇઝરાયેલના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થઈ ગઈ.

ઇઝરાયેલે આજે પોતાના પુરુષાર્થ વડે પહાડો, પથ્થરો, રણો અને વેરાન પ્રદેશોને નંદનવનમાં પલટી નાખી વિશ્વમાં પોતાનું આગવું સ્થાન સ્થાપ્યું છે.


હવે અનોખા દેશ ઇઝરાયેલ અને એની જવાંમર્દ પ્રજાનો રક્તરંજિત અને રોમાંચક ઇતિહાસ જાણ્યા પછી આપણે એના કેલેન્ડર વિષે જોઈએ.

પ્રાચીન કાળથી હિબ્રૂ કેલેન્ડર ચંદ્ર આધારિત હતું અને આજે પણ છે. દિવસની ગણતરી સાંજના ઘણે ભાગે સૂર્યાસ્તથી બીજા દિવસના સૂર્યાસ્ત સુધી કરવામાં આવે છે : આ સમયગાળાને અગાઉ સવાર, બપોર અને સાંજ એ રીતે ત્રણ ભાગમાં વિભાજિત કરવામાં આવે છે. પરંતુ યહૂદીઓના બાબિલોન દેશવટા દરમિયાન આ સમયગાળાને ૧૨ કલાકમાં વિભાજિત કરવાની પ્રથા અપનાવવામાં આવી છે.

અઠવાડિયાના સાત દિવસ ગણતરીમાં લેવાય છે. દુનિયામાં લગભગ બધે જ સાત દિવસનાં જુદાં જુદાં નિશ્ચિત નામ હોય છે, જેમ કે શનિવાર, રવિવાર, સોમવાર... વગેરે. હિબ્રૂ કેલેન્ડરમાં નામને બદલે પહેલો દિવસ, બીજો દિવસ, ત્રીજો દિવસ એમ સાત સુધીની સંખ્યા પ્રમાણે વાર ગણતરીમાં લેવાય છે. છેલ્લો સાતમો દિવસ, શનિવાર સાબ્બાથ (Sabbath) તરીકે ઓળખાય છે. હિબ્રૂ ભાષામાં સાબ્બાથનો અર્થ 'વિશ્રામ કરવો' - to rest, rest from labour, cessation - એવો થાય છે. યહૂદી પ્રજા ચુસ્ત ધાર્મિક પ્રજા છે અને એમની માન્યતા પ્રમાણે, 'ઈશ્વરે સૃષ્ટિનું સર્જન ૬ દિવસમાં કર્યું અને સાતમા દિવસે સંપૂર્ણ વિશ્રામ કર્યો.' આ માન્યતા એટલી બધી દૃઢ છે કે પરાપૂર્વથી અને આજે પણ ઇઝરાયેલમાં આ દિવસે, ધંધારોજગાર, વાહનવ્યવહાર, રાંધવાનું, ચૂલો-ગેસ સળગાવવાનું, લાવવા-લઈ જવાનું, લખવાનું, મુસાફરી કરવાનું વગેરે તમામ કામકાજ સંપૂર્ણ રીતે બંધ રાખવામાં આવે છે.

અઠવાડિયાના છઠ્ઠા દિવસે શુક્રવારની સાંજથી સાબ્બાથનો આરંભ થાય છે. ગૃહિણી સ્વચ્છ સુંદર વસ્ત્રો પહેરીને સાબ્બાથનો દીવો કરે છે, પ્રાર્થના કરે છે, ઈશ્વરને ધન્યવાદ આપે છે અને સર્વનું કલ્યાણ ઇચ્છે છે. સાબ્બાથના દિવસે પ્રભુભજન 'તોરા' અને 'તલમૂદ'નું વાચન, અધ્યયન અને તે અંગેની ચર્ચા કરીને બધો જ સમય શાંતિથી પસાર કરવામાં આવે છે. (તોરા - Torah અને તલમૂદ-Talmud યહૂદી પ્રજાના ધાર્મિક અને પવિત્ર ગ્રંથો છે.) યહૂદીઓ જે જે દેશોમાં વસ્યા છે ત્યાં ત્યાં આ દિવસનું ચુસ્તપણે પાલન કર્યું છે અને બીજી પ્રજાઓને પણ વિશ્રામનું મહત્ત્વ સમજાવ્યું છે. સાબ્બાથ આથી યહૂદી પ્રજાનો સૌથી મહત્ત્વનો દિવસ છે.

હિબ્રૂ કેલેન્ડરના મહિનાની શરૂઆત અમાસ પછીના પ્રથમ નવા ચંદ્રદર્શનથી થાય છે. મહિનાઓનાં નામ એક-બે અપવાદ બાદ કરતાં બેબિલોનિયન મહિનાઓનાં નામ પરથી પડ્યાં છે. વર્ષનો પ્રારંભ વસંત-સંપાત (Vernal or Spring Equinox)ની આસપાસ આવતા નિસાન મહિનાથી થાય છે. નિસાન નામ બેબિલોનિયનો પાસેથી પાછળથી લીધેલું હશે એમ મનાય છે.



યહોવાનાં સાત મુકરર પર્વો તેમ જ બીજાં પર્વ

(૧) પાસ્ખા, (૨) બેખમીરી રોટલી (૩) પ્રથમફળ (૪) પચાસમો દિન (૫) રણશિંગડાનું (૬) પ્રાયશ્ચિત દિન (૭) માંડવાપર્વ.

હિબ્રૂ ભાષામાં મહિના માટે બે શબ્દો વપરાય છે : યેરાહ (Yerah) અને 'હોદેશ' (Hodesh), જેનો સ્થૂળ અર્થ 'ચંદ્ર' અથવા 'નવો ચંદ્ર' થાય છે. સિદ્ધાંતિક દૃષ્ટિએ આ એમ સૂચવે છે કે હિબ્રૂ કૅલેન્ડર ચંદ્રની કલા ઉપર આધારિત છે. હિબ્રૂ કૅલેન્ડરમાં આનું ઘણું જ મહત્ત્વ છે. કારણ કે મહિનાનો પહેલો દિવસ નવા ચંદ્રના દિવસ (New Moon's Day) તરીકે પાળવામાં આવે છે અને કેટલીક વિધિઓ ૧૦મા ૧૪મા અને મહિનાના બીજા દિવસો માટે નક્કી કરાય છે.

શરૂઆતમાં મહિનાનો અથવા અધિક મહિનાનો (Intercalation of a month) પ્રારંભ પ્રત્યક્ષ નવા ચંદ્રદર્શનથી કરવામાં આવતો અને યહૂદી પ્રજાના અમુક જવાબદાર વર્ગની મંજૂરી પછી પ્રજાને આ અંગેની માહિતી દેશની અંદર સંદેશાવાહકો મારફતે અથવા ટેકરીઓની ટોચે નિશાન-સૂચક આગના ભડકા કરીને પહોંચાડવામાં આવતી. પહેલો મહિનો નિસાન ૩૦ દિવસનો રહેતો અને પછી એકાન્તરે મહિનાઓની લંબાઈ ૨૯ અને ૩૦ દિવસની રહેતી. આમ, સામાન્ય રીતે વર્ષ ૩૫૪ દિવસનું બનતું. પણ સમય સમય પર છેલ્લા મહિનામાં એક વધારાનો દિવસ ઉમેરીને વર્ષ ૩૫૫ દિવસનું બનાવાતું. એના માટે કોઈ નિશ્ચિત નિયમો ન હતા.

લગભગ ઈ.સ.ના ચોથા સૈકામાં હિબ્રૂ કૅલેન્ડરમાં નિશ્ચિત નિયમો દાખલ કરવામાં આવ્યા અને વ્યક્તિની મુન્સફી કે કોઈ પણ જાતના પ્રત્યક્ષ અવલોકન ઉપર નિર્ણય લેવાની જૂની પ્રથા બંધ કરવામાં આવી. મહિનાઓની ગણતરી વૈજ્ઞાનિક રીતે ચોકસાઈથી નક્કી કરવામાં આવી અને હિબ્રૂ કૅલેન્ડરની રચનામાં હવે ચંદ્રની ભ્રમણગતિ ૨૯ દિવસ ૧૨ કલાક ૧૪ મિનિટ અને ૩$\frac{૧}{૩}$ સેકન્ડ લેવાય છે.

સાધારણ રીતે હિબ્રૂ વર્ષ ૧૨ મહિનાનું હોય છે. આ મહિના ચંદ્ર-આધારિત હોવાથી સાધારણ વર્ષ ૩૫૪ દિવસનું ગણતરીમાં લેવાય છે, જે સૌર વર્ષ કરતાં ૧૦-૧૧ દિવસ ટૂંકું હોય છે. (સૌરવર્ષના દિવસ ૩૬૫ - ચાંદ્રવર્ષના દિવસ ૩૫૪ = ૧૧ તફાવત). આ દેખીતા તફાવતનો ક્યારેય મેળ મળતો નહીં જેથી પહેલો મહિનો એટલે નિસાન (માર્ચની આખર - એપ્રિલની શરૂઆત) જે જવની પ્રથમ ફસલ યહોવા દેવ (Yahweh)ને પાસ્ખા (Paschal)ના દિવસની ઉજવણી વખતે ધરવામાં આવતી તે કદાચ શિયાળાની વચમાં આવત અને એ જ રીતે બીજા બધા ઉત્સવો, તહેવારો વર્ષના બધા જ મહિનાઓમાં ફરતા રહેતા. ઋતુ ઋતુમાં ઊતરતા પાક વગેરે યોગ્ય સમયગાળામાં ન આવતા અને આખુંય ઋતુચક્ર ઊલટ-સૂલટ મેળ વગરનું થઈ જાત.

આ પ્રમાણે ઋતુઓ સાથે મહિનાઓનો મેળ ન પડવામાંથી ઊભી થતી વિચિત્ર પરિસ્થિતિ ધ્યાનમાં આવતાં એવું લાગ્યું કે, ચાંદ્રવર્ષ અને સૌરવર્ષનો મેળ મેળવવા વધારાનો એક મહિનો યોગ્ય સમયે ઉમેરવાથી આ પરિસ્થિતિ હલ કરી શકાય. કયા વર્ષમાં આ વધારાનો મહિનો ઉમેરવો તે બાબતનો નિર્ણય લેવાની કામચલાઉ સત્તા અમુક જવાબદાર વર્ગને સોંપવામાં આવી અને છેવટે કાયમને માટે ખગોળશાસ્ત્રની ગણતરી પ્રમાણે આ માટે ચોક્કસ નિયમો ઘડી કાઢવાનું યોગ્ય લાગ્યું.

૧૯ વર્ષના એક વર્ષ-ચક્રમાં ૩, ૬, ૮, ૧૧, ૧૪, ૧૭ અને ૧૯મા વર્ષોમાં અધિક મહિનો ઉમેરવામાં આવે છે. અમુક ગંભીર પ્રકારના ઉત્સવના દિવસો અઠવાડિયાના અગવડ પડતા દિવસે આવતા અટકાવવાના હેતુથી ઘડાયેલા કેટલાક ક્લિષ્ટ નિયમો અનુસાર ગણતરી કરીને મધ્યમાન પૂર્ણિમા પછી કયા દિવસે પ્રથમ મહિના તિશરીનો પ્રારંભ કરવો તે નક્કી કરવામાં આવે છે. પરિણામે સામાન્ય વર્ષ ૩૫૩, ૩૫૪ કે ૩૫૫ દિવસનું બને છે અને અધિક મહિનાવાળું એટલે કે પ્લુત વર્ષ ૩૮૩, ૩૮૪ કે ૩૮૫ દિવસનું બને છે. વર્ષના ૧૦ મહિનાની લંબાઈ ૨૯ અથવા ૩૦ દિવસની નિશ્ચિત રહે છે. અધિક મહિનાની લંબાઈ પણ ૩૦ દિવસની નિશ્ચિત રહે છે. જ્યારે બીજા બે મહિના હેશવાન અને કિસલેવની લંબાઈ વર્ષમાન પ્રમાણે વધતી-ઘટતી કરવામાં આવે છે.

ઉપરનાં વર્ષોમાં અધિક મહિનો ૧૨મા મહિના આદારને ફરી આદાર ગણીને પ્રથમ ઉમેરાતો, જેને વિ-આદાર (We-Adar, બીજો આદાર) કહેવાય છે અને ત્યાર પછી આદાર ગણાતો. આ પ્રમાણે ગણતરી કરવાથી હિબ્રૂ પ્રજાના ઉત્સવો, તહેવારો વગેરે સાથે એમના કૅલેન્ડરનો મેળ મળવાથી તેને પવિત્ર હિબ્રૂ વર્ષ કહેવામાં આવે છે.

હિબ્રૂ પ્રજા, ઉપરના કૅલેન્ડરની સાથેસાથે ઘણા લાંબા સમયથી એક બીજું સામાન્ય અગર વહીવટી કૅલેન્ડર (Civil Calendar) પણ ઉપયોગમાં લે છે. આ કૅલેન્ડરનું વર્ષ શરદ-સંપાત (Autumnal Equinox)ના દિવસે અગર ત્યાર પછી તરત જ આવતા નવા ચંદ્રદર્શનથી શરૂ થતા તિશરી (સામાન્યતઃ સપ્ટેમ્બર-ઑક્ટોબર) મહિનાથી થાય છે. વહીવટી હિબ્રૂ વર્ષ ઘણું કરીને પૅલેસ્ટાઈનમાં વાવણીની મોસમ હોય ત્યારે શરૂ થાય છે, જ્યારે પવિત્ર હિબ્રૂ વર્ષ એ જ પ્રદેશની કાપણીની મોસમમાં શરૂ થાય છે. વર્ષ-આરંભની આ પ્રથા ઈ.સ. પૂર્વેની છેલ્લી સદીમાં મેસિડોનિયન માસ દીઓસને મળતા તિશરી મહિનાથી ગોઠવાઈ લાગે છે. રાજ્યકર્તા વંશની પદ્ધતિને અનુસરવાની ઇચ્છા કે આવશ્યકતાને કારણે આમ કરવામાં આવ્યું હશે.

હિબ્રૂ કૅલેન્ડરમાં આવતા મહિનાઓનાં નામ અને અન્ય વિગતો નીચે પ્રમાણે છે.

	હિબ્રૂ મહિના	અંગ્રેજી નામ	દિવસ	મહિનાને આવરી લેતો ગાળો અંગ્રેજી	ભારતીય
૧.	તિશરી	Tishri	૩૦	સપ્ટેમ્બર-ઓક્ટોબર	કાર્તિક
૨.	હેશવાન	Heshvan+	૨૯	ઓક્ટોબર-નવેમ્બર	માગશીર્ષ
૩.	કિસલેવ	Kislev-	૩૦	નવેમ્બર-ડિસેમ્બર	પોષ
૪.	તેવેથ	Tivet	૨૯	ડિસેમ્બર-જાન્યુઆરી	માઘ
૫.	શેવાત	Shevat	૩૦	જાન્યુઆરી-ફેબ્રુઆરી	ફાલ્ગુન
૬.	આદાર	Adar	૨૯	ફેબ્રુઆરી-માર્ચ	ચૈત્ર
	*વિ-આદાર	We-Adar	૩૦	(અધિક મહિનો)	-
૭.	નિસાન	Nisan	૩૦	માર્ચ-એપ્રિલ	વૈશાખ
૮.	ઈય્યાર	Iyyar	૨૯	એપ્રિલ-મે	જ્યેષ્ઠ
૯.	સીવાન	Sivan	૩૦	મે-જૂન	આષાઢ
૧૦.	તમ્મુઝ	Tammuz	૨૯	જૂન-જુલાઈ	શ્રાવણ
૧૧.	આવ	AV	૩૦	જુલાઈ-ઓગસ્ટ	ભાદ્રપદ
૧૨.	એલૂલ	Elul	૨૯	ઓગસ્ટ-સપ્ટેમ્બર	આશ્વિન
	સામાન્ય વર્ષ - દિવસ		૩૫૪ +	દિવસો વર્ષમાન પ્રમાણે વધતા	
	*પ્લુત લીપયર		૩૮૪ -	ઘટતા રહે છે.	

છેલ્લે હિબ્રૂ કેલેન્ડરના સંવત્સર વિષે જોઈએ. જે પ્રજાનો ઈતિહાસ રોમાંચક છે તેના સંવત્સરો પણ એટલા જ રહસ્યમય છે. હિબ્રૂ પ્રજાએ કાળક્રમે જુદા જુદા સંવત્સરોની પદ્ધતિ અપનાવી હતી.

પ્રાચીન કાળથી હિબ્રૂ પ્રજા એક અનોખો સંવત્સર ઉપયોગમાં લે છે, જેનું નામ ANNO MUDDI, LIBRIATH OLUM એટલે કે 'સર્જનનો સંવત' (CREATION OF WORLD). સર્જનહારે જે દિવસે આ સૃષ્ટિનું સર્જન કર્યું તે દિવસથી તે શરૂ થતો હોવાનું મનાય છે. આ અંગે નીચેની માહિતી જાણવી રસપ્રદ થઈ પડશે:

(૧) નેમોનિક શબ્દ 'બેહરદ' (Beharad) પ્રમાણે ઈ. પૂર્વે ૩૭૬૧ના ઓક્ટોબરની ૭મી તારીખે રવિવાર અને સોમવાર વચ્ચેની રાત્રિએ ૧૧ કલાક અને ૧૧$\frac{૧}{૩}$ મિનિટે આ સંવત્સર શરૂ થયો હોવાનું માનવામાં આવે છે. બે (બેથ, Beth એટલે બે - એટલે કે અઠવાડિયાનો બીજો દિવસ) હે (હે He એટલે પાંચ - એટલે કે સૂર્યાસ્ત પછી પાંચમો કલાક) અને રદ (રેશ-દલેત Resh, Dalet કલાક પછી ૨૦૪ મિનિટ) ઉપરથી આ હકીકતનો નિર્દેશ મળે છે.

(૨) બાઈબલમાં અનેક સંવત્સરોનો ઉલ્લેખ આવે છે. જેમ કે પ્રલય, હિજરત, રાથ ઉઝિયાહના સમયનો ધરતીકંપ, રાજવીઓના રાજ્યશાસનનાં વર્ષો (Regnal Era) અને બેબિલોનિયન દેશવટાનો સંવત્સર (Babylonian Exile). દેશવટા અને પછીનાં વર્ષોમાં હિબ્રૂપ્રજા ઈરાનિયન રાજાઓનાં વર્ષોમાં (Seleucid Era) સંવત્સર ગણતા. આવી ગણતરીનો ઉલ્લેખ બાઈબલ ઉપરાંત અસ્સુન પેપીરીમાં પણ આવે છે.

એલેક્ઝાન્ડરના સમય પછી હિબ્રૂ પ્રજા સેલ્યુસિડિયન સંવત્સર વાપરતી જેને દસ્તાવેજોનો સંવત્સર કહેતી (Minyan Shetaroth) કારણ કે કાનૂની દસ્તાવેજોની તારીખ આ સંવત્સરમાં લખાતી. એલેક્ઝાન્ડરની અસર એટલી તો પ્રબળ હતી કે દક્ષિણ એશિયામાં આ સંવત્સર લગભગ ૧૬મી શતાબ્દી સુધી ચાલુ રહ્યો હતો. અને હજી પણ દક્ષિણ અરબસ્તાનમાંથી તેનો ઉપયોગ તદ્દન બંધ થયો નથી. પ્રાચીન કાળના સંવત્સરોમાંનો આ એકમાત્ર સંવત્સર હજુ પણ વપરાશમાં છે. દરેક રાજાના રાજ્યાભિષેકથી ગણતા. - મેક્કાબિયન સંવત્સરો તથા સાયમન નીચે જ્યુડા સ્વતંત્ર થયું (ઈ.સ.પૂ. ૧૪૩-૧૪૨) ત્યારથી શરૂ થયેલો રાષ્ટ્રિય સંવત્સર... એ બધા ધીરે ધીરે વપરાશમાંથી નાબૂદ થયેલા.

ઈસ્વી સનના કોઈપણ વર્ષમાં કયું હિબ્રૂ વર્ષ આવે તે જાણવા માટે પહેલામાં ૩૭૬૧ ઉમેરવાથી બીજું આવે. દા.ત. સપ્ટેમ્બર ૧૫મી ૧૯૯૬થી શરૂ થતું હિબ્રૂ નવું વર્ષ કેટલામું હશે તે જાણવા માટે ૧૯૯૬+૩૭૬૧ કરતાં ૫૭૫૭મું વર્ષ આવે.

આ લેખ ઈઝરાયેલ રાજ્યના ૪૯મા સ્વાતંત્ર્ય વર્ષમાં પ્રગટ થઈ રહ્યો છે તે હર્ષની વાત છે. હિબ્રૂ પ્રજાનું કેલેન્ડર ચંદ્ર-આધારિત હોવાથી એમનો સ્વાતંત્ર્યદિન ૫ અય્યારના રોજ ઉજવાય છે, જે અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે ૧૪-૫-૧૯૪૮ હતો. પરિણામે આ દિવસ સ્થાયી ન રહેતાં વર્ષોવર્ષ બદલાય છે.

યહૂદીના ૧૩ મુખ્ય સિદ્ધાંતો

માઈમોનાઈડ્સ (મોશે-બેન-માઈમોન ઈ.સ. ૧૨મી સદી) એ યહૂદી ધર્મના ૧૩ સિદ્ધાંતોનો સાર કાઢ્યો. આજે તેમનાં ધર્મસ્થાનોમાં વપરાતી પ્રાર્થના-પુસ્તિકામાં તે સમાવી લેવામાં આવ્યો છે :

૧. ઈશ્વરની સત્તા અને સર્વ શક્તિમત્તા સ્વીકારવી. ૨. ઈશ્વરની અદ્વિતીયતા સ્વીકારવી. ૩. ઈશ્વર અશરીરી કે અમૂર્ત છે એમ સ્વીકારવું. ૪. ઈશ્વરની નિત્યતા સ્વીકારવી. ૫. ઈશ્વરની જ ભક્તિ કરી શકાય એમ સ્વીકારવું. ૬. સંતો-પયગમ્બરોના કથનમાં-શબ્દોમાં શક્તિ હોય એમ સ્વીકારવું. ૭. મોશે પ્રબોધક સંતોમાં સૌથી મહાન છે એમ સ્વીકારવું. ૮. મોશેને સિનાઈ પર્વત પર તોરાનું દર્શન થયેલું એમ સ્વીકારવું. ૯. તે (તોરા) અક્ષર છે એમ સ્વીકારવું. ૧૦. ઈશ્વર સર્વજ્ઞ છે એમ સ્વીકારવું. ૧૧. આ જન્મમાં અને પરલોકમાં સારાં-ખરાબ કર્મોનું યોગ્ય ફળ મળે છે એમ સ્વીકારવું. ૧૨. મસીહા આવશે અને સર્વનો ઉદ્ધાર કરશે એમ સ્વીકારવું. ૧૩. મૃતાત્માઓના પુનર્જીવનમાં માનવું.

આ ઉપરાંત ઈશ્વરે મોશે પયગમ્બરને દસ આજ્ઞાઓ આપી. પ્રત્યેક પળ સારી રીતે નીતિપૂર્વક જીવવી. રોજ-બ-રોજ ચાલતું જીવન એ જ તેનો પાયો છે અને તેને કેમ ધન્ય બનાવવું, માણસના ઉત્તમોત્તમ ગુણો કેમ ખીલવવા એ જ તેનું મુખ્ય લક્ષ્ય છે. સદાચાર અને હૃદયની સચ્ચાઈનું જતન કરવું. માબાપનું સન્માન કરવું, આજ્ઞા પાળવી, દાસદાસીઓ પ્રત્યે સહાનુભૂતિભર્યું વર્તન રાખવું, ચોરી, ખૂન વ્યભિચાર જૂઠી સાક્ષી લોભ વગેરે દુર્ગુણોથી દૂર રહેવું. વિધવાઓ, અનાથ, વિદ્યાર્થી વગેરેને સહાય કરવી, દાન આપવું. પરદેશીઓ પ્રત્યે સારું વર્તન રાખવું વગેરે ઉપદેશ આપ્યો. □

જીવનનાં વિવિધ ક્ષેત્રોની સિદ્ધ-પ્રસિદ્ધ

મહિલાઓની મુલાકાત

લેનાર
અવંતિકા ગુણવંત



દામિની મહેતા

[સ્વયંને ભૂલીને અનેકાનેક પાત્રો સાથે સંપૂર્ણ તાંદાત્મ્ય સાધીને પોતાના શ્રેષ્ઠ અભિનયથી એ પાત્રોને પ્રાણવંતાં કરવા માટે ગૌરવ પુરસ્કાર, પં. ઓમકારનાથ એવોર્ડ, ક્રિટિક એવોર્ડ, અપ્સરા એવોર્ડ જેવા સન્માનનીય એવોર્ડ્ઝ મેળવનાર, ચંદ્રવદન મહેતાએ જેને રંગભૂમિને વરેલી મીરાંબાઈ કહ્યાં છે એવું મોહક વ્યક્તિત્વ ધરાવનાર અને બહુમુખી પ્રતિભાસંપન્ન દામિની મહેતાનું ગુજરાતની ઉત્તમ અભિનેત્રીઓમાં અનન્ય સ્થાન છે. ૧૯૩૩ના ઓક્ટોબરની છઠ્ઠી તારીખે નાગર પરિવારમાં પિતા જીવણલાલ અને માતા સરસ્વતીબહેનનાં ત્રીજાં સંતાન તરીકે તેમનો જન્મ. અભ્યાસમાં એસ.એસ.સી. સુધી પહોંચી તેમણે નાટ્યકલાને જ પોતાનું પૂર્ણ અભ્યાસક્ષેત્ર બનાવ્યું.]

પ્ર. 'તમે ભજવેલાં કયાં પાત્રો તમને ખૂબ પ્રિય છે?'

ઉ. 'બધાં જ પાત્રો મને પ્રિય છે, કારણ કે એ પાત્રો મેં આત્મસાત્ કરી ભજવ્યાં છે, છતાંય જો નામ દેવાં જ હોય તો 'અમ્મા' નાટકમાં કરેલો ભારતમાતાનો રોલ. ભારત-પાકિસ્તાનના યુદ્ધ બાદ લોકજાગૃતિ માટે ગામડેગામડે નાટક કરતાં અમે દક્ષિણ ગુજરાતમાં ચિખલી ગામે પહોંચ્યાં. ત્યાં મારો અભિનય જોઈને ગાંધીજીના અંતેવાસી કલ્યાણજી મહેતા એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ મારા પગ પકડીને રડતા રડતા બોલેલા, 'આજે મને સાચી ભારતમાતાનાં દર્શન થયાં છે.' મધુ રાય લિખિત નાટક 'કોઈ એક ફૂલનું નામ બોલો તો'ની નાયિકા કામિનીનું પાત્ર મને લક્ષમાં રાખીને જ લખાયું હતું. બાજીરાવ-મસ્તાની અને 'પીળું ગુલાબ'નાં પાત્રો રાણી રૂપમતીનું પાત્ર - સત્તર વર્ષની ઉંમરે એ રોલ કરીને હું બહાર આવું ત્યારે મારા હસ્તાક્ષર લેવા લાઈન લાગતી.

એ સિવાય બકુલ ત્રિપાઠીના નાટકમાં બે રોલ એકસાથે અને 'કાનન'માં ત્રણ રોલ એકસાથે કરેલા. આવા પડકારભર્યા રોલ કરવા મને ખૂબ ગમે છે. મુનશીવર્ષની ઉજવણી નિમિત્તે 'પૃથ્વીવલ્લભ'ની પ્રેયસી મૃણાલ, કચની દેવયાની અને કાકાની શશી એ નારીજીવનના ત્રણ તબક્કા મુગ્ધા, પ્રેયસી, પરિણીતા - વન વુમન શો કર્યો હતો!

પ્ર. 'નાટકની સૃષ્ટિમાં ક્યારે પ્રવેશ કર્યો?'

ઉ. એ સહેજ હસ્યાં ને કહે, 'ત્યારે હું મ્યુનિસિપલ નિશાળના પ્રાથમિક ધોરણમાં હતી, પ્રહ્લાદ નાટકમાં ગુરુની ભૂમિકા કરવાની હતી, પણ હું સ્ટેજ પર ગઈ ને નર્વસ થઈ ગઈ. પરસેવો વળવા માંડ્યો, સંવાદો ભૂલવા માંડી, આંખે અંધારાં આવે. પ્રેક્ષકોએ તાળીઓ પાડીને હુરિયો બોલાવ્યો. હું તો સાવ થીજી જ ગઈ! ત્યારે પ્રિન્સિપાલે સ્ટેજ પર આવીને ઝાટકો મારી સાવ તિરસ્કારથી કહ્યું, 'નીકળ, બહાર નીકળ. તું કદી નાટક નહીં કરી શકે.' ડગ મૂક્યો ને હું રંગભૂમિની બહાર ફેંકાઈ ગઈ.

એ હાંસી, અપમાન, તિરસ્કારે મને સાવ કુંઠિત કરી નાખી. હરપળે હું નાનમ, લઘુતાગ્રંથિથી રિબાવા લાગી.

આમેય મારું બાળપણ અભાવ અને અછતગ્રસ્ત હતું. આર્થિક સ્થિતિ એટલી નબળી કે નિશાળમાં નાસ્તોય ન લઈ જઈ શકું. એમાં આ અવહેલના થઈ, જાહેરમાં જાકારો મળ્યો.

અભ્યાસમાંથી ય મારું મન ઊઠી ગયું. પણ હું નાટક માટે જ સર્જાઈ હોઈશ એ તો એક અકસ્માત જ થયો. દસેક વર્ષની હોઈશ. જે રસ્તેથી હું ચાલતી ચાલતી નિશાળે જાઉં. ત્યાં કોઈ મકાનમાં નાટકનું રિહર્સલ ચાલે. અચાનક નાટકની હિરોઈન માંદી પડી ગઈ. તેઓ મૂંઝાતા હતા કે હવે શું કરવું? ત્યાં એમની નજર મારી પર પડી. મારી ઊંચાઈ સારી. એમની આંખમાં હું વસી ગઈ. આમ, ધનસુખલાલ મહેતાના 'અર્વાચીના' નાટકની હું હિરોઈન બની.

નાટક એટલે શું, અભિનય કેમ કરાય એ જાણું નહીં. સૂચનો પ્રમાણે કર્યું ને તાળીઓ પડી. ચીનુભાઈ પટવા અને જયંતિ દલાલે મારો અભિનય વખાણ્યો ને આમ નાટકની દુનિયા મને જચી ગઈ.'

પ્ર. 'તમે નાટકને જ તમારી જિંદગી માની જીવનનાં બીજાં ક્ષેત્રોમાં ડગ જ ન ભર્યાં?'

ઉ. 'મારી સગાઈ થઈ હતી તારક મહેતા સાથે, સાત વર્ષ સગાઈ રહી, હું સાસરે જતી-આવતી હતી, પણ જ્યારે લગ્નની વાત વડીલોએ કરી ત્યારે મુંબઈમાં રહેતા તારક મહેતાએ કહ્યું, 'ઉતાવળ હોય તો બીજે લગન કરી લો અને મારાં વડીલોએ સગાઈ તોડી નાખી.'

પછી મારી બાએ મને પૂછ્યું હતું, 'બોલ હવે શું કરવું છે? ઘર કે થીએટર?' ત્યારે મેં કહ્યું, 'થીએટર'! 'થીએટરનો મને અજબ નાદ લાગ્યો હતો. રંગમંડળ, જવનિકા અને પછી મારી પોતાની સંસ્થા નટરંગ અને અંતે આંતરરાષ્ટ્રિય પ્રશંસાપ્રાપ્ત

દર્પણ ઍકેડમી ઑફ પરફોર્મિંગ આર્ટ્સમાં બત્રીસ વરસ રહી. અનેક પ્રકારનાં નાટકો કર્યાં. બંગાળી, હિન્દી, મરાઠી, મલયાલમ, અંગ્રેજી, ફ્રેન્ચ, જાપાનીઝ શિષ્ટ નાટકોના અનુવાદ કરાવીને ભજવ્યા. પ્રફુલ્લ ઠાકર, નંદકુમાર પાઠક, નિરંજન ભગત જેવા સમર્થ સાહિત્યસ્વામીઓના હાથે એ અનુવાદ થયેલા.

હું એવી એક સ્ત્રી કલાકાર છું જેણે સર્વપ્રથમ ભવાઈના કલાકાર પાસે ભવાઈ શીખી. એક સ્ત્રી ભવાઈ શીખે એની સામે નાયકોનો જબરો વિરોધ. તેઓ કહે, માતાજી કોપે. પણ મેં કેટકેટલી આજીજી કરી, શરતો માન્ય રાખી ત્યારે મને ભવાઈ શીખવાડી. સૌથી પહેલાં મેં માતાજીના મંદિરમાં જઈને વેશ કર્યો પછી જ સ્ટેજ પર આવી.''

પ્ર. 'ભવાઈમાં તમારું પોતીકું પ્રદાન કેવું?'

ઉ. 'ભવાઈના સ્વરૂપમાં આધુનિક દૃષ્ટિએ ફેરફાર કરાવીને નવું અર્થઘટન કર્યું. કૉસ્ટયૂમ્સ, લાઈટ ઈફેક્ટ્સ અને સંગીતની સાથે રિધમ બદલ્યો. હાથપગનાં હલનચલન ઝડપી બનાવ્યાં.

'અપના ઉત્સવ' વખતે રશિયન ડેલિગેશન સમક્ષ વીસ મિનિટ રજૂ કરેલો ભવાઈનો કાર્યક્રમ એટલો પ્રભાવશાળી હતો કે તેઓએ ઊભા થઈને પાંચ મિનિટ સુધી 'બ્રેવો બ્રેવો' કહી વધાવ્યો હતો.

ડેન્માર્કમાં કોપનહેગનમાં વિશ્વભરના કલાકારો સમક્ષ ભવાઈના વેશો ભજવ્યા ત્યારે સૌ દિગ્મૂઢ થઈને જોઈ જ રહેલાં. સ્વિડનમાં ભવાઈ વિશે પ્રવચન અને નિદર્શનો આપ્યાં. નાટ્યક્ષેત્રનાં સર્વ પાસાંઓ - અભિનય, દિગ્દર્શન, તાલીમ-શિબિર વગેરે પર વિપુલ અને સક્રિય કામ કર્યું છે.'

પ્ર. 'તમારા આ સમયગાળા વિશે તમારે શું કહેવાનું છે?'

ઉ. 'ખૂબ સમૃદ્ધ સમય હતો એ. પણ એ સમયગાળામાં મારો ઉપયોગ જ થયો છે, હું છેતરાતી ગઈ, મારું શોષણ થતું ગયું પણ નાટકના પ્રેમમાં હું ખેંચાતી જ ગઈ.

દિલ્હીમાં ફેલોશિપ માટે ઈન્ટર્વ્યૂ આપવા ગઈ ત્યાં મને પ્રશ્ન પુછાયો, તમને ફેલોશિપ આપીએ પણ તમે લગ્ન કરી લો તો? ત્યારે મેં કહ્યું હતું, મારું લગ્ન થઈ ગયું છે, રંગભૂમિ સાથે. દરેક નાટકનો પ્રથમ શો મારી સોહાગરાત હોય છે ને મને ફેલોશિપ મળી ગઈ હતી, અરે મારો અવાજ સાંભળીને એ લોકો બોલી ઊઠેલાં, ક્યા અવાજ પાયી હૈ!

પ્ર. 'તમારા જીવનનો સુખદ સમય કયો?'

ઉ. 'જેટલી ક્ષણો મંચ પર રહી એ મારો સુખદ સમય.'

પ્ર. 'તમારો આદર્શ કોણ?'

ઉ. 'મેં કોઈ વ્યક્તિને આદર્શ માની નથી. મેં કલાને આદર્શ માની છે. પૂરી નિષ્ઠાથી પાત્રમાં પ્રાણ રેડી એને સજીવન કરવું એ મારો આદર્શ!'

પ્ર. 'તમારા અભિનયની પ્રશંસા બહુ થઈ છે!'

ઉ. 'પણ એથી મને શું મળ્યું? મારા મેઈકપવાળા રૂપની સૌએ પ્રશંસા કરી છે પણ અંદરની દામિની ક્યાં કોઈએ જોઈ છે? હું પ્રેમ, પ્રેમ ઝંખતી રહી પણ મને સાચો પ્રેમ ન મળ્યો.'

પ્ર. 'પ્રેમ કરનાર કોઈ ન આવ્યું?'

ઉ. 'મારા જીવનમાં પુરુષો તો આવ્યા પણ એ બધા ચર્મપ્રેમી હતા, કોઈએ નિસ્વાર્થ પ્રેમ ન કર્યો, મને સાચવી નહિ. જ્યારે જ્યારે હું દગો પામી છું ત્યારે મારી મા અને મોટીબહેને સંભાળી લીધી છે.'

પ્ર. 'તો શું જિંદગીમાં કોઈ સાચો માણસ આવ્યો જ નહિ?'

ઉ. ભીંજાયેલા કંઠે એમણે કહ્યું, 'એક આવ્યો હતો મુંબઈનો ભરત દવે. સારો ઍક્ટર, સારો ડિરેક્ટર, મુંબઈમાં એણે મને જોઈને અમદાવાદ આવીને સીધી લગ્નની વાત કરી, મેં મારા સાથીને વાત કરી ને મને સલાહ મળી કે કલા ખાતર લગ્ન ન કરવાં જોઈએ, ને મેં ભરત દવેને બેધડક ના કહી દીધી. અત્યારે એ હયાત નથી. મેં સંસાર વસાવવાની તક ગુમાવી દીધી!'

પ્ર. 'જીવનની કરુણતાએ તમારા અભિનયને નિખાર્યો હોય એવું નથી લાગતું? તમારા જીવનમાં આંસુ છે પણ શુષ્કતા નથી, મધુરતા છે, રંગ છે, રસ છે.'

ઉ. મૌન! (દામિનીબહેન મ્લાન હસ્યાં ને આંખો આંસુથી ઊભરાઈ ગઈ.)

પ્ર. 'ધારો કે તમારે આ જિંદગી ફરી જીવવાની આવે તો શું પસંદ કરો? કલા કે પારિવારિક જીવન?'


ઉ. 'કલા, કલા.' લાગણીસભર કંઠે એ બોલ્યાં., 'કલા મારો પ્રાણ છે, કલાને પૂર્ણતયા પ્રાપ્ત કરવાની તડપન છે તો આ જિંદગી છે. હજીય કોઈ ચિરંજીવી રોલ કરવાની મને આરજૂ છે.' □

પૂઠા પરનું ચિત્ર • બુદ્ધનું આ મસ્તિષ્ક જર્મનીમાં બર્લિન ખાતેના ભારતીય કળાના મ્યૂઝીઅમમાં છે. કાષ્ઠ કોતરણીવાળું આ મસ્તિષ્ક રંગરોગાન કરેલું અને ઢોળ ચડાવેલું છે. કપાળમાંના છિદ્રમાં ઘણું કરીને રત્ન હશે, જે બુદ્ધના વિશિષ્ટ 'ઊર્ણા' ચિહ્નનું પ્રતીક છે. આની ઊંચાઈ ૧૨.૫ સે.મી. છે, અને તે આશરે પાંચમી-છઠ્ઠી સદીનું હોવાનું અનુમાન છે.

સંસારનાં સ્થાપત્યો-૧

પેન્થિઑન (રોમ)

હેમન્ત વાળા



આમ તો પેન્થિઑન નામની પૂજા-અર્ચના માટે બનાવાયેલી ત્રણ ઇમારતો છે : એક પૅરિસમાં, બીજી ઍથેન્સમાં તથા ત્રીજી રોમ શહેરમાં. રોમન પ્રજાએ પોતાના સામર્થ્યના પ્રદર્શન સમી ઘણી ઇમારતો બનાવી છે. તેમાં રોમનું આ પેન્થિઑન ખાસ સ્થાન ધરાવે છે.

આ ઇમારતનો નાટકીય તથા સ્વપ્નદર્શી પ્રભાવ નોંધપાત્ર છે. તેની રચનામાં જળવાયેલી બેનમૂન ચોકસાઈ, તેનો સરળ છતાં પૂર્ણ ભૌમિતિક સ્વપ્નદર્શી આકાર, તેનું પ્રભાવશાળી પ્રમાણમાપ, માનવીને બીજા જ વિશ્વમાં હોવાની અનુભૂતિ કરાવતી કુદરતી પ્રકાશ-વ્યવસ્થા, વચમાં બારીવાળો તેનો વિશાળ ગુંબજ તથા તેની રચનામાં ઇંટોના કળાત્મક ઉપયોગથી આ દેવળની સંર .રની ઉલ્લેખનીય ઇમારતોમાં ગણના થાય તે સ્વાભાવિક છે.

પેન્થિઑનની ઇમારતનાં બે અંગો છે : ૧૮.૨૯ મી. × ૩૩.૫૩ મી.નો પ્રવેશમંડપ તથા ૪૩.૪૩ મી. વ્યાસનો ગોળાકાર કક્ષ રોટુન્ડા. આમાંનો પ્રવેશમંડપ આગળના આઠ થાંભલાઓને કારણે ઓક્ટા-સ્ટાઈલનો છે, જોકે આ મંડપમાં કુલ ૧૬ સ્તંભો આવેલા છે. આ એકશૈલ સ્તંભો ઇજિપ્તના ગ્રેનાઈટમાંથી કૅરિન્થિઅન શૈલીમાં બનાવાયા છે. આ પ્રવેશ-મંડપમાંથી રોટુન્ડામાં જવાય છે, જેની ઊંચાઈ તેના વ્યાસ જેટલી જ ૪૩.૪૩ મી. છે. આ કક્ષ ઉપર વચમાં ૮.૨૩ મી. વ્યાસની ખુલ્લી બારીવાળો, મુખ્યત્વે કૉંક્રિટમાંથી બનાવાયેલો, ગુંબજ છે, અંદરથી અર્ધગોળાકાર તથા બહારથી ઊંધી રકાબી જેવા આકારના આ ગુંબજનો ભાર વહન કરવા ૬.૧ મી. જાડી દીવાલો બનાવાઈ છે. આ કક્ષ માટે ગુંબજની વચમાંની બારી એ એક જ પ્રકાશનો સીધો સ્રોત છે. ગોળાકાર રોટુન્ડાની આંતરિક સપાટી આઠ સમાન ભાગમાં વિભાજિત કરાઈ છે, જેમાંનો એક ભાગ પ્રવેશ-મંડપમાં ખૂલે છે જ્યારે બાકીના સાત ભાગની દીવાલોમાં ત્રણ ગોળાકાર તથા ચાર ચોરસ ગોખ એકાંતરે બનાવાયા છે. આ પ્રત્યેક ગોખમાં દેવતાઓની મૂર્તિ રખાતી. ગુંબજ જેના પર ગોઠવાયો છે તે નળાકાર ઇંટોના કળાત્મક ચણતર વડે ત્રિસ્તરીય બનાવાયો છે. આ કક્ષની દીવાલો પર આરસનું જડતર તથા પ્લાસ્ટરકામ કરાયું હતું.

રોમ શહેરમાં ઈ.સ.પૂર્વે ૨૭માં એગ્રિપ્પા દ્વારા આ જગ્યાએ એક દેવળ બનાવાયેલું, જે એક કાળે આગમાં લપેટાઈ ગયેલું. તે જૂના દેવળના સ્થાને જ ઈ.સ. ૧૨૦-૨૪ના ગાળામાં આ પેન્થિઑન બનાવાયું છે, જેમાં એમ મનાય છે કે, જૂના દેવળનો પ્રવેશમંડપ જ સમારકામ બાદ ઉપયોગમાં લેવાયો છે. એમ જણાય છે કે જૂના દેવળમાં આગથી થયેલા નુકસાનથી બોધ લઈને અહીં કૉંક્રિટની છત બનાવવાનો વિચાર કરાયો હશે અને તે માટે સ્વાભાવિક રીતે જ ગુંબજ યોગ્ય આકાર હતો. આ દેવળની રચનામાં કાંસાનો ઉપયોગ પણ કરાયો હતો, જેને ૧૭મી સદીમાં અન્ય ઉપયોગ માટે કાઢી લેવાયેલું. ઈ.સ. ૬૦૯માં આ દેવળ સન્ત મારિયાને સમર્પિત કરાયું હતં. છેલ્લે રિનેસાંમાં આ ઇમારતનું સમારકામ કરાયેલું. □

પ્રસંગપરાગ

કાલ કરે સો આજ કર

ઈ. ૧૯૭૫માં ગુજરાતમાં મોટા પાયા ઉપર દુકાળરાહત કામ ચાલતું હતું. તેની અધવચ્ચે તા. ૧લી માર્ચે શ્રી લલિત દલાલે, એક વર્ષની જી.આઈ.ડી.સી.ની નિમણૂક બાદ, ફરી એક વાર મુખ્ય સચિવની જગાનો હવાલો સંભાળ્યો. તેમની વિશિષ્ટતાઓ બે : દુકાળરાહતનાં કાર્ય અને અત્યંત ઝડપી કાર્યપદ્ધતિ.

સવારે ૧૦-૩૦ વાગે ફરજ ઉપર હાજર થયા હશે. ૧૧-૩૦ વાગે વડોદરાના કલેક્ટર ઉપર મહેસૂલ વિભાગના નાયબ સચિવનો ફોન આવ્યો : ''દલાલસાહેબ કહે છે કે નંદેસરીમાં જી.આઈ.ડી.સી.ની ૧૦૦ એકર જમીન નવરી પડી છે. તેમાં તમે ઘઉં કેમ વવરાવ્યા નથી ? જી.આઈ.ડી.સી.ના ટ્યૂબવેલમાંથી પાણી આપશે. વાવેતર કરાવો. અને ચોથી તારીખે દલાલસાહેબ, વડોદરા આવશે. તેમને 'અમલવારીનો'; રિપોર્ટ કરશો.''

જમીન જી.આઈ.ડી.સી.ની હતી. ખેતીવાડી ખાતાનો વહીવટ જિલ્લા વિકાસ અધિકારીના હાથમાં હતો. આમ જુઓ તો આ કામગીરી કોઈની નહીં. પણ દુકાળ રાહત માટે તમામ શક્ય પગલાં લેવાની જવાબદારી સરકારની. એની ના કેમ પડાય ? વિકાસ અધિકારી ને કલેક્ટર જમીન જોઈ આવ્યા. કામ મુશ્કેલ લાગ્યું. બે દિવસ પછી શ્રી દલાલ વડોદરા આવ્યા. પૂછ્યું, 'શું કર્યું ?'

વિકાસ-અધિકારી કહે, 'અમે જમીન જોઈ આવ્યા. વાવેતર કરી શકાય. પણ વગડામાં સચવાય નહીં. ચોકીદાર જોઈએ. દેખરેખ રાખવા ખેતીવાડી મદદનીશ રાખવા પડે. આ બધા માટે ફાજલ માણસો નથી.'

શ્રી દલાલ થોડી વાર તો સાંભળી રહ્યા. પછી કલેક્ટરને કહે, 'એમની મુશ્કેલી ખરી હશે. એ કરવાના નથી. તમારે કરવું છે કે નહીં ? સચવાશે નહીં તોય ઘાસ તો દુકાળગ્રસ્તોના મોંમાં જ જવાનું છે ને ?'

આનો જવાબ શો હોઈ શકે ? બંનેએ કહ્યું, 'કરીશું જ.'

થયું લગભગ ૮૦ એકરમાં. દુકાળના ખપ્પરમાં તો એક ચપટી જેટલુંય નહીં. પણ વહીવટી નિષ્ઠાનો એક પદાર્થપાઠ રચાઈ ગયો.

- કુલીનચંદ્ર યાજ્ઞિક

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

કોમી રમખાણોનું મૂળ

તા. ૨૩-૮-૮૫ : ગયે સોમવારે હું સાબરકાંઠા જિલ્લાના ઇલોલ ગામની હાઈસ્કૂલમાં ગયો હતો. ઇલોલ હિંમતનગરથી ૧૦ કિ.મી. દૂર આવેલું છે. ત્યાં કુલ વસ્તી ૭૦૦૦ જેમાં ૪૦૦૦ મુસલમાન અને ૩૦૦૦ હિન્દુ. શાળાને ૩૦ વર્ષ થયાં છે પણ ત્યાં પહેલેથી જ એ રિવાજ છે કે શાળાના વ્યવસ્થાપક મંડળનો પ્રમુખ હિન્દુ અને સેક્રેટરી મુસ્લિમ ! એક બીજો રિવાજ પણ ત્યાં જાણ્યો. શાળાનો હેડમાસ્તર તો બ્રાહ્મણ જ હોય ! આ લાગણી ગુજરાતનાં ગામડાંઓમાં ઘણી જ પ્રચલિત છે. આજથી ૩૫ વર્ષ પહેલાં કરમસદની શાળામાં હેડમાસ્તરની જગ્યા ખાલી પડી અને શાળાના જ સિનિયર શિક્ષક ભટ્ટને નિમણૂક મળશે એમ લોકો ધારતા હતા. શાળાનો વહીવટ આણંદની ચરોતર એજ્યુકેશન સોસાયટી કરતી હતી. તેણે હેડમાસ્તર તરીકે ભટ્ટને બદલે છોટુભાઈ સુથારને મૂક્યા. વિદ્વત્તા અને અનુભવની દૃષ્ટિએ આ પસંદગીમાં કાંઈ કહેવાપણું હતું જ નહીં. પણ શાળામાં ઉહાપોહ મચી ગયો અને આંદોલન શરૂ થયું. આંદોલનનું સ્લોગન શું હતું ખબર છે ? અસલ ચરોતરી બોલીનું 'સુથાયડું તે શું ભણાવતું'તું ! ભણાવે તો ભામણા !!' અને છેવટે છોટુભાઈની નિમણૂક રદ કરી ભટ્ટની નિમણૂક કરવી પડી.

૩૫ વર્ષ પહેલાં ગામડાંમાં જે વિચારધારા પ્રચલિત હતી તે આજે પણ ઇલોલ જેવાં હિન્દુ-મુસ્લિમની સરખે હિસ્સે વસ્તી ધરાવતાં ગામમાં પણ જેવી ને તેવી અનુભવવા મળી. પાંચ પાંચ મહિના સુધી ગુજરાતનાં શહેરોમાં અનામત આંદોલન દરમિયાન જે કોમી રમખાણો ચાલ્યાં તેનું મૂળ કારણ શું તેની ચર્ચા દર બુધવારે રાત્રે ૭-૦૦થી ૭-૩૦ અમારા ટી.વી. કાર્યક્રમમાં 'સાંપ્રતની સાથે' એ શીર્ષક નીચે આવે છે. પરમ દા'ડે એ ચર્ચામાંથી જે નિષ્કર્ષ નીકળ્યો તેને આ 'ભણાવે તો ભામણ' સાથે સંબંધ છે. પ્રશ્ન એ હતો કે આ જ અમદાવાદમાં હિન્દુ-મુસ્લિમ સંપથી રહેતા આવ્યા છે. એકાએક એવું શું થયું કે આટલું ભયંકર વૈમનસ્ય બહાર આવી ગયું. ચર્ચામાંથી જણાયું કે આનું મૂળ શહેરીકરણમાં છે. ઇલોલ જેવાં ગામડાંમાં હિન્દુ-મુસલમાન સાથે રહે છે. હેડમાસ્તરનો ઘરધણી મુસલમાન છે અને બંને એક ફળિયામાં રહે છે. બંનેનો સાંસ્કૃતિક વારસો સરખો છે. 'ભણાવે તો ભામણ' એ સાચી-ખોટી પણ સાંસ્કૃતિક વારસાની જ નિશાની છે. પણ જ્યારે ગામડાંમાંથી એક હિન્દુ અને એક મુસ્લિમ શહેરમાં આવે છે ત્યારે તે જુદા પડી જાય છે. શહેરમાં સોસાયટીઓમાં હિન્દુઓ વસે છે અને તેમાં મુસ્લિમોને ભાડે પણ ઘર મળતું નથી. એટલે હવે મુસ્લિમોની સોસાયટી થઈ છે જેમાં કોઈ હિન્દુ રહેતો નથી. અરે સોસાયટી જવા દો. બાપુનગરમાં ઇન્દિરા ગરીબનગર નામનો ઝૂંપડપટ્ટી વિસ્તાર છે તેમાં મુસ્લિમ ગરીબો જ વસે છે.

આમ દક્ષિણ આફ્રિકાના ગોરા-કાળાને અલગ વસાવવાની નીતિ જેવી આપણે ત્યાં શહેરોમાં હિન્દુ-મુસ્લિમની થતી આવે છે. હા, આર્થિક વ્યવહાર - દુકાન, વેપાર, કારીગર વગેરે માટે બંને કોમ એક બીજા સાથે વ્યવહાર કરે છે, પણ તે કામ પૂરતું જ. મન મળે તેવા સંબંધો બંધાતા જ નથી.

હું ઇલોલ સ્કૂલમાં ગયો તો ત્યાં સભામાં છોકરામાં તો હિન્દુ કે મુસલમાન તે ખબર ન પડે પણ છોકરીઓમાં તરત જ જણાઈ આવે. અડધો અડધ મુસલમાન છોકરીઓ જોઈ. આશ્ચર્ય થયું. અમદાવાદની મુસ્લિમ લત્તાની શાળામાં આટલી મુસ્લિમ અને હિન્દુ છોકરીઓ સાથે બેઠેલી જોઈ નથી.

કોમી રમખાણોનું મૂળ, સિદ્ધાન્ત કે આયોજન વગરનું શહેરીકરણ એમ ચર્ચાનો સૂર નીકળ્યો તે કેટલું સાચું લાગે છે ?

વિજ્ઞાનશિક્ષણ વિષે ત્રણ વાત

તા. ૩૧-૮-૮૫ : ગઈ કાલે અહીં એક સેમીનાર હતો. Science Education in 21st Century (એકવીસમી સદીનું વિજ્ઞાન શિક્ષણ). ગઈ ચૂંટણીમાં રાજીવ ગાંધીએ 'દેશને એકવીસમી સદીમાં લઈ જઈ શકે.' તેવી સરકાર ચૂંટી કાઢવાની વાત કરી હતી. ત્યારથી દરેક વાતમાં હવે એકવીસમી સદી આવવા મંડી છે. તો વિજ્ઞાન શિક્ષણવાળા શું કામ પાછળ રહે ? સેમીનાર તો જેમ ચાલવાનો હોય તેમજ ચાલે. ૨૧મી સદી કે ૨૦મી સદીની એમાં કાંઈ અસર પડતી નથી. પણ આ સેમિનારમાં ત્રણ વાત રસ પડે તેવી છે. એક વાત કાર્તિકેય સારાભાઈએ કહી, બીજી વાત ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી- (PRL)ના ડાયરેક્ટરે કહી અને ત્રીજી વાત જે મેં ન કહી.

આમ જનતામાં વિજ્ઞાન પ્રત્યે અભિરુચિ કેળવવાના અનુસંધાનમાં કાર્તિકેયે એક વાત કહી. અમદાવાદ ઍરપોર્ટ ઉપર જઈએ ત્યારે એક વાત સૌનું ધ્યાન ખેંચતી હશે. ઍરોપ્લેનમાં જવાવાળા તથા તેમને મૂકવાવાળા સો-બસો માણસો તો હોય પણ બીજા તેટલા જ માણસો તારની વાડ નજીક, ઍરોપ્લેન ઊતરે, ચઢે તે જોવા ઊભા હોય છે. નવી ટેક્નોલૉજી વિષે લોકોમાં ખૂબ કુતૂહલ છે પણ તેને યોગ્ય રસ્તે વાળવાનો કોઈ પ્રયત્ન થતો નથી. શા માટે આ લોકોને કોઈ વિમાનની વિગત સમજાવે નહિ, શા માટે ત્યાં એક જૂના પ્લેનનું મોડેલ મૂકે નહીં ? પણ એ તો બાજુએ રહ્યું. ઊલટું પોલીસ લાકડી લઈને 'આઘા રહો, અહીં તમારું શું દાટ્યું છે' એમ

કહેતા તારની વાડથી દૂર ધકેલતા હોય છે - અને સરકાર આમજનતામાં વિજ્ઞાન પ્રત્યે અભિરુચિ કેળવવા મોટાં મોટાં મ્યુઝિયમ ઊભાં કરે છે પણ એ મ્યુઝિયમમાં લોકોને જતાં કેમ કરવાં તે પ્રશ્ન થાય છે! અમદાવાદ ઍરપોર્ટ ઉપર - દરેક નાનાં ઍરપોર્ટ ઉપર આવું એક જિજ્ઞાસા કેન્દ્ર સારું કે મ્યુઝિયમ સારું ?

હવે બીજી વાત : યુનિવર્સિટીઓમાં વૈજ્ઞાનિકોની નિમણૂક બાબત PRLના ડાયરેક્ટરે આ વાત કરી - 'પી.એચડી. થઈ દેશમાં આવ્યો અને એક યુનિવર્સિટીમાં લેક્ચરરની જગ્યા માટે અરજી કરી. યુનિવર્સિટીએ મને ઇન્ટર્વ્યૂ માટે પણ બોલાવ્યો નહીં. પણ મને PRLમાં નાની નિમણૂક મળી. બે વર્ષ પછી તે જ યુનિવર્સિટીએ મને વ્યાખ્યાનો માટે બોલાવ્યો. વ્યાખ્યાનના દિવસો દરમિયાન એક સાંજે મનોરંજન કાર્યક્રમ હતો, તેમાં ત્યાંના પ્રોફેસરે મને પણ આમંત્રણ આપ્યું. હું પણ તેમની સાથે ગયો. ત્રીજી હરોળમાં પ્રોફેસરો સાથે હું પણ બેઠો. થોડી વારે યુનિવર્સિટીના વાઈસ-ચૅન્સેલર આવ્યા અને પહેલી હારમાં વચ્ચે બેઠા. પ્રોફેસરને થયું કે વા.ચે. સાથે મારી ઓળખાણ કરાવીએ, એટલે મને વા.ચે. પાસે લઈ ગયા. વા.ચે. તો વાતે વળગ્યા એટલે પ્રોફેસર તો તેમની જગ્યાએ ગયા અને વા.ચે.એ મને પોતાની પાસે બેસાડ્યો. વાતવાતમાં વા.ચે.એ ઓફર કરી કે તમે અમારે ત્યાં સ્ટાફમાં આવો તો કેવું ? મેં કહ્યું કે આમ તો વાંધો નહીં પણ હું મહેમાન તરીકે આવું છું ત્યારે પેલી હારમાં તમારી પાસે બેસવા પામું છું. તમારા જ પ્રોફેસર તરીકે આવીશ ત્યારે ત્રીજી હારમાં બેસવું પડશે, એટલે મારો તમારે ત્યાં આવવા વિચાર નથી !!

ભારતની યુનિવર્સિટીઓમાં વૈજ્ઞાનિકોનું સ્થાન વહીવટકર્તાથી બે હરોળ પાછળ છે તેનું કેવું સચોટ વર્ણન !

હવે જે વાત મેં ન કહી પણ આ ડાયરેક્ટરની વાત સાથે જ સંકળાયેલી છે તે વાત લખું :

૧૯૫૦માં PRL જેવી એક સંસ્થામાં વૈજ્ઞાનિકની જગ્યાની જાહેરાત આવી. પગાર તો કોલેજના પ્રોફેસર જેટલો જ હતો. પણ સંશોધનની સગવડ ઘણી રહે માટે મેં અરજી કરી. મને ઇન્ટર્વ્યૂ માટે પણ ન બોલાવ્યો. બે વર્ષ પછી અમેરિકાના સંશોધન-સામયિક ફિઝિકલ રીવ્યૂમાં મારા ઉપરાઉપરી ત્રણ પેપર (સંશોધન-લેખ) પ્રસિદ્ધ થયા એટલે પેલી સંસ્થાએ મને વ્યાખ્યાનો માટે આમંત્રણ આપ્યું. વ્યાખ્યાન પછી સંસ્થાના ડાયરેક્ટરે મને સંસ્થામાં વૈજ્ઞાનિક તરીકે જોડાવા ઓફર કરી. મેં માનપૂર્વક તેમની ઓફર ન સ્વીકારી. તેમને મેં કશું કહ્યું નહીં પણ મારા મનમાં સ્પષ્ટ હતું કે હું જેવો છું તેવો મારા રિસર્ચ કામ ઉપરથી તમે મને સ્વીકાર્યો નહીં અને પેલા અમેરિકન સામયિકે મારા લેખ પ્રસિદ્ધ કર્યા પછી જ તમે મને સ્વીકારો તે મને તો અપમાનજનક લાગે !

શું યુનિવર્સિટી, શું સંશોધન-સંસ્થા, શું વીસમી સદી કે શું એકવીસમી સદી કાગડા બધે જ કાળા !!

શ્રીલંકાનો તામિલ પ્રશ્ન

તા. ૭-૯-૮૫ : આજકાલ શ્રીલંકાના તામિલોનો પ્રશ્ન ઘણો ચગડોળે ચઢ્યો છે. આ શ્રીલંકાના તામિલો અમેરિકાના ગુજરાતીઓ જેવા નથી કે આફ્રિકા કે ફિજી ટાપુમાં જઈ વસેલા ગુજરાતીઓ જેવા નથી તેમ મોરિશિયસમાં મજૂરી માટે લઈ જવાયેલ ઉત્તર ભારતીયો જેવા પણ નથી. આ લોકો તો હજારો વર્ષથી લંકામાં રહે છે. લંકા ભારતની એટલું બધું નજીક છે કે જેમ ભારતમાં એક પ્રદેશના રાજા બીજા પ્રદેશ ઉપર ચઢી આવતા - તેવું જ આ ટાપુ ઉપર દક્ષિણ ભારતનાં રાજ્યોનું આક્રમણ થતું અને આ ટાપુના રાજા પણ દક્ષિણ ભારત પર ચઢાઈ કરતા. લગભગ ઈસ્વીસનની શરૂઆતથી જ આ પ્રકારનાં યુદ્ધો થયા કરતાં હતાં.

આશ્ચર્યની વાત તો એ છે કે આ પ્રકારનાં યુદ્ધો થતાં સાથે સાથે ભારતમાંથી લોકો વસવાટ માટે પણ લંકા જતા. ઈસ્વીસનની ત્રીજી, ચોથી સદીમાં બંગાળ-બિહારમાંથી આર્યો લંકા ગયા તે અત્યારના સિંહાલી લોકો છે. સિંહાલીઓ આર્યકુળના છે. તેમની ભાષા સિંહાલી સંસ્કૃતમાંથી આવેલી ઇન્ડો-આર્યન કુળની ભાષા છે. ભારતના મૂળ દ્રવિડ લોકો અને લંકાના મૂળ દ્રવિડ લોકો એક જ કુળના અને તેમની ભાષા ઇન્ડોઆર્યન કુળની નહીં પણ દ્રવિડ કુળની તામિલ. આમ જુઓ તો ભારતમાં આર્ય અને દ્રવિડ એમ બે કુળના લોકો વસે છે તેવી જ રીતે લંકામાં પણ આર્ય અને દ્રવિડ કુળના લોકો વસે છે. આર્યોના મૂળ હિન્દુ ધર્મમાં દોષો પેઠા અને તેને સુધારવા ગૌતમબુદ્ધે પ્રયત્ન કર્યો તથા બૌદ્ધ ધર્મ સ્થાપ્યો. તે ભારતના આર્યોની જેમ શ્રીલંકાના આર્યોએ અપનાવ્યો.

પરંતુ ભારતમાં હિન્દુ ધર્મનું પુનરુત્થાન કરવા માટે તામિલનાડુના શંકરાચાર્ય આગળ આવ્યા. તેમણે હિન્દુ ધર્મની તાત્ત્વિક મિમાંસા કરી, શાસ્ત્રાર્થ કરી, ઉત્તરદક્ષિણ સઘળે હિન્દુ ધર્મની પુનઃ સ્થાપના કરી. આમ ભારતમાં વસતા આર્યકુળ અને દ્રવિડકુળના લોકોને એક જ ધર્મને તાંતણે તેમણે બાંધ્યા. હજારો વર્ષના સહધર્મી સહવાસથી ભાષાઓ ભિન્ન હોવા છતાં આપણે ત્યાં એક સંસ્કૃતિ પાંગરી. આવું લંકામાં થયું નહીં. ત્યાંના તામિલોમાં, હિન્દુ ધર્મની લંકાભરમાં સ્થાપના કરી શકે તેવા શંકરાચાર્ય પાક્યા નહીં. પરિણામે દ્રવિડ કુળના લોકો હિન્દુ રહ્યા અને આર્યકુળના લોકો બૌદ્ધ રહ્યા. બંને કુળના લોકોને એક તાંતણે બાંધે તેવું કશું રહ્યું નહીં. તેમાં વિદેશી હકૂમતે વિખવાદ વકરે તેવો રાહ લીધો જેથી તેમનું ટટ્ટુ ચાલતું રહે. આમ શ્રીલંકાના તામિલ અને સિંહાલીઓ વચ્ચેના અત્યારના સંબંધનાં મૂળ ઇતિહાસમાં પડેલાં છે.

આપણે આપણા દેશમાં એક રાષ્ટ્ર તરીકેની રાષ્ટ્રિયતાની ભાવનાને બધા લોકો વચ્ચે એક સમાન તંતુ તરીકે વિકસાવવાનો પ્રયત્ન કરીએ છીએ. તેવી જ રીતે શ્રીલંકાનો આ પ્રશ્ન આવો બધાને

સાથે બાંધી રાખે તેવો તંતુ ઊભો કરવાનો છે તેથી આ પ્રશ્ન પર ભારતનું સ્ટૅન્ડ સ્પષ્ટ છે. 'શ્રીલંકા એક જ દેશ છે. તામિલો અને સિંહાલીઓ આ એક જ દેશના વતની છે. દેશના ભાગલા કરવાનો પ્રશ્ન જ નથી.' આ સ્ટૅન્ડ સ્વીકારીને બંને કુળના લોકો એક જ તાંતણે બંધાઈને વિકાસ કરી શકશે. આશા રાખીએ કે તામિલો તથા સિંહાલીઓ સમજણપૂર્વક આવો એકતાનો તંતુ વિકસાવીને પ્રશ્નનો નિવેડો લાવે.

ગોલાણાનો હત્યાકાંડ અને 'હવે ન સહેવા પાપ'

તા. ૭-૨-૮૬ : પીજના ટી.વી. કેન્દ્ર ઉપરથી એક કાર્યક્રમ આવતો, તેનું શીર્ષક હતું : 'હવે ન સહેવાં પાપ.' ગામડાનાં હરિજનો અને ભૂમિહીન ખેતમજૂરો ઉપર ગામના પટેલો અને ઠાકોરો કેવા જુલ્મ કરે છે તેનું આબેહૂબ નિરૂપણ એ નાટકમાં આવતું. એ નાટકનાં પાત્રો કોઈ ધંધાદારી ઍક્ટરો નહોતા પણ ગામના લોકો જ, ગામનાં હરિજનો જ પોતાના ગામના વાતાવરણમાં નાટક ભજવતા તે કેમેરામાં ઝડપી લઈ ટી.વી. ઉપર બતાવતા. આઠેક વર્ષ પહેલાં ખંભાત તાલુકાના ગોલાણા ગામમાં જે નાટક રેકૉર્ડ થયું હતું તે અમે ત્યાર પછી ટી.વી. ઉપર બે-ત્રણ વાર જોયું હતું.

જાન્યુઆરીની ૨૫મી તારીખે (૧૯૮૬માં) આ ગોલાણા ગામના હરિજનવાસ ઉપર સો-દોઢસો ઠાકોરો (દરબારો)નું ટોળું લાઠી, ધારિયાં, બન્દૂક લઈને ધસી આવ્યું. ઝૂંપડાં તોડી નાખ્યાં, બાળ્યાં અને વણકરોના ચાર આગેવાનોને મારી નાખ્યા. બાજુમાં જ રિઝર્વ પોલીસનો કૅમ્પ હતો. (કારણ કે ગામમાં અશાંતિની સંભાવના હતી જ) પણ આ બધી તારાજી થતી હતી તે દરમિયાન કૅમ્પમાંથી પોલીસ બહાર નીકળી જ નહીં.

વરસમાં એકાદ વાર સવર્ણોના હરિજનોની વસ્તી ઉપર અત્યાચાર તો થતા રહે છે તેવું જ ગોલાણામાં થયું હશે. પણ બે દિવસ પર પીજ ટી.વી. પર 'ગોલાણાના હત્યાકાંડમાં માર્યા ગયેલાઓને શ્રદ્ધાંજલિ' નામે એક કાર્યક્રમ આવ્યો. અને તેમાં સાત-આઠ વર્ષ પહેલાં ગામના હરિજનો અને વણકરોએ ભજવેલું નાટક 'હવે ન સહેવાં પાપ' બતાવ્યું ત્યારે ખબર પડી કે નાટકમાં જે ચાર જણાએ અત્યાચાર સામે માથું ઊંચું કર્યું હતું એ ચાર જણાને ૧૯૮૬ના હત્યાકાંડમાં મારી નાખ્યા હતા. પીજ ટી.વી.ના કાર્યક્રમોમાં ધંધાદારી નાટકો નથી આવતા પણ ગામ-લોકો પોતાની વેદના પોતે જ વ્યક્ત કરે છે. ગોલાણાની ગોચરની જમીન સરકારી માલિકીની હતી. સરકારે તે જમીન વણકરોને ઘર (ઝૂંપડાં) બાંધવા આપી. પણ આજ દિન સુધી ગામના દરબારોનાં ઢોર એ જમીનમાં ચરતાં હતાં એટલે તેમનો વિરોધ હતો. પણ ટી.વી. કાર્યક્રમમાં પોલ પૂજા અને પીટર ડાહ્યા- એ જે જુસ્સો દેખાડ્યો હતો તે નાટકિયો જુસ્સો ન હતો, ખરેખરો હતો. તેમણે બધા વણકરોને સંગઠિત કર્યા અને ગોચર જમીનમાં ઝૂપડાં બાંધ્યાં. તેનું વેર લેવા દરબારોએ હુમલો કર્યો અને આ પોલ પૂજા, પીટર ડાહ્યા વગેરેને વીણી વીણીને મારી નાખ્યા.

ગોલાણાના આ હત્યાકાંડને સરકાર તો, મરનારને થોડું વળતર ચૂકવી શાંતિથી ભૂલી જવા માગતી હતી, પણ લોકશાહીમાં તે શક્ય નથી. અને તેમાંયે પીજ ટી.વી. (જેનું હવે ઑફિશિયલ નામ સંસ્કાર અને શૈક્ષણિક એકમ છે)એ જે જૂની વાત જાહેર કરી એટલે હવે ન્યાયિક જાંચ બેસારવાની ફરજ પડી છે.

તા. ૧૭-૪-૯૭ : હા, તો આ ગોલાણા હત્યાકાંડની ન્યાયિક જાંચ ૧૯૯૭માં પૂરી થઈ. સુપ્રીમ કોર્ટ સુધી વાત ગઈ. ગઈ કાલે એક છાપામાં સમાચાર વાંચ્યા કે ૧૯૮૬ના ગોલાણા હત્યાકાંડના ૧૪ અભિયુક્તોમાંના ૧૧ અભિયુક્તોની આજીવન કારાવાસની સજા સુપ્રીમ કોર્ટે કાયમ રાખી છે. જામીન પર છૂટેલા આ ૧૧ દરબારો હવે જેલભેગા થશે. □



સ્થિર નદી, સરતાં નીર

લીલાં ખેતરોની પાસે થઈને —

પ્રીતિ સેનગુપ્તા

અત્યાર સુધી ચીનનાં મહાનગરો - શાંઘાઈ, નાનજિન્ગ, બેજિન્ગ અને પ્રવાસીઓમાં સૌથી વધારે જાણીતાં - હાન્ગજો, સુજો, વુશિ - સ્થાનો જોવાયાં હતાં. હવે પછી ચીનનો જુદો જ અભિગમ પ્રાપ્ત થવાનો હતો. નાનાં શહેરો, ગ્રામ્ય પ્રદેશો અને નૌકાવિહાર માણવાની તક મળવાની હતી.

બેજિન્ગ છોડીને નીકળવાની સવારે હોટેલમાં મારા મજલાના એક બારણાના ધાતુતત્ત્વ પર સૂર્યનું તેજ પ્રતિબિંબિત થતું હતું. હું બહાર અગાશીમાં ગઈ. તો કેસરી પ્રકાશથી ઉજ્જ્વળ એવું એનો સંપૂર્ણ વર્તુળાકાર દેખાયો. પણ એની આસપાસના થોડા ભાગ સિવાયનું આખું આકાશ સત્ત્વહીન રાખોડી હતું. દૂષિત હવાના ઘન ધુમ્મસનો ઓથાર હતો એના પર. હોટેલથી ક્ષિતિજ સુદીના દૃષ્ટ અંતરમાં મેં ઓછામાં ઓછાં બે ડઝન મિલનાં ભૂંગળાં ગણ્યાં. સવારે સાત વાગ્યે, કેટલાકમાંથી કાળા ધુમાડાનાં ગૂંચળાં નીકળવા પણ માંડ્યાં હતાં. કદાચ ચોવીસે કલાક પાળીઓ ચાલુ જ રહેતી હશે. બેજિન્ગને બહુ સુંદર શહેર ના કહી શકાય. બહુ આધુનિક અને નાગરીય છે, ને એને અત્યંત ચીની શહેર પણ ના કહી શકાય. પરંતુ ધીકતા, વિકસતા મહાનગરને જચે એવું જોમ છે એનામાં. મને બહુ લાગી ગયો હતો એનો નેડો. એની વિદાય લેવી ગમી ન હતી.

સ્થાનિક ગાઈડ 'રેક્સ' તો વિમાન-મથકે ઉતારીને બહારથી જ જતો રહ્યો. એને બક્ષિસ મળી ગઈ હતી. એનું કામ પૂરું થઈ ગયું હતું. ધંધાદારી નવા માનસવાળા 'નવા' ચીનનો એ પટુ પ્રતિનિધિ હતો. પછી બીજાં અમેરિકન મુસાફરો પાસેથી મેં સાંભળ્યું હતું કે સ્થાનિક ગાઈડોને બક્ષિસ ના મળે, કે ઓછી પડે, તો એ ગુસ્સે થઈ જતા હતા. અત્યાર સુધી જે દેશમાં બક્ષિસની પ્રથા પણ ન હતી, ત્યાં હવે એની આતુર અપેક્ષા રહેવા માંડી હતી. ગાઈડનો વર્તાવ સારો ના રહ્યો હોય ત્યારે, તથા સફરનો ખર્ચો જ ઘણો થયેલો હોય તેથી ક્યારેક પ્રવાસીઓ બક્ષિસ આપવા નથી પણ માગતા.

ખેર, રેક્સ તો જતો રહ્યો. પછી મેં જોયું તો વિમાન મોડું હતું. કેટલું મોડું થશે, તે તો કોણ કહે ! પછી જમવાના તૈયાર ડબ્બા (ખોખાં) આપવામાં આવ્યાં. ખાવાનું ઘણું હતું - ભાત, આમિષ, શાક + માંસ. એટલે મારે ઉપવાસ. ઈઝરાયેલી પ્રવાસીઓમાંની એક સ્ત્રીએ પછી મને કેકનો એક ટુકડો આપ્યો !

અઢી કલાક મોડું વિમાન ઊપડ્યું - ચાઈના ઍરલાઈનનું. ચીની લોકો ઓછા હતા, પણ ફર્સ્ટ ક્લાસની આઠ બેઠકોમાં પૈસાદાર ચીની લોકો બેઠા હતા. બેજિન્ગથી એક હજાર માઈલ દક્ષિણે આવેલા શિઆન (Xian) શહેર તરફ હું જઈ રહી હતી. એની પાસે પહોંચતાં જોયું કે ભૂમિ સપાટ હતી, ને ખેતરો ખેડાતાં હતાં. પરિસર ગ્રામ્ય હતો, પણ વિમાનમથક તદ્દન નવું - એક જ વર્ષ પહેલાં બનેલું - હતું. તે પ્રવાસીઓના 'હુમલા'ને લીધે. એક વખતનું અજાણ્યું, ઊંઘરેટું શિઆન ગામ હવે ચીનનાં મુખ્ય ગંતવ્ય સ્થાનોમાં મોખરે આવી ગયું છે. એ જ કારણે તો હું પણ ત્યાં ગઈ હતી !

આગમન-કક્ષ અત્યંત મોટો હતો. મારો સામાન પણ તરત આવી ગયો. બહાર એક સ્ત્રી, મારું નામ લખેલો કાગળ હાથમાં ઝાલી, ઊભી હતી. તે મારી સ્થાનિક ગાઈડ 'લૌરા' હતી. બહુ સારી નીકળી એ. દેખાવે સાદી, ગોળ મોઢું, લાંબી 'પોની-ટેઈલ' બાંધેલી, ને એના કામ માટે પૂરેપૂરી નિષ્ઠાવાન. એક મહિના પહેલાં જ એણે લગ્ન કરેલાં. એનાં મા-બાપ શાળામાં શિક્ષક

હતાં, ને લૌરા પોતે પણ એક અધ્યાપકને જ પરણેલી. પચીસેક વર્ષની ઉંમર, પણ લાગે નાની. એ કહે, 'બુદ્ધિમાન લોકો દેશને ઘણી મદદ કરે છે, પણ એ લોકો, આ દેશમાં, ગરીબ જ રહેતા હોય છે.' લગ્ન પછીની રજાઓ પૂરી કરીને ત્યારે જ ફરી એ નોકરી પર ચડી હતી.

વિમાનમથક ગામથી પિસ્તાલીસ કિ.મી. જેટલું દૂર હતું. શાન્શિ પ્રાંતમાંના શિઆન શહેરની વસ્તી હતી ત્રીસ લાખની, પણ આજુબાજુના નિવાસ-વિભાગો ઉમેરતાં એ પચાસેક લાખ થઈ જાય. રસ્તે આવતાં ખેતરોમાં ઘઉંનો લીલોછમ, નવો પાક લહેરાતો હતો. ક્યાંય સુધી સળંગ ખેતરો જ હતાં. શહેર આખામાં નીચાં જ મકાનોની પ્રથા લાગી - ભારત જેવું દેખાય બધું. શહેરની વચ્ચોવચ ઐતિહાસિક લાક્ષણિક પ્રથા મુજબનો ઘંટ-મંડપ હતો. ત્યાંથી શરૂ થઈને ચાર રસ્તા ચાર દિશાઓમાં જતા હતા. 'ડૉન્જા જિએ' - એટલે કે 'પૂર્વ મુખ્ય માર્ગ' પર ગયા જ વર્ષે બંધાઈ રહેલી અદ્યતન, નૂતન, સુંદર અને ખાલી(!), હોટેલ રોયલ શિઆનમાં ઉતારો હતો. રસ્તા બેજિન્ગ કરતાં ઘણી ઓછી બત્તીવાળા હતા. સામેની ખાઉ-ગલી તો લગભગ અંધારી જ હતી. એના સ્ટોલોમાં ઘણા મુસ્લિમ ચીની જણ દેખાયા. મારાથી ખવાય એવું કશું ત્યાં લાગ્યું નહીં. જોકે શિઆન એક 'ડમ્પલિન્ગ' નામની વાનગી માટે ખાસ્સું ખ્યાતનામ છે. બને મેંદામાંથી, અંદર આમિષ કશું ભરેલું હોય, પછી એને બાફે. ભુતાન-સિક્કિમમાં એને 'મોમો' કહે છે, ને નસીબ હોય તો નિરામિષ પણ મળી જાય !

'ડમ્પલિન્ગ'ને ચીની ભાષામાં 'જિઆઓત્શિ' કહેતાં હતાં. પેલાં મોભાદાર સામ્રાજ્ઞી સિ ત્શિ માટે એક અતિનિપુણ પાઠશાસ્ત્રીએ ખાસ એ વાનગીનું સર્જન કરેલું. ૧૮૬૦ના ગાળામાં અંગ્રેજ-ફ્રેંચ લશ્કરો જ્યારે બેજિન્ગનો કબજો લેવા ચડી આવ્યાં ત્યારે જીવ બચાવવા ભાગીને સામ્રાજ્ઞી સિ ત્શિ શિઆન આવતાં રહેલાં, ને કેટલાંક વર્ષ ત્યાં રહેલાં.

મને તો એ રાતે, પ્રાંતીય સરકાર દ્વારા ચલાવાતી હોટેલમાંની રેસ્ટોરાંમાં જમવા લઈ જવાયેલી. મોટા એક ચોગાનમાં ઘણાં મકાન હતાં, ને ફુવારા ચાલતા હતા. પાછલી બાજુના એક મકાનને ચોથે માળે મોટી, ચોખ્ખી, પ્રકાશિત રેસ્ટોરાં હતી. જગ્યા સારી હતી, ને જમવાનું પણ સારું હતું. ઉતારાની હોટેલમાં પણ સવારના નાસ્તામાં ઘણી ઘણી ચીજો હતી, પણ મોટા ભાગની આમિષ હતી.

સવારે વરસાદ ચાલુ હતો. બહાર તો નીકળાય; ફક્ત ફોટા ના લેવાય. મિન્ગ રાજવંશ દરમ્યાન ચણાયેલી, લંબચોરસ મૂળ નગર આસપાસની દીવાલોના અવશેષ અને દરવાજાનાં નિશાન હજી મોજૂદ છે. એમ તો કુલ અગિયાર રાજવંશોનું પાટનગર એ રહ્યું હતું. હજાર વર્ષો સુધી પ્રભાતે અને સંધ્યાકાળે નગરના મંડપોમાંથી ઘંટ તથા નગારાં વાગતાં રહેલાં. ભૂતકાળની જાહોજલાલી તો ના ટકી રહે, પણ જોવાલાયક ઘણું રહ્યું છે શિઆનમાં.

છ હજાર વર્ષ પહેલાંની - એટલે કે પાષાણ-યુગની સંસ્કૃતિ ૧૯૫૩માં જ્યાં મળી આવી ત્યાં સૌથી પહેલાં મને લઈ જવામાં આવી. 'બાન્પો' લોકજાતિ ચામ નદીને કિનારે, પર્વતોની નજીકમાં વસેલી - માછલી પકડાય, અને શિકાર કરી શકાય, તે રીતે. 'માનવીય કળા-સંસ્કૃતિના ખજાનામાં આ બાન્પો 'ગામ' અત્યંત કિંમતી મોતી જેવું છે' - એવું દરવાજે લખેલું હતું ! દસ હજારથી પણ વધારે વસ્તુઓ જુદા જુદા ખંડોમાં પ્રદર્શિત થઈ હતી. એ અદ્વિતીય સંગ્રહ-સંપુટની ત્રિવિધ વહેંચણી હતી - જીવન, કળા ને કાર્ય, કબ્રસ્તાન. પિસ્તાલીસ ઝૂંપડીઓમાંની અમુક અડધી જેટલી જમીનની અંદર હતી. ગોળ, ચોરસ ને ત્રિકોણ એમના આકારો હતા પથ્થરનાં ને હાડકાંનાં હથિયાર, રસોઈનાં સાધન, કાંતવા ને વણાટ માટેનાં સાધન પણ હતાં. એટલો બધો વિકાસ સાધેલો હતો એ આદિ-માનવસમૂહે ? માટી-કામના નમૂના કળાત્મક હતા - નદી, પર્વત, ઘાસ, હરણ, માછલી, જાળ જેવાં સુસ્પષ્ટ અંકન ઘડા, વાડકા, થાળી વગેરે પણ જોવા મળતાં હતાં. તો એ નમૂના કાર્યાત્મક પણ હતા, કારણ કે એ રોજિંદા જીવન માટે વપરાતા હતા. મરણનો આંક ઊંચો રહેતો હશે. એ જાણ થતી હતી ૧૭૩ જેટલી પુખ્તવયી સભ્યોની કબરોથી, તથા ૭૫ જેટલાં બાળકોનાં કફન મળી આવવાથી. પચાસ હજાર ચો.મી.ના આખા વિસ્તારનો પાંચમો ભાગ જ હજી શોધાયો-ખોદાયો હતો. આગળ જતાં તો શું નું શું મળી આવશે.

નજીકમાં માટી-કામની ચીજો બનાવવાની મોટી ફેક્ટરી હતી. વિભિન્ન આકાર-પ્રમાણનાં ધાતુ-પાત્રોમાં રેડાયેલી કે દબાવીને મુકાયેલી માટી ત્રણ દિવસ એમ જ રખાતી. પછી ત્રણ દિવસ આગની ભઠ્ઠીમાં તપાવાતી. એ પછી એ બધી ચીજોને બે કે ત્રણ દિવસ જમીનમાં દાટી રખાતી કે જેથી જૂની - એટલે કે પ્રાચીન - હોય તેમ લાગે. પ્રવાસીઓ તો 'ઍન્ટિક' - જૂની-પુરાણી, પ્રાચીન - ચીજો પાછળ ગાંડાં હોયને. સદ્‌ભાગ્યે હું નથી ! એમ છેતરપિંડીથી 'ઍન્ટિક' જેવી બનાવેલી - નક્કામી - ચીજો માટે તો નહીં જ !

એ જ રીતે, ભરતકામની ફેક્ટરીની મુલાકાત પણ લીધી. જાપાની કિમોનો-પોશાકના 'ઓબી' કહેવાતા પટા ત્યાં તૈયાર થતા હતા. બે મિટર લાંબો એ પટો બનાવતાં એક કારીગરને બસો દિવસ થાય. છોકરીઓ જ કામ કરતી જોવા મળે. દરેકને ત્રણ મહિના કામ શિખવાડવામાં આવે, ને પછી રોજના આઠ કલાક કામ કરવાનું.

(અનુસંધાન પૃ. ૨૮૬ ઉપર)

(હોમિયોપથીનું ઔષધશાસ્ત્ર)

લૅચેસિસ

હેમેન્દ્ર એ. શાહ

દક્ષિણ અમેરિકામાં થતા ઝેરી સાપ 'સુરુકૂકૂ'ના ઝેરમાંથી બનાવેલ આ ઔષધ. મનમાં અને શરીરમાં ઉત્પન્ન થયેલાં ઝેરી તત્ત્વોનો નાશ કરવામાં ઝેરના ઉપયોગનો આ ઔષધ એક સુંદર નમૂનો છે.

અત્યંત ઈર્ષ્યાળુ અને વહેમી સ્વભાવને લીધે અને મોનોપોઝની તકલીફને લીધે વારંવાર આવતા ગાંડપણના હુમલાનો એક કેસ મારી પાસે આવ્યો. દર્દી બહેન સાથેની વાતચીતમાં લાગ્યું કે ગાંડપણનો હુમલો ન આવ્યો હોય ત્યારે બહેન અત્યંત નૉર્મલ, બુદ્ધિશાળી તથા વાતચીતમાં ચબરાક હતાં.

તેમના પતિ તથા તેમના ઘરના માણસો મને એકલા મળ્યા ત્યારે જાણ્યું કે તેમનું છટકી જતું ત્યારે મહેમાનની હાજરી હોય કે વડીલોની હાજરી હોય તે વિષે કોઈ આમન્યા રાખ્યા વગર હાથમાં આવ્યું તે લઈને તેમના પતિ ઉપર છૂટો ઘા કરતાં. તેના પતિ સાથે સહેજ નાની બાબતમાં પણ મતભેદ થાય, ત્યારે અતિશય ક્રોધાયમાન થઈ પોતાનો કક્કો સાચો ઠેરવતાં. વારંવારનો હઠાગ્રહ, વધી ગયો હતો. સાસરિયામાં નણંદ, સાસુ, સસરા તથા નોકર વગેરે સાથે નાની બાબતોમાં વારંવાર ઝગડા કરે, અસંસ્કારી ભાષાપ્રયોગ, અત્યંત તોછડાપણું વધી ગયેલું. પતિ તો પત્નીના દર્દથી ડઘાઈ ગયો હતો અને નિરાશા અનુભવતો હતો. દર્દી વિષે આ ઉપરાંત બીજાં ચિહ્નો જોઈને શરૂઆતમાં લૅચેસિસ ૩૦/ લૅચેસિસ ૨૦૦ના ડોઝ આપ્યા. ત્યાર બાદ લૅચેસિસ-૧૦૦૦નો ડોઝ દર પાંચ દિવસે શરૂઆતમાં અને પાછળથી જેમ જેમ સુધારો થતો ગયો તેમ તેમ દર ૨૧ દિવસે ચાલુ રાખ્યો. દર્દીને લગભગ ૩ા થી ૪ મહિનામાં સારું થઈ ગયું.

જ્યારે ઊંઘમાંથી ઊઠ્યા પછી વિવિધ શારિરીક-માનસિક ફરિયાદો વધી જાય, રાત્રે કામ કરવાથી થાક લાગે, દર્દી વારંવાર લવારો કરી, અર્ધ મૂર્ચ્છાવાળી અવસ્થામાં બબડે તથા એટલું બધું સતત બોલ્યા જ કરે કે મોટા ભાગના તેના શબ્દોથી શું કહેવા માગે છે તે સમજાય નહીં - આવા સંજોગોમાં લૅચેસિસ એક સારી દવા છે.

દર્દી જ્યારે અત્યંત ઈર્ષ્યાનો માર્યો બીજાનું ખરાબ થાય ત્યારે ખુશ થાય, પોતાને અત્યંત હોશિયાર સમજે અને બીજાને મૂર્ખા સમજે, એક વાતથી બીજી વાત ઉપર કૂદકા મારીને કોઈ બાબતમાં સ્પષ્ટ વિચારો દર્શાવે નહીં તથા સતત બોલ બોલ કર્યા જ કરે ત્યારે લૅચેસિસ અત્યંત અસરકારક ભૂમિકા ભજવે છે.

ગાંડપણના તોફાની હુમલાનું કારણ મોનોપોઝના તથા રજોધર્મ અંગેની સમસ્યાઓ સિવાય પણ હોઈ શકે. દા.ત. ભૂતકાળમાં માનસિક આઘાત લાગ્યો હોય, પોતાને પ્રિય વ્યક્તિનું, સગા-વહાલાનું અચાનક અવસાન થવાથી સ્તબ્ધ થઈ જવાયું હોય, અચાનક સમૃદ્ધિમાંથી આર્થિક બેહાલી આવી પડી હોય, સગા-વહાલા-ભાગીદારે વિશ્વાસઘાત કર્યો હોય અને મુશ્કેલીમાં મુકાઈ ગયાં હોય ત્યારે પણ આવું ગાંડપણ આવી શકે છે. આવા સંજોગોમાં લૅચેસિસ સારી દવા છે. (પૂરક દવા તરીકે આર્નિકા સલ્ફર અથવા કાલીફોસ ૬ × સારી કામગીરી બજાવે છે.)

જે દર્દીની યાદશક્તિ ઓછી થઈ ગઈ હોય, શારીરિક નબળાઈ ઉત્તરોત્તર વધતી જતી હોય, માથામાં ભાર રહેતો હોય, બેચેની રહેતી હોય, તડકામાં બહાર જવાથી માથું દુ:ખતું હોય, ઉનાળાની ગરમીમાં વારંવાર માથું દુ:ખવાની ફરિયાદ રહેતી હોય, તેને લૅચેસિસ આપવાથી ઘણી રાહત મળે છે.

દર્દીને જ્યારે જુદી જુદી માનસિક ભ્રમણાઓ થાય, કાલ્પનિક વાતોને હકીકત સમજે, વારંવાર વહેમનો ભોગ બને તથા સવારે ઊઠ્યા પછી બેચેની અનુભવે, આળસ અનુભવે, કામ કરવાની અનિચ્છા થાય ત્યારે લૅચેસિસ અત્યંત અસરકારક સાબિત થઈ છે.

સ્ત્રીઓને રજોધર્મ કાયમ માટે બંધ થાય ત્યારે થતી વિવિધ તકલીફો માટે લૅચેસિસ ઉત્તમ ઔષધ માલૂમ પડ્યું છે. જીભ બતાડવા માટે દર્દીને કહેવામાં આવે ત્યારે જીભ બહાર કાઢતાં અત્યંત તકલીફ પડે, જીભમાં ધ્રુજારી થાય, વિવિધ બીમારી ડાબી બાજુથી શરૂ થઈ જમણી બાજુ પ્રસરે, માથાનો દુ:ખાવો ડાબી બાજુ રહે, લકવાની અસરનો અણસાર લાગે ત્યારે લૅચેસિસથી ઘણી રાહત અનુભવાય છે. રજોધર્મ દરમ્યાન અથવા સામાન્ય સંજોગોમાં લોહી કાળાશ પડતું હોય, દર્દીને ગળાના ભાગમાં, પેટ ઉપર, કમર ઉપર કપડું અથવા ચાદર અડે ત્યારે તકલીફ અનુભવાતી હોય ત્યારે પણ લૅચેસિસ એક અસરકારક દવા સાબિત થઈ છે. □

ઇતિહાસમાં ભણાવવામાં આવતી ચિત્તોડની રાણી પદ્મિની અને દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખીલજીની વાત એની અસામાન્યતાના કારણે સહેજે ભુલાય તેમ નથી. વાત એમ છે કે ચિત્તોડના રાણા રતનસિંહની રાણી પદ્મિનીના રૂપનાં વખાણ સાંભળી તેને પોતાના જનાનખાનામાં દાખલ કરવા અલાઉદ્દીને ચિત્તોડ પર આક્રમણ કર્યું. તેણે રતનસિંહ પાસે પદ્મિનીનું પ્રતિબિંબ અરીસામાં જોવા દેવાની માગણી કરી ને એના દર્શનમાત્રથી સંતોષ પામવાનું જણાવતાં રતનસિંહ તે માટે તૈયાર થયો, પણ અરીસામાં અપ્સરા જેવું પદ્મિનીનું રૂપ જોઈ અલાઉદ્દીનની તેને હાથ કરવાની વૃત્તિ અદમ્ય બની, અને પરિણામે ખેલાયેલા યુદ્ધમાં રતનસિંહ સહિત અનેક યોદ્ધાઓ માર્યા ગયા, ચિત્તોડનું પતન થયું, અને પદ્મિનીએ અલાઉદ્દીનને હાથે પડવાનું લાંછન વહોરવાને બદલે અન્ય રાણીઓ અને દાસીઓ સાથે જૌહર કરવાનું (બળી મરવાનું) નક્કી કર્યું.

પાઠ્ય પુસ્તકોમાં ભણાવવામાં આવતી આ વાત કેટલા પ્રમાણમાં સાચી એટલે કે ઐતિહાસિક છે અથવા તો મૂળે જ તે ઐતિહાસિક છે કે કેમ ? વસ્તુતઃ સત્યથી તદ્દન વેગળી આ કથા પાછળથી ઉપજાવી કાઢવામાં આવેલ છે, કેમ કે અલાઉદ્દીનના જીવનકાળમાં લખાયેલા કોઈ પણ ઇતિહાસગ્રંથમાં તેની નોંધ તો શું પણ અણસારો સુધ્ધાં નથી મળતો. રતનસિંહ જેવો પરાક્રમી પુરુષ પોતાની પટરાણીનું પ્રતિબિંબ દુશ્મનને બતાવે એ જેમ માની શકાય તેમ નથી, તેમ એ પણ માની શકાય તેમ નથી કે ઈ.સ. ૧૩૦૩ના ચિત્તોડ પરના આક્રમણ સમયે તદ્દન વૃદ્ધ વયે પહોંચી ચૂકેલો અલાઉદ્દીન એક સ્ત્રીના મોહને વશ બની ચિત્તોડ પર આક્રમણ કરે. હરકોઈ મહત્ત્વાકાંક્ષી શાસકની જેમ પોતાનું રાજ્ય વિસ્તારવાની જ ગણતરી એ આક્રમણ પાછળ રહી હોવાનું વધુ સંભવિત છે. આક્રમણનું પ્રેરક બીજું એક કારણ એ પણ હતું કે મોંગોલ સરદાર હલાકુએ ઈ.સ. ૧૨૯૨માં કરેલી ચઢાઈમાં જલાલુદ્દીન ખીલજીના હાથે હાર પામ્યા પછી અનેક મોગલ સૈનિકો ભારતમાં જ દિલ્હીની આસપાસ વસી ગયા હતા. દિલ્હીની સલ્તનત સામેના તેના કાવતરામાં તેમને રણથંભોર અને ચિત્તોડની સહાય રહી. અલાઉદ્દીને પ્રથમ રણથંભોર જીતીને પછી ચિત્તોડ પર આક્રમણ કરેલું.

અલાઉદ્દીનના ચિત્તોડ પરના આક્રમણ વખતે પ્રસિદ્ધ રંગદર્શી કવિ અમીર ખુશરૂ તેની સાથે હતો. જો પદ્મિનીનો કિસ્સો સાચો હોત તો આ રંગદર્શી કવિ તેના 'તારીખે અલાઈ' પુસ્તકમાં તેને બહેલાવીને લખ્યા વિના ન રહેત. સમકાલીન અન્ય લેખકો ગુલામહુસેન સલીમ, ઝિયાઉદ્દીન બર્ની, શમ્સ શીરાજ અફીફ, ઇબ્ન બતૂતા કે માર્કો પોલો સુધીના કોઈએ અલાઉદ્દીન-પદ્મિનીના પ્રકરણની ક્યાંય નોંધ સુધ્ધાં નથી લીધી. સૌપ્રથમ આ પ્રસંગ કોઈએ વર્ણવ્યો હોય તો ઈ.સ. ૧૫૪૦માં લખેલી પોતાની કાવ્યકૃતિ 'પદ્માવતી'માં મલિક મુહંમદ જાયસીએ. પરંતુ તેણે ઉપસંહારમાં જણાવ્યું છે કે, 'આ આખી કથા કલ્પિત છે અને વાસ્તવિક ઘટનાઓ સાથે તેને કશો જ સંબંધ નથી.'

જાયસીએ સમજાવ્યા પ્રમાણે, ચિત્તોડ એ વાસ્તવમાં દેહનું, રાજા રતનસિંહ મનનું, સિંઘલ (લંકા) હૃદયનું અને પદ્મિની વિવેકનું પ્રતીક છે. સંદેશવાહક રાઘવ શયતાનનો અને અલાઉદ્દીન માયાનો સૂચક છે.

આમ, અલાઉદ્દીન-પદ્મિનીનો આખો એ કિસ્સો સત્યથી વેગળો અને કેવળ કલ્પના પર આધારિત છે. આવી વાતોને ચાળીગાળીને ઇતિહાસને શુદ્ધ સ્વરૂપે રજૂ કરવાની ફરજ ઇતિહાસકારોની છે.

* * *

છત્રપતિ શિવાજીએ પોતાનાં વ્યક્તિત્વ, વીરત્વ અને કૂટનીતિજ્ઞતા દ્વારા દેશમાં પોતાનું એક આગવું સ્થાન ઊભું કરી શક્યા હતા. આગ્રામાં કડક ચોકીપહેરા નીચેની કેદમાંથી તે જે રીતે નાસી છૂટ્યા અને સલામત સ્થળે પહોંચી જતાં સુધી ઔરંગઝેબ સહિત કોઈને તેની જાણ થવા ન દીધી એ ઇતિહાસનો એક વિરલ પ્રસંગ છે !

શિવાજી આગ્રાથી મીઠાઈના ટોપલામાં બેસીને નાસી છૂટ્યાની પ્રચલિત માન્યતા સાચી નથી. આગ્રાની સરહદ છોડી ગયા પછી તેમના નાસવાની જાણ થતાં ઔરંગઝેબે પોતે જ મીઠાઈના ટોપલાની વાત ઉપજાવી કાઢેલી - પોતાની પ્રતિષ્ઠા બચાવવા ખાતર. શિવાજી કેવી કઠિન પરિસ્થિતિમાં હતા તેનો ખ્યાલ તા. ૨૩મી ઑગસ્ટ ૧૬૬૬ના રોજ પરકાલદાસે કલ્યાણદાસને લખેલા પત્ર પરથી આવે છે. એ પરથી જાણવા મળે છે કે, શિવાજી જે દિવસે નાસી છૂટ્યા તેના ચાર દિવસ પહેલાં તેમને મારી નાખવાનો નિશ્ચય ઔરંગઝેબ કરી ચૂકેલો. શિવાજીને થવા પામેલી આની જાણ એ પણ દર્શાવી આપે છે કે, મુગલાઈ શાસન નીચે શિવાજીએ પોતાની જાસૂસી જાળ એટલી વ્યાપક હદે પાથરેલી કે રાજ્યની ગુપ્તમાં ગુપ્ત બાતમી તેમને પહોંચી જતી. આંતરિક રાજકારણ જ્યાં ખટપટી અને વહીવટ ભ્રષ્ટ હોય ત્યાં પહેરેદારો સાથે મળી જઈને નાસી છૂટવું એ કંઈ મોટી વાત ન હતી.

ઔરંગઝેબે શિવાજીને મારી નાખવાનું ફરમાન ફૌલાદખાંને કર્યું ત્યારે તેની બેગમ વચ્ચે પડી અને કહ્યું કે, 'બાદશાહના વફાદાર સેવક મિર્ઝા રાજાના વચન પર શિવાજી આગ્રા આવેલ છે, જો શિવાજીને મારી નાખવામાં આવશે તો ભવિષ્યમાં બાદશાહના વચન પર કોણ વિશ્વાસ મૂકશે ?' બેગમને જફરખાં તથા મુહંમદ અમીરખાંનો સાથ મળતાં ફરમાન રદ કરવામાં આવ્યું. આ દર્શાવે છે કે મુગલ દરબારની રાજનીતિમાં બેગમોનું પણ ભારે વજન હતું. શિવાજીના પક્ષે આગ્રામાં શરૂ થયેલા સંગઠનમાં બેગમની સામેલગીરીથી તેનું વજન અધિક હતું. ☐

અશોક હર્ષ

કંકાવટી

પુપુલ જયકરનું અવસાન



ભારતીય સંસ્કૃતિના મહાન એલચી, રાષ્ટ્રિય હસ્તકલા ઉદ્યોગના અગ્રણી કાર્યકર્તા, સામાજિક કાર્યકર અને લેખિકા શ્રીમતી પુપુલ જયકર ૮૧ વર્ષની ઉંમરે મુંબઈ ખાતે અવસાન પામ્યાં છે.

શ્રીમતી જયકરનો જન્મ ૨૧ સપ્ટેમ્બર, ૧૯૧૫ના રોજ ઉત્તરપ્રદેશના ઇટાવા ખાતે રહેતા ગુજરાતી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. એમણે લંડનમાં અભ્યાસ કર્યો હતો, તેઓ લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સનાં સ્નાતક હતાં. જે. કૃષ્ણમૂર્તિના વિચારોથી તેઓ ખૂબ પ્રભાવિત હતાં. એમના જાહેર જીવનની શરૂઆત ભૂતપૂર્વ વડાપ્રદાન શ્રી જવાહરલાલ નેહરુના હાથ નીચે રાષ્ટ્રિય આયોજન સમિતિની મહિલા પાંખના અધ્યક્ષા તરીકે થઈ હતી. એ પછી તો એમણે અનેક મહત્ત્વના હોદ્દા પ્રાપ્ત કર્યા હતા. ભારતીય કલા અને સંસ્કૃતિના વારસાને 'ઇન્ડિયા ફેસ્ટિવલ્સ' જેવા કાર્યક્રમો દ્વારા પ્રોત્સાહન આપીને એમણે લોકો સુધી વિસ્તાર્યો હતો. તેઓ 'ઇન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ ઍન્ડ કલ્ચર હેરિટેજ' (INTACH)નાં સંસ્થાપક અને અધ્યક્ષા હતાં.

એમની પ્રતિષ્ઠિત કારકિર્દી દરમિયાન એમણે અનેક પ્રકારે સેવાઓ આપીને નામના મેળવી હતી. ૧૯૫૮માં તેઓ 'હેન્ડિકાફ્ટ્સ ઍન્ડ હેન્ડલૂમ કૉર્પોરેશન ઓફ ઇન્ડિયા'નાં વહીવટી નિર્દેશક અને અધ્યક્ષા નિમાયાં હતાં. ૧૯૭૪થી '૭૭ સુધી તેઓ 'ઓલ ઇન્ડિયા હેન્ડિક્રાફ્ટ' બોર્ડનાં અધ્યક્ષા અને 'ઓલ ઇન્ડિયા હેન્ડલૂમ બોર્ડ, ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા'ના સભ્યપદે હતાં. એમણે હસ્તકલા અને વણાટનાં ક્ષેત્રમાં વિવિધ ડિઝાઈન સંસ્થાઓ અને ટેકનિકલ સંસ્થાનોના વિકાસમાં તેમજ વેચાણ વ્યવસ્થાની વ્યૂહરચના ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. ૧૯૮૬માં તેઓ ભારત ભવન, ભોપાલનાં અધ્યક્ષા અને ૧૯૮૭માં 'ઇન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધી આર્ટ્સ'ના ટ્રસ્ટી હતાં. ૧૯૯૦માં એમણે 'નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેક્નોલોજી'નાં અધ્યક્ષા તરીકે પણ કામગીરી બજાવી હતી.

શ્રીમતી જયકરે ઘણાં પુસ્તકોનું લેખન અને સંપાદન કરેલું છે. એમનાં મહત્ત્વનાં પુસ્તકોમાં 'J. Krishnamurti - A Biography'. 'Fire in the Mind', 'The Buddha' અને ભારતીય ગ્રામીણ કલા વિશેનું ચિત્રોથી સુશોભિત પુસ્તક 'Earthen Drum'નો સમાવેશ થાય છે. ૧૯૪૬માં એમણે શ્રી મુલ્કરાજ આનંદ સાથે મળીને બાળકો માટેના સામયિક 'Earth Mother'નું સંપાદન પણ કરેલું. જેમાં એમ. એફ. હુસેન અને જૈમિની રોય જેવા પ્રતિષ્ઠિત ચિત્રકારીનાં ચિત્રો છપાતાં હતાં.

શ્રીમતી જયકર ભારતની બધી જ મહત્ત્વની સાંસ્કૃતિક ચળવળો સાથે સંકળાયેલાં હતાં અને આ ક્ષેત્રની મુખ્ય સંસ્થાઓને ઊભી કરવામાં એમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. □

'કુમાર'ને શ્રેષ્ઠ માસિકનો ઍવૉર્ડ


'કુમાર'ના વાચકો-ચાહકો-ગ્રાહકો-લેખકો સહુને એ જાણીને આનંદ થશે કે ઈ. ૧૯૯૪-૯૫ના વર્ષ માટે 'કુમાર'ને શ્રેષ્ઠ માસિકનો ઍવૉર્ડ પ્રાપ્ત થાય છે તેમ રાજ્ય સરકારે જાહેર કર્યું છે. 'કુમાર'ના આ સદ્ભાગ્યમાં તેના પૂર્વાધિકારીઓનો પ્રબળ પુરુષાર્થ તેમજ આપ સહુની સદ્ભાવનાનો ફાળો રહેલો છે.

ફરીથી આરંભાયેલા 'કુમાર'ને ચિરાયુ થવા અને સુસ્થિર થવા તેની ગ્રાહક-સંખ્યા વધે એ ખૂબ જરૂરી છે. આજે કેવળ રોજના પચીસ જ પૈસામાં વર્ષભરનું આશરે ૭૫૦ પૃષ્ઠનું વૈવિધ્ય સભર સુરુચિપૂર્ણ સચિત્ર વાચન 'કુમાર' આપે છે.

અમને આશા અને અપેક્ષા છે કે 'કુમાર' પ્રત્યેની આપની ચાહનાને આપ ગ્રાહક બની સક્રિય રૂપે અભિવ્યક્ત કરશો. 'કુમાર'ના અગાઉ બંધ થયેલા ગ્રાહકોને પણ અમારી આ તકે વિનંતી છે કે તેઓ પુનઃ ગ્રાહક બને તથા સહુ ચાલુ ગ્રાહકો એક નવા ગ્રાહક બનાવી આપી અમારા પુરુષાર્થને પ્રોત્સાહિત કરે.

કલાપાત્રાં





બંધ પડેલી મિલનું દૃશ્ય

અપૂર્વ દેસાઈ

ગતિશીલ, ઉત્સાહી, આંખમાં ચમક અને થનગનતું વ્યક્તિત્વ ધરાવતા યુવાન કલાકાર અપૂર્વ દેસાઈને હું છેલ્લાં પંદર વર્ષથી ઓળખું છું. પિતાશ્રીએ તેને ચિત્રકળાનો શોખ હોવાથી તે ક્ષેત્રમાં જવા માટે તથા તેમાં આગળ વધવા માટે પ્રોત્સાહન આપ્યું. વર્ષોથી અમદાવાદમાં સારંગપુર વિસ્તારની એક પોળના મકાનના મેડા પર રહી, ત્યાંના પરિવેશને આત્મસાત્ કર્યો છે. આ પરિવેશની અસર એટલી ઊંડી કે આ પોળનાં જૂનાં મકાનોના સ્થાપત્યને ઝીણવટથી તેમનાં ડ્રોઈંગ્ઝમાં તેમણે નિરૂપ્યાં છે.

તેમણે સી. એન. કૉલેજ ઑફ ફાઈન આર્ટ્સમાં ચિત્રકળાના અભ્યાસ દરમ્યાન પ્રભાવવાદી શૈલીની ટેક્નિક સિદ્ધ કરી અને પછી તો તેઓ વિનસેન્ટ વાન ઘોઘના જીવન અને કૃતિત્વથી એટલા બધા પ્રભાવિત થયા કે તેમના સમગ્ર માનસપટ પર વિનસેન્ટ છવાઈ ગયા. વિનસેન્ટની વિશિષ્ટ ટેક્નિક તથા તેની અભિવ્યક્તિવાદી પોસ્ટ-ઈમ્પ્રેશનિસ્ટ શૈલીનો તેનાં સ્વયંનાં ચિત્રો પર ખૂબ પ્રભાવ પડ્યો. સુરાત (surat)ની 'પોઇન્ટિલિઝમ' યા 'ડિવિઝનિઝમ'ની રંગોનાં ટપકાંવાળી શૈલીને પણ સિદ્ધ કરી. તો વળી તેમનો રસ માનવમાં, માનવસંબંધોમાં, માનવપરિસ્થિતિમાં. તેમનાં ચિત્રોમાં માનવ અને તેની જોડે સંકળાયેલી વસ્તુઓ તથા તેનો પરિવેશ પ્રધાનપણે દેખાય છે. પિતાશ્રી જોડે ચિત્રકલા અંગે કલાકો સુધી

દ્વિધાયુક્ત મનઃસ્થિતિ



'જૈસે રિયાલ મેં કિતાબ'





મોટો ભાર



ખાણિયાનો પુત્ર

ચર્ચા કરે, દલીલો કરે અને તેઓ સૂચવે તે પુસ્તકો ખરીદી તેનો અભ્યાસ કરે. આ બધી પ્રવૃત્તિઓમાં સામ્યવાદી દૃષ્ટિકોણની ઊંડી સમજ તો દેખાય જ. મૂડીવાદી સમાજમાં કામદારોનું કેવું શોષણ થાય છે એની અનુભૂતિ તેમને ખૂબ પીડે, અકળાવે. એટલે કેવળ આરામખુરશીમાં બેસી સામ્યવાદી દૃષ્ટિકોણ કે વિચારસરણીની વાત કર્યા કરવી તેમને ગમે નહીં. તેઓ તરત જ મધ્યપ્રદેશના કોઈ કોલસાની ખાણવાળા વિસ્તારની મુલાકાત લે અને ત્યાંના ખાણિયાઓની વચમાં રહી તેમની યાતનાઓ, તેમની પરિસ્થિતિ, તેમના પ્રશ્નો સમજવાનો હૃદયપૂર્વક પ્રયત્ન કરે અને ત્યાર પછી જ તેમાંથી સર્જાય અનુભૂતિપૂર્ણ, આવેગપૂર્ણ અભિવ્યક્તિવાદી તથા પ્રભાવવાદી શૈલીનાં ચિત્રો.

માનવશોષણ અને યાતનાની તેમની સાચી ચિંતા અને લાગણીને કારણે તેમનાં ચિત્રોમાં વાસ્તવની ઝાંખી થાય છે, વ્યક્તિગત દૃષ્ટિકોણનો પરિચય થાય છે. વળી, ભારતીય સાંપ્રતકાળના વર્તમાન યુવાચિત્રકારોમાં તેઓ નિઃશંકપણે આગળની હરોળમાં છે.

તેમનાં બે તૈલરંગી ચિત્રોએ મારું ખાસ ધ્યાન ખેંચ્યું છે. એક ચિત્રને નામ આપ્યું છે 'To be or not to be' - દ્વિધાયુક્ત મન.' એમાં એક યુવાન સ્ત્રીને લયયુક્ત રેખાઓમાં અને રંગોમાં તેના નમેલા મસ્તક દ્વારા, તેના ચહેરા પરની ત્રણ આંખો અને બે હોઠો દ્વારા અને ખાસ તો ચહેરા પરના તેના દ્વિધાયુક્ત મનોભાવ દ્વારા દર્શાવવામાં આવી છે. બીજા ચિત્રમાં એક યુવાન સ્ત્રીને તેના બે હાથોને તેના કાન પર ઢાંકીને મસ્તક પર મૂકેલા દર્શાવ્યા છે. આ ચિત્ર મનોવૈજ્ઞાનિક અસરવાળું બન્યું છે. આ પૂર્વે અપૂર્વે તેનાં ચિત્રોનાં પ્રદર્શનોમાં મજૂરોની બેહાલી, બંધ પડેલી મિલોનો ભંગાર, ગરીબાઈની યાતના, આર્થિક વિષમતાઓ, ખાણિયાઓની અમાનવીય, શોષણભરી, દુઃખદ પરિસ્થિતિ, કલકત્તા જેવા મહાનગરના માનવીઓનાં ટોળાંઓની પરિસ્થિતિ, ત્યાં માનવટોળાંથી ઊભરાતાં સરઘસો અને તેના પર દેખાતાં લાલ રંગનાં ટપકાંઓ (સામ્યવાદનો લાલ રંગ સૂચક છે) વગેરે બાબતોને તેમનાં ચિત્રોમાં તેમણે નિરૂપી છે. કેટલેક સ્થળે તેમણે પ્રતીકોનો પણ સમુચિત ઉપયોગ કર્યો છે. બે વિશાળ જોડાનું જ એક ચિત્ર બનાવ્યું છે. વાન ઘોઘના ચિત્રની યાદ આપતું આ ચિત્ર શું અપૂર્વને જ જોડાં દ્વારા રજૂ કરે છે ? ઘણી વાર અપૂર્વ સ્વયં તેનાં ચિત્રોમાં પ્રચ્છન્નપણે દેખા દેતો હોય છે.

તે ચિત્રો બોલકાં નથી, પ્રચારલક્ષી નથી. આડકતરી રીતે પછી ભલે તે સંદેશ પણ આપતાં હોય કે વિધાન પણ કરતાં હોય, કે પછી ખુદ અપૂર્વ તેનાં ચિત્રો વિશે, તેની પાછળની તેની વિચારસરણી વિશે ખૂબ જોશપૂર્વક વાતો કરતો હોય ! તેનાં ચિત્રો પાછળની સચ્ચાઈ, તેની માનવપરિસ્થિતિ અંગેની ઊંડી સમજ અને ચિંતા તેનાં ચિત્રોને બિલકુલ આગવું વ્યક્તિત્વ અર્પે છે.

- બંસીલાલ દલાલ

'એક આકાશ તળે ખીલેલાં વિવિધ ફૂલો'

અમદાવાદની જાણીતી ગુફાના જ પ્રાંગણમાં સ્થપાયેલી હર્વિઝ (Herwitz) ગૅલરિમાં કલાજગતમાં સર્વપ્રથમ વાર અમદાવાદના ૧૦૫ કલાકારોનાં ચિત્રોનું પ્રદર્શન આર્ચર ફાઉન્ડેશન દ્વારા યોજાયું. ઉદ્ઘાટનને દિને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વર્મા સાહેબે અમદાવાદ શહેરને વેપારી શહેર ઉપરાંત અર્વાચીન સ્થાપત્ય તથા આધુનિક કલાકારોથી સંસ્કારી બની રહેલા શહેર તરીકે પણ બિરદાવ્યું.

સ્થપતિ બાલકૃષ્ણ દોશીએ આ



ઇડર : લેન્ડસ્કેપ ● નટુ પરીખ



રાજેન્દ્ર કડિયા




કૂકડા : પિરાજી સાગરા


કલાજગતની ઘટનાને બિરદાવી. આર્ચરના માલિક અનિલ રેલિયા ઉત્સાહી યુવા કલાકાર તથા કલારસિક વ્યક્તિ છે અને તેમણે ખૂબ મહેનત લઈ સ્વપ્નને આ પ્રદર્શનરૂપે સાકાર કર્યું. જાણીતા કલાકાર વૃંદાવન સોલંકી અને તેમનાં પત્ની ચિત્રાબહેને અનિલ રેલિયાના સ્વપ્નને સાકાર કરવામાં મદદ કરી. તેમણે યોગ્ય રીતે આ પ્રદર્શનને **'એક આકાશ તળે ખીલેલાં વિવિધ ફૂલો.'** તરીકે ઓળખાવ્યું છે.

આ પ્રદર્શન અનન્ય છે તો સાથે સાથે તે એક સરસ સંગ્રહ પણ છે. તેમાં યુવાન તથા પ્રૌઢ, જાણીતા તથા ઓછા, જાણીતા એવા બધા જ કલાકારોની કલાકૃતિઓ એક જ નક્કી કરેલા નાના કદમાં રજૂ થઈ. તેથી વિવિધ શૈલીઓનાં તથા ટેક્નિકનાં દર્શન થતાં હોવાં છતાં એક પ્રકારનું દૃશ્યઐક્ય પણ અનુભવવા મળ્યું. હા, કલાકૃતિઓની કલાત્મક તથા સૌંદર્યાત્મક ગુણવત્તા એકસરખી જળવાઈ નથી એ સ્વાભાવિક છે. અહીં અમૂર્ત ચિત્રો છે તો લઘુ ચિત્રકળાની અસર હેઠળ થયેલાં ચિત્રો પણ છે. દૃશ્યચિત્રો છે તો ભૌમિતિક, શુદ્ધ અમૂર્ત ચિત્રો ઉપરાંત આકૃતિપ્રધાન, અર્ધ-અમૂર્ત શૈલીનાં ચિત્રો પણ છે. બાલકૃષ્ણ પટેલનું શુદ્ધ અમૂર્ત શૈલીમાં થયેલું સંગીતના ધ્વનિને વાચા આપતું ચિત્ર છે તો જનક પટેલનું ભૌમિતિક શૈલીમાં થયેલું પ્રભાવશાળી અમૂર્ત ચિત્ર પણ છે. અમિત અંબાલાલે વર્તમાન પરિસ્થિતિને 'સેવા' ચિત્રમાં ઉપહાસભરી તેમની વિશિષ્ટ, અનૌપચારિક શૈલીમાં રમૂજ દ્વારા રજૂ કરી છે. તો પ્રકૃતિને હીરાના પાસાઓના આકારમાં ઘનવાદની શૈલીને યાદ અપાવે તેવી શૈલીમાં ભવરસિંહ પવારે ભૂરું દૃશ્યચિત્ર સર્જ્યું છે. થર્મોકોલના કલાત્મક ઉપયોગ દ્વારા સર્જાયેલું અશ્વિન મોદીનું નૂતન-તાંત્રિક શૈલીની યાદ અપાવતું ચિત્ર નોંધપાત્ર છે. જયેશ શુક્લનું 'રમત' ચિત્ર રંગો તથા આકાર સર્જનની દૃષ્ટિએ નોંધપાત્ર છે. સાગરાના બે કૂકડાઓનું ચિત્ર તથા તેમના ભાઈ ઈશ્વર સાગરાનું ડ્રોઈંગ પણ ધ્યાનપાત્ર છે. પ્રભાવવાદી શૈલીના રંગો તથા બ્રશસ્ટ્રોક્સ તથા સુંદર સંયોજનવાળું હિંડોળ પારુલનું ચિત્ર યુવા કલાકારોમાં અવશ્ય જુદું તરી આવે છે. નટુભાઈ પરીખનું ઇડરનું દૃશ્યચિત્ર ઊંડાણ અને સુંદર રંગ-યોજના દર્શાવે છે. ગજેન્દ્ર શાહનું 'સરોદવાદક' ચિત્ર


સેવા : અમિત અંબાલાલ



સાઉન્ડ ઇન ગ્રીન: બાલકૃષ્ણ પટેલ




સરોદવાદક : ગજેન્દ્ર શાહ




જ્યોત્સ્ના : ભંવરસિંહ પનવાર


પ્રાર્થના : ઊર્મિ પરીખ


શિવલિંગ: બંસીધર ખત્રી

સંગીતની અનુભૂતિ કરાવે છે.
શિલ્પકારોએ રંગો યોજી ચિત્રો ચિત્રો કર્યાં છે. આ છે એક પ્રશસ્ય કર્યાં છે તો વણકર ડિઝાઈનરોએ પણ નવીન પ્રયોગ!

- બંસીલાલ દલાલ


સંવાદ: રાજેશ સાગરા


આપણું અમદાવાદ : વૃન્દાવન સોલંકી


જીવંનનો જોસ્સો : હરીશ ગુજરાતી

ગત માસ (એપ્રિલ) ગુજરાતમાં



- ★ ગુજરાત સાહિત્ય સભા દ્વારા અપાતો રણજિતરામ ચંદ્રક ૧૯૯૭ના વર્ષ માટે ગુણવંત શાહને એનાયક કરવાની જાહેરાત થઈ છે. તેમને આ વર્ષનો નર્મદ ચંદ્રક પણ મળે છે.
- ★ ગુજરાતના મુખ્ય'પ્રધાન શંકરસિંહ વાઘેલા વિધાનસભાની પેટાચૂંટણીમાં રાધનપુરથી ચૂંટાઈ આવ્યા છે.
- ★ કમોસમી વરસાદ અને વાવંટોળથી કેરી, ઘઉં ઈત્યાદિ પાકને નૂકસાન.
- ★ ગીરના સિંહોને મધ્યપ્રદેશના અભયારણ્યમાં ખસેડવા સામે વ્યાપક વિરોધ.
- ★ ૧૯૯૫ના વર્ષ માટે ગુજરાત સાહિત્ય એકાદમીએ અનુક્રમે પ્રથમ અને દ્વિતીય પારિતોષિક આ પ્રમાણે જાહેર ર્ક્યાં છે.

નવલકથા : 'પ્રિયતમા' (મોહન પરમાર), 'નિભાડો' (અશોકપુરી ગોસ્વામી). **ટૂંકી વાર્તા** : 'રાફડો' (બહાદુરભાઈ વાંક), 'શબવત્' (રમેશ ર. દવે). **એકાંકી** : 'તીરનો સનનનાટ' (હસમુખ બારાડી), 'સપનાનો સોદાગર' (રજની શેઠ) **પ્રવાસનિબંધ** : 'કિનારે કિનારે' (પ્રીતિ સેનગુપ્તા) દ્વિતીય પારિતોષિક **કવિતા** :'આનંદહેલી' (શશિશિવમ્), 'ક્ષણના ભારા સહિયારા' (દિવા પાંડ્ય) **વિવેચન** : 'ચાર વાર્તાકારો' (વિજય શાસ્ત્રી) દ્વિતીય પારિતોષિક. **સંશોધન** : 'અર્વાચીન ગુજરાતી દીર્ઘકવિતા' (નલિન પંડ્યા), 'ગુજરાતી સાહિત્ય, પત્રકારત્વ અને રંગભૂમિને ક્ષેત્રે પારસીઓનું પ્રદાન' (રતન માર્શલ) **આત્મકથા-જીવનકથા-રેખાચિત્ર** : 'જે. કૃષ્ણમૂર્તિની જીવનકથા' (બબાભાઈ પટેલ), 'શ્વેત મેઘધનુષ્ય' (ઉષા ચતુર્વેદી), અને 'માણસ હોવાની યંત્રણા' (જોસેફ મેક્વાન) બીજું બન્નેને સરખે હિસ્સે. **લોકસાહિત્ય** : 'હું તો ઢોલે રમું' (અમૃત પટેલ) **અનુવાદ** : 'ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ' (અશોક હર્ષ), 'જીવનસ્વાદ' (ચંદ્રકાન્ત મહેતા, દિલ્હી) **બાળવિભાગ** : કાવ્ય - 'અમોને મળી પવનની પાંખ' (રાજેન્દ્ર શાહ), 'પકડાપકડી' (બળદેવ પરમાર) વાર્તા - 'સ્વાતંત્ર્ય સંગ્રામના સારથી, ૧-૫' (હકૂમતરાય દેસાઈ, 'રાણી રાણી પટરાણી' (મોહનલાલ વાઘેલા), નાટક - 'તરંગ સુરાવલી' (તરલિકા શાહ), 'ગાંધીરંગ' (હકૂમતરાય દેસાઈ), ચરિત્રાદિ - 'સુંદર સાદાગર' (કનૈયાલાલ જોશી,) 'ગાંધીજીનાં સંસ્મરણો' (કૃપાશંકર જાની)

- ★ ગાંધીજીના કેટલાક પત્રો જે લંડનમાં પગ કરી ગયા હતા તે ભારતના વડાપ્રધાનને હસ્તે 'નવજીવન ટ્રસ્ટ'ને સુપરત કરવાંમાં આવ્યા છે. તે પત્રો પર સંશોધન-અધ્યયન કરી શકાય તે હેતુથી બિહારીલાલ શાહે તે 'નેહરુ મેમોરિયલ મ્યૂઝીઅમને મોક્લી આપ્યા છે.
- ★ ૧૯૯૫-૯૬નો શ્રેષ્ઠ માસિકનો ગુજરાત સરકારનો ઍવોર્ડ 'નવનીત-સમર્પણ'ને આપવાની જાહેરાત થઈ છે.
- ★ સરકારી-અર્ધસરકારી નોકરીમાં બહેનો માટે ૩૦ ટકા અનામત રાખવાનો ગુજરાત સરકારનો નિર્ણય.

ધ્યાનકથા

ભીતરની જાત્રા

બહાદુરભાઈ જ. વાંક

શહેરમાંથી કેટલાક સત્સંગી મુમુક્ષુઓ ગુરુ બજુવા પાસે ધ્યાન-સાધના નિમિત્તે માર્ગદર્શન મેળવવા આવ્યા. એક સત્સંગીએ બજુવા પાસે પોતાની દ્વિધા રજૂ કરતાં કહ્યું : 'અમે વરસોથી ધ્યાન-પૂજા કરીએ છીએ, પણ હજુ સુધી અમારી ભીતરની કોઈ જાત્રા થઈ શકી હોય એમ લાગતું નથી. અમારી ક્યાં ચૂક થાય છે, એ જ અમને સમજાતું નથી.'

બજુવાએ કહ્યું : 'સમજાતું નથી એટલા માટે કે તમે બધા ધ્યાનના વહેમમાં માત્ર વિચારોની જ પ્રદક્ષિણા કર્યા કરો છો.'

ને બેત્રણ સત્સંગીઓ એકીસાથે બોલી ઊઠ્યા : 'આપની વાત સાચી છે. પણ અમારી આ પ્રદક્ષિણા વિચારોમાંથી મુક્ત થઈને ભીતરના એક જ કેન્દ્રબિંદુ ઉપર સ્થિર કેમ નહીં થઈ શકતી હોય?'

એકાદ દૃષ્ટાંત આવી બજુવા બોલ્યા : 'તમારી પરિસ્થિતિ કંઈક આવી છે - ટ્રેનમાં જાત્રા કરવા માટે તમે પ્લૅટફૉર્મ ઉપર ઊભા છો ત્યારે ટ્રેન વિશે વિચારો છો ને ટ્રેનમાં બેસો છો ત્યારે પ્લૅટફૉર્મ વિશે વિચારો છો. પરિણામે તમે નથી ઊભા રહી શકતા પ્લૅટફૉર્મ ઉપર કે નથી જાત્રા કરી શકતા ટ્રેનમાં. હકીકતમાં તમે બંનેને ચૂકી જાઓ છો.'

'તો અમારે શું કરવું?'

'કરવાનું તો કશું જ નથી. માત્ર એક વાત સમજી લેવાની જરૂર છે. વિચારો હંમેશાં દર્શન ઉપર પડદો પાડી દે છે.'

એક સત્સંગીએ વળી પ્રશ્ન કર્યો : પણ અમારો મૂળભૂત પ્રશ્ન તો ભીતરની જાત્રાનો છે. 'એનું શું?'

'પાયાનો પ્રશ્ન ભીતરની જાત્રાનો નહીં, 'પણ સાક્ષીભૂત ચેતનાનો સાક્ષાત્કાર કરવાનો છે.' બજુવાએ કહ્યું.

'એટલે આપ અમને ટ્રેનના સાક્ષી બનવાનું કહો છો કે પ્લૅટફૉર્મના?' કોઈકે પૂછ્યું.

'એકીસાથે બંનેના... સભાનતાનો એક છેડો પ્લૅટફૉર્મ ઉપર અને બીજો છેડો ટ્રેન ઉપર. જેથી પ્લૅટફૉર્મ અને ટ્રેન વચ્ચે જે અંતર - અવકાશ નિર્માણ થશે એ જ તો બની રહેશે તમારું દર્શન અને તમારી સમજ.'

'હા, એ સાચું. પણ અમારો પ્રશ્ન છે - પ્લૅટફૉર્મ ને ટ્રેન વચ્ચેનું અંતર-અવકાશ. દર્શન આથી સીમિત નહીં બની જાય?'

'ના, સાક્ષીભૂત? ચેતના જ એકી સાથે ટ્રેન અને પ્લૅટફૉર્મનો છેદ ઉડાડીને આ દર્શનને અનંત આયામમાં વિસ્તારી શકે છે.'

ફરી કેટલાક સત્સંગીઓએ દલીલ કરી : 'પણ આ બધું ભીતરની જાત્રામાં કઈ રીતે ઉપકારક બની શકે?'

ને બજુવાએ હસતાં હસતાં સામો પ્રશ્ન કર્યો : 'જ્યાં માત્ર સાક્ષીભૂત ચેતના જ શેષ રહી જતી હોય, ત્યાં ભીતર અને બહાર જેવાં પરિણામો શેષ રહી શકે ખરાં?' □

'કુમાર'ના જૂના અંકો

નીચે જણાવેલા અંકોની જૂજ નકલો સિલકમાં છે. વહેલો તે પહેલો એ ધોરણે તે અપાશે.

- સળંગ અંક ૬૧૬, ૬૨૭, ૬૨૮, ૬૨૯, ૬૩૦, ૬૩૩, ૬૩૫, ૬૪૦, ૬૪૫, ૬૫૩, ૬૫૪, ૬૫૫, ૬૫૬, ૬૫૭, ૬૫૯, ૬૬૦, ૬૬૧, ૬૬૨, ૬૬૩, ૬૬૪, ૬૬૫, ૬૬૬, ૬૬૭, ૬૬૮, ૬૬૯, ૬૭૬, ૬૭૭, ૬૭૮, ૬૭૯, ૬૮૦, ૬૮૧, ૬૮૨, ૬૮૩, ૬૮૪, ૬૮૫, ૬૮૬, ૬૮૭, ૬૮૮, ૬૮૯, ૬૯૦, ૬૯૧, ૬૯૨, ૬૯૩, ૬૯૬ (પ્રત્યેકની કિંમત રૂ. ૨-૫૦).
- સળંગ અંક ૬૫૮, ૬૭૦, ૬૯૭, ૬૯૮, ૬૯૯, ૭૦૧, ૭૦૨, ૭૦૫, ૭૦૬, ૭૦૭-૮, ૭૦૯, ૭૧૦, ૭૧૧-૧૨, ૭૧૩, ૭૧૪, ૭૧૫, ૭૧૬, ૭૧૭-૧૮, ૭૨૦, ૭૨૧, ૭૨૨, ૭૨૩, ૭૨૪, ૭૨૫, ૭૨૬-૨૭, ૭૨૮, ૭૨૯, ૭૩૨ (પ્રત્યેકની કિંમત રૂ. ૩-૦૦).
- સળંગ અંક ૭૩૩, ૭૩૪, ૭૩૫-૩૬, ૭૩૭-૩૮, ૭૩૯, ૭૪૦, ૭૪૧-૪૨, ૭૪૩-૪૪, ૭૪૫, ૭૪૬, ૭૪૭-૪૮, ૭૪૯-૫૦, ૭૫૧ (પ્રત્યેકની કિંમત રૂ. ૪-૦૦).
- સળંગ અંક ૭૫૨, ૭૫૩, ૭૫૪ (પ્રત્યેકની કિંમત રૂ. ૬-૦૦).
- સળંગ અંક ૭૫૬, ૭૫૭, ૭૫૮, ૭૫૯, ૭૬૦, ૭૬૧, ૭૬૨, ૭૬૩, ૭૬૪, ૭૬૫, ૭૬૬, ૭૬૭, ૭૬૮, ૭૬૯, ૭૭૦, ૭૭૧, ૭૭૨, ૭૭૩, ૭૭૪, ૭૭૫, ૭૭૫, ૭૭૬, ૭૭૭, ૭૭૮, ૭૭૯ (પ્રત્યેકની કિંમત રૂ. ૮-૦૦).
- સળંગ અંક ૭૮૦-૮૧, ૭૮૨, ૭૮૩, ૭૮૪, ૭૮૫, ૭૮૬, ૭૮૭, ૭૮૮, ૭૮૯, ૭૯૦, ૭૯૧, ૭૯૨, ૭૯૩, ૭૯૪, ૭૯૫, ૭૯૬, ૭૯૭, ૭૯૮, ૭૯૯, ૮૦૧-૨, ૮૦૩, ૮૦૪, ૮૦૫, ૮૦૬, ૮૦૭, ૮૦૮, ૮૦૯, ૮૧૦, ૮૧૧, ૮૧૨, ૮૧૪, ૮૧૭, ૮૨૧, ૮૨૨, ૮૨૩. (પ્રત્યેકની કિંમત રૂ. ૧૦-૦૦).

ઉપરના દરેક અંકનું રવાનગી ખર્ચ રૂ. ૨, પાંચ અંક અથવા તેથી વધુ મંગાવનારે પ્રત્યેક અંક દીઠ રવાનગી ખર્ચ રૂ. ૧ ઉમેરવું.

- સળંગ અંક ૮૦૦ (કિંમત રૂ. ૫૦ + રવાનગી ખર્ચ રૂ. ૫ મળી કુલ રૂ. ૫૫-૦૦)

રકમ માત્ર મનિ ઑર્ડરથી કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે મોકલવી.

સાહિત્યસંપર્ક

ઍલન જિન્સબર્ગનું અવસાન



ઈ.સ. ૧૯૨૬ના જૂનની ત્રીજી તારીખે અમેરિકામાં ન્યૂ જર્સીમાં પૅટર્સન ખાતે જન્મેલા આ સદીના છઠ્ઠા દાયકાની અમેરિકન કવિતામાં 'બીટનિક' (beat-nik) આંદોલનના અગ્રણી કવિ ઍલન જિન્સબર્ગનું એપ્રિલની ૫મીએ ન્યૂ યૉર્ક ખાતે નિધન થયું છે.

સ્થાપિત હિતોની સામે સામાજિક સભાનતાથી જેહાદ જગાડનાર સર્જકસંઘમાંના ઍલન જિન્સબર્ગ મુખ્ય હતા. એમની કવિતાએ તત્કાલીન સમાજ પર, સંગીત પર, રાજકારણ પર ઘેરી અસર કરી હતી. એમાંના વિષયવસ્તુ અને આઘાતક શૈલીસ્વરૂપે સહુનું ધ્યાન ખેંચ્યું હતું. સર્‌રિયલ તર્‌નિકનો, તો વળી સીધા વ્યંગનો એમણે પોતાના સર્જનમાં ઠીકઠીક ઉપયોગ કર્યો છે. ત્રીસની વયે ૧૯૫૬માં એમનો પહેલો કાવ્યસંગ્રહ 'હાઉલ' (Howl) પ્રકટ થયો ત્યારે એમાંની વિચિત્ર-ઉગ્ર રચનાઓએ વાચકોને આઘાત અને અચંબો આપેલા. એમનો બીજો કાવ્યસંગ્રહ 'કૅડિશ ઍન્ડ અધર પોએમ્સ' ૧૯૬૧માં પ્રકટ થયો. એમાં પોતાની માતાના અવસાન નિમિત્તે લખાયેલું વિલાપકાવ્ય (kaddish) ધ્યાન ખેંચે છે. એમની કવિતામાં અતિશયોક્તિનો અંશ ગાઢા રંગો પૂરે છે. તેઓ ઊર્મિનું સૂક્ષ્મ અને લાઘવપૂર્ણ નિરૂપણ કરવા કરતાં એનું પ્રલંબ, પ્રસ્તારી કથન કરવાનું વધુ પસંદ કરે છે. આથી કલ્પન-પ્રતીક જેવી સૂક્ષ્મ પ્રયુક્તિઓ કરતાં તાર સ્વરનું બોલકાપણું જ એમની કવિતાનો વિશેષ બની રહે છે. એમની 'હાઉલ' નામક કવિતાનો ઉપાડ આ વાતની ગવાહી પૂરશે :

'I saw the best minds of my generation destroyed by madness, starving hysterical naked...'

'મારી પેઢીના ઉત્તમ મેધાવીઓ ગાંડપણ અને ખુલ્લા ઉન્માદથી ભૂખમરાને કારણે નાશ પામતા મેં જોયા છે.'

પોતાની રચનાઓમાં વિચારો-વિધાનોની તર્કમય રજૂઆતને બદલે એ છિન્નભિન્ન ટુકડાઓનું કોલાજ સર્જે છે. જાણે તત્કાલીન પ્રજાને, સમાજને આંચકો આપવો એ જ એમના સર્જનનું મુખ્ય લક્ષ્ય લાગે છે ! એમણે યોગ, બૌદ્ધધર્મ, અમેરિકાનો તળ રહસ્યવાદ તેમજ વિલિયમ કાર્લોસ વિલિયમ્સ જેવા કવિઓની કવિતાની અસર નીચે પોતાની આગવી છબી ઉપસાવી હતી. - ધી. પ.

પ્રાપ્ત પ્રકાશનો

પરિક્રમા નર્મદા મૈયાની : લે. અમૃતલાલ વેગડ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૪, પૃષ્ઠ: ૨૧૬, ક્રાઉન, પાકું પૂઠું, મૂલ્ય રૂ. ૫૫/-, પ્રકાશક : આર. આર. શેઠની કંપની, અમદાવાદ-૧.

આ પુસ્તક સુભગ, ભદ્ર અને પવિત્ર અર્થ આપે છે. 'નમામિ દેવી નર્મદે' જેથી ઉત્તમ કવિતા એમાં સિદ્ધ થાય છે. એમાં પ્રકૃતિનાં દૃશ્યો સ્પષ્ટ થઈને પ્રાણવંત બને છે. અહીંની સામગ્રી માત્ર પ્રવાસવર્ણન ન બની જતાં સૌંદર્યબોધ કરાવતી લાગે છે. નર્મદાનો ઉત્તર તટ અને દક્ષિણ તટ આવરી લેવાયો છે. જબલપુર, મહારાજપુર, ગ્વારીઘાટ, હોશંગાબાદ, ખલઘાટ, કબીરવડ અને વિમલેશ્વર જેવાં સ્થળો આવરી લેવાયાં છે. 'કબીરવડથી વિમલેશ્વર' પ્રકરણમાં ગુજરાત અને તેની આધ્યાત્મિકતા મુખ્યત્વે સુપેરે આલેખાઈ છે. આ પુસ્તક જુદા કોણ ઉપરથી પર્યાવરણ કર્મ અને નર્મદાના નૂતન રૂપને આવકારે છે.

સાહિત્યલેખ : લે. જશવંત શેખડીવાળા, પ્રથમ આવૃત્તિ: ૧૯૯૬, પૃષ્ઠ : ૨૦૫, ડિમાઈ, પાકું પૂઠું, મૂલ્ય રૂ. ૮૫/- પ્રકાશક: ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર-૩૮૨૦૧૧.

સ્વાધ્યાય - વિવેચન અને સંદર્ભની દિશાનું કાર્ય આ પુસ્તકમાંથી પ્રગટે છે. જીવન અને સાહિત્યનો આંતરસંબંધ સ્પષ્ટ કરી આપતું આ પુસ્તક છે. આમાં સોળ લેખોમાંથી 'વિવેચક વિવેચન વિચાર', 'ધારાવાહી નવલકથા', 'આંચલિક નવલકથા', 'ગુજરાતી એકાંકી', 'ગુજરાતી બાળસાહિત્ય દશા, દિશા', 'આધુનિક ગુજરાતી કવિતા' લેખો વધારે ગહન અને ધારદાર વિવેચનના પુરાવારૂપ છે.

પ્રપાત : લે. સુભાષ શાહ, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૬, પૃષ્ઠ-૧૦૪, ક્રાઉન, કાચું પૂઠું, મૂલ્ય : રૂ. ૪૫/- રન્નાદે પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ-૧.

સુભાષ શાહની આ છઠ્ઠી નવલકથા એક લઘુનવલનું જુદું રૂપ સિદ્ધ કરે છે. આ નવલકથા દ્વારા દિલ અને દુનિયાથી બનતા જીવનનો આગવો અભિગમ પ્રગટ થાય છે. અહીં એક કુટુંબનો પ્રપાત છે, ધોધ છે. કેટલાંક પાત્રોની મર્યાદાઓ અને દંભ એ પ્રપાત સાથે દેખાઈ આવે છે. ચંદ્રકાન્ત શેઠે એને પ્રપાતનો શક્તિપાત કહ્યો છે. સત્ય અને સત્ત્વની સાથે દંભ અને જૂઠના સંઘર્ષની આ કથા એક સચોટ રૂપ ધારણ કરે છે.

- નલિન પંડ્યા

દૃષ્ટાંત કથા

શ્રેષ્ઠ મૂર્ખ કોણ?

એક વાર ઉજેણીનગરના રસ્તા પર એક દુકાનના ઓટલે ચાર મૂર્ખ માણસો બેઠા હતા. એવામાં ત્યાંથી એક સાધુ પસાર થયા. તેમને જોઈને આ ચારે જણા હાથ જોડીને તેમને પગે લાગ્યા, એટલે સાધુએ તેમને આશીર્વાદ આપ્યા.

સાધુના ગયા પછી આ ચારે જણા અંદર-અંદર વાદ-વિવાદ કરવા લાગ્યા કે આપણામાંથી કોને આશીર્વાદ આપ્યા. પાછળ જઈને સાધુને પૂછતાં તેણે કહ્યું : તમારામાંથી જે સૌથી મોટો મૂરખ હોય તેને!

એટલે દરેક મૂરખે પોતાની મૂર્ખાઈની વાત કરી.

પહેલાએ કહ્યું : ''મારી વહુને તેના પિયરથી મારે ઘેર તેડી લાવવા માટે હું નીકળ્યો ત્યારે મારી માએ મને શિખામણ દીધી કે, 'સાસરે તને જમવા બોલાવે કે તરત બેસી ન જતો. પણ આગ્રહ કરાવવા 'ના ના' કહેજે. સાળી-સાળા મશ્કરી કરે તો ગુસ્સે ના થતો.'

હું સાસરે પહોંચ્યો એટલે સાસુએ ખાટલો ઢાળી તે પર ગાદલું પાથરી મને બેસાડ્યો. પછી ચા પિવડાવી. મારાં મા-બાપુના સમાચાર પૂછ્યા. થોડી વાર પછી સાસુએ મને જમવા બોલાવ્યો એટલે મેં કહ્યું કે, 'હું જમીને જ આવ્યો છું. મારી માએ મને એટલો બધો જમાડ્યો છે કે જરાયે ભૂખ નથી!' સાસુએ કહ્યું: ' ભલે, થોડી વાર પછી તમારા સસરા આવે તેમની સાથે જમજો.' રાતે જમવા બોલાવ્યો ત્યારે મેં ના પાડી. 'વધારે આગ્રહ કરીશું તો જમાઈને ખોટું લાગશે' એમ સમજીને સાસુએ મને વધુ આગ્રહ ન કર્યો.

મારી સૂવાની વ્યવસ્થા એક ઓરડામાં કરી હતી ત્યાં એક કોઠી હતી. રાતે મને બરાબર ભૂખ લાગી હતી. તેથી કોઠીમાં જે ચોખા પડ્યા હતા તેમાંથી એક બૂકડો મેં ભરી લીધો. ત્યાં મારી વહુ આવી. તેણે મારા ફૂલેલા ગાલ જોઈને ધારી લીધું કે મારી તબિયત બગડી છે. તેણે મારી સાસુને વાત કરી એટલે તેણે વૈદને બોલાવ્યો. વૈદે મારા મોંમાં ધોળા ચોખા ભરેલા જોઈને કહ્યું કે, 'તમારા જમાઈને તાંદુલરોગ થયો છે. એ અસાધ્ય ગણાય છે, પણ તેનો ખરો ઇલાજ હું જાણું છું. તમે મને એક ભેંસ આપવાનું કબૂલ કરો તો અત્યારે જ હું મટાડી દઉં.' મારી સાસુએ તેની વાત કબૂલ કરી એટલે વૈદે એક મોટી થાળી મંગાવી અને કોઈ ન જાણે એમ એના મોંમાંથી ચોખા થૂંકાવી કાઢ્યા. પછી ભેંસ લઈને તે ઘરભેગો થઈ ગયો. હું કંઈ પણ ન બોલ્યો.''

બીજાએ પોતાની મૂર્ખાઈ વર્ણવી: ''એક વાર હું મારી વહુને પિયરથી તેડીને મારે ઘેર આવ્યો ત્યારે ગામ બહાર જ રાત પડી ગઈ. નગરનો દરવાજો બંધ થઈ ગયો. એટલે અમારે મહાદેવના દહેરામાં રાત રહેવું પડ્યું. રાતે અમે વાતે વળગ્યાં ત્યારે મેં કહ્યું કે, 'આપણામાંથી જે મૌન તોડે તે દસ લાડવા હારે.' આવી શરત મારીને અમે સૂતાં. એવામાં ચોર આવ્યો અને અમારાં ઘરેણાં ને કપડાં ભરેલી પેટી લઈને નાઠો. મેં તેને નાસતો જોયો પણ શરત મારેલી તે જીતવા ખાતર હું કંઈ પણ ન બોલ્યો. આમ લાડવા ખાતર હું 'બાવો' બની ગયો.''


ત્રીજાએ કહ્યું : ''મારે બે બૈરીઓ છે. તે ખૂબ ઝઘડતી હતી એટલે મારી સેવા-ચાકરી કરવા માટે મારું અડધું અડધું શરીર તેમને મેં વહેંચી આપ્યું. એક વાર હું બહારથી ઘેર આવ્યો ત્યારે મારી એક વહુ જમવા બેઠી હતી, તેથી મારી બીજી વહુએ મારા બંને પગ ધોયા. તે જોઈને જમવા બેઠેલી પહેલી વહુ ગુસ્સે થઈ દોડી આવી અને બીજી વહુને સોંપાયેલો મારો પગ તેણે ભાંગી નાખ્યો. એટલે પહેલી વહુએ બાકીનો બીજો પગ ભાંગી નાખ્યો.''

ચોથાએ પોતાનું પરાક્રમ વર્ણવતાં કહ્યું : ''એક વાર મધરાતે મારા ઘરમાં મારાં બૈરી-છોકરાં ઊંઘતાં હતાં ત્યારે એક ઉંદર આવ્યો ને દીવાની સળગતી દિવેટ લઈને નાઠો. તો પણ એ બધાં જાગી જશે એ બીકે હું જરા પણ હાલ્યો-ચાલ્યો નહિ પરિણામે ત્યાં આગ લાગી અને મારાં દાઢી-મૂછ સળગી ગયાં.''

તે સાંભળીને સાધુએ કહ્યું કે ''જેણે મૂર્ખાઈને લીધે પોતાના પગ ભંગાવ્યા તે મોટો મૂરખ ગણાય. કારણ કે તેણે પોતાની મૂર્ખાઈને લીધે સૌથી વધુ નુકસાન વહોર્યું.'

* રત્નસૂરિ શિષ્યકૃત (૧૫મું શતક) 'રત્નચૂડ રાસ'ની એક વાર્તાની દૃષ્ટાન્તકથાનું રૂપાન્તર.

- શિવલાલ જેસલપુરા



જાણ્યાં છ જેણે પરિણામ ભોગનાં,
પ્રારબ્ધ ને સંચિત સર્વ છાંડ્યાં;
નિર્વાણ જે માણી રહે અભંગ,
એની ગતિ અકળ, પક્ષી નભે ઊડ્યાશી.

(અનુ. વિજયશંકર કામદાર) - ધમ્મપદ

ભોળાભાઈ પટેલને રણજિતરામ ચંદ્રક

ડૉ. ભોળાભાઈ પટેલ (જન્મ તા. ૭-૮-૧૯૩૪)ને એમના પ્રવાસ-વર્ણનના પુસ્તક 'દેવોની ઘાટી' માટે ૧૯૯૨ના વર્ષનો સાહિત્ય અકાદમી દિલ્હીનો રાષ્ટ્રિય પુરસ્કાર મળ્યો, એથી એમના ઘણા ચાહકોને એમ લાગેલું કે એક જુવાન લેખકનું રાષ્ટ્રિય સન્માન થયું. ભોળાભાઈના પ્રસન્ન વ્યક્તિત્વની આ ખૂબી છે કે ઉંમરે એમની તાજગીને ઝાંખી પાડી નથી. એમની સહૃદયતા પાંડિત્યના ભારથી દબાઈ નથી. એમની જવાબદારીઓએ એમના પ્રવાસશોખ પર કાપ મૂક્યો નથી. અનેક માઠા અનુભવો અને લોહીના દબાણની તકલીફ પછી પણ એમનું હાસ્ય 'ત્ર્યંબકના અટ્ટહાસ્ય'નો વારસો ધરાવે છે.

કડી સર્વ વિદ્યાલયમાં શ્રી મોહનલાલ પટેલ અને અંબાલાલ પટેલ જેવા ગુરુઓએ સાહિત્યનો રસ જગવ્યો હતો. ભાષાઓ પ્રત્યે પ્રેમ કેળવ્યો હતો. પિતાશ્રી શંકરભાઈ શિક્ષક હતા. ભોળાભાઈ મૅટ્રિક થતાંની સાથે માણસાની આર.બી.એલ.ડી. હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે ભોળાભાઈ સાથેનો મારો સંબંધ ૧૯૫૨થી. શાળા છૂટ્યા પછી એ બાપુપુરા બાજુ ચાલે. અડધે સુધી આવે. વાતો સાહિત્યની. મેં શાળા દરમિયાન સંસ્કૃત ભૂષણની પરીક્ષા પાસ કરી. નિરંજન, પ્રિયકાન્ત આદિની કવિતા એમની સાથે વાંચી અને ગુજરાતીની પ્રશિષ્ટ કૃતિઓ પાછળ ઉજાગરા કર્યા એમાં મૂળ પ્રેરણા ભોળાભાઈની. ત્યારે એ પોતે પણ સંસ્કૃત છંદોમાં કાવ્યો લખતા, પછી ત્રણેક ઉત્તમ નવલિકાઓ લખી છે. નવલકથાઓ ચંદ્રકાન્ત શેઠની જેમ શરૂ કરી કરીને રઝળતી મૂકી છે પણ વિવેચને એમને ફસાવ્યા.

બંગાળી શીખ્યા. નગીનદાસ પારેખના પટ્ટશિષ્ય થયા. નાદુરસ્ત તબિયત હોય ત્યારે પણ નગીનભાઈ ભોળાભાઈને અચૂક યાદ કરે. પત્રવ્યવહારનું કામ પણ સોંપે. અહીં પોતાને શિષ્યોની બે પેઢીઓ છે, એ ભૂલીને ભોળાભાઈ ગુરુની સેવામાં મગ્ન બને. ઉમાશંકરના અંગ્રેજી લેખોના સંપાદનનું કામ સ્વાતિબહેને માથે લીધું હોય તો એમાં પણ ભોળાભાઈનો સાથ ખરો. નિરંજન ભગતકૃત 'પ્રવાલદ્વીપ' અને બોદલેરનાં નગરકાવ્યો વિશે 'સંસ્કૃતિ'માં પ્રગટ થયેલા એ એક જ વિવેચન-લેખે ભોળાભાઈ પટેલને ગુજરાતના સાહિત્યજગતમાં સીધો પ્રવેશ અપાવ્યો. ઓગણત્રીસની ઉંમરે ભોળાભાઈ સીધા પ્રૌઢ વિવેચક ઠર્યા. શાંતિનિકેતનની વિશ્વભારતી યુનિવર્સિટીએ એમને ફેલો તરીકે નિમંત્ર્યા. તેઓ બંગાળીમાં વાત કરી શકે છે. 'મેઘદૂત' જેવું ખંડકાવ્ય કંઠસ્થ અને 'વિક્રમોવર્શીય' જેવું નાટક પણ હાથમાં રાખ્યા વિના ભણાવી શકે.

હિન્દીના અધ્યાપક હતા ત્યારે અંગ્રેજી સાથે એમણે એમ.એ. કરેલું. યુનિવર્સિટીમાં પ્રથમ હતા. ભાષાવિજ્ઞાનમાં પણ અનુસ્નાતક ડિપ્લોમા ધરાવે છે. સાહિત્ય પરિષદના કોઈમ્બતુર અધિવેશનમાં એ ભારતીય સાહિત્ય વિશેની બેઠકના અધ્યક્ષ વરાયા. સાહિત્યનો આસ્વાદ એ ભોળાભાઈના જીવનનો સૌથી મોટો લહાવો. દેશના ઉત્તમ આસ્વાદકોમાંના એક.

'વિદિશા' (૧૯૮૦), 'પૂર્વોત્તર' (૧૯૮૧), 'કાંચનજંઘા' (૧૯૮૫), 'રાધે તારા ડુંગરિયા પર' (૧૯૮૭), 'દેવોની ઘાટી' (૧૯૮૯), 'દેવાત્મા હિમાલય' (૧૯૯૦), 'બોલે, ઝીણા મોર' (૧૯૯૧), 'શાલભંજિકા' (૧૯૯૨), 'ચૈતર ચમકે ચાંદની' (૧૯૯૬) વ. પ્રવાસ-વર્ણનનાં પુસ્તકોમાં નિબંધ, પત્ર અને ડાયરીનાં સ્વરૂપોનો સંગમ થયેલો છે.



સાહિત્યિક સંદર્ભોના વિનિયોગની દૃષ્ટિએ ભોળાભાઈ સુરેશ જોષી સાથે છે અને રખડપટ્ટીના બહોળા અનુભવની દૃષ્ટિએ એ કાકાસાહેબની સાથે છે. 'અધુના' ('૭૩), 'ભારતીય ટૂંકી વાર્તા' ('૭૩), 'પૂર્વાપર' ('૭૬), 'કાલપુરુષ' ('૭૯), 'આધુનિકતા અને ગુજરાતી કવિતા' ('૮૭), 'સાહિત્યપરંપરાનો વિસ્તાર' (૧૯૯૫) જેવાં પુસ્તકોમાં ભોળાભાઈ વિવેચક પછી આસ્વાદક પહેલા છે. સહૃદયને ન પહોંચે એવું વિવેચન એમને કરવું નથી. ૧૯૯૫માં કે. કે. બિરલા ફાઉન્ડેશનની તુલનાત્મક સાહિત્ય માટેની રાષ્ટ્રિય ફેલોશિપ મળી એમાં એમણે પન્નાલાલ-પ્રેમચન્દ-રેણુની નવલકથાનો સ્વાધ્યાય પસંદ કર્યો છે. રાજ્ય સરકાર અને સાહિત્ય સંસ્થાઓનાં દસેક પારિતોષિકોમાં છેલ્લે ૧૯૯૭માં એમને વિવેચન માટેનો અનંતરાય રાવળ પુરસ્કાર મળ્યો છે. એમણે ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્ર 'પરબ'નું સંપાદન કશા વળતર વિના બબ્બે દાયકાથી ચાલુ રાખ્યું છે.

ભોળાભાઈએ બંગાળી, અસમિયા, અંગ્રેજી અને હિન્દીમાંથી અનુવાદ કરીને

'વનલતસેન', 'સમકાલીન અસમિયા કવિતા' આદિ બારેક પુસ્તકો આપ્યાં છે. એમના પ્રવાસનિબંધોનાં બે પુસ્તકો હિન્દીમાં પ્રગટ થયાં છે. પીએચ.ડી. શોધનિબંધ 'અજ્ઞેયઃ એક અધ્યયન'નું હિન્દી વિવેચનમાં સ્વાગત થયેલું. બે ભાષાઓ વચ્ચે સેતુ થવા બદલ એમને ઉત્તર પ્રદેશનો સૌહાર્દ પુરસ્કાર (૧૯૮૮) એનાયત થયો હતો. કાલિદાસ-રવીન્દ્રનાથના આસ્વાદક તરીકે એમને જેટલા પુરસ્કાર આપીએ એટલા ઓછા છે.

કવિતા ભોળાભાઈને અન્ય કળાઓની સંનિકટ લઈ ગઈ. ભુવનેશ્વરનાં મંદિરોમાં દર્શન કરતી વખતે પાર્વતીના શિલ્પને નિહાળતાં થયેલી અનુભૂતિની વાત કરતાં લખે છે :

ડાબો સ્તન અનાવૃત, ઘાટીલા પગમાં લાંબી કાંબી, ગળામાં હારની હાર, માથે મુકુટ જાણે શિખરબંધી મંદિરનું સૂક્ષ્મરૂપ, ખભે અડકી રહ્યાં છે ચારુ કર્ણફૂલ, અરે હા, પેલું સ્તનાંશુક નથી, ડાબે સ્કંધેથી ઢળી જમણી તરફ જતું ઉત્તરીય છે - પાર્વતી - મારી મા, મારી પ્રિયા.... જાણે સમાધિની ક્ષણ આવી ગઈ ! ('પૂર્વોત્તર', પૃ. ૧૮)

આવા સ્થળ-સમય વિશેષથી વિખૂટા પડવાની વેળા મથી નાખે છે. માણસને અંદર બહાર - 'કેરલની રમ્ય ભૂમિથી વછૂટા પડ્યાનું દર્દ તો હતું, પણ તું કહીશ કે પ્રવાસી આમ જ્યાં જાય ત્યાં પ્રીત કરી બેસે તો ઠીક નહીં.' ('પૂર્વોત્તર' પૃ. ૧૫૬)

'કૂડલ સંગમ દેવ'માં છે : ગોમટેશ્વરની પાવનકારી નગ્નતા, બેલૂર હોયસળની મદનિકાઓનું સમ્મોહનકારી સૌંદર્ય અથવા કહો, દેહોત્સવનું કાવ્ય, એને હમ્પીનાં ખંડેરોમાં વિલસતા ભવ્ય અતીતના વિષાદનું ભર્યા ભર્યા કંઠે થયેલું આછું ગાન !

ભોળાભાઈની સંવેદનશીલતા કેવી સંકુલતા અને સૂક્ષ્મતા દાખવે છે એનાં દૃષ્ટાંતો પણ ઠેર ઠેર મળશે :

'થોડેક દૂર જતી ગાડીનો અવાજ સ્તબ્ધતાને જગાડે છે. એની તીણી વ્હીસલ સ્તબ્ધતાને ચીરે છે. હજી હમણાં તો હોલાનો અવાજ સ્તબ્ધતાને વાઢ કરતો હતો. ગાડી હવે દૂર જતી ગઈ છે. દૂરથી માત્ર એનાં પૈડાંના સંગીતનો વિલંબિત સ્વર વહી આવે છે. ધીરે ધીરે તેય વિલીન થઈ જાય છે. ફરી સ્તબ્ધતા વ્યાપી વળે છે.' ('કાંચનજંઘા' પૃ. ૧૩૧).

...આ સાંજ, આ પવન, આ નદી, આ પહાડ, આ અરણ્ય, આ આકાશ, આ નિર્જનતા ધીરે ધીરે તેમાં અંધકાર ભળી ગયો. અરણ્યનો આદિમ અંધકાર.

એ આદિમ અંધકારમાં આ પુરાણાં જંગલો વચ્ચેથી પસાર થતા પવનનો અવાજ એ પણ આદિમ. એ અવાજ વધતો ગયો. માનસનો ઘુઘવાટ પણ વધતો ગયો, સમુદ્રના ઘુઘવાટ સાથે એને સરખાવી શકાય ('રાધે તારા.' પૃ. ૮૦). - રઘુવીર ચૌધરી

ઊધઈથી ફર્નિચર કેમ બચાવશો ?

ભગવાન બચાવે ઊધઈથી લાકડાને - ઘરના દરવાજા, બારીબારણાંઓને, રસોડાના લાકડાંના સામાનને, ઘરની શોભામાં વૃદ્ધિ કરનાર ફર્નિચરને.

કહેવાય છે કે, જ્યારે ઊધઈ લાકડામાં અથવા ફર્નિચરમાં ઘૂસણખોરી કરે છે ત્યારે નીકળવાનું નામ નથી લેતી. તે ક્ષયની બીમારીની જેમ લાકડાની અંદર દીવાલોને જર્જરિત કરી નાખે છે. સારામાં સારું ફર્નિચર ઊધઈના હુમલાથી ચૂર-ચૂર થઈ જાય છે.

ઊધઈ જોતજોતામાં લાકડાના રેસાઓને ચોંટી જાય છે અને કોઈ લાકડાને ખોખલું કરવાનું નથી ચૂકતી.

ઊધઈ સંક્રાત્મક જીવાતની જેમ ફેલાય છે. તેમના વિનાશ માટે નવી નવી કિટાણુનાશક દવાઓ માર્કેટમાં નીકળી છે. પરંતુ કોઈએ એવો ચમત્કાર નથી દેખાડ્યો કે, જેનાથી તેનો સર્વનાશ થઈ જાય. કેટલીક ગૃહિણીઓ ઘણી વાર કેરોસીન છાંટી તેનો અગ્નિદાહ કરવાના પ્રયત્ન કરે છે, ત્યારે તેઓ અંદર લાકડાના રેસામાં જ બનેલી ગુફાઓમાં ચાલી જાય છે અને પછી પાછું પોતાનું કામકાજ શરૂ કરી દે છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે, મનુષ્યની સંસ્કૃતિનો સૌથી મોટો દુશ્મન ઊધઈ, ઉંદર, વંદા છે.

કેટલાક લોકોએ એવા રામબાણ નુસ્ખા શોધ્યા છે જેનાથી આ દુશ્મનોનું દમન એકદમ સરળ બની ગયું છે. તમે વિશ્વાસ કરો કે ન કરો હવે તે તથ્ય સામે આવ્યું છે કે, કેરમ બોર્ડને લિસ્સું બનાવી રાખવા માટે છાંટવામાં આવતો બોરેક્સ પાવડર ઊધઈનો નાશ કરવા ખૂબ સફળ રહ્યો છે.

તમે જોયું હશે કે, બોરેક્સ પાવડરનો ઉપયોગ કરવાથી કેરમ બોર્ડ પર ઊધઈ લાગતી નથી. આ જ બોરેક્સ પાવડરનો ઊધઈ પર પ્રયોગ કરતાં જાણવા મળ્યું છે કે તેની ગંધ માત્રથી ઊધઈની પાચનશક્તિ બગડી જાય છે. પછી તેઓ લાકડાને ખાઈ જ નથી શકતી અને તે ભૂખે મરે છે. તમે જ્યારે ફર્નિચર માટે લાકડું ખરીદીને લાવો ત્યારે ગરમ પાણીમાં બોરેક્સ નાખી ચાર-પાંચ મિનિટ સુધી લાકડાને તેમાં ભીંજાવીને રહેવા દો. જેથી પાણી સાથે બોરેક્સ લાકડાના તંતુઓમાં પ્રવેશી જાય, ત્યાર બાદ તમે તે લાકડાને છથી આઠ અઠવાડિયાં સુધી કપડામાં બાંધી રાખો. લાકડું સુકાઈ જશે ને બોરેક્સની ગંધ તેના રેસામાં પ્રસરી જશે. પછી તમે તે લાકડામાંથી તમારા ઘરનું ફર્નિચર, બારી, બારણાં વગેરે બનાવો. ઊધઈ ક્યારેય તેના પર હુમલો નહીં કરી શકે. આ તો થઈ નવું ફર્નિચર તૈયાર કરવાની વાત, પણ જે બની ચૂક્યું છે તેના માટે શું કરવું ? તમે કોઈ પણ રંગવાળાની દુકાનેથી ગ્લાઈ ફોલ લીકવીડ ખરીદી લો અને જરૂર મુજબ બોરેક્સ પાવડર નાખી તેનાથી વાર્નિશ કરો.

પોલીશની પહેલી પરત લગાવો. તે સુકાઈ જાય પછી પોલીશ કરો. આમ કરવાથી બોરેક્સ પાવડર લાકડાની અંદર રેસાઓમાં ઘૂસી પોતાની ગંધ ફેલાવી દેશે. જેનાથી ઊધઈ ક્યારેય પોતાના પગ ત્યાં લાકડામાં ફેલાવી નહીં શકે.

('ફૂલછાબ'માંથી) - પલ્લવી મહેતા

અનુસંધાન] બોધગયા [પૃ. ૨૪૩થી

આજ્ઞાનુસાર પ્રસ્થાપિત કર્યું છે એમ મનાય છે. મહંતનો શિષ્ય ત્યાંની બૌદ્ધ મૂર્તિને જ પંચપાંડવ કહે છે. ત્યાં જ આદિ મહંતની સમાધિ છે.

ભારતમાં ત્રિસ્થળી યાત્રાઓમાં છેવટનું આ બોધગયા તીર્થ ગણાય છે. આ તીર્થને પિતૃતીર્થ માનવામાં આવે છે. ગયા અતિપ્રાચીન ક્ષેત્ર છે. અથર્વવેદમાં ગય નામે એક જાદુગરનો ઉલ્લેખ આવે છે. આ જાદુગર પુરાણોમાં ગયાસુર નામે ગણાયો હોવાની શક્યતા છે. ગયામાં ગયશીર્ષ નામે એક સ્થાન છે. ગયશીર્ષની કલ્પના પુરાણો કરતાંય પ્રાચીન છે. મહાભારતમાં પણ ગયાનું તીર્થરૂપે વર્ણન આવે છે. અશ્વઘોષના 'બુદ્ધચરિત'માં ગયાનો ઉલ્લેખ છે. રાજર્ષી ગયના નામ પરથી આ નગરીને ગયા નામ મળ્યું હોય એમ અશ્વઘોષનું કહેવું છે.

પારંપરિક લોકમાન્યતા અને ધર્મશાસ્ત્રોના મતાનુસાર ગયાક્ષેત્રમાં પિતૃશ્રાદ્ધ કરવાથી પિતૃઓને અક્ષય્ય તૃપ્તિ પ્રાપ્ત થાય છે, તેથી પોતાના વંશમાં એકાદ પુત્ર ગયાક્ષેત્ર જઈ શ્રાદ્ધ કરે એવી પિતૃકામના હોય છે. ગયાના પાંચ કોસ પર્યંતના ભાગને ગયાક્ષેત્ર માન્યું છે, અને આ પ્રદેશમાં સર્વતીર્થ આવેલાં છે. ગયાક્ષેત્રમાં પિંડદાન કરવાથી પિતાનાં, માતાનાં, પત્નીનાં, બહેનનાં, કન્યાનાં, નાનાનાં અને માસીનાં એમ સાત કુળોનો ઉદ્ધાર થાય છે એમ 'નિર્ણયસિંધુ'માં કહ્યું છે.

ગયામાં મુખ્ય મંદિર વિષ્ણુપદ મંદિર છે. ફલ્ગુ નદીના કિનારા પર આ વિશાળ મંદિર આવેલું છે. બીજું દર્શનીય સ્થાન અક્ષય્ય વટ છે, તેની ઉત્તરે વટેશ્વર મહાદેવનું મંદિર છે. આ સિવાય અહીં સૂર્યકુંડ અને એક સૂર્યમંદિર છે, જેમાં સાત અશ્વ પર આરૂઢ થયેલી સૂર્યની મૂર્તિ સુંદર છે.

આમ, બોધગયા બુદ્ધધર્મનું અને હિંદુધર્મનું પવિત્ર યાત્રાધામ મનાય છે. □

અનુસંધાન] **સંગીતશાસ્ત્ર** - ૫ [પૃ. ૨૩૮થી

મેજર સ્કેલમાં પૂર્વાર્ધ ઉત્તરાર્ધ સમાન હોય છે. માઈનર સ્કેલમાં બન્ને - અપર અને લોઅર - ટેટ્રાકોર્ડ સમાન હોતા નથી. આથી નવો સ્કેલ બનાવતી વખતે જે કોઈ ટેટ્રાકોર્ડ લેવાય છે, તેમાં થોડો ફેરફાર કરવો પડે છે. હાર્મોનિક સ્કેલ બનાવતી વખતે સાતમો સ્વર એક સેમિટોન Accidentally આકસ્મિક રીતે શુદ્ધ-શાર્પ કરવો પડે અને મેલોડિક સ્કેલ બનાવતાં ૬ અને ૭ ક્રમાંકે સ્વરને આરોહમાં એક એક સેમિટોન ઉપર લેવો પડે, અવરોહમાં તે સ્વરના મૂળ સ્થાનને લેવો પડે.

આ માટે નીચેના વિવિધ માઈનર સ્કેલ જુઓ :

ઇ(ગ) માઈનરનું પ્રાચીન રૂપ: ગ મા પ ધ નિ સાં રેં ગં
ઇ(ગ) માઈનરનું હાર્મોનિક : ગ મા પ ધ નિ સાં <u>ગં</u> ગં
ઇ(ગ) માઈનરનું મેલોડિક : ગ મા પ ધ નિ <u>રે</u> ગં ગં
: ગં રેં સાં નિ ધ પ મ ગ
ડી(રે) માઈનર સ્કેલનું પ્રાચીનરૂપ : રે ગ મા પ ધ <u>નિ</u> સાં રેં

ક્રોમેટિક સ્કેલ (Chromatic Scale) : આમાં સાતેય સ્વરો વચ્ચેનું એક સેમિટોન હોય છે, એથી એમાં કુલ ૧૨ સ્વર આવે છે. શુદ્ધ, કોમળ અને તીવ્ર એ ત્રણે પ્રકારના સ્વરોનું સંપૂર્ણ જૂથ એટલે Chromatic.

પશ્ચિમના સપ્તક વિકાસ અને વિવિધ પ્રકારો જાણ્યા હવે ભારતીય ગ્રામ પદ્ધતિ અને રાગ કેવી રીતે બન્યા છે તે વિશે જોઈશું. □

અનુસંધાન] સ્થિર નદી, સરતાં નીર [પૃ. ૨૭૩થી

પગાર તો નામનો જ. એ કરતાં, દુકાનોમાં કામ કરતી છોકરીઓને મઝા. સરકારી દુકાન હોય તો બેસી રહેલી ને વાતો જ કર્યા કરતી દેખાય બધીયે, ક્યાંક વળી વેચવા માટે બહુ જ આતુર ને આગ્રહી હોય, ત્યારે સમજી જવાનું કે 'કમિશન' મળતું હશે.

વેચાણ તો ચીનમાં બધે જ થતું હોય છે. પ્રવાસીઓને જ્યાં લઈ જવાતા હોય ત્યાં બધે જ દુકાનો ને રેસ્ટોરાં હોય. ચીની હસ્ત-કળાનાં વખાણ તો કરીએ એટલાં ઓછાં પડે. ને વૈવિધ્યનો પાર નહીં.

પ્રવાસીઓ માટે હવે જે મનોરંજન-કાર્યક્રમો યોજાય છે તે અધિપ્રમાણિત, ગૌરવવંત ચીની નૃત્ય-સંગીત રજૂ નથી કરતા; પણ આધુનિક, સસ્તાં ને સાધારણ કહેવાય તેવાં - હું તો સાવ ખરાબ ને મૂરખ જેવાં કહું - નાચ-ગાન પ્રસ્તુત કરે છે. ગૌરવ ને ગુણવત્તા રહ્યાં નથી, ને ટિકિટોના ભાવ વધ્યા કરે છે. પૈસા બનાવવાના ઉપક્રમમાં પડેલા એ ચીનીઓ વિદેશી, ને વધારે તો શ્વેતરંગી, પ્રવાસીઓને મૂરખા જ ગણતા હશે - એની મને ખાતરી છે. એવા કાર્યક્રમોમાં સ્થાનિક ચીની કોઈ દેખાય નહીં. એમને પોસાય નહીં, એ ખરું પણ વિદેશીઓ જેવા મૂરખ પણ નહીં હોય એ લોકો. કોણ જાણે. □

> કરી લિલામ માનવતાનું, મૂકી નીતિને નેવે,
> દુ:ખદ ઇતિહાસ પોતાનો ઘડે છે આજની દુનિયા.
>
> — કિસ્મત કુરેશી

એક વાર સૉક્રેટિસની સાચી સલાહ અવગણીને એક માણસે એને અપશબ્દો સંભળાવ્યા. સૉક્રેટિસ ચૂપ રહ્યા. પેલો માણસ જતો રહ્યો એટલે ત્યાં હાજર હતા તે સૉક્રેટિસના મિત્રે એમને કહ્યું, 'પેલો ગમે તેવી ભાષામાં તમારી સાથે વ્યવહાર કરી ગયો છતાં તમે ચૂપ કેમ રહ્યા?'

સૉક્રેટિસે જવાબ આપ્યો, 'કોઈ ગધેડો મને લાત મારે તો શું મારે પણ એને લાત મારવી?'

*

યુરોપમાં હિપોપોટેમસની સૌથી વધુ નિકાસ હંગેરી કરે છે.

*

આરોગ્યનો દોહરો :

'ભોંય પથારી જે કરે,
લોઢી ઢેબર ખાય,
તુંબે પાણી જે પીએ,
તે ઘર વૈદ્ય ન જાય.'

*

એક દર્દીએ કહ્યું, 'ડૉક્ટર બહુ સારો છે; એ કદી કોઈને બિલ મોકલતો નથી.'

બીજા દર્દીએ કહ્યું, 'તો એમનો વ્યવહાર ચાલે છે કેવી રીતે?'

પહેલા દર્દીએ જવાબ આપ્યો, 'એ કોઈનાં બિલ ભરતો જ નથી!'

*


હાથીની સૂંઢમાં હજારો સ્નાયુઓ આવેલા છે, અને તે પોતાની સૂંઢને ગમે તે દિશામાં ગમે તે રીતે ઘુમાવી શકે છે.

*

ઈ. ૧૯૧૦માં પ્રકટ થયેલું રુડિયાર્ડ કિપ્લિંગનું કાવ્ય 'ઇફ' જગતની ૨૭ ભાષાઓમાં અનુવાદ પામ્યું છે.

*

ગાયના ૨૦૦ ગ્રામ ગરમ દૂધમાં બે ચમચી શુદ્ધ ઘી મેળવીને પીવાથી વાયુ તથા પિત્તથી થતી કબજિયાત મટે છે.



જેમ્સ વૉટે (૧૭૩૬-૧૮૧૯) શોધેલા વરાળયંત્રનો પ્રથમ નમૂનો

*

ગણિતગમ્મત : ૬૯૩ની સંખ્યાને ૭, ૯ અને ૧૧થી નિ:શેષ ભાગી શકાશે, તો ઊલટાવેલી સંખ્યા ૩૯૬ને ૬,૯ અને ૧૧થી નિ:શેષ ભાગી શકાશે.

*

ફિલાડેલ્ફિઆના વતની એક મહિલા મિસ એન્ના જાર્વિસે સુઝાડેલા એક વિચાર પરથી ઈ. ૧૯૧૪ના મે મહિનાની નવમીએ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ વિલ્સને એક જાહેરાત કરી કે 'રાષ્ટ્રની માતાઓ પ્રતિ પ્રેમ અને આદર વ્યક્ત કરવા દર વર્ષે મે માસનો બીજો રવિવાર 'મધર્સ ડે' તરીકે મનાવવો. આ માતૃદિનની સર્વ-પ્રથમ ઉજવણી પણ ફિલાડેલ્ફિઆમાં જ થયેલી.

*

'પ્રૉક્સિમાં સેન્ટૌરિ' નામનો તારો આપણી પૃથ્વીની નજીકમાં નજીકનો તારો છે. તે લગભગ ૨,૪૦,૦૦,૦૦૦,૦૦૦,૦૦,૦૦૦ માઈલ દૂર છે. આપણે તેને દક્ષિણાકાશમાં પ્રકાશતો જોઈ શકીએ છીએ.

*

અમદાવાદ મ્યુનિસિ-પાલિટીની સ્થાપના ઈ. ૧૮૩૪માં થયેલી. આખા ભારતમાં તે અતિ જૂની છે!

*

જાણો છો કે આખા શરીરનું બધું લોહી પ્રત્યેક મિનિટે એક વખત હૃદયમાંથી પસાર થાય છે?

*

દરિયાઈ માર્ગે દુનિયાની પ્રદક્ષિણા કરનાર સૌપ્રથમ જહાજ 'વિકટોરિયા' હતું.

*

કલાકણિકા : રુમાનિયાના ૧૮ અને ૧૯મી સદીના ખાટકી અને મોચીના જૂથે તૈયાર કરેલા તેમના વ્યવસાયવિષયક વિષયોવાળા કૂજા.

